
# શ્રી સદ્ગુરુ ભજનામૃત

ॐ



પ. પૂ. શ્રી જગજીવનબાપુ

Scanned with CamScanner

॥ ॐ ॥

પરમાત્મા હૃદય પૂર્ણ છે.

પરમાત્મા જીવંત સત્ય છે.

પરમાત્મા પ્રાણોથી ભરેલું અસ્તિત્વ છે.

પરમાત્મા સ્પંદનથી ભરેલું અસ્તિત્વ છે.

એ અસ્તિત્વમાં અહંકાર અને અસ્મિતાથી રહિત
થઈને જ મળી શકાય.

એ જ કેવળ જ્ઞાનની સાચી સ્થિતિ છે.

॥ ॐ ॥ ॥ ॐ ॥ ॥ ॐ ॥

# સ્વ સ્વરૂપનું અસ્તિત્વ

# કેવળ જ્ઞાનમાં

# સદાય સ્થિર રહો.

પ.પૂ. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુદેવ શ્રી જગજીવનબાપુ


Scanned with CamScanner

|| ॐ ||

હે સદ્‌ગુરુ ! શ્રી કૃષ્ણ પ્રભો,
સમાઈ જા મારા મહીં,
જેમ શરીર માંહી પ્રાણ છે:
જેથી ન કોઈ કહી શકે,
અમથી જુદો ભગવાન છે.

—પરમ પૂજ્ય બ્રહ્મનિષ્ઠ શ્રી જગજીવનબાપુ

Scanned with CamScanner



Scanned with CamScanner

# સ્વ હસ્તાક્ષર

પ્રગટ બ્રહ્મ સ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમ
ભગવાનને હૃદયમાં શ્રદ્ધાના
અડગ ભાવથી, અચળ નિષ્ઠાથી
ધારણ કરો, તેજ પૂર્ણ શાંતિનું
અનાદિ સ્થાન છે તે વાણીમાં
સમજ્યા છો વર્તનમાં એવા બને
તો શાંતિ સદાય સાથે રહેશે
તે સાથે સાથ હૃદયમાં બેસતા એવા
નાયકોનું પાલન કરવાનું સામર્થ્ય વધે
તે વિજય સ્વરૂપજ છે મહાર તમો તે
પૂર્ણ પુરુષોત્તમ ભગવાનના બનશો
અને તો તમારા બનશે અને તેની
અખંડ શાંતિ તેના બનીનેજ મેળવી શકશો
એ ત્રિકાળ અબાધિત સત્ય જ છે.

Scanned with CamScanner

॥ ॐ ॥

## શ્રીકૃષ્ણઃ શરણમ્ મમઃ ।
## શ્રીસદ્ગુરુ દેવાય નમઃ ॥

# પ્રસ્તાવના

જગદ્ગુરુ શ્રીકૃષ્ણની એકમાત્ર પ્રેરણા, સાચી સમજ સર્વભાવે સરલતાએ, પ્રામાણિક રીતે જેમણે સ્વીકારી છે એ મહાનુભાવની દરેક રીતભાત, જીવનચર્યા, લેખનકળા-કૃતિ મંગળકરણી રૂપ છે. પરમાત્માના ગુણાનુવાદ ગાતાં કદી તૃપ્તિ થતી નથી, સતદી ભગવદ્ભજનો ગાયા વિના જેમનું હૃદય કેમે માને નહિ. પરમાત્માની પ્રેરણાથી પ્રેરાઈને, પૂજ્યશ્રી જગજીવન બાપુએ પરમાત્મામાં પ્રીતિ વધારે એવાં ભગવદ્ભજનો રચ્યાં અને ભાવનાને વાચા મળી. હૃદયની ભાષાએ મૌન છોડ્યું અને સહુને મુક્તકંઠે સહજ-સ્ફુરણા મુજબ ગાવાની છૂટ મળી. રાગ રાગણી-ગાયકીના બંધન વિના, હૃદયને રુચે તેમ સહુ ગાઈ શકે છે. પોતે લેખક, કવિ, વિદ્વાન, જ્ઞાની કશું બનવામાં માનતા નહિ. બનવાની પ્રેરણા રહે તો કેવળ પ્રભુના પ્યારા બનવાનું પસંદ છે. પ્રભુના પ્રિય પાત્ર બનવા માટે એમના નિયમ-બોલ પાળવા જોઈએ. શરણાગતિ અને સમર્પણ ભાવ આપમેળે પરમાત્માથી મેળ-સંધિ કરાવે છે. યુગોની ઓળખ તાજી કરાવીને યથાર્થ સત્યમાં સમાવે છે. ભગવદ્ગીતાના દરેક શ્લોકના, પદેપદે, જગદ્ગુરુ શ્રીકૃષ્ણ જેમ દર્શનીય રહ્યા છે તેમ તેમની પ્રેરિત ભગવદ્વાણીમાં (ભજનોમાં) પણ, પરમાત્મા દર્શનીય રહે છે. પરમાત્મા પોતાનું પ્રાગટ્ય સાધુ, જ્ઞાની-ભક્તમાં રહીને કરે છે અને સાધુ, જ્ઞાની-ભક્ત પરમાત્માનું પ્રાગટ્ય પરમાત્માના ભજન, નામ-સ્મરણ, રટણ વડે કરે છે. આમ પરમાત્માની હાજરી ભજનમાં

Scanned with CamScanner

॥ ૐ ॥

નોંધાય છે. ભગવદ્‌ભજનનાં પદેપદે ગીતા, વેદ, ઉપનિષદની જેમ શક્તિ-બીજ-મંત્રરૂપે આત્મ ઐક્યને સ્પર્શ કરે છે. સાચું ભજન નાભિનું ઉત્થાન કરી (કુંડલિની જગાડી) પ્રાણને મહાપ્રાણમાં દોરી જઈ, હૃદયકમળની પૂર્ણ ખિલાવટ કરે છે. આમ, પરમાત્મામાં ભાવિત પ્રાણ ભજને કરી, બ્રહ્મરંધ્રનાં ઊર્ધ્વદ્વારથી પરબ્રહ્મનો સંદેશો સૂણી, રૂપાંતર પામે છે અને એકમાત્ર અવિનાશી ભાવ, સર્વ શેષ, પૂર્ણતામાં, શાશ્વત સત્યને વિજયવંત-મૂર્તિમંત કરે છે.

પરમાત્મા સહુના હૃદયમાં રહી એક જ છે. પૂજ્ય બાપુએ આપણી સાથે વસી, હળીમળીને ભજન ગાયાં છે એ સાચું છે; એથી વધારે સાચું તો પૂજ્ય બાપુને પરમાત્મા ખૂબખૂબ ભાવી (ગમી) ગયા છે. એટલે આપમેળે એમના મુખમાંથી પરમાત્માની વાણી, નાદ બ્રહ્મની જેમ, ભજનરૂપે ગુંજવા લાગી. પોતાને પરમાત્માના એકમાત્ર સાધન કરણરૂપ સમજ્યા પછી, ક્યાંય પોતાને ભક્ત, જ્ઞાની, ગુરુ કહેવરાવવામાં રાજી નહિ. સહુમાં પરમાત્માના ઐક્યનો બોધ લઘુ-ગુરુ, નાનામોટાના ભેદભાવ વિના થાય નહિ. આત્મબોધના નિરીક્ષણમાં, મૌનરૂપી વ્યાખ્યાનમાં, ભૂલને સ્થાન નથી. પરમાત્મામાં ભૂલ કદી પણ હોતી નથી. આવી સાદી સીધી વાત સમજવાં માટે ભગવદ્દીભજન, સ્મરણ, સરલ ભાવે સહજ સદા થયા કરે, એ જ સહુ હૃદયમાં, રુચિ વધારે છે. કેવળ પરમાત્મા જ ભજનના પ્રણેતા છે. સર્વ હૃદયની મૂક ભાવનાને, પરમાત્માની ઓળખ આપવા, માત્ર ભગવદ્‌ભજનો જ સાચાં છે. પરમ ભાવની સાર્થકતા સર્વભાવ સમર્પણમાં છે. કેવળ પરમાત્મા ભજન રચે છે ત્યારે એમની રચનામાં આ બધું આપમેળે જોવા મળે છે. જ્ઞાન, ધ્યાન અને પૂર્ણ યોગની સંવાદિતા પણ અહીં સહજ સાધ્ય રહે છે. સાચા સમાધાનની સૂઝ, સહજ સમાધિને પરમાત્માએ ભજનના રહસ્યમાં મૂકી છે.

Scanned with CamScanner

॥ ૐ ॥

પરમાત્માનું નામ માત્ર લેતાં જેમનું હૃદય ગદ્‌ગદ થઈ પરમ ભાવમાં ઉછાળા મારે છે, જેમની દૃષ્ટિમાં પરમાત્મા-દર્શનનું નૂર દીપી રહ્યું છે, જેમના દીદારમાં નિર્દોષતા હિલોળા લે છે, જેમના હૈયાની મીઠી વેલડી જ્ઞાનામૃતની વર્ષા કરે છે, જેમના સૂરમાં ૐકારનો ધ્વનિ મહાપ્રાણથી મીઠી ભરે છે, જેમની નીરવતા નાદ બ્રહ્મના સ્વરોદયને સૂરીલું કરે છે અને સામવેદની ઋચાને સાકાર કરે છે, જેમની ભાવ ગીતિકા વીણા વાઘેશ્વરી સ્વયં ઝીલે છે અને દરેક હૃદયે પરમ ભાવનો તાર ઝંકૃત કરે છે.

આમ જ્યાં પરમ જ્ઞાનનો, પવિત્ર ભક્તિનો અસ્ખલિત પ્રવાહ, સહુ હૃદયે રહેલા, કેવળ પરમાત્માને રીઝવવા માંગે છે; ત્યાં સહુ હૃદયે, અપૂર્વ સંવેદનાની મધુર બંસરી શ્રીકૃષ્ણ સ્વયં વગાડે છે. એનું રસપાન કરતું ભાવુક હૃદય, મહાભાવમાં, વિભોર બની આપમેળે મુખારવિંદ ફફડાવે છે. પરાવાણીની ઉમંગછોળ, ફુવારા બની, ભજન-કીર્તન, નર્તન-ગુંજન વડે પરમ રસલહાણ કરે છે. પરમાત્માના પ્રિયપાત્ર ઠરેલા જ્ઞાની ભક્તની જેમ આ ભગવદીય ભજનો પણ પરમાત્માના બોધની પરમ ગાથા છે, પરમ ભાવનો પવિત્ર ગ્રંથ છે.

પરમાત્માના પ્રિયપાત્રો કશું બનવા-બનાવવામાં માનતા ન હોઈ, પોતે ગુરુ, જ્ઞાની, વિદ્વાન કાંઈ નથી પરમાત્માને લીધે, તમને સહુને સાચી વાત રુચિકર થઈ છે, એ જ તમારા અંતરાત્મામાં હાજર છે. એમની વિશાળતામાં આપણા સહુનો સમાવેશ થાય છે. પછી લઘુ-ગુરુ, નાના-મોટા, વ્યક્તિવિશેષ સર્વશ્રી, પદ્મશ્રી-પૂજવા-પૂજાવાના ભાગ હોય જ નહિ, અખંડના ભાગ પડે નહિ; અને ભાગ રાખી એક થવા ઈચ્છે, એના માટે પ્રયત્ન રાખે-રખાવે, એ બધુંય અજ્ઞાનનું વળગણ છે, કાન ફૂંકી મંત્ર દેવાની, શિષ્યને કંઠી બાંધી સંબંધ વ્યક્ત કરવાની, ગાદીવારસ મહંત, પૂજારી-પદધારી થવાની વાત, સાથે

Scanned with CamScanner

॥ ॐ ॥

બ્રહ્મચારી-ગૃહસ્થીના વિવાદ, ભક્ત-સેવકના સાદ વગેરે અહંને મટાડવાની જગ્યાએ, પોષણ દેનારી, અજ્ઞાનજન્ય ઈન્દ્રજાલ છે. સાચા એમાં રહે નહિ, પરમાત્માને છોડી એ ભણી ડોકિયું સુધ્ધાં કરે નહિ અને સંગે આપણને રોકવા આગ્રહ સંમતિ આપે નહિ. સમજાવવા છતાં માને નહિ ત્યાં જાતે પરમાત્મા પર છોડી, પોતે પરમાત્મામાં નિર્ભર રહી, સહજ સમર્પણ ભાવ વધારે છે. અખંડ નિરીક્ષણ અને જાગૃતિના પરમ દૃષ્ટા પરમાત્મા, જુગોજૂના શાશ્વત ભોમિયા છે.

પરમાત્માની અસીમ કૃપા અને અખૂટ કરુણા વાસ્તવમાં આપણને સંપૂર્ણ ઝીલી લે છે અને 'પોતા જેવો આત્મા સર્વનો' યથાર્થ કૉલ પૂરો કરે છે- અકળ સકળના આશ્ચર્યમય પ્રભુ, વિવિધ રીતે ઘાટ ઘડતા રૂપાંતર ધરતા, સર્વ તંત્રમાં સ્વતંત્ર રહી, સર્જનનો હેતુ પાર પડતાં- આત્મનિર્ભરતાએ, અભયદાન પ્રદાન કરે છે. દાતાર પોતાની સ્વેચ્છાએ મુક્તિ-તૃપ્તિ સંગે દિલડું આપે છે ત્યારે પૂજ્ય બાપુએ કૃતકૃત્યતામાં જણાવ્યું,

દિલના દાતારે દિલડું દીધું ....
દિલ આપી, દિલ વિના એ દીવાનો છે ....

આમ શરણાગત વત્સલ પરમાત્માની પરાપૂર્વની પ્રીતિ સદા વર્તમાનમાં જ પૂર્ણતા સભર રાખે છે. પરમાત્માના સુહૃદ હૃદયમાં પ્રવેશતાની સાથે જ, પૂજ્ય બાપુએ પૂર્ણતામાં સમાઈ જવાની આતુરતા વધારી અને દ્રવિત હૃદયે, આર્ત ધ્વનિમાં, પરમાત્માને રીઝવવાના ભાવ વધુ ને વધુ ધરવા લાગ્યા.

કરુણાનિધિએ, વ્હાલથી, પૂજ્ય બાપુને પાસે રાખવા ઈશારો કરી બોલાવ્યા અને સદા પોતાનામાં જ રાખવાની અરજી માન્ય કરી. આમ, નિરવશાંતિના, મહાપ્રાણના લાડકવાયાને કેવળ આપમાં જ વિરમતા જોયા. પૂજ્યશ્રી બાપુ 'તુંહી તુંહી'ના નાદે, છેલ્લે જે ભજન

Scanned with CamScanner

લખી મૂકી ગયા તે આ પ્રમાણે છે :

**'પ્રભુ તારી સાથે રાસમાં રમવું છે.'**

ત્યારે ભજનાન્ત ચિરંતન અતઃ ઈતિ બની, નેતિ નેતિના સૂરમાં ગુંજતું રહેશે.

આ ભગવદ્‌ભજનના સ્વરોમાં વ્યાકરણની દૃષ્ટિએ ફરક લાગે તે સ્વાભાવિક છે. ભાવનાની સરગમમાં આરોહ-અવરોહ લય આદિ મોકળા મને ગવાય છે, માટે જાણેઅજાણે કોઈ ક્ષતિ-દોષ રહેવા પામ્યો હોય તેને આપ ઉદારતામાં સ્મિત ફરકાવી ઝીલી લેશો.

પ્રસ્તાવનાના સૂરમાં શરૂથી તારા બનાવ્યાની તું કાળજી લે છે ત્યાં પછી અમારે કાંઈ કહેવાનું રહેતું નથી. માત્ર તું જ વિસ્તાર પામીને સર્વરૂપે, સર્વમુખે પૂજ્ય બાપુરચિત ભજનો-નામ-સ્મરણ કવનરૂપે સાંભળશે અને સંભળાવશે. પ્રભુ! જ્યાં તું છો, ત્યાં તારી સંગાથે અમારા વહાલા બાપુ પણ છે. પૂ. બાપુરચિત ભજનામૃત પ્રસાદી આપને સમર્પણ સદા બની રહો.

**શ્રીકૃષ્ણાર્પણમસ્તુ**

Scanned with CamScanner

# ॥ ૐ ॥

- ભજનગ્રંથ એ અમુલ્ય શાસ્ત્ર છે, એનો સંપૂર્ણ આદરભાવ જળવાય તે ભક્તિનું અનિવાર્ય અંગ છે.

- ભજનગ્રંથ જમીન પર મુકાય નહીં.

- ભજનગ્રંથ એકબીજાને હાથોહાથ અપાય.



Scanned with CamScanner

॥ ૐ ॥

પરમ પૂજ્ય બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુદેવ શ્રી જગજીવનબાપુ રચિત કેવળ ભગવદ્ પ્રીત્યર્થ, ભગવદ્ પ્રાપ્તિ નિર્મિત પૂ. સદ્‌ગુરુ ભગવંતે આપણને શ્રી સદ્‌ગુરુ ભજનામૃતનો મહામૂલ્યવાન ભક્તિ-રસાયણ ગ્રંથ કૃપા પ્રસાદી રૂપે ભેટમાં આપેલ છે. પૂ. સદ્‌ગુરુદેવ શ્રી જગજીવનબાપુની પ્રસન્નતાના સદ્‌ભાગી બનવા માટે આપણે અહીં આપેલી નવ ફરજો આદરથી બરાબર પાળવાની છે.

## નવ ફરજો

(૧) શ્રી ગીતાજી, શ્રીમદ્ ભાગવત, રામાયણની જેમ 'શ્રી સદ્‌ગુરુ ભજનામૃત' ગ્રંથની યોગ્ય જાળવણી કરવાની છે.

(૨) શ્રી સદ્‌ગુરુ દેવના (ચિત્રજી) ફોટાની સન્નમુખ શ્રી ભજનામૃત-ગ્રંથ રાખી, ધુપ-દીપ-ચંદન પુષ્પ ચડાવીને ભજન કરવાની આપણી ફરજ છે.

(૩) શ્રી ભજનામૃત-ગ્રંથને રેશમનું કવર ચડાવી શુધ્ધ નિયત સ્થળે રાખવાની આપણી ફરજ છે.

(૪) આપણા હૃદયમાં ભજનામૃતના પદેપદ, સ્વ આત્મ જાગૃતિનો બોધ પ્રકાશિત કરે છે. આપણે નાદ અનુસંધાન રાખી તન્મય થઈ ગાવાની આપણી ફરજ છે.



Scanned with CamScanner

॥ ૐ ॥

(૫) ભગવદ્ પ્રીત્યર્થ, બ્રહ્મનિષ્ઠ પુરૂષની ગુરુમુખી ભજનો ગાવા-ગવરાવવાનો લ્હાવો માણવાની આપણા સહુની ફરજ છે.

(૬) સદ્ગુરુમુખી ભજનો આપણી નિજી પૂંજી છે, એને હૃદય મંદિરમાં જ રખાય.

(૭) શ્રી સદ્ગુરુના મુખની વાણી, દેવવાણી- શાસ્ત્રવાણીથી એ વિશેષ મહત્વની છે. અત્રે ભજન ગાવા ભૂલાતાં નથી, મનન આપમેળે થાય છે, જાણે આપણે વાગોળતાં હોઈએ તેમ બને છે. આ બધું આપણને જીવંત બોધનું પ્રમાણ પુરુ પાડે છે, એમાં આળસ-પ્રમાદ સેવાય નહિ, એ આપણી ફરજ છે.

(૮) પૂ. આચાર્ય ભગવંતોએ શિષ્ટાચારના પાયામાં વિવેકને દશમો નિધી કહેલ છે. ભજનામૃત ગ્રંથ નીચે જમીન પર મુકાય નહિ. આસન-બાજોઠ, ઘોડી પર મુકાય. શુધ્ધ હાથ ધોઈને પછી ગ્રંથને હાથ અડાડાય. ગાવામાં વચ્ચેથી ગવાય નહિ. ગ્રંથ એકબીજાને હાથથી હાથ સોંપાય. આ પણ આપણી ફરજ છે.

(૯) શ્રી સદ્ગુરુ ભજનામૃતની અંતિમ નવમી ફરજ આપણી જાતે આત્મ નિરીક્ષણ વડે આંતરમુખ થવું. મૌનવૃત્તિ કેળવવાની, ગુરુભક્તોની મર્યાદા, સેવા, આદરભાવ જાળવવાની, ભજનોમાં સંવાદિતતા સાચવવાની ફરજ નિભાવતાં, આપણને પૂ. બાપુની પ્રસન્નતા, આશીર્વાદ સાંપડશે.

-શ્રી સદ્ગુરુ ભજનામૃત-પ્રકાશન દ્વારા.



Scanned with CamScanner

॥ ૐ ॥

પૃથ્વી આકાશે એક જ નાદ
દિશાઓ પણ પાડે સાદ
મનનાં વિચારો કરીને બાદ
ગુરુ દ્વારે માણો કૃપાપ્રસાદ
આવો પ્રેમથી પહોંચાડુ પ્રભુના ધામમાં

◈ ◈ ◈ ◈

સત્યતાથી કાર્ય કરજો.
સદાનો આશીર્વાદ છે.

◈ ◈ ◈ ◈

પાણી વધે જો હોડીમાં,
ધનવૃદ્ધિ ઘરમાં હોય
બેઉ હાથથી ઉલેચવું,
પ્રભુની દષ્ટિથી જોય.

◈ ◈ ◈ ◈



Scanned with CamScanner

॥ ॐ ॥

# प्रातः प्रार्थना

## १ शांतिपाठ

ॐ शं नो मित्रः शं वरुणः ।
शं नो भवत्वर्यमा । शं न इन्द्रो बृहस्पतिः ।
शं नो विष्णु–रुरुक्रमः । नमो ब्रह्मणे ।
नमस्ते वायो । त्वमेव प्रत्यक्षं ब्रह्मासि ।
त्वामेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि । ऋतं वदिष्यामि ।
सत्यं वदिष्यामि ।तन्मामवतु । तद्वक्तारमवतु ।
अवतु माम् ।अवतु वक्तारम् ।
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

## १ शांतिपाठ

ॐ सह नाववतु । सह नौ भुनक्तु ।
सह वीर्यं करवावहै तेजस्विनावधीतमस्तु ।
मा विद्विषावहै ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

## २

ॐ भद्रं कर्णेभिः श्रुणुयाम देवाः ।
भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरङ्गैस्तुष्टुवाँसस्तनूभिः ।
व्यशेम देवहितं यदायुः ॥
स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः ।



Scanned with CamScanner

॥ ॐ ॥

स्वस्ति नः पूषा विश्ववेदाः ।
स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः ।
स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

## १ शांतिपाठ

ॐ यश्छन्दसाम् ऋषभो विश्वरूपः ।
छन्दोभ्यो ऽध्यमृतात्संबभूव ॥ स मेन्द्रो मेधया स्पृणोतु ॥
अमृतस्य देव धारणो भूयासम्॥ शरीरं मे विचर्षणम् ।
जिह्वा मे मधुमत्तमा । कर्णाभ्यां भूरि विश्रुवम् ॥
ब्रह्मणः कोशो ऽसि मेधया पिहितः । श्रुतं मे गोपाय ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

## १ शांतिपाठ

ॐ अहं वृक्षस्य रेरिवा ।
कीर्तिः पृष्ठं गिरे–रिव ऊर्ध्वपवित्रो वाजिनीव
स्वमृत–मस्मि । द्रविणग्ं सवर्चसम् ।
सुमेधा अमृतोक्षितः ।
इति त्रिशङ्कोर्वेदानुवचनम् ।
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥



Scanned with CamScanner

## १ शांतिपाठ

१

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

२

ॐ यो ब्रह्माणं विदधाति पूर्वं
यो वै वेदांश्च प्रहिणोति तस्मै ।
तं ह देवं आत्मबुद्धिप्रकाशं
मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

## १ शांतिपाठ

ॐ आप्यायन्तु ममाङ्गानि वाक्प्राणश्चक्षुः
श्रोत्रमथो बलमिन्द्रियाणि च सर्वाणि ।
सर्वं ब्रह्मौपनिषदं । माहं ब्रह्म निराकुर्याम् ।
मा मा ब्रह्म निराकरोत् । अनिराकरणमस्तु ।
अनिराकरणं मे अस्तु । तदात्मनि निरते य उपनिषत्सु
धर्मास्ते मयिसन्तु । ते मयिसन्तु ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥



Scanned with CamScanner

॥ ॐ ॥

## १ शांतिपाठ

ॐ वाङ् मे मनसि प्रतिष्ठिता
मनो मे वाचि प्रतिष्ठितम् । आविरावीर्म एधि ।
वेदस्य म आणीस्थः । श्रुतं मे मा प्रहासीः ।
अनेनाधीतेन अहोरात्रान् सन्दधामि ।
ऋतं वदिष्यामि ।सत्यं वदिष्यामि ।
तन्माम् अवतु । तद्वक्तारमवतु ।
अवतु माम् । अवतु वक्तारम् अवतु वक्तारम् ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥
ॐ भद्रं नो अपि वातय मनः ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

## ॐ स्वस्तिः प्रजाभ्यः

ॐ स्वस्तिः प्रजाभ्यः परिपालयन्तां
न्यायेन मार्गेण महीं महीशाः ।
गोब्राह्मणेभ्यः शुभमस्तु नित्यं ।
लोकास्समस्ताः सुखिनो भवन्तु ॥
काले वर्षतु पर्जन्यः पृथिवी सस्यशालिनी ।
देशोऽयं क्षोभरहितः ब्राह्मणाः सन्तु निर्भयाः ॥
ॐ सर्वेषां स्वस्तिर्भवतु सर्वेषां शान्तिर्भवतु ।
सर्वेषां पूर्णं भवतु सर्वेषां मंगलं भवतु ॥
सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु । मा कश्चिद् दुःखभागभवेत् ॥
असतो मा सद्गमय । तमसो मा ज्योतिर्गमय ।
मृत्योर्मा अमृतं गमय ।
ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥



Scanned with CamScanner

॥ ૐ ॥

## ગાયત્રી મંત્ર

ૐ ભૂ ર્ભુવ: સ્વ: તત્સવિતુર્વરેણ્યમ્ ।
ભર્ગો દેવસ્ય ધીમહિ । ધિયો યો ન: પ્રચોદયાત્ ।
ૐ શાંતિ: ૐ શાંતિ: ૐ શાંતિ:

## ઈશાવાસ્ય ઉપનિષદ

ૐ પૂષન્નેકર્ષે યમ સૂર્ય પ્રાજાપત્ય
વ્યૂહ રશ્મિન સમૂહ ।
તેજો યત્તે રૂપં કલ્યાણતમં તત્તે પશ્યામિ
યોડસાવસૌ પુરુષ: સોહમસ્મિ ॥

ૐ હિરણ્યમયેન પાત્રેણ સત્યસ્યાપિહિતં મુખમ્ ।
તત્વં પૂષન્નપાવૃણુ સત્ય ધર્માય દષ્ટયે ॥

વાયુરનિલમમૃત મયેદં ભસ્માન્તં શરીરમ્ ।
ૐ ક્રતો સ્મરકૃત્ સ્મર ક્રતો સ્મર કૃતં સ્મર ॥

ૐ અગ્નેનય સુપથાશયે અસ્માન્ વિશ્વાનિ દેવ
વાયુનાનિ વિદ્વાન! યુયોધ્યસ્મજુહુ શણમેનો
ભૂયિષ્ઠાં તે નમાઉક્તિમ્વિધેમ ॥

## અભયદાન

ૐ અભયં મિત્રા અભયં અમિત્રા । અભયં જ્ઞાતા અભયં પરોયા ॥
અભયં નક્તં અભયંદ્વિવાન: સર્વાંશા । મમ મિત્રમ્ ભવન્તુ !

ૐ સર્વે ભવન્તુ સુખિન: । સર્વે સન્તુ નિરામયા: ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ । મા કશ્ચિદ્ દુ:ખમાપ્નુયાત્ ॥
ૐ શાંતિ: ૐ શાંતિ: ૐ શાંતિ:



Scanned with CamScanner

॥ ॐ ॥

# ગુરુવંદના

ગુરુદેવ અનાદિ સનાતન છો, અખંડાનંદ જ્યોત પ્રકાશક છો,
વ્યાપક સર્વજ્ઞ-ભાવભર્યા, શરણાગત જીવન સફળ કર્યા. ૧
શુધ્ધ હ્રદય-ગર્વ જરાય નહિ, પ્રાણ વિજય શ્રેષ્ઠ જ આપમહીં,
શમ-દમ-સંયમ પાક્કી કળા, વેદ શાસ્ત્રની સમજ અતિ સફળા. ૨
સાર તત્વ વાણીથી પર રહે,દિવ્ય દ્રષ્ટિનું અમૃત આંખમાં વહે,
મોહ-શોક ને વાસના નષ્ટ કરે, પ્રભુ દર્શન સાનથી સિધ્ધ કરે. ૩
જ્ઞાન ખજાનો પ્રેમથી ઠાંસી ભરે, પ્રેમની ભરતી રંગ પાક્કો ઠરે,
ગુરુદેવનું રટણ સદાય કરો, ગુરુ કૃપાથી સંસાર જલદી તરો. ૪
અકળ ગતિ સૌથી મહાન રહી, વિતરાગ, કામના ત્યાગ સહી,
જ્ઞાનઅગ્નિથી કર્મો ભસ્મ કર્યાં, ભૂમિ ઉધ્ધાર કાર્ય સદા વિચર્યા. ૫
સહી કષ્ટો, અનંત શાંતિ ધરી, રાગદ્વેષના મૂળને દૂર કરી,
સમતા રાખી પ્રજ્ઞા જગાડી દીધી, અજ્ઞાન આંધીને દૂર કીધી. ૬
આત્મજ્ઞાન વિના બુધ્ધિ ભટકે, સત્ય સ્થાન ગુરુદેવમાં અટકે,
જાગૃતિ, સત્ય નિશ્ચય, ક્ષણ ન ભૂલે, સ્વરૂપ ચૂકી-ખોટામાં નહિ ફૂલે. ૭
ભીતર સાચી પ્રેરણા અચળ મળે,વાણી વર્તન-જીવન સુગંધ ભળે,
શાસ્ત્રવાદ-વિવાદને બાદ કરી, નાદ અનહદ સુણતા વૃત્તિ ઠરી. ૮
સુરતા સુષુમણા અનુભવ કરે, પ્રાણ ઊંચે ચડી મહાભાવ ભરે,
અસ્મિતા ત્યાગીને ઐક્ય રહે, સઘળા ફંદ દ્વંદથી મુક્ત રહે. ૯
ગુરુદેવ ગુરુદેવ-તુંહી-તુંહી-પરબ્રહ્મ કેવળ જ્ઞાન અખૂટ નિધિ,
સમર્પણ સઘળું એક જ-તુંહી તારી કળામાં સમજ, સાચી સિધ્ધિ. ૧૦



Scanned with CamScanner

॥ ૐ ॥

# એક અનાદિ સદ્‌ગુરુ સાચા

એક અનાદિ સદ્‌ગુરુ સાચા, મુક્ત બનાવવા બોધ કરે,
ચૈતન્ય સાથે વાસ ગુરુનો, પ્રકાશ સૌ જીવનમાં કરે ટેક ૧

ગુરુ ગુરુ રટણ જે કરતાં, ગુરુનું વચન સદા ફળતું,
દેહનો ગર્વ કરી બંધાવું, ગુરુ કૃપાથી છૂટવું બનતું .... ૨

ગુરુનાં વચનો હૃદયમાં રાખો, શાંતિ આનંદ પ્રેમ ભરે,
અંધારાથી અળગા રાખે, પ્રાણ ગતિને ઊર્ધ્વ કરે .... ૩

જડ ગ્રંથિનું ભેદન કરીને, વાસના બાળી શુધ્ધ કરે,
અદ્વૈત બોધને સાચી સાને; બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન કરે .... ૪

ઈન્દ્રિય, મનને સાચી રાહે, સદ્‌ગુરુ સંયમ દ્દઢતા કરે,
જ્ઞાન-ધ્યાન સાને સમજાવી, સદ્‌ગુરુ એની જેવો કરે .... ૫

વેદ-શાસ્ત્રનું તત્ત્વ બતાવે, સૂક્ષ્મ બુધ્ધિને સમતા ધરે,
સત્યમાં દ્દઢતા, અચળ વૃત્તિઓ,ચિત્ત વૃત્તિનો નિરોધ કરે .... ૬

તપ-યોગ, તેજ, શક્તિના દાતા, દોષ કાઢવા જ્ઞાન ક્રાંતિ કરે,
નિર્મળ, નિર્ભય આત્મજ્ઞાનને, વાણી વર્તનમાં સિધ્ધ કરે .... ૭

નિર્દોષ દ્દષ્ટિ ને તેજ અનોખું, દિવ્ય પ્રેમ વિશુધ્ધ ઠાંસી ભરે,
મહા-પ્રાણમાં પ્રાણને જોડે, દિવ્ય સુગંધી જીવન કરે .... ૮



Scanned with CamScanner

॥ ૐ ॥

# ૐ જય ગીતા માતા(આરતી)

ૐ જય ગીતા માતા ૐ જય ગીતા માતા,
અમૃત બોધની વર્ષા (૨) હૃદય નિર્મળ થાતા. .... ૐ જય
ૐ જ્ઞાન ભર્યું મોંઘું, ૐ સત પૂર્ણ દાતા,
જ્ઞાનની ભરતી તારી (૨) અજ્ઞાન તિમિર જાતા. .... ૐ જય
ૐ પ્રાણ બુધ્ધિ શોભા, ૐ બળવિદ્યા ખરી,
શ્રીકૃષ્ણે ભેટ જ આપી(૨) અમૂલ્ય કળા જ ભરી. .... ૐ જય
ૐ યોગ, તપ, તેજ, ૐ પ્રેમ દયા શાંતિ,
ખજાનો અખૂટ ગીતા (૨) ભક્તિ અખંડ તૃપ્તિ. .... ૐ જય
ૐ જડ જીવ ચેતે ૐ વાણીદોષ તજી,
વિનાશી હઠાવે ભાવો (૨) દિવ્યતા અમર સજી .... ૐ જય
ૐ શમ દમ સંગી, ૐ રાગદ્વેષ ગળે
ત્રણ ગુણ બંધન કાપે (૨) સમતા ચૈતન્ય બળે. .... ૐ જય
ૐ ટાળે ભ્રમ ખેદ, ૐ સાચી સાન આપી,
શાસ્ત્રનો સરલ સાર (૨) વેદની સમજ આપી .... ૐ જય
ૐ ગીતા સાર અપાર ૐ જ્ઞાન ધ્યાન ખરું
સ્થિર જીવન પાયો (૨) ગીતાનું વાક્ય ખરું .... ૐ જય
ૐ તારી ગતિ, મતિ, ૐ પ્રભુ વૃત્તિ પ્યારી,
સાર્થક નાનું ટીપું (૨) મળતાં જ્યોત તારી .... ૐ જય



Scanned with CamScanner

॥ ૐ ॥

## જાગૃત બનવા પ્રયાસ કરવો
### 'સ્વરૂપ-પ્રકાશ પ્રાર્થના'

જાગૃત બનવા પ્રયાસ કરવો, ભીતર શાંતિ ભરી,
આનંદે રહેવું, સદાય નિર્દોષ, પ્રીતિ સ્વરૂપની ખરી;
સાચી દૃષ્ટિ ખૂલે અકળ કળા,પ્રભુથી મળે ઊજળી,
પ્રાણપ્રેરક પ્રેરણા સમજવી, આગમ અચળ નિર્મળી. ૧

॥ ૐ ॥

સર્વજ્ઞ વ્યાપક બધે જગતમાં, શક્તિ અખંડિત રહે,
કેવળ જ્ઞાન સ્વરૂપ પ્રગટ રહી, કેવળ કૃપાથી કહે;
ભાવ શ્રેષ્ઠ બને ભક્તિ ભરી, વાણી અમર આપતા,
પોતાનો ગણી વહાલથી હૃદયમાં,સ્થિર અચળ રાખતા. ૨

॥ ૐ ॥

ધ્યાની ધ્યાન અમારું રાખે સદા, સુરતા રહે ભીતરમાં,
વાસના બાળી વિચારો ભસ્મ કર્યા જે નાખતા વમળમાં;
ખોટો ગર્વ વધારીને મૂંઝવતા, તેનાથી મુક્ત જ કર્યા,
સુરતા સત્ય પ્રકાશના દીપકથી, સંકલ્પોને દૂર કર્યા. ૩

॥ ૐ ॥

અંધારે વૃત્તિઓ અનંત સૂતેલી, ભીતર રહી ચેતના,
જઈને જાગૃત તારી એક જ કૃપા, ક્ષણમાં જીવન દિવ્યતા;
તારી દૃષ્ટિ મહીં અતુલ બળ છે, દેખું છું તારી જ કૃપા,
પૂર્ણતા ભરતા સદા વિજયની, પૂર્ણતા સહુ પામતા. ૪

॥ ૐ ॥



Scanned with CamScanner

॥ ૐ ॥

શૂન્ય શબ્દરહિત પ્રજ્ઞા તણી, નિષ્ઠા ખરી સત્યમાં,
નાભિ શુધ્ધ બને અખંડ સ્થિરતા, આત્મ સદા જ્ઞાનમાં;
દેહાધ્યાસ ટળે, પ્રકાશ આત્મનો, ભાષા ખરી મૌનમાં,
નિયતિનો નિયમ સૂઝે સતનો, સમર્પણ થતું સહજમાં. ૫

॥ ૐ ॥

ખોટી વસ્તુ વધારી ચિંતા કરો, ભૂલમાં ભમો મોહથી,
શોક-સંતાપ બાળતા ગમ વિના, નાશ વસ્તુની ચાહથી;
ચાહના છૂટતાં બધા દૂર થશે, અવિનાશી એક લક્ષમાં,
નાભિની શુધ્ધિ ખરી જ મૂળથી, ધ્યાન ખરું સત્યમાં. ૬

॥ ૐ ॥

મનનું માનીને ચાલવું ભટકવું, મનની અનંત ઝાળ છે,
સમજી મુક્ત બન્યા જે મનથી, સ્થિર સત્યનું સ્થાન છે;
ભીતર ભેદ ખરો મળી જતાં, વિશાળ છે પૂર્ણતા,
પૂર્ણતા સઘળે વિકાસ કરતી, ઘટોઘટ મહીં દિવ્યતા. ૭

॥ ૐ ॥

શાસ્ત્રે વાદ વિવાદ વિચારો વધતાં, બુધ્ધિની વૃધ્ધિ થશે,
આત્માના ખરા જ્ઞાનથી દૂર થતાં, ડહાપણ નકામું હશે;
શાસ્ત્ર ગોખી કંઠે કરી સમજતાં, પંડિત તેથી બને,
ભીતર જ્ઞાન સત્ય સમતા, ભીતર વિના નહિ મળે. ૮

॥ ૐ ॥



Scanned with CamScanner

॥ ૐ ॥

ગ્રંથપંથ વિવિધ વિચારો ભરવા, એ જ્ઞાન બોજો કરે,
ઉધાર જ્ઞાન ગણાય એ ખરું નથી, બુધ્ધિ અસ્થિર તે કરે;
સ્વભાવ ઢાંકે તે નથી ખરું, સ્વભાવ સ્થિર રાખવો,
ભીતર ભાવ નિર્દોષ આત્મા, પડદો ચીરી નાખવો. ૯

॥ ૐ ॥

પંચ તત્ત્વમાં પ્રકાશ કરતો, પંચ તત્ત્વથી પર રહે,
સત્તાનું સત નાશથી રહિત તે આત્મા પ્રીતિ સત કહે;
અમૃત દિવ્ય રસોનું. રસ છે આત્મા અમર સૌ કરે;
સાચું આત્મવિધાન સૌનું, નીરવ શાંતિ શક્તિ ધરે. ૧૦

॥ ૐ ॥

સત્તાની પદવી કે ડિગ્રી લઈને, ભીતર જવાતું નથી,
સત્તા સર્વ ફુલાવતી ગર્વથી, કુશળ જણાતું નથી;
મેળવવા યશ ચાહના વધી જતી, અસ્થિર બુધ્ધિ બને,
મળતાં ધારણા બુધ્ધિ બદલે, જોડને બુધ્ધિ ગોતતી. ૧૧

॥ ૐ ॥

બુધ્ધિને જોડયા વિના ન ગમતું, બુધ્ધિ બબ્બે જોડતી,
ઉપાધિ વધતી કદી ન ઘટતી, ડહાપણ બુધ્ધિ ડોળતી;
બુધ્ધિ દોડતી કામના લઈ અને ભટકી જતી મોહમાં,
સલાહ માની ન ચાલશો બુધ્ધિની,આત્મા એક જ લક્ષમાં. ૧૨

॥ ૐ ॥



Scanned with CamScanner

॥ ॐ ॥

મનના વિચારો અનંત વધતા, ભટકાવે યુગો સુધી,
મનનું માનતાં દુઃખ ઘણું, પહોંચે ન આત્મા સુધી;
આત્મા જ્ઞાનથી દૂર કરી, દેહદષ્ટિ મન આપતું,
દેહદષ્ટિ આંધળી જડ અને મૂઢ ભાવ મન લાવતું. ૧૩

॥ ૐ ॥

ઈન્દ્રિયો ને મન સાથે ભટકે, વાસના વધે આંધળી,
ખોટું સાચું મિશ્ર ચાલાકીનું, ગતિ જેમ કરે વીજળી;
દોડી થાકી જવાય ન સૂઝે, ઊલટી ગતિ ચાલતું,
વિચારો સંઘાત મન છોડે, ભીતર રહેવું ફાવતું. ૧૪

॥ ૐ ॥

સંઘાતનો આઘાત ખૂબ મૂંઝવે, છૂટતાં સમાધિ થશે,
નાડી-પ્રાણ મળી જતાં પૂર્ણમાં, સાન પૂર્ણ તે સમજશે;
સંદેશા દૂર દૂરના સત ખરા, ખોટું કદી નહિ હશે,
સતનાં દર્શન દૂર હતાં તે મળતાં, તેમાં જ ડૂબી જશે. ૧૫

॥ ૐ ॥

ૐ ગુરુ, ૐ ગુરુ, ૐ ગુરુ, ૐ,
જય ગુરુ, જય ગુરુ, જય જય ૐ

॥ ૐ ॥

શ્રી ગુરુદત્ત ભગવાનકી જય
શ્રી ગિરનાર સિદ્ધોંકી જય
નમ: પાર્વતી પતયે, હરહર મહાદેવ, હર.
શ્રી કૃષ્ણ કનૈયા લાલકી જય.
શ્રી સદ્‌ગુરુ દેવ પૂજ્યપાદશ્રી જગજીવન બાપુકી જય.
સનાતન ધર્મકી જય, સબ સંતનકી જય. આજકે આનંદકી જય.
સબ સંતનકો ૐ નમો નારાયણાય.
ૐ શાંતિ: ૐ શાંતિ: ૐ શાંતિ:



Scanned with CamScanner

# સંધ્યા પ્રાર્થના

ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥

ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિ :

## શ્રેષ્ઠમાં સહુથી ઉત્તમ

શ્રેષ્ઠમાં સહુથી ઉત્તમ, પ્રભુ સમાન, શ્રેષ્ઠ જ નથી,
સુંદરમાં અધિક સુંદર, પ્રભુ સમાન બીજું નથી,
શોભામાં શોભિત કહો- પ્રભુ વિના કોઈની શોભા નથી,
હૃદય શોભા પ્રભુ જ મંગળ-રત્ન-હીરા-મોતીનું કામ નથી.

જ્યોતિઓમાં જ્યોતિ પ્રભુની સૂર્ય-ચંદ્ર તારાની જ્યોતિ નથી
આત્મ-જ્યોતિ પ્રભુની પૂર્ણ જ, ઋષિ મુનિમાં જુદી નથી,
એક જ અખંડ સહુમાં પ્રકાશે-પ્રેરણા-વિજય-સાક્ષી જ બધે,
વ્યાપક પ્રાણનો, પોષણકર્તા રક્ષક એનાથી કોઈ નહિ વધે.

જ્ઞાન-ધ્યાન-સાન-ભાન, એની ગતિમાં સૌથી મહાન છે,
ગતિનો કોઈ પાર ન પામતા,ગતિ ને મતિમાં વિશાળ છે,
ઉદાર હૃદયનું માપ ન નીકળે, પૃથ્વી આકાશથી મહાન છે,
હૃદય પ્રભુનું સૌથી બળવાન બળ બધાને એ જ દેનાર છે.



Scanned with CamScanner

॥ ૐ ॥

સઘળા  સ્થળમાં વાસ છે પ્રભુનો ગુપ્ત કેમ થાય  છે?
ગર્વ મોટો  બની માથે ચડે ગર્વથી પ્રભુ દૂર જાય  છે.
ગર્વ  સાચો નથી એને મૂકવો પ્રભુ પ્રગટ દેખાય  છે,
પ્રભુની દષ્ટિથી પ્રભુને જોવા પ્રભુ વિના ન ભળાય છે.

પ્રભુને  પ્રેમથી જોતાં જોતાં પ્રેમ અતિશે ઊભરાય  છે,
વહાલા પ્રભુની વહાલપ  મળતાં ભાવિ ઊજળું ઘડાય  છે.
ઘડનાર પ્રભુને ઘડવાનું સોંપો, ભાર માથાનો ઊતરી જાય છે,
પ્રભુમાં પ્રાણ રમણ કરતા,પ્રાણ પ્રભુથી સાર્થક થાય  છે.

સાર્થક  જીવન  પ્રભુની  સમજ, પ્રભુથી સમજાય  છે,
સંકલ્પને સિધ્ધ કરનાર, પ્રભુજી બીજા ન દષ્ટિમાં દેખાય  છે.
બોલનાર  પ્રભુ બોલાવે એની વાણી જ  બોલાય છે,
એની વાણીનો આનંદ અનેરો,ગર્વથી રહિત જણાય  છે.

વાંસના મૂળથી  બળી જાતાં, નાભિ શુધ્ધિ ગણાય  છે,
ચિત્તના ચિત્રો અદશ્ય થાતાં, સ્થિરતા આવી  જાય છે.
શમ દમ ને સંયમ પાક્કો, પ્રભુ કૃપા સત્ય ગણાય  છે,
પ્રભુની કૃપામાં સંપૂર્ણ સિધ્ધિ, પ્રભુમાં જ ગળવું થાય  છે.

પ્રભુમાં રહેવું નિશ્ચય દઢતા, પ્રભુથી નિર્ભય થવાય  છે,
નિર્ભય પ્રભુથી સાચી અભયતા, પ્રભુની મળી જાય છે.
પ્રભુના પ્રાણથી તાર બાંધ્યો, ત્રુટિ કદી ન જણાય  છે,
પ્રભુનું ભણતર પ્રભુ ભણાવે, પ્રભુમાં એ ગળી જાય છે.



Scanned with CamScanner

॥ ॐ ॥

## श्रीगुरुस्तोत्रम्

अखण्डमण्डलाकारं व्याप्तं येन चराचरम्
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥१॥

अज्ञानतिमिरान्धस्य ज्ञानांजनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥२॥

गुरुर्ब्रह्मा, गुरुर्विष्णुः, गुरुर्देवो महेश्वरः ।
गुरुरेव परं ब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥३॥

स्थावरं जंगमं व्याप्तं यत्किञ्चित् सचराचरम् ।
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥४॥

चिन्मयं व्यापि यत्सर्वं त्रैलोक्यं सचराचरम् ।
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥५॥

सर्वश्रुतिशिरोरत्नविराजितपदाम्बुजः ।
वेदान्ताम्बुजसूर्यो यस्तस्मै श्रीगुरवे नमः ॥६॥

चैतन्यः शाश्वतः शान्तो व्योमातीतो निरजनः ।
बिन्दुनादकलातीतस्तस्मै श्रीगुरवे नमः ॥७॥

ज्ञानशक्तिसमारूढः तत्त्वमालाविभूषितः ।
भुक्तिमुक्तिप्रदाता च तस्मै श्रीगुरवे नमः ॥८॥



Scanned with CamScanner

॥ ॐ ॥

अनेकजन्मसम्प्राप्तकर्मबन्धविदाहिने ।
आत्मज्ञानप्रदानेन तस्मै श्रीगुरवे नमः ॥९॥

शोषणं भवसिन्धोश्च ज्ञापनं सारसम्पदः ।
गुरोः पादोदकं सम्यक् तस्मै श्रीगुरवे नमः ॥१०॥

न गुरोरधिकं तत्त्वं न गुरोरधिकं तपः ।
तत्त्वज्ञानात् परं नास्ति तस्मै श्रीगुरवे नमः ॥११॥

मन्नाथः श्रीजगन्नाथः मद्गुरुः श्रीजगद्गुरुः ।
मदात्मा सर्वभूतात्मा तस्मै श्रीगुरवे नमः ॥१२॥

गुरुरादिरनादिश्च गुरुः परमदैवतम् ।
गुरोः परमरं नास्ति तस्मै श्रीगुरवे नमः ॥१३॥

ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिं
द्वन्द्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम् ।
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतं
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ॥१४॥

त्वमेव माता च पिता त्वमेव
त्वमेव बन्धुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव
त्वमेव सर्वं मम देव देव ॥१५॥



Scanned with CamScanner

॥ ૐ ॥

# રોમ રોમ પ્રભુજી સુખકારી

( રાગ : માલકૌંસ )

રોમ રોમ પ્રભુજી સુખકારી, બાંધ તાર એક તારો જ જાણી..ટેક
પ્રેમભરી દષ્ટિથી રાખ પરોવી, સ્નેહ વધે તમારો આજ્ઞાકારી
અંધારું પ્રભુ આડું ન ધરજો, પ્રકાશ આપો ખોટ ન તમને
ભૂલી ગોથાં અમારે ન ખાવાં, યાદી રાખી સ્મૃતિ ભરજો
મોહ બુધ્ધિને કદી ન થાયે, ભાન આપનું નવ ભૂલીએ
દઢતા સિંચન આપ કરીને, હૃદય મેળવી સદાય મળીએ
આપે આપેલ બક્ષિસ આપની, રક્ષા આપ જ તેની કરો
આપ રખોપું સફળ કરવા, શક્તિ આપની શીઘ્ર કરો
પ્રાણની પ્રિયતા એક જ ઝંખે,પ્રત્યક્ષ આપને નિહાળી હરખે
પૂર્ણ સમજને દૂર ન કરતા, આપની કૃતિઓ આપને નીરખે
સાર્થક જીવન કળા છે તમારી, સિધ્ધ કરવા પ્રેરક સંભારી
ઉકેલ કરાવો વિજય તૈયારી, સર્વથી બળી છો શક્તિ તમારી.

॥ ૐ ॥

ૐ ગુરુ, ૐ ગુરુ, ૐ ગુરુ, ૐ,
જય ગુરુ, જય ગુરુ, જય જય ૐ

॥ ૐ ॥

શ્રી ગુરુદત્ત ભગવાનકી જય
શ્રી ગિરનાર સિધ્ધોંકી જય
નમ: પાર્વતી પતયે, હરહર મહાદેવ, હર.
શ્રી કૃષ્ણ કનૈયા લાલકી જય.
શ્રી સદ્‌ગુરુ દેવ પૂજ્યપાદશ્રી જગજીવન બાપુકી જય.
સનાતન ધર્મકી જય, સબ સંતનકી જય. આજકે આનંદકી જય.
સબ સંતનકો ૐ નમો નારાયણાય.
ૐ શાંતિ: ૐ શાંતિ: ૐ શાંતિ:



Scanned with CamScanner

॥ ૐ ॥

## અધ્યાય ૧૫ મો – પુરુષોત્તમયોગ

વસુદેવસુતં દેવં કંસ ચાણૂરમર્દનમ્
દેવકીપરમાનન્દં કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્

શ્રીભગવાનુવાચ

ઊર્ધ્વમૂલમધઃશાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ।
છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્ ॥
અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્યશાખા ગુણપ્રવૃધ્ધા વિષયપ્રવાલાઃ ।
અધશ્ચ મૂલાન્યનુસંતતાનિ કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે ॥
ન રૂપમસ્યેહ તથોપલભ્યતે નાન્તો ન ચાદિર્ન ચ સંપ્રતિષ્ઠા ।
અશ્વત્થમેનં સુવિરૂઢમૂલમસઙ્ગશસ્ત્રેણ દઢેન છિત્વા ॥
તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યં યસ્મિન્ગતા ન નિવર્તન્તિ ભૂયઃ ।
તમેવ ચાદ્યં પુરુષં પ્રપદ્યે યતઃ પ્રવૃત્તિઃ પ્રસૃતા પુરાણી ॥
નિર્માનમોહા જિતસઙ્ગદોષા અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ ।
દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસંજ્ઞૈર્ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્ ॥
ન તદ્ભાસયતે સૂર્યો ન શશાઙ્કો ન પાવકઃ ।
યદ્ગત્વા ન નિવર્તન્તે તધ્ધામ પરમં મમ ॥
મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।
મનઃ ષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિઃ સ્થાનિ કર્ષતિ ॥
શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ ।
ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવાશયાત્ ॥
શ્રોત્રં ચક્ષુઃ સ્પર્શનં ચ રસનં ઘ્રાણમેવ ચ ।
અધિષ્ઠાય મનશ્ચાયં વિષયાનુપસેવતે ॥
ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ ભુંજાનં વા ગુણાન્વિતમ્ ।
વિમૂઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષઃ ॥



Scanned with CamScanner

॥ ૐ ॥

યતન્તો યોગિનશ્ચૈનં પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્ ।
યતન્તોઽપ્યકૃતાત્માનો નૈનં પશ્યન્ત્યચેતસઃ ॥
યદાદિત્યગતં તેજો જગદ્ભાસયતેઽખિલમ્ ।
યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્તેજો વિદ્ધિ મામકમ્ ॥
ગામાવિશ્ય ચ ભૂતાનિ ધારયામ્યહમોજસા ।
પુષ્ણામિ ચૌષધીઃ સર્વાઃ સોમો ભૂત્વા રસાત્મકઃ ॥
અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ ।
પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્ ॥
સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટો મત્તઃસ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ ।
વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો વેદાન્તકૃદ્વેદવિદેવ ચાહમ્ ॥
દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષર એવ ચ ।
ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોઽક્ષર ઉચ્યતે ॥
ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ ।
યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ॥
યસ્માત્ક્ષરમતીતોઽહમક્ષરાદપિ ચોત્તમઃ ।
અતોઽસ્મિ લોકે વેદે ચં પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥
યો મામેવમસંમૂઢો જાનાતિ પુરુષોત્તમમ્ ।
સ સર્વવિદ્ભજતિ માં સર્વભાવેન ભારત ॥
ઈતિ ગુહ્યતમં શાસ્ત્રમિદમુક્તં મયાનઘ ।
એતદ્બુદ્ધ્વા બુદ્ધિમાન્સ્યાત્ કૃતકૃત્યશ્ચ ભારત ॥
ૐ તત્સત્ ઈતિ શ્રીમદ્ ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે પુરુષોત્તમ યોગો નામ પંચદશોઽધ્યાયઃ ।
વસુદેવસુતં દેવં કંસ ચાણૂરમર્દનમ્ ।
દેવકીપરમાનન્દં કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્ ॥
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ



Scanned with CamScanner

॥ ૐ ॥

અસતો મા સદ્ ગમય ।
તમસો મા જ્યોતિર્ગમય ।
મૃત્યોર્મા અમૃતં ગમય ।

અસત્યો માંહેથી પરમ સત્યે તું લઈ જા
ઊંડા અંધારેથી પરમ તેજે તું લઈ જા
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે તું નાથ લઈ જા
તુંહીનો હું છું તો, તુજ દરસનાં દાન દઈ જા.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

◈ ◈ ◈

(૧) પ્રાણ - હે પ્રભુ, તમારા ભાવથી ભાવિત શુધ્ધ બનો.
(૨) અપાન - હે પ્રભુ, તમારા ભાવથી ભાવિત શુધ્ધ બનો.
(૩) ઉદાન - હે પ્રભુ, તમારા ભાવથી ભાવિત શુધ્ધ બનો.
(૪) વ્યાન - હે પ્રભુ, તમારા ભાવથી ભાવિત શુધ્ધ બનો.
(૫) સમાન - હે પ્રભુ, તમારા ભાવથી ભાવિત શુધ્ધ બનો.

(૧) પ્રાણાય સ્વાહા (૨) અપાનાય સ્વાહા
(૩) ઉદાનાય સ્વાહા (૪) વ્યાનાય સ્વાહા (૫) સમાનાય સ્વાહા

◈ ◈ ◈

શરીર તારું, મન છે તારું
તારી બુધ્ધિ અને પ્રાણ
બધુંય તારું, તું છે મારો
નિશ્ચય એ જ પ્રમાણ

તા.ક. પ્રભુ તું છે મારો, એ સમજણ સાચી છે. ખોટો અર્થ કરીને ગેરઉપયોગ ન કરવો.



Scanned with CamScanner

॥ ॐ ॥

શ્રી સદ્‌ગુરુ પરમાત્મને નમ: ।

## જ્ઞાનમંદિર

પરમાત્માની અસીમ કૃપાએ અધ્યાત્મસિધ્ધિને વરેલી ભારતીય ગુરુતા આજે પણ પરમાત્મા દર્શન કરાવવા તત્પર છે. શ્રીકૃષ્ણના યોગથી જેમણે ગુરુપરંપરાનું સતત સાતત્ય સેવ્યું છે. પરમાત્મા સાથે તે સાધુ. આત્મસર્જનનું વિજ્ઞાન પામે તે જ્ઞાની. પરમ સત્યથી વિભક્ત (જુદો ન હોય) તે ભક્ત. અજંપા શ્વાસમાં ૐ તુંહી તુંહી ગાનાર એવા વિરલ પૂજ્ય જગજીવન બાપુનો જન્મ સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિ ઉના નજીક સીમર ગામમાં થયો છે. ભગવદીય માતા ગોદાવરીના કુળમાં તેઓ તરણ-તારણ બન્યા છે. પિતાજી જયરામભાઈના વૈદક જ્ઞાનની સેવા ટેક તેમણે ઝીલી. નાના મોટા બે ભાઈ અને એક બહેનના વ્યવહારિક સંબંધથી તેઓ વિરક્ત રહ્યા. સાધુ-ભક્તો જોડે બચપણથી ભજન સેવામાં તત્પર રહી નૈષ્ઠિક બ્રહ્મચારી રહી આજીવન કૃષ્ણભક્તિમાં લીન રહી, શ્રીકૃષ્ણપરાયણ જીવન સાર્થક કર્યું. ભાવિકો તેમને વિવિધ આદરથી જુએ છતાં તેઓ બધાથી અલગ રહી, તનના રોગની દવા, ઔષધ-બુટી વડે કરી અને જાતે ભગવદ્‌ભજનમાં નિર્ભર બની ભવરોગોનું નિદાન એક હરિભજન સાચું છે એ જીવનમાં જીવી બતાવ્યું.

ભક્તિ ભક્ત ભગવંત ગુરુ, નામ જુદાં પ્રભુ એક,
ભાવ ભજન ભગવદ્ ગુણો, અલગ છતાં સૂર એક.

અમારા હૃદય ભાવમાં

પ્રભુથી વિશેષ છે સદ્‌ગુરુ અમારા,
પ્રભુ પણ સાથે, જ્યાં બાપુ અમારા.

હે સદ્‌ગુરો! આપને નતમસ્તક અમારા સાષ્ટાંગ પ્રણામ હો

સદ્‌ગુરુ શાસન વિજયવંત હો

શ્રી કૃષ્ણાર્પણમસ્તુ ।

જન્મ : સંવત ૧૯૬૭ માગશર સુદ ૬ (સીમર-સોરાષ્ટ્ર)
પવિત્ર કેવલજ્ઞાન દિન : ચૈત્ર સુદ ૧૦ ને શુક્રવાર
નિર્વાણ : સંવત ૨૦૩૪ આસો સુદ ૧ (ઉંમરગામ-ગુજરાત)



Scanned with CamScanner

|| ૐ ||

## ૐ પૂર્ણ પુરુષોત્તમને જ શરણે છું

પરમ ભાવથી પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનું ભજન કરો. તેમાં તમારો અનન્ય પ્રેમ ધારણ કરીને, તેને જ માટે, તેનો જ મળેલો પ્રાણ બીજે આસક્ત ન થતાં, પ્રાણથી પણ વહાલા પરમાત્માનું જ લક્ષ રાખવું. એવુ અનન્યભાવનું ચિંતન લક્ષ, બરાબર રહેવું જોઈએ. તેની જ કૃપામાં વ્યવહાર અને પરમાર્થ બંને સિધ્ધ કરવાની શક્તિ છે તે તમારું સંપૂર્ણ ધ્યાન રાખે છે અને રાખશે જ. તેના ભાવમાં ભાવિત બનેલા પ્રાણ વિશુધ્ધ બનીને તેના જ ધામમાં પહોંચે છે, તેમાં જરા પણ સંશય ન કરવો. જે પરમાત્માના જ બને, તેને પરમાત્માની શાંતિ મળે છે. તેના ધામમાં જ, પ્રાણ અંતિમ વખતે જાય, બીજે કદાપિ ભટકે નહિ, તે ત્રિકાલ અબાધિત સત્ય છે.

## પ્રાર્થના – પ્રસાદી

હે મારા પ્યારા ઈશ્વર ! હું મારું જીવન તારા ચરણમાં વિનયવાળો થઈને અર્પણ કરું છું. લ્યો નાથ! મારો આ હાથ, આજથી મારો આ હાથ સદા તારા ઈશારા પર નાચે. હે પ્યારા સ્વામિન્ ! તું મારા જીવનની ક્ષણેક્ષણ લઈ લે અને સદૈવ આપની અખંડ સ્મૃતિમાં વિતાડવા દે. હે પ્યારા પ્રભુ! તું મારા આ પગને પણ લઈ લે હવેથી હંમેશાં અહર્નિશ તારા નિર્દિષ્ટ માર્ગ પર, તારી ઈચ્છા અનુસાર જ ચાલે. હે મારા પ્યારા બાદશાહ! તું મને સદૈવ, તારાં જ ગીત ગાવા દે. મારા હોઠો સદૈવ તારા જ, સંદેશા દ્વારા ભરેલા રહે.

હે પ્રભુ! તું મારું હૃદય પણ લઈ લે. હવેથી મારું હૃદય તારા માટે બિરાજવાનું સ્થાન બની જાય.

હે પ્રેમસ્વરૂપ સ્વામિન્ ! તું મારો સારો પ્રેમ લઈ લે. સાથે મને પણ લઈ લે. તારાથી જુદી મારી કોઈ આશા પણ ન રહે. ( મને ગોતવાવાળો તને ગોતીને તારામાં જ, મને જોઈ શકે, મારું કાંઈ પણ ન રહે, પ્યારા! હું તારો છું, સદાને માટે તારો રહું)

**સમાઈ જા મારામહીં, જેમ શરીરમાંહી પ્રાણ છે,**
**જેથી ન કોઈ કહી શકે, અમથી જુદો ભગવાન છે.**

**પ.પૂ. શ્રી જગજીવનબાપુ**



Scanned with CamScanner

॥ ॐ ॥

## પ્રભુ આજ્ઞાનું પાલન કરીને, પ્રભુ ભજન કરો

અનેક ઉપાધિરૂપ ખોટાં કર્મોથી, હૃદયમાં અનંત આઘાતો સહન કરીને, વ્યાકુળતા વધારી, તેથી ઘોર અંધકારનું વાતાવરણ દિન-પ્રતિદિન વૃદ્ધિ જ પામ્યા કર્યું. તે અજ્ઞાનરૂપી અંધારું હઠાવવા માટે ઘણા, દીવડા પ્રગટાવવામાં આવે તોપણ સત્ય જ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશ વિના, અજ્ઞાનરૂપી અંધકારને હટાવવા અનંત જન્મો સુધીના કરેલા પ્રયાસો પણ નિષ્ફળ નીવડે છે; ત્યારે સત્ય જ્ઞાન સફળ ક્યારે થાય? **સદ્‌ગુરુના વચન પ્રમાણે યથાર્થ પાલન થાય, ત્યારે જ ભક્તિ, યોગ, તપ વગેરે સિધ્ધ થાય.** તેમાં પણ ભક્તિ, યોગ, તપ વગેરે અહંકારથી રહિત થાય તો જ તે પરમાત્માની પ્રાપ્તિ કરાવે, પરમાત્મા પૂર્ણ જ છે, તેની સાથે વિયોગ કરાવનાર અહંકાર છે, જે અહંકારને દેહની સાથે આસક્તિ છે એ મૂળથી છૂટે, તો જ દેહની-જીવપણાથી થતી ક્રિયા, જે અનંત ભેદ પાડીને એકતા સિધ્ધ થવામાં વિઘ્નરૂપ બને છે, એ સમજાય. તેને યથાર્થ સમજીને, બ્રહ્મનિષ્ઠા સંયમ અને સાચી અડગ શ્રધ્ધાથી જ સ્થિરતા પ્રાપ્ત કરાવે. આત્મામાં અનંત શક્તિ રહેલી છે, તે વાત જ કરવાની નહિ, અનુભવ કરીને સદાની પ્રકાશવાળી અને અખંડ આનંદવાળી, સાચી શાંતિ પ્રાપ્ત થાય. સાચી અમર આત્મ જ્યોતિએ દિવાળીના દીવા, ઘરઘરમાં પ્રગટાવતા રહીએ જે દીવા ગમે તેવા વાયુના તોફાનમાં પણ કદી હોલવાય જ નહિ, તે જ્ઞાનનો દીવો જ સૂર્ય, ચંદ્ર, અગ્નિ, અનંત દેવો અને માનવ, પશુ, પક્ષી, જલચર વગેરે સૂક્ષ્મથી સૂક્ષ્મ અને મહાનથી મહાનમાં પણ પ્રકાશ આપે છે; છતાં જેની જ્યોતિ ઝાંખી પડતી નથી, તે જ્યોતિ જ એવી પ્રકાશવાળી છે કે જેને માપવાને કોઈ સમર્થ થયું નથી અને થવાનું નથી. તે જ્યોતમાં જ સદાકાળ સર્વજ્ઞપણું, સર્વ શક્તિમાનપણું અને સર્વગુણ સંપન્નપણું



Scanned with CamScanner

રહેલું છે. સદા હૃદયની શુદ્ધિ અને હૃદયની વિશાળતા, એ પૂર્ણ પરમાત્માની જ કૃપામાં રહેલા છે. તમે તે પૂર્ણ પરમાત્માના જ શરણે, સર્વ ભાવોથી રહો. તે પણ સચ્ચાઈપૂર્વક રહો. તો તે વિજય સ્વરૂપ પરમાત્મા! સદા સર્વદા વિજય સ્વરૂપે, આપની સાન્નિધ્યમાં રહેશે, પછી ખોટ આવે જ નહિ.

હે સર્વવ્યાપક, સર્વ શક્તિમાન, ન્યાયકારી, અનંત કોટી બ્રહ્માંડાધીશ! સર્વજ્ઞ ઈશ્વર! આપની કૃપાથી આપને અર્પણ થઈને જ કર્મ બને, તેવી અખંડ પ્રકાશક સ્મૃતિ અને બુદ્ધિ આપમાંથી ઉત્પન્ન થયેલી, આપમાં જ મળી જાય. અમારામાં બેપણાની ભાવના જ ન રહે. અમારો અહંકાર આપમાં જ વિલીન થઈ જાય અને સર્વત્ર આપનાં જ દર્શન થાય; એ રીતથી વાતો કરીને બતાવવા નહિ, પણ યથાર્થ જ પાલનમાં આવે, દેહાધ્યાસ જરા પણ ન રહે, ગીતાના લખેલા અર્થોનું ગુઢ તત્ત્વ આપ જ, હૃદયમાં યથાર્થ સમજાવી દો. આપનું અનન્ય ભાવે શરણ સ્વીકારીએ, બીજાં પ્રલોભનો અમને ભ્રમણામાં ન નાખે, ખોટા પ્રભાવમાં એકનું અનેકપણું દશ્ય થાય છે, તે સદાને માટે બંધ થાય, અમને માયાનો પ્રપંચ જરા પણ આવીને, આપના માર્ગથી ચલિત ન કરે, આપના સ્મરણમાં સદાય જાગૃતિ રહે.

ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ

સંપૂર્ણ જ્ઞાનીઓને સિદ્ધિ મળતી જ નથી, કારણકે સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય તેમ માની, તે કયાંય અટકતો જ નથી, પરંતુ જ્ઞાન અને પુરુષાર્થ વડે લક્ષ્ય તરફ અવિરત આગળ વધ્યો જાય છે.

ઘણાંએ એવી સિદ્ધિ મેળવી હોય છે કે બીજાઓને ખરાબ સ્વપ્ન પ્રેરીને, ભ્રમણા ઉત્પન્ન કરવી અને પોતાનો સ્વાર્થ સાધવો, તે માનવી પોતાના વિચારમાં ખોટી રીતે, પરાણે હા પડાવીને એક



Scanned with CamScanner

॥ ૐ ॥

વાતાવરણ પેદા કરે છે, તે એક જાતનું માનસિક કાવતરું ગણાય. તે પોતાના સ્વાર્થ ખાતર આત્મહત્યારો બને છે, તેમને ઈશ્વર સદ્‌બુદ્ધિ આપે અને તે માનસિક શક્તિનો ઉપયોગ ઉત્તમ માર્ગે કરે, તો તે પોતાનું તથા અનેકનું કલ્યાણ કરી શકે.

કાગળ દ્વારા ખરાબ માનસિક વિચારોની અસર ફેલાવીને, અનેક પ્રકારના ઝેરી વાતાવરણ પેદા કરે છે અને પોતાનું તથા અન્ય ઘણાઓનું અનિષ્ટ કરે છે તેમને તેમ ન કરવા સંબંધી જ્ઞાન મળે તો ધર્મનો ઉદય થાય જ.

જમવાનું ભોજન, ફળ કે પ્રસાદી અથવા પાણી, દૂધ વગેરે વસ્તુમાં પણ માનસિક ખરાબ ભાવનાથી ઝેરી વાતાવરણ ફેલાવીને, જે ભ્રમણાઓ ફેલાવવાની યુક્તિઓની રચના કરે છે, તેનાથી સરળ હૃદયના માનવીને માર્ગથી ભ્રષ્ટ કરવાનાં કાવતરાં જ હોય છે. તેમાંથી સર્વશક્તિમાન ઈશ્વર બચાવે એ જ તીવ્ર ઈચ્છા.

માનવી દૈવી સંપત્તિના ગુણ ગ્રહણ કરીને, ઈશ્વરપ્રાપ્તિ માટે પ્રયાસ કરતો હોય, તેમાં ઈશ્વરપ્રાપ્તિ એ દરેકનું કર્તવ્ય છે, તેમ સમજીને જ, એકતાથી સાથ અપાય, તો સત્ય ધર્મની સ્થાપના થાય.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ



Scanned with CamScanner

॥ ॐ ॥

# "સુવિચારો"

જે કોઈએ બીજાનું અનિષ્ટ કરવામાં પોતાની શક્તિનો ઉપયોગ કર્યો હોય તેમને ઈશ્વર સદ્‌બુધ્ધિ આપે; જેથી પોતાનું તથા પારકાનું બગાડતા અટકે.

કોઈનું સારું કરવાનું ન બની શકે તો વાંધો નથી, પણ ખરાબ ન થાય તેટલું બને તો તે ઉત્તમ છે.

◈ ◈ ◈

જગજીવન પોતાથી કરેલા કાયિક, વાચિક, માનસિક પાપોનો ઈશ્વર પાસેથી દંડ લેવા માટે તૈયાર છે.

મારી તીવ્ર ઈચ્છા એ જ છે કે માણસો ઈશ્વરભજન કરે અને પોતાનું અને અન્યનું પણ કલ્યાણ ઈચ્છે, અનિષ્ટ ન કરે.

◈ ◈ ◈

દેવ-માનવ, સાધુ-સંત, જ્ઞાની-ધ્યાની, ગુપ્ત-પ્રગટ, વૃક્ષ, પશુ-પક્ષી દરેક ઈશ્વરભજન કરે અને દરેકમાં ઈશ્વર વ્યાપક છે તેમ સમજીને જ ભજન કરે.

મારા કોઈને માટે ખરાબ કરવાના વિચારો હોય, તેને માટે હે ઈશ્વર, મને તરત દંડ દઈને શુધ્ધ કરજો.

ગમે તેટલી સિધ્ધિ મેળવી હોય, તેનો ઉપયોગ બીજાને હેરાન કરવામાં થતો હોય તો તે સિધ્ધિ નથી, પણ ઘણાઓને હેરાન કરીને પોતાનો સ્વાર્થ સાધવાનો, અંતે પોતાની અધોગતિના માટેનું આગળ ને આગળ સૂચક(આત્મઘાતક) પગલું છે.

◈ ◈ ◈

તમારી ઊંચી ભાવના દ્વારા તમે બીજામાં અમૃતસિંચન કરી શકો છો, તે ઉત્તમ, પણ બીજાને ખરાબ ભાવનાઓથી ઝેર ફેલાવીને તમે અનેકનો અને સાથે તમારો પણ ઉત્તમ માર્ગ મૂકીને, મહાન અનિષ્ટકારક માર્ગે ચાલો છો, તે મૂકો તો જ સુખ.



Scanned with CamScanner

॥ ॐ ॥

પરમ પ્રેમ સ્વરૂપ, પરબ્રહ્મ પરમાત્મા! તમારાં તન, મન ને બુદ્ધિને સદાકાળ નિર્મળ કાર્યમાં જોડીને વ્યવહાર અને પરમાર્થનાં કાર્યો, સદાકાળ સિધ્ધ કરીને, હૃદયમાં અખંડ આનંદના સાગરને, સદાકાળ ભરતીમાં જ રાખે. તેનાથી પાવન બનીને, બીજાના જીવનને પણ પાવન બનાવો. જ્ઞાનનો ખજાનો સદાકાળ મરજી પ્રમાણે ઉપયોગ કરો, છતાં કદાપિ પણ ન ખૂટે અને સદાકાળ પ્રભુના જ સત્ય વિજય સ્વરૂપ કાર્યો તેમની ઈચ્છા અનુસાર જ થાય. તેમાં સંપૂર્ણપણે સિધ્ધિ રહે, તે કદાપિ કોઈથી લૂંટાશે નહિ. સત્ય, આનંદ પ્રકાશ, શાંતિ અને નિશ્ચિત શુભકર્તવ્ય, નિષ્ઠા અવિચળ હોય તેનો પાયો કોઈપણ ડગાવી શકતા નથી. પરમાત્મા અહર્નિશ તેનું રક્ષણ જ કરે છે.

ॐ શાન્તિ: ॐ શાન્તિ: ॐ શાન્તિ:

◈ ◈ ◈ ◈ ◈

॥ ॐ ॥

સર્વ શક્તિમાન, વિશ્વનું પાલન કરવાની શક્તિથી સમૃધ્ધ છે. તેના ભંડારમાં ત્રણે કાળમાં કદી ખોટ આવતી નથી, એ નિશ્ચય, હૃદયમાં અવિચળ સ્થિર થઈ જવો જોઈએ. એ નિષ્ઠામાં જરા પણ શંકા ઉત્પન્ન થવી જોઈએ નહિ; એવું આત્મબળ પ્રભુ પોતે આપીને, આપનું રક્ષણ સદાય કરે. તન, મન અને ધન, જ્ઞાન સર્વનું સામર્થ્ય આપતા હારે નહિ તેવા વીર પ્રભુ, આપને અને આપના દરેક કુટુંબીનું સદાય રક્ષણ કરે. જીવનની પળેપળમાં તેમની સ્મૃતિ રખાવીને, વ્યવહાર અને પરમાર્થ બંનેમાં સફળતા અપાવે. સર્વ દિશામાં મંગળદાયક જ સમાચાર તેમની કૃપાથી મળે. પ્રભુની મહાન સિધ્ધિ જ સહાય કરે અને વિજય કરવામાં સર્વ કાળમાં સાથે જ રહે. તેના સાન્નિધ્યમાં બધા વિજય સિધ્ધ થાય છે. સત્ય અડગ સિધ્ધાંત છે.

◈ ◈ ◈ ◈ ◈



Scanned with CamScanner

॥ ૐ ॥

# શિરે ચડાવું

(ભજન)

શિરે ચડાવું હાં શિરે ચડાવું,
ગુરુ ચરણરજ શિરે ચડાવું,
ગુરુના શબ્દો શ્રવણ જ કરતાં,
પાપી તણા મન શુદ્ધ જ કરતાં
મૂર્ખ અજ્ઞાનથી ખૂબ ફસાયો,
અભિમાને મનમાં અતિ ફુલાયો,
ગુરુ જ્ઞાન વિના હું તો જ્ઞાની જ બન્યો,
પ્રભુને ભૂલી જઈ ચિંતામાં પડયો.
અંધ બનીને હું તો ફાંફાં જ મારું,
સર્વ વ્યાપક વિભુ, તેને વિસારું,
સાધુ-સંન્યાસીના ત્યાગ ન જાણું,
મૂરખ નર હું મારું જ તાણું.

॥ ૐ ॥

તુમ વાયુ યમ પાવક વરૂણ
એવમ્ તુમ્હીં રાકેશ હો,
બ્રહ્મા તથા ઉનકે પિતા ભી
આપહી અખિલેશ હો,
હે દેવ! દેવ! પ્રણામ દેવ,
પ્રણામ સહસ્ત્રો બાર હો,
ફિર ફિર પ્રણામ, પ્રણામ નાથ
પ્રણામ બારંબાર હો (૨)

॥ ૐ ॥

જેને દિવ્ય સ્તવો વડે સ્તવી રહ્યા
સૂર્યાગ્નિ વા વાદળા,
જેના મંત્ર પૂરાણ શાસ્ત્ર ભજનો
ગાયે ઋષિ વ્યાકુળા
યોગી ધ્યાન ધરે જ સંયમ કરી
જેની કરે ઝંખના
જેનો પાર ન કોઈએ લઈ શક્યા
તે દેવને વંદના (૨)



Scanned with CamScanner

॥ ૐ ॥

શ્રી મહાલક્ષ્મી માતાજી તમારું હિત કરવા સદાય તૈયાર છે. તેમાં જરા પણ શંકા પેદા ન કરવી. તેમની પ્રેરણા તમારા તથા તમારાં સગાસબંધી સર્વે, જગત આખાનું રક્ષણ કરનાર, તમારા વ્યવહાર અને પરમાર્થ બંનેમાં આગળ વધવાની, પ્રેરણા દિવ્ય સ્વરૂપે કરે અને જીવનની દરેક પળને સાર્થક-સુગંધી બનાવે. તન-મન, ધન, અન્ન, વસ્ત્ર અને યશ સ્વરૂપે પ્રગટ રહીને મૂંઝવણ વગર સદાય અક્ષય ને અખંડ શાન્તિ આપે, એ જ હૃદયની પ્રાર્થના.

## પ્રભુ મારા પ્રેમી હૃદયશ્રૃંગાર

પ્રભુ મારા પ્રેમી હૃદયશ્રૃંગાર
        નથી એના જેવા કોઈ ઉદાર        ટેક
રોજ રોજ એનો પ્રેમ હાજર
        ભરે પ્રેમ-કૃપા શાન્તિ અપાર
એની કૃપા દિવ્ય ખરી અંતર
        જ્ઞાન-ધ્યાન અમી પાનાર
પૂર્ણ તૃપ્તિ એની સત જોનાર
        ભાવ-ભક્તિ સદા દેનાર.



Scanned with CamScanner

॥ ૐ ॥

ૐ

પ્રભુ એક પૂર્ણ જ અમૃત છે (૨)
વિશુધ્ધ એના જ પ્રેમમાં સમજ છે ............... ટેક

પ્રભુ અમાપ કૃપા તમારી, સઘળા સ્થળે ભરપૂર છે,
હૃદય ખરી સાક્ષી પૂરે, પ્રભુ સ્વયં પ્રેરક એક છે.

સઘળા સ્થળે દર્શન તમારાં, ગુપ્ત, પ્રગટ, વિશેષ છે,
દૃષ્ટિ તમારી એ જ સાચી, એના વિના અંધકાર છે.

દૃષ્ટિ આપની આપજો, જ્ઞાનરૂપે પોતે આપ છો,
પક્ષાપક્ષીનું સ્થાન નથી ને સર્વ તંત્રમાં સ્વતંત્ર છો.

ત્રિકાળ જ્ઞાની અનાદિના, છતાં ગર્વથી રહિત છે,
તપસી, યોગી, જ્ઞાની, ભક્તોની રક્ષા સદાય થાય છે.



Scanned with CamScanner

॥ ॐ ॥

# ધૂન

( શક્તિ સંચાર જાગૃતિ ધૂન)

ૐ શક્તિ ૐ શક્તિ ૐ શક્તિ ૐ ...
બ્રહ્માશક્તિ વિષ્ણુશક્તિ શિવશક્તિ ૐ ...
આદ્યશક્તિ મહાશક્તિ પરમશક્તિ ૐ ...
સૂર્યશક્તિ ચંદ્રશક્તિ દિવ્યશક્તિ ૐ ...
ઈચ્છાશક્તિ જ્ઞાનશક્તિ ક્રિયાશક્તિ ૐ ...
અનાહતશક્તિ અનંતશક્તિ આનંદશક્તિ ૐ ...
અન્નપૂર્ણાશક્તિ પ્રાણશક્તિ અંતરિક્ષશક્તિ ૐ ...
અદ્વૈતશક્તિ દ્વૈતશક્તિ ત્રિપુરાશક્તિ ૐ ...
સત્યશક્તિ પ્રજ્ઞાશક્તિ નિર્ભયશક્તિ ૐ ...
તપશક્તિ યોગશક્તિ ભક્તિશક્તિ ૐ ...
સંયમશક્તિ શ્રધ્ધાશક્તિ અચળશક્તિ ૐ ...
બુધ્ધિશક્તિ વાણીશક્તિ આત્મશક્તિ ૐ ...



Scanned with CamScanner

|| ૐ ||

## અનુક્રમણિકા


| અનુક્રમ | ભજન | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧ | અખંડ અનાદિ અચલ પ્રભુ એક | ૫૪ |
| ૨ | અખંડ અનાદિ સત્ય સદાય | ૧૪૨ |
| ૩ | અનન્ય ભાવનાવાળો સાચો પ્રભુ પ્રેમ જોઈએ છે | ૯૨ |
| ૪ | અનંત યુગથી જગતમાં ભ્રમણ કરવું શરૂ કર્યું | ૧૬૦ |
| ૫ | અમર બ્રહ્મની નિષ્ઠા અમર, દિવ્યતા પ્રકાશ | ૧૯૦ |
| ૬ | અમારા સ્નેહથી અશ્રુ વહે છે, આંખથી આજે | ૧૫૭ |
| ૭ | અમીદૃષ્ટિ લઈ આવ્યા | ૬૨ |
| ૮ | અમે અમર લોકના વાસી | ૯૫ |
| ૯ | એમાં શું કરે પ્રભુ જ્ઞાની | ૫૫ |
| ૧૦ | અમે પ્રેમનગરના વાસી | ૯૪ |
| ૧૧ | અમે પ્રભુના આંગણેથી આવ્યા | ૪૩ |
| ૧૨ | અમે બાળકો પ્રભુ સાથ રહેનારાં | ૧૬૨ |
| ૧૩ | અમે કહેતાં એ પહેલાંથી | ૧૨૮ |
| ૧૪ | અવિનાશી પ્રકાશ સૌને જ કરતા | ૧૩૮ |
| ૧૫ | અહંકારના આગળ વધતા, હુંપણાને ટાળો રે | ૧૮૨ |
| ૧૬ | આજા શ્રીકૃષ્ણ બંસી બજાનેવાલા(ધૂન) | ૨૨૪ |
| ૧૭ | આદિ બ્રહ્મ સ્વરૂપનું સાચું જ્ઞાન દીપાવજો રે | ૧૦૩ |
| ૧૮ | આંખનું રોઈ રોઈને નીર ખૂટ્યું | ૨૧૩ |
| ૧૯ | આપો બુદ્ધિ પ્રભુજી શુદ્ધ સારી | ૨૭ |
| ૨૦ | આનંદનો દિન આજ પ્રભુને સંભારવા | ૧૭૦ |




Scanned with CamScanner

| અનુક્રમ | ભજન | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૨૧ | આજે ભક્તિ સાગર ઊછળ્યો રે લોલ | ૫૧ |
| ૨૨ | આવી જા સ્થાનમાં- તારું રૂપ ખરું ગોત તે | ૨૦૮ |
| ૨૩ | આવ્યાં છે રે આવ્યાં છે ભક્તોના વિશ્વાસમાં આવ્યા છે | ૨૧૭ |
| ૨૪ | આવે આવે જો સંદેશો પરબ્રહ્મનો | ૬૧ |
| ૨૫ | આવો રે કૃષ્ણ કનૈયા આવો | ૫ |
| ૨૬ | આવો આવો હે ભગવાન, અમને તુજ દર્શનની આશ | ૩૯ |
| ૨૭ | આવો આવો હે ભગવાન, તમને બોલાવે તમ દાસ | ૩૭ |
| ૨૮ | આવો આવો હે ભગવાન, દયાળુ દર્શન દેવા આજ | ૩૮ |
| ૨૯ | આવો આવો હે પ્યારા સજ્જન લેવા પ્રભુનું નામ | ૬ |
| ૩૦ | આવો પૂજ્ય પ્રભુ ભગવાન | ૧૬૯ |
| ૩૧ | આવો સદ્‌ગુરુ જ્ઞાનદિવાકર ત્રિવિધ તાપ હઠાવો રે | ૧૫૦ |
| ૩૨ | એક અનાદિ તું અવિનાશી | ૧૨૧ |
| ૩૩ | એક જ પ્રેરિત શક્તિ અખંડિત | ૨૦૨ |
| ૩૪ | એક પ્રભુનો રંગ છે સાચો | ૧૪૬ |
| ૩૫ | એવું અમારે નથી જોવું | ૧૭૫ |
| ૩૬ | એવો સમય કીમતી ગણાય | ૮૭ |
| ૩૭ | એવી અમીદૃષ્ટિ દેજો | ૧૪ |
| ૩૮ | ઈશ્વરને મેળવવા પ્રયાસો થોડા | ૨૦ |
| ૩૯ | ઉત્તમ સેવા વનસ્પતિ માતતણી | ૧૬૫ |
| ૪૦ | ઊજળી વાણી | ૪૪ |
| ૪૧ | ઉધારીમાં રહેવું અમારું ન ઘર છે | ૧૫ |
| ૪૨ | કહેવું હે હરિ! સુંદર સુંદર | ૧૨૩ |
| ૪૩ | કળા માનવ દેહ ભરી, અતિ ઉત્તમ | ૨૨૪ |



Scanned with CamScanner

| અનુક્રમ | ભજન | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૪૪ | કામના ને સંકલ્પોનાં લાખ- કરોડો રૂપો | ૧૮૩ |
| ૪૫ | કૂ...કૂ...કૂ કોયલ બોલે નાદ ગજાવે તારો જ | ૧૫૯ |
| ૪૬ | કૃષ્ણ ગોવિંદ ગોપાલ ગાતેં રહો | ૩૧ |
| ૪૭ | કેમ આપનું ધ્યાન ધરું પ્રભુ ! | ૧૮૭ |
| ૪૮ | અનંત યુગથી જગતમાં | ૧૬૦ |
| ૪૯ | કેમ બોલો પ્રભુ મારા | ૨૦૯ |
| ૫૦ | કેવળ જ્ઞાનીની આજે ગૈબી કૃપા ઊતરી રે | ૧૮૯ |
| ૫૧ | ખરે વખતે ખબર લેવા | ૧૨૯ |
| ૫૨ | ગીતા ઉપદેશ સાંભળવા | ૧૬૩ |
| ૫૩ | ગીતાના રખવાળા | ૨ |
| ૫૪ | ગુરુ જ્યોતિ પ્રકાશ છે | ૧૯૯ |
| ૫૫ | ગુરુજી આવ્યા છે જ્ઞાનવાળા | ૬૫ |
| ૫૬ | ગુરુજી અનુભવી અંતરના સાચા | ૧૧૫ |
| ૫૭ | ગુરુજી કૃપા કરો અમ ઉપર | ૮૯ |
| ૫૮ | ગુરુજી કૃપાના સાગર | ૧૫૬ |
| ૫૯ | ગુરુદત્ત દયાળા | ૪૦ |
| ૬૦ | ગુરુદત્ત બોલ - ગુરુદત્ત બોલ | ૪૧ |
| ૬૧ | ગુંજે ગુંજે પૂર્ણ પ્રભુનો નાદ | ૧૩૭ |
| ૬૨ | ચાર સૂત્રો (નિર્બળ પ્રાણમેં વગેરે) | ૧૮૫ |
| ૬૩ | છૂટેલાને સાંધનારા, તૂટેલાને જોડનારા | ૨૧૦ |
| ૬૪ | જગદ્ગુરુ શ્રીકૃષ્ણ પ્રભુ, જય જય સર્વજ્ઞ કહું | ૨૨૦ |
| ૬૫ | જગતના પ્રભુ સર્જન કરતા, સાચા તેને ભુલાય નહિ | ૧૧૪ |
| ૬૬ | જય ગિરધર જય જય ગોપાલ | ૨૨૧ |
| ૬૭ | જય રાધે જય રાધે રાધે (શ્રીકૃષ્ણ વિજયતે) | ૪૭ |
| ૬૮ | જયરામ સીતારામ(ધૂન) | ૧ |




Scanned with CamScanner

| અનુક્રમ | ભજન | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૬૯ | જવા દીધી નૌકા | ૭૭ |
| ૭૦ | જાગો જાગો હે પ્યારે બંધુ | ૧૭૧ |
| ૭૧ | જાગો જાગો હે પ્રેમી ભક્તો, પ્રભુ મેળવવા કાજ | ૭ |
| ૭૨ | જાગો જાગો સબ પ્રેમ બઢાતે | ૯ |
| ૭૩ | જેનું જ્યારે પૂર્વજન્મનું પુણ્ય જાગે | ૬૭ |
| ૭૪ | જેણે માયાનાં બંધન નાખ્યાં તોડી | ૨૩ |
| ૭૫ | જેને હોય સાચો સત પર પ્યાર રે | ૮૦ |
| ૭૬ | જેનો શુભ વિચારોની સાથે વિવેક રે | ૮૧ |
| ૭૭ | તમને આવે હસવું એવું | ૧૨ |
| ૭૮ | તમારી ને મારી પ્રભુ, પ્રીતિ છે જુગથી | ૭૬ |
| ૭૯ | તને માયાવી રંગનું પૂર ચડયું | ૨૧ |
| ૮૦ | તૂં ગીતાકા જ્ઞાન સુનાતા હે | ૧૬૨ |
| ૮૧ | ત્રણે કાળનાં કામોમાં ભૂલ એક નહિ | ૧૬૯ |
| ૮૨ | દર્શન કરો ઘટોઘટમાં (પૂર્ણબ્રહ્મ શ્રીરામ વ્યાપક) | ૮૮ |
| ૮૩ | દેખે છે જીવ વિનાશી ભાવ | ૧૩૩ |
| ૮૪ | દેખી દેખી મેં ખોટા જગની, બતાવવાની પ્રીત | ૮ |
| ૮૫ | દેહની દષ્ટિનો દોષ પ્રભુ ટાળતા | ૧૩૯ |
| ૮૬ | દેવ બ્રાહ્મણ ગુરુને | ૧૦૨ |
| ૮૭ | દોડી થકાવ્યા કૃષ્ણે | ૯૮ |
| ૮૮ | ધન તણા તારે ઢગલા જોઈએ | ૧૬૭ |
| ૮૯ | નથી જાવું રે, નથી જાવું રે | ૨૧૧ |
| ૯૦ | નથી રે'તા રે, નથી રે'તા રે | ૨૧૧ |
| ૯૧ | નવલાં વર્ષે કુમકુમ પગલે, અંબા માત પધાર્યાં | ૧૯૭ |
| ૯૨ | નયનમાં નિશદિન રહેવા | ૧૩ |



Scanned with CamScanner

| અનુક્રમ | ભજન | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૯૩ | નાદ ગગનમાં ગાજે, જોગીડા તારો | ૭૨ |
| ૯૪ | નૈષ્ઠિક બ્રહ્મચારી સદ્‌ગુરુ બ્રહ્મનિષ્ઠા દેજો | ૬૦ |
| ૯૫ | પતિતપાવન હો ભગવાન | ૧૫૫ |
| ૯૬ | પ્યારે શ્યામકા જિસે મિલન હો ગયા | ૨૯ |
| ૯૭ | પ્રભુ અમને સાંભરે તમારા ઉપકારો | ૬૯ |
| ૯૮ | પ્રભુ અમારું આત્મબળ | ૧૫૨ |
| ૯૯ | પ્રભુ અમે જુગથી પડેલા, આપથી જુદા રે | ૮૨ |
| ૧૦૦ | પ્રભુ આંખની દૃષ્ટિથી, આઘા જાઓમા | ૩ |
| ૧૦૧ | પ્રભુ એક ઘડી, તમે નહિ ભૂલતા રે | ૪૫ |
| ૧૦૨ | પ્રભુ જલદી બોલાવી ધામમાં રાખ રે | ૮૪ |
| ૧૦૩ | પ્રભુ તારા સંગમાં, એક જ રંગ | ૨૦૮ |
| ૧૦૪ | પ્રભુ દર્શન વિના ચેન ન પડતું | ૭૯ |
| ૧૦૫ | પ્રભુ નથી રે સતાવતા કોઈને ઘડી | ૧૩૫ |
| ૧૦૬ | પ્રભુ પ્રેમ કરી મારી સાથે બોલજો રે | ૪૫ |
| ૧૦૭ | પ્રભુ વિના માયાનું ઘેન | ૫૯ |
| ૧૦૮ | પ્રભુ પ્રેમ સાચો કરજો રે | ૫૨ |
| ૧૦૯ | પ્રભુ સત્ય જ્ઞાનનો પ્રકાશ દીપાવો ! | ૬૮ |
| ૧૧૦ | પ્રભુ સર્વજ્ઞની સત વાતલડી | ૫૭ |
| ૧૧૧ | પ્રભુ સાચો પકડેલો રાહ તારો રે | ૮૩ |
| ૧૧૨ | પ્રભુ હે! અનાદિ ધામ | ૧૫૧ |
| ૧૧૩ | પ્રભુ અમને આપજો, સત્ય જ્ઞાનીનું શરણું રે | ૭૮ |
| ૧૧૪ | પ્રભુજી હૃદયમાં રહીને અજ્ઞાન પડદો હઠાવજો રે | ૬૩ |
| ૧૧૫ | પ્રભુજી સૌના પ્રેરક, શ્રદ્ધા હૃદયમાં લાવો | ૭૩ |




Scanned with CamScanner

| અનુક્રમ | ભજન | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧૧૬ | પ્રભુથી વિમુખ જે રાખે | ૧૭૨ |
| ૧૧૭ | પ્રભુની પ્રીતિ કીર્તિ હસ્તી (દૃષ્ટિમાં દેખાય એક જ પ્રભુ) | ૧૫૩ |
| ૧૧૮ | પ્રભુની શક્તિ, વિશુદ્ધ પ્રાણમાં | ૧૨૪ |
| ૧૧૯ | પ્રભુમાં પ્રેમ વધતો જાય રે | ૭૯ |
| ૧૨૦ | પ્રસન્ન ચિત્ત સદાનું, બ્રહ્મભાવ સત્ય તેનો | ૭૪ |
| ૧૨૧ | પ્રાણથી પ્યારા, પ્રભુ આવો કનૈયા | ૨૧૫ |
| ૧૨૨ | પ્રાણથી પ્યારા શ્રીકૃષ્ણ હૃદયમાં આવો | ૧૭૯ |
| ૧૨૩ | પૂર્ણ દિવ્ય પ્રભુ છે પ્રકાશી | ૧૯૭ |
| ૧૨૪ | પૂર્ણની વાતો અટપટી એવી | ૨૦૫ |
| ૧૨૫ | પ્રેમ ભરેલા હૃદયે રાખું | ૧૮૮ |
| ૧૨૬ | પ્રેમે બોલવું રે! | ૭૧ |
| ૧૨૭ | પ્રેમે બોલવું રે ચિત્તને જોડવું રે | ૧૭૩ |
| ૧૨૮ | પ્રેમથી પધારોને! | ૯૦ |
| ૧૨૯ | ફૂલોના લાવનાર ફૂલોની, જાતો વિધવિધ લાવે રે | ૪૭ |
| ૧૩૦ | બદ્રિ વિશાલ મેરે પ્રાણમેં, પ્રાણ પૂરનેવાલા | ૨૨૨ |
| ૧૩૧ | બ્રહ્મદર્શી ગુરુ મળ્યા હૃદયમાં ભાવતા રે | ૧૭૮ |
| ૧૩૨ | બ્રહ્મસ્વરૂપનું હૃદયમાં દર્શન | ૧૪૫ |
| ૧૩૩ | બ્રહ્મજ્ઞાનના તેજથી, બ્રહ્મવિદ્યા સૌમાં દીપાવો રે | ૧૫૫ |
| ૧૩૪ | બ્રાહ્મણ કુળની ને આદિ એ મૂળની | ૨૨૫ |
| ૧૩૫ | બેસવું ક્રિયા વિનાનું ન ગોઠે | ૧૭૫ |
| ૧૩૬ | એનાથી દૂર થા, દૂર થા (સાખી) | ૨૦૦ |
| ૧૩૭ | બોલાવે અમને ગુરુજીની અમર વાણી | ૧૯૮ |
| ૧૩૮ | બ્રહ્માનંદ શાંત મુદ્રાવાળા યોગી રે | ૪૨ |
| ૧૩૯ | ભજન કર, ભજન કર | ૧૮ |




Scanned with CamScanner

| અનુક્રમ | ભજન | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧૪૦ | ભક્તિરસ આજે | ૯૭ |
| ૧૪૧ | ભગવાન સદા રક્ષણ કરતા | ૯૩ |
| ૧૪૨ | ભાગો ભાગો સૌ છોડી દઈને, રાગદ્વેષનાં કામ | ૯ |
| ૧૪૩ | ભીતર રહેવાનું કોઈને ગોઠતું નથી | ૨૦૦ |
| ૧૪૪ | ભેદ રે ભ્રમણામાં જુગો વિતાવ્યા | ૧૭૩ |
| ૧૪૫ | મને કૃષ્ણ કનૈયાની ગીતા ગમે | ૨૫ |
| ૧૪૬ | શ્રી માનસ દર્શન | ૨૨૮ |
| ૧૪૭ | માનના મોહમાં ગોથાં નથી ખાવા | ૨૦૭ |
| ૧૪૮ | માયા હઠાવો પ્રભુ શુભ ચોઘડિયું | ૧૪૪ |
| ૧૪૯ | મારા શ્યામના સાચામાં ભેળ હોય નહિ | ૪ |
| ૧૫૦ | મારી આદ્યશક્તિ અંબા માત | ૨૦૨ |
| ૧૫૧ | મારો પ્રાણ દેનાર પ્રેરણા દેવા આવે છે | ૧૫૭ |
| ૧૫૨ | માવજી ધોબી કપડાં ધુએને | ૨૨૧ |
| ૧૫૩ | મારે નારાયણનું નામ, નાણું રોકડું રે | ૫ |
| ૧૫૪ | મિથ્યા રૂપ મહીં તું શાને લોભાણો ? | ૧૭ |
| ૧૫૫ | મને સત્ય સ્વરૂપે શિવજી ગમે | ૨૮ |
| ૧૫૬ | રક્ષણ કરી પ્રભુ ધ્યાન જ રાખે | ૧૧૧ |
| ૧૫૭ | હૃદયમંદિરમાં વાસ પ્રભુનો | ૧૪૩ |
| ૧૫૮ | હૃદયે રમે છે, પ્રેરણા કરે છે | ૨૦૩ |
| ૧૫૯ | રાધાકૃષ્ણનું પ્રેમથી ધ્યાન ધરો | ૨૬ |
| ૧૬૦ | રાધેશ્યામ રાધેશ્યામ મારા હૃદયે આવીને ! | ૫૦ |
| ૧૬૧ | રોમ રોમ પ્રભુજી સુખકારી | ૧૪૬ |
| ૧૬૨ | રંગ આપો, રંગ આપો, રંગ આપો રે | ૨૧૪ |
| ૧૬૩ | લાયક કરીને શ્રેષ્ઠ બનાવ્યો | ૧૮૬ |



Scanned with CamScanner

| અનુક્રમ | ભજન | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧૬૪ | વર્તમાનમાં જીવવું સદાયે | ૨૦૫ |
| ૧૬૫ | વહાલા લાગે છે મને કૃષ્ણચંદ્ર દેવતા | ૩૪ |
| ૧૬૬ | વસે સહુમાં છતાં અળગો | ૧૩૦ |
| ૧૬૭ | વાદળાં ચડી આકાશે, બનીને આવે રે | ૧૯૧ |
| ૧૬૮ | વાસનાનાં વધતાં જાતાં, ચિત્રવિચિત્ર રૂપો રે | ૧૮૪ |
| ૧૬૯ | વિદ્યા, બળ, બુધ્ધિનાં દાન | ૩૩ |
| ૧૭૦ | વિભુનો પ્રેમ સદાય વધારો | ૧૦૭ |
| ૧૭૧ | વિભુ કરો પ્રીતડી એવી | ૧૦ |
| ૧૭૨ | વિશ્વતણાં બાગનાં ફૂલડાં | ૪૬ |
| ૧૭૩ | શક્તિ મળતાં પ્રભુજી આનંદ | ૧૪૧ |
| ૧૭૪ | શબ્દવેધીના શબ્દોથી | ૧૩૧ |
| ૧૭૫ | શ્યામ વિના આજ મારા સૂનાં મંદિરિયાં | ૩૬ |
| ૧૭૬ | શાંતિ છે સાચી બ્રહ્મસ્વરૂપની | ૧૬૬ |
| ૧૭૭ | શિવ પર પ્રેમ કરો સૌ ભક્તો | ૮૯ |
| ૧૭૮ | શંકર ને પાર્વતી - ધૂન | ૧૫૯ |
| ૧૭૯ | સઘળી જોડી જોડીને તોડી | ૧૯૫ |
| ૧૮૦ | સઘળું કાર્ય પ્રભુજી કરતા | ૧૧૩ |
| ૧૮૧ | સચ્ચિદાનંદ સ્વરૂપ છે અમારું | ૩૦ |
| ૧૮૨ | સર્જન જગતતણું પ્રભુ કરતા | ૧૦૯ |
| ૧૮૩ | સતગુરુ અંતરના વિશ્રામ | ૩૨ |
| ૧૮૪ | સત્ય એકને જાણવાને, ભૂલમાં યુગો વિતાવ્યા | ૧૮૧ |
| ૧૮૫ | સત્ય પ્રેમ ધારણ કરીએ રે | ૬૪ |
| ૧૮૬ | સત્ય શોધવાનો સથવારો, ભૂલ જ મદદ કરતી | ૧૮૦ |
| ૧૮૭ | સદ્ગુરુ શ્રીકૃષ્ણ જ્ઞાનવાળા | ૬૬ |




Scanned with CamScanner

| અનુક્રમ | ભજન | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧૮૮ | સદાય સુતકી ગણાય | ૫૩ |
| ૧૮૯ | સમજયા વિનાનું સાધન | ૭૫ |
| ૧૯૦ | સમુદ્રનું તળિયું માપવું ઊંડું | ૧૨૬ |
| ૧૯૧ | સર્વ હૃદય વિશ્વાસમાં, પ્રભુ આવી ગયા | ૨૦૩ |
| ૧૯૨ | સર્વવ્યાપક વિરાટ, આનંદ શાંતિ કરી ગયા | ૨૧૨ |
| ૧૯૩ | સૃષ્ટિને યજ્ઞ રચી | ૪૮ |
| ૧૯૪ | સાગરના કિનારા ખૂબ દીઠા,ભીતરનો સાગર જોવો છે | ૨૧૯ |
| ૧૯૫ | સાચા પ્રભુ, ગુણ ગાવાની પ્રીત ખરી | ૨૧૮ |
| ૧૯૬ | સીમર ધામ રળિયામણું રે | ૧૬૩ |
| ૧૯૭ | સુખમાં દુઃખના સ્વરૂપને ભાળ્યું | ૧૯૪ |
| ૧૯૮ | સૂનો આ કનૈયાની બંસરીમાં પ્રેમ છે | ૩૫ |
| ૧૯૯ | સુધારો કરવા આવો પ્રભુજી | ૧૭૭ |
| ૨૦૦ | શ્રીકૃષ્ણને જરૂર કહેજો રે | ૧૯૬ |
| ૨૦૧ | શ્રીરાધા શ્રીકૃષ્ણને પ્યારી | ૧૪૮ |
| ૨૦૨ | શ્રીમહાલક્ષ્મી માતાની સ્તુતિ | ૧૬૮ |
| ૨૦૩ | હરિનામની અદ્દભુત શક્તિ | ૧૨૫ |
| ૨૦૪ | હરિ મારા હૈયામાં સદાય રહેજો | ૮૬ |
| ૨૦૫ | હરિ હરિ બોલ, આનંદે ડોલ(ધૂન) | ૭૨ |
| ૨૦૬ | હવે જલદી વરસાવો વરસાદ | ૧૦૧ |
| ૨૦૭ | હાં રે પ્રભુએ જગત વિશાળ બનાવ્યું | ૧૦૪ |
| ૨૦૮ | હે કરુણાનિધિ ઉદાર | ૧૨૭ |
| ૨૦૯ | હે પ્રભુ! તારાં અનંત રૂપ | ૧૩૨ |
| ૨૧૦ | હે પ્રભુ! તારા પ્રેમમાં રાખ | ૧૩૨ |
| ૨૧૧ | હે હરિ અનાદિ કાળથી સુંદર | ૧૦૬ |



Scanned with CamScanner

| અનુક્રમ | ભજન | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૨૧૨ | હે હરિ ઘાટ ઘડો ઘડવૈયા | ૧૦૭ |
| ૨૧૩ | હે હરિ સુંદર ! હે હરિ સુંદર ! | ૧૧૯ |
| ૨૧૪ | હે નાથ પ્રાણ પ્યારા | ૧૫૪ |
| ૨૧૫ | હે શ્રીકૃષ્ણ પરમ કૃપાળુ | ૧૧૭ |
| ૨૧૬ | જ્ઞાની અને અજ્ઞાનીના ભેદો | ૫૬ |
| ૨૧૭ | જ્ઞાન ભેગું કરીને બુધ્ધિશાળી થાવું | ૯૯ |
| ૨૧૮ | જ્ઞાની ત્રણે કાળનાં સદ્‌ગુરુ પૂરણ બ્રહ્મ છો રે | ૬૩ |
| ૨૧૯ | જ્ઞાન વધારીને બકવાદ કરો | ૧૬ |


## મીરાં આખ્યાન


| | | |
|---|---|---|
| ૨૨૦ | મીરાં આખ્યાન ભજન ક્રમ | ૨૩૯ |
| ૨૨૧ | અખંડાનંદ મીરાંનો વધતો વિશાળ | ૨૬૯ |
| ૨૨૨ | આજ ને કાલનો ભેદ નથી સમજ્યા | ૨૭૧ |
| ૨૨૩ | આવો ગિરધર ગોપાળ પધારો પ્રેમથી | ૨૬૭ |
| ૨૨૪ | ગિરધર ગોપાળનો પાસ મીરાંએ લીધો | ૨૬૫ |
| ૨૨૫ | ગિરધર ગોપાળ મીરાંને પ્રાણથી પ્યારા | ૨૬૭ |
| ૨૨૬ | ગિરધારી ગોપાળ સાથે મીરાંએ તાર બાંધ્યો | ૨૪૨ |
| ૨૨૭ | જય ગિરધર ગોપાળ, જય જય ગિરધર ગોપાળ | ૨૪૩ |
| ૨૨૮ | પૃથ્વીથી મોટું, આકાશથી વિશાળ | ૨૭૦ |
| ૨૨૯ | પ્રભુનાં ભજન કરો તો કરજો ભાવથી | ૨૭૭ |
| ૨૩૦ | પ્રભુ તારી સાથે, રાસમાં રમવું છે | ૨૭૮ |
| ૨૩૧ | પ્રભુની શક્તિ મીરાંના પ્રાણમાં | ૨૪૮ |
| ૨૩૨ | પ્રેમ પ્રેમમાં ગિરધર વરેલી | ૨૪૭ |




Scanned with CamScanner

| અનુક્રમ | ભજન | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૨૩૩ | પ્રેમનો પ્યાલો પીધો રે, મીરાંએ પ્રેમથી | ૨૬૩ |
| ૨૩૪ | મીરાં તો રહેતાં, સહાય પ્રભુના પ્રેમમાં | ૨૭૨ |
| ૨૩૫ | મીરાંના પ્રેમમાં ગિરધર ગોપાળ | ૨૫૯ |
| ૨૩૬ | મીરાંની સૌથી મોટી નાવ | ૨૭૬ |
| ૨૩૭ | મીરાંને જીવન સારાંશ સત્ય જ ગોતવો | ૨૭૪ |
| ૨૩૮ | મીરાંને પ્રેમી પ્રભુનાં, દર્શન થઈ ગયાં | ૨૭૩ |
| ૨૩૯ | મીરાંને સંદેશો આવ્યોં ગિરધર ગોપાળનો | ૨૭૫ |
| ૨૪૦ | મીરાંને હું ને તુંનો ઝઘડો દેખાય નહિ | ૨૬૮ |
| ૨૪૧ | મીરાંનો પ્રેમ વધતો, બનતો પ્રેમાળ | ૨૬૯ |
| ૨૪૨ | રસનાનું રટણ ગિરધર ગોપાળ છે | ૨૬૪ |
| ૨૪૩ | હૃદય મીરાંના ગિરધર ગોપાળ | ૨૪૪ |
| ૨૪૪ | વ્રજની માધુરી ગિરધર ગોપાળ | ૨૬૦ |
| ૨૪૫ | વૃંદાવનમાં મીરાંના ભજન (રાસ) | ૨૬૧ |
| ૨૪૬ | વિરહની વેદના ઊંડી | ૨૫૫ |
| ૨૪૭ | વિરહમાં પડવું ને રડવું થાય | ૨૫૦ |




Scanned with CamScanner

# ॥ ૐ ॥

# ગુરુ – પૂજન

ગુરુ તમારા પૂજનમાં, બાપુ તમારા પૂજનમાં,
ભૂલીએ દેહનું ભાન, બાપુ તમારા પૂજનમાં. ટેક....


શ્રીકૃષ્ણને સાંદીપની શ્રીરામને વશિષ્ઠજી,
અમે રહીએ ગાંડાઘેલાં, બાપુ તમારા પૂજનમાં ....

ગુરુપૂજનનો મહિમા ભારી, દેવોને પણ મંગળકારી,
મુક્તિ તો સામે આવે, ગુરુ તમારા પૂજનમાં ....

હરખથી સૌ આવે દોડી,જગનાં સર્વે બંધન તોડી,
નિર્મળ થઈને નિર્ભય બનતા,ગુરુ તમારા પૂજનમાં ....



Scanned with CamScanner




પ. પૂ. સદ્ગુરુદેવ શ્રી જગજીવનબાપુના
પવિત્ર ચરણકમળમાં સાદર વંદન

Scanned with CamScanner


॥ ૐ ॥

# ગુરુ – વંદના

ગુરુજીના ચરણમાંહીં, અમારા કોટી વંદન હો,
પ્રભુજીના ચરણમાંહીં, અમારા કોટી વંદન હો, .... ટેક
સહુને જ્ઞાનઅમૃત પાયા, પ્રભુના ગુણ ને ગાયા,
સર્વને પ્રેમઅમૃત પાયા, અમારા કોટી વંદન હો.
રહ્યા વિરલ સેવા ભાવે, અંતરમાં ગર્વ નહીં આવે,
અનોખો રાહ અપનાવ્યો, અમારા કોટી વંદન હો. ....
અંતરની વાત જાણીને, વિપત તરત નિવારીને,
સહુને સહાયતા આપી, અમારા કોટી વંદન હો. ....
આવે નહીં પાર કરૂણાનો, સુહદ સન્મખ રહેનારો,
સદાયે શરણમાં રાખો, અમારા કોટી વંદન હો. ....
નિસ્પૃહ નિર્લેપ ભાવેથી, જીવન ઉત્તમ દીપાવ્યું,
વસ્યા સહુમાં રહી અળગા, અમારા કોટી વંદન હો. ....
સહુ સંકલ્પો નિવાર્યા, અહંતા- મમતા ગાળ્યાં,
પરમ ચૈતન્યે વિરામ્યા, અમારા કોટી વંદન હો. ....
તુચ્છ જે દેહભાવ તણા, વિચારોને સદાય હણ્યા,
જીવનમુક્ત ગુણાતીતને, અમારા કોટી વંદન હો. ....
બધાં કામોના કરનારા, છતાં છુપાઈને રહેતા,
અહો એ દિવ્ય શક્તિને, અમારા કોટી વંદન હો. ....
કર્તાનો ભાવ મૂકીને, સહાય પૂરેપૂરી કરીને,
ઉત્તમ એ સાક્ષી ભાવીને, અમારા કોટી વંદન હો. ....
ભેદ ભ્રમ મોહ નહીં વ્યાપ્યા,સદા સમતામહીં જ રહ્યા,
ગીતાના શ્રેષ્ઠ યોગીને, અમારા કોટી વંદન હો. ....
ન સમજાયું પ્રભુ પોતે, માનવ રૂપે પધાર્યાતાં,
અમારા મોહને કાપો, અમારા કોટી વંદન હો. ....
શ્રધ્ધા છે આપમાં જ પૂરી, રહે કોઈ વાત ન અધૂરી,
માનીએ આપને વ્યાપક, અમારા કોટી વંદન હો. ....
પ્રેરણા આપની જ માની, થવું સાર્થક બહુનામી,
ગુરુ કૃપાથી ઉગારો, અમારા કોટી વંદન હો. ....



Scanned with CamScanner



પરમ પૂજ્ય પ્રાત:સ્મરણીય બ્રહ્મનિષ્ઠ સદ્દગુરુદેવ શ્રી જગજીવનબાપુ

હે કરૂણાનિધિ ઉદાર! તારી કરૂણાથીજ ઉધ્ધાર

Scanned with CamScanner

॥ ॐ ॥

# गुर्वष्टकम्

शरीरं सुरूपं यथा वा कलत्रं यशश्चारुचित्रं धनं मेरुतुल्यम् ।
हरेरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ॥ १ ॥
कलत्रं धनं पुत्रपौत्रादि सर्वं गृहं बान्धवाः सर्वमेतद्धि जातम् ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ॥ २ ॥
षडङ्गादिवेदो मुखे शास्त्रविद्या कवित्वादिगद्यं सुपद्यं करोति ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ॥ ३ ॥
विदेशेषु मान्यः स्वदेशेषु धन्यः सदाचारवृत्तेषु मत्तो न चान्यः ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ॥ ४ ॥
क्षमामण्डले भूपभूपालवृन्दैः सदा सेवितं यस्य पादारविन्दम् ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ॥ ५ ॥
यशो मे गतं दिक्षु दानप्रतापाज्जगद्वस्तु सर्वं करे यत्प्रसादात् ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ॥ ६ ॥
न भोगे न योगे न वा वाजिराजौ न कान्तामुखे नैव वित्तेषु चित्तम् ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ॥ ७ ॥
अरण्ये न वा स्वस्य गेहे न कार्ये न देहे मनो वर्तते मे त्वनर्घ्ये ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ॥ ८ ॥
अनर्घ्याणि रत्नानि मुक्तानि सम्यक् समालिङ्गिता कामिनि यामिनीषु ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ॥ ९ ॥
गुरोरष्टकं यः पठेत्पुण्यदेही यतिर्भूपतिर्ब्रह्मचारी च गेही ।
लभेद्वाञ्छितार्थं पदं ब्रह्म संज्ञं गुरोरेकवाक्ये मनो यस्य लग्नम् ॥ १०॥



Scanned with CamScanner



Scanned with CamScanner

# જયરામ સીતારામ (ધૂન)

જયરામ સીતારામ સીતારામ સીતારામ
જયશ્યામ રાધેશ્યામ રાધેશ્યામ રાધેશ્યામ .... ટેક

કઠોર હૃદય પથ્થર સમ હો, ઉનકો કોમલ કરો...પ્રભુ (૨)
પતિત પાવન નામ તુમ્હારા, ભક્તિ કા પ્રેમ ભરો.. પ્રભુ (૨)- જયરામ

કામ ક્રોધ મદ લોભ ભરા હૈ, માયાકા પ્યારમે....પ્રભુ (૨)
જલદી છુડા દો આપ પ્રભુ, અરજી રખો ખ્યાલમેં....પ્રભુ (૨)- જયરામ

વિદ્યા નહીં હૈ, બલ નહીં હૈ, બુધ્ધિ હૈ નહીં...પ્રભુ (૨)
જ્ઞાન ભી કુછ ભી નહીં હૈ, તન, મન ઠીક નહીં...પ્રભુ (૨) - જયરામ

આપકો પ્યારા લગૂં પ્રભુ, ઐસા બના દો....પ્રભુ (૨)
યુગયુગોંકી અનંત ભૂલકો, પલમેં છુડા દો...પ્રભુ (૨) - જયરામ

સ્મરણ આપકા કભી ન ભૂલૂં, લગન રહે આપમેં.. પ્રભુ (૨)
દોડાદોડી કરકે પ્રભુ મૈં, ફસૂં ન પાપમેં...પ્રભુ (૨)- જયરામ

કૈસા જગતમેં રહના, યા નહિ રહના બતા દો....પ્રભુ (૨)
ભીરુતા નહીં રખે દિલમેં, આપ હી ભગા દો....પ્રભુ (૨) - જયરામ

ક્યા કરનેકો ભેજા થા પ્રભુ, યહ કાર્ય કરા લેના....પ્રભુ (૨)
કરતે હુએ નિર્લેપ રહૂં મૈં, આપ હમકો કહના.... પ્રભુ (૨) - જયરામ

અંતર આશા સબ ભક્તનકી, પ્રભુ રહો પાસમેં....પ્રભુ (૨)
ભૂલચુક કી માફી માંગતે, પ્રભુ રહો સાથમેં...પ્રભુ (૨) - જયરામ



Scanned with CamScanner

॥ ૐ ॥

# ગીતાના રખવાળા

હો મારા ગીતાના રખવાળા, ઓછા હોય નહિ... (૨)
એના ગાનારા શ્રી કૃષ્ણ સમા કોઈ નહિ... રે ટેક

એણે સાચું જ્ઞાન કરાવ્યું, અમૃત રસનું પાન કરાવ્યું
એના ઝીલનારા અર્જુન, ઓછા હોય નહિ... રે મારા

સર્વ ઋષિએ સાર બતાવ્યો, વેદ વ્યાસે અધિક સમજાવ્યો
એના ધ્યાનીને પ્રભુજી, દૂર હોય નહિ... રે મારા

જ્ઞાન ભક્તિયોગ બતાવે, પ્રભુના દર્શન જલદી કરાવે
એના શરણાગતની રક્ષામાં, ભૂલ હોય નહિ... રે મારા

વિશ્વરૂપનું દર્શન કરાવ્યું, અજ્ઞાનરૂપી તિમિર હઠાવ્યું
એવા દિવ્ય ચક્ષુ દેનાર, ઓછા હોય નહિ... રે મારા

દૈવી સંપત્તિ મોક્ષ અપાવે, આસુરી સંપત્તિ બંધન કરાવે
એવા ત્રિગુણાતીત મુક્ત ઓછા હોય નહિ... રે મારા

યજ્ઞ, દાન, તપ, કર્મ કરાવે, શ્રધ્ધામાં જો દઢતા અપાવે
એવા મન શુધ્ધ કરનારા ફળ બીજાં કોઈ નહિ...રે મારા

જ્યાં શ્રીકૃષ્ણ અર્જુન બિરાજે, વિજય થવામાં વાર ન લાગે
એના દયા, ધર્મ, ન્યાય, ઓછા હોય નહિ... રે મારા

---

॥ ૐ ॥

સુહૃદ - ત્રણે કાળમાં ઉપકારો કર્યો હોય છતાં, જરાપણ રજમાત્ર બદલો મેળવવાની ઈચ્છા ન રાખનાર, તે ભગવાનને સુહૃદ કહ્યો છે.

ગોવિંદ -ગો-ઈન્દ્રિયો. ઈન્દ્રિયો પર કાબુ રાખનાર, ગોવિંદ એટલે ઈશ્વર.



Scanned with CamScanner

॥ ૐ ॥

# પ્રભુ આંખની દષ્ટિથી

પ્રભુ આંખની દષ્ટિથી, આઘા જાઓમા...(૨) રે
સૌના ચિત્તને સ્થિર રાખો, તમારા ધ્યાનમાં... (૨) રે ટેક

પ્રાણવાસના નષ્ટ કરી દો, આપ કૃપાનો પ્રાણ ભરી દો
નસમાં શક્તિ સંચાર કરી, પ્રભુ બોધ હ્રદયમાં આપજો ...રે પ્રભુ

આપ કથા અમૃતની વાણી, સમજીએ સત્ય વિશ્વાસને આણી;
આનંદ સ્વરૂપ દિપાવી સઘળે, એક ઘડી દૂર જાઓમા ...રે પ્રભુ

મન બુધ્ધિની મલિનતા કાપો, શુધ્ધ બુધ્ધિ દઈ દર્શન આપો
હ્રદય શુધ્ધ બનાવી જ્યોતિથી, દિવ્યતા આપો નેત્રમાં ...રે પ્રભુ

રાગ, ભય ને મોહ વિનાના પ્રભુપરાયણ સૂર એકતાના;
સૌનાં જીવનને અજવાળો, કામ ક્રોધ લોભ ના ...રે પ્રભુ

સર્વજ્ઞ પ્રભુ રાહ બતાવો, વિષયી રસનો રસ હઠાવો;
પ્રેમ ભક્તિ નસેનસમાં ઠાંસી, દર્શન કરાવો વિશ્વંભરા ...રે પ્રભુ

શત્રુ- મિત્રના ભાવ ભૂલાવો, નિંદા સ્તુતિનો સંગ ત્યજાવો;
આત્મજ્ઞાનનો દિવ્ય ખજાનો, ખુલ્લો મૂકી દો નાસી જાઓમા ...રે પ્રભુ

જન્મ-મરણથી મુક્ત બનાવો, અમૃતથી પ્રભુ સ્નાન કરાવો;
સત્ય દર્શનની વાણી દઈને, સત્ય વિજય વિના જાઓમા ...રે પ્રભુ

---

॥ ૐ ॥

પ્રાણનું મૂળ ગોતવું જોઈએ. પ્રાણનું વહન કયાં થાય છે, કંઈ ગતિમાં જાય છે, મનનું અભિમાન, બુધ્ધિનું અભિમાન, ઈન્દ્રિયોનું અભિમાન ગળી જવું જોઈએ, ત્યારે આત્મસમર્પણ થયું કહેવાય.



Scanned with CamScanner

॥ ૐ ॥

# મારા શ્યામના સાચામાં ભેળ હોય નહિ

મારા શ્યામના સાચામાં ભેળ હોય નહિ .....રે
સાચું શરણ સ્વીકારો, ખોટું હોય નહિ .....રે ટેક

ભેદ ભ્રમણા નાશ જ કરતાં, અખંડ ભક્તિનો ભાવ જ ભરતાં,
એના મારગમાં રાગદ્વેષ કદીયે હોય નહિ રે મારા

અજ્ઞાન અંધારું દૂર જ કરતાં, જ્ઞાન દીપકને સામે ધરતાં,
એના પ્રેમભર્યા હૃદયમાં, અંતર હોય નહિ રે મારા

અભય બનાવી ભયને કાપે, વાસના બાળી સ્થિરતા આપે,
એની દિવ્ય દૃષ્ટિમાં, હું પદ કદીયે હોય નહિ રે મારા

સોંપી દીધાં મન-બુદ્ધિને, સુધારો કરતાં પ્રેમ ધરીને,
જીવન ધન્ય બનાવે શોક, મોહ બેઉ નહિ રે મારા

અહિંસા-સત્યનું રક્ષણ એવું, વીર બનાવે સૌને તેવું,
અમીદૃષ્ટિ ને સમતા યોગે, દોષ કદાપિ હોય નહિ રે મારા

સઘળે પ્રેમે પ્રભુને નીરખે, સૌનું શુભ જોઈને હરખે,
એની અમૃતની વર્ષામાં, કોઈ રોય નહિ રે મારા

અન્ય દીપક બળી બળી ઓલાયે, જ્ઞાનદીપક તો નહિ બુઝાયે,
એવો પરમ ભાવ પ્રકાશક, બીજો કોઈ નહિ રે મારા

---

॥ ૐ ॥

જે અંદર છે તે ખાલી થઈ જવું જોઈએ. અંદરનો રાગદ્વેષ ન રહેવો જોઈએ. હૃદયમાં પરમાત્મા છે. ખાનગી માત્ર રાગદ્વેષ છે.



Scanned with CamScanner

॥ ॐ ॥

## મારે નારાયણનું નામ, નાણું રોકડું રે

મારે નારાયણનું નામ, નાણું રોકડું રે
સદા રહે છે મારી પાસ, દૂર હવે નથી ગોતવું રે ટેક
બોલનાર નહિ બીજો, વાણી તેની બોલવી રે....
હૃદયમાં નહિ તેનો વિશ્વાસ, વેશ કાઢી રાખ ચોળવી રે.... મારે
સમજયા વગરનું નાટક થાય, પ્રભુ બધું ભાળતા રે....
મારી દૃષ્ટિનો દેખાડનાર, સંભાળ સાચી રાખતા રે.... મારે
મારે કાને કહેનાર, મને સંભળાવતો રે....
મારી રક્ષાનો તે જ કરનાર, વિશ્વાસ દૃઢ કરાવતો રે.... મારે
મારા નાકમાં સુવાસ સુગંધી, દિવ્ય ઓપે પ્રભુ આપની રે....
જ્ઞાનજ્યોતિ નથી તેના સમાન, મોહ, શોક નસાડતી રે.... મારે

॥ ॐ ॥

## આવો રે કૃષ્ણ કનૈયા આવો

આવો રે કૃષ્ણ કનૈયા આવો
લાવો રે, જ્ઞાનખજાનો લાવો.... ટેક
તુજ દર્શન વિણ પ્રાણ ન નીકળે
ક્ષણક્ષણ વીતતાં હૈયું ઊકળે.... આવો રે
પ્રેમ રંગેરંગ ઠાંસી ભરી દો
દેખું, દિવ્ય દૃષ્ટિ કરી દો.... આવો રે
શ્રદ્ધા પળપળ વધતી જાયે
કામ, ક્રોધ, મોહ, નાશ જ થાયે.... આવો રે
અખંડ આનંદ સાગર ઊછળે
વાણી સાચી હૃદયની નીકળે.... આવો રે
સત્ય શાંતિ આપ જ આપો
દર્શન દઈને શરણે રાખો.... આવો રે



Scanned with CamScanner

॥ ॐ ॥

# આવો આવો હે પ્યારા સજ્જન

આવો આવો હે પ્યારા સજ્જન લેવા પ્રભુનું નામ;
સાચું ધન છે નામસ્મરણમાં, બેસે નહિ કંઈ દામ....ટેક

ગર્વ છોડીને સંપથી સર્વ, હળીમળી કરજો ગાન;
મોહપડળને કાપી નાખવા, ગુરુની લેજો સાન....આવો

અભય બનો, ભક્તિ નવ ચૂકો, પહોંચો પ્રભુને દ્વાર;
સર્વશક્તિમાન પ્રભુ પર, છોડો સઘળો ભાર....આવો

સર્વજ્ઞ પ્રભુ જાણે છે સહુ, તજી દો કપટી ભાવ;
રંક માનવ પર મહેર કરવા, તક નવ ચૂકી જાઓ....આવો

પ્રભુકૃપાથી પળમાં માનવ, મૂર્ખ મેળવે જ્ઞાન;
માતા, પિતા, બાંધવ, તે સાચા, ભૂલીશ મા તું ભાન....આવો

જ્ઞાની ને અજ્ઞાની તણા જે ભાવો જુદા થાય;
સાચી સમજણ આપે પ્રભુજી, ત્યારે સંશય ટળી જાય.... આવો

ભરસંસારે માનવ તારી, નૌકા ગોથાં ખાય;
સદ્‌ગુરુ સાચા ખોળ્યા નહિ, તે કેમ કિનારે જાય?.... આવો

જગત સ્વપ્નસમ શાસ્ત્ર કહે છે, તેમાં તારો પ્રેમ;
ભૂત-પ્રેતના ખોટા ભ્રમમાં, મૂંઝાણો તું કેમ ?.... આવો

દોષમાં કલ્યાણ તેં માન્યું, પ્રભુથી તું ન ડર્યો;
ઈશ્વર ભજવા માનવ તેં તો અણમૂલ દેહ ધર્યો .... આવો

સ્વાદને વશ બની, અનેક રોગનો, બની ગયો શિકાર;
ત્યાગ ન કર્યો શત્રુતાનો, વધાર્યો તેં વિકાર .... આવો

અજર, અમર ને અવિનાશી છે, આત્મભાવ જગાવ;
છોડી દેહનો ગર્વ નકામો, મિથ્યા દોષ નસાડ .... આવો



Scanned with CamScanner

॥ ૐ ॥

વિશ્વમાં વ્યાપક વિભુ ગણીને, છોડી દે જંજાળ;
અનન્ય ભાવે શરણ ગ્રહણ કર, લેશે તે સંભાળ .... આવો
ધૂન મચાવો પરમ પ્રેમથી, પ્રભુ મેળવવા કાજ;
ગુરુકૃપાથી કહે સાધુ ભક્ત, ચૂકશો નવ તક આજ .... આવો

॥ ૐ ॥

## જાગો જાગો હે પ્રેમી ભક્તો

જાગો જાગો હે પ્રેમી ભક્તો, પ્રભુ મેળવવા કાજ;
જાગો જાગો હે પ્રેમી ભક્તો, પ્રભુ મેળવવા કાજ .... ટેક
માયા સ્વપ્નસમ ખોટી સમજી, તોડો તેની પ્રીત;
પ્રભુ મેળવવા વ્યાકુળ બનજો, થાશે તમારી જીત .... જાગો
હૃદય ભરી દો ભક્તિ અવિચળ,કાઢો મલિનતા બહાર;
સ્મરણ પ્રભુનું અણમૂલ સાધન, રાખો શુધ્ધ વિચાર ....જાગો
ઈન્દ્રિયનિગ્રહ કરી સુખ પામો, કરો ન સંયમભંગ;
પ્રભુ મેળવવા કામ, ક્રોધ સાથે ખેલવા પડશે જંગ .... જાગો
વિશ્વપ્રેમને શુધ્ધ વિવેકથી, દેખશો અદ્‌ભૂત ખેલ;
વિતરાગી ગુરુ મળશે ત્યારે માયા તરવી સહેલ ....જાગો
કામના સઘળી નષ્ટ કરીને સંતોષી બનો આપ;
તૃષ્ણા ડાકણને છોડી દો જપી લો અજપા જાપ .... જાગો
અંધશ્રધ્ધાથી અવળું સમજયા, જ્ઞાન ન ધર્યું કાન;
સત્ય સ્વરૂપને મૂકી દીધું, માયાનું ધર્યું ધ્યાન ....જાગો
અખંડ આનંદ પ્રભુ સ્મરણમાં મળશે રાખો ખ્યાલ;
શરણ ગ્રહી લો, સાચા સંતનું, કરશે તમને ન્યાલ .... જાગો
મારું મારું છોડી દઈને, પ્રભુનું પ્રભુનું થાય;
એવી સમજણ આવે જેને, તે નહિ ભવકૂપ જાય .... જાગો



Scanned with CamScanner

॥ ॐ ॥

# દેખી દેખી મેં ખોટા જગની

દેખી દેખી મેં ખોટા જગની, બતાવવાની પ્રીત
દેખી દેખી મેં ખોટા જગની, બતાવવાની પ્રીત .... ટેક

આનંદ ભૂલી પ્રભુને ભજવા, વિવેક આઘો જાય;
મમતાના મારગમાં જાતાં અનેક દુઃખો થાય. .... દેખી

સત્યતણો અધ્યાસ બતાવે, લલચાવે દઈ સુખ;
જીવન ચડયું રંગ પતંગ એ સુખ નહિ પણ છે દુઃખ. .... દેખી

તિરસ્કાર કરીને જુએ, તનને તૃષ્ણા થાય;
ઝેર પીવું તે વિષય વિકારી, શાંતિ તેથી ન થાય. .... દેખી

ગુણનો બદલો ભૂલી જઈને, અવગુણ ભરવો ભાર;
ભૂલ કરે છે ડગલે પગલે, છતાં છૂટવા નહિ તૈયાર. .... દેખી

કુકર્મો કરવા કાર્યો સાધે, રાખે અવળી રીત;
આ જમાનો એવો આવ્યો, તોયે તેની જીત. .... દેખી

રત્નસમો દેહ અમૂલ્ય ગણીને, કરી લે ઉત્તમ કર્મ;
માનવ મટીને દેવ બનવું, એ છે મોટો ધર્મ. .... દેખી

વિદ્યા મેળવી દુઃખો હરવાં, કરવાં નહિ એ કામ;
સુખ બીજાનું હરવા માટે, રહે છે ભીડી હામ. .... દેખી

પશુતા છોડી સદ્‌ગુણ ધરવા, સાવધાન રહેજે ભાઈ;
સમજ ગુરુની રાખી હૃદયમાં ભૂલીશ મા તું ભાઈ. .... દેખી

પ્રભુ પ્રેમની અવિચળ ભક્તિ, માગવા લે ઝોળી;
સઘળું પ્રભુને અર્પણ કરી દે, મટશે તો હોળી. .... દેખી

દીપક પ્રભુનો પ્રગટ ગણીને, ચાલજે સમજી ચાલ;
સહુ ભક્તો કહે ગુરુકૃપાથી, રાખજો સાચો ખ્યાલ. .... દેખી



Scanned with CamScanner

॥ ॐ ॥

## જાગો જાગો !

જાગો, જાગો સબ પ્રેમ બઢાતે
જગાતે સદ્‌ગુણી સંત ....ટેક
સંતકા બચનો હૃદય રખેગા, સચ્ચા દિલસે આપ;
એક દિન ઐસી દૃષ્ટિ બનેગી, ખપ ગયા તુમ્હારા પાપ ....જાગો
શુભ કર્મોકો બઢાતે જાના, અહિંસા રખ, હિંસા ટાળ;
જૂઠ કર્મોસે જીવન બિગાડા, કરકે ઊલટા ખ્યાલ ....જાગો
યોગી, જ્ઞાની, પંડિત, ધ્યાની ભૂલે ગર્વસે નેક;
ગર્વ કા ત્યાગ કિયા જ્ઞાનીને, ઐસા લાખોંમેં એક ....જાગો
દયા, શાંતિ ઔર સમતા રખ લો, શમ દમ સબકા સાર;
તૃષ્ણા, લોભ હઠા દો દિલસે, કર સંતોષસે પ્યાર ....જાગો
અખંડ દીપક જ્ઞાન જ્યોતિકા, પ્રકાશે દિન ઔર રાત;
સત્ય માર્ગસે કર્મો કરના, સદા વિજયકી બાત ....જાગો

॥ ॐ ॥

## ભાગો ભાગો

ભાગો ભાગો સૌ છોડી દઈને,
રાગ-દ્વેષનાં કામ ....ટેક
રાગ-દ્વેષના ઝેરી વિષથી, જન્મમરણ બહુ થાય;
અજ્ઞાન અંધારું કાળું વધતાં, પ્રકાશ ઢંકાઈ જાય. ....ભાગો
રાગ-દ્વેષને અનાદિ કાળથી ઈન્દ્રિયો સાથે પ્રેમ;
સત્ય પ્રભુનો પ્રેમ ભુલાવે, વધારે ખોટા વહેમ. ....ભાગો
હૃદય પ્રેમથી વિશુદ્ધ બનતું, વધે શ્રદ્ધાથી જ્ઞાન;
એકતા અવિચળ નિષ્ઠાવાળી, સ્થિર ચિત્ત સાચું ભાન. ....ભાગો
પ્રાણ વાસના છોડી દઈને, પ્રભુમાં સ્થિર થઈ જાય;
સાર્થક જીવન તેનું સમજો, અખંડ આનંદ થાય. ....ભાગો



Scanned with CamScanner

॥ ૐ ॥

માન મોહના સંગને છોડી, તોડી ખોટી પ્રીત;
પ્રભુ આજ્ઞાને આધિન રહેવું, નિર્મળ એની રીત. ....ભાગો
સૂર્ય, ચંદ્ર અને અગ્નિને પણ, આપે પ્રભુ પ્રકાશ;
અવિનાશી એ પ્રભુના ધામે, જાતા નહિ વિનાશ. ....ભાગો
બ્રહ્મદશામાં અંતકાળ સુધી, જેની સ્થિરતા થાય;
સાચી શાંતિ પ્રભુની મળતી, પ્રભુમાં તે મળી જાય. ....ભાગો

॥ ૐ ॥

## વિભુ કરો પ્રીતડી એવી, મુકાવી મુકાય નહિ તેવી

મન ધારણ ધીરજ કરીને, પ્રભુમાં રાખજો પ્યાર;
અંત સમયનો, એ જ છે સાથી, ભૂલતાં થાશો ખુવાર
વિભુ કરો પ્રીતડી એવી, મુકાવી મુકાય નહિ તેવી–
ખોટી વસ્તુને સાચી સમજીને ભટકવા નિત્ય જાય;
દોડાદોડી બહુ કરીને, જગમાં હાંસી થાય.
વિભુ કરો પ્રીતડી એવી, મુકાવી મુકાય નહિ તેવી–
ઘડીક વૈભવ મોહ જ લાગેને, ત્યાગના આવે વિચાર;
અનેક ભાતના રંગ ચડ્યા, તેમાં ભૂલી ગયો કિરતાર.
વિભુ કરો પ્રીતડી એવી, મુકાવી મુકાય નહિ તેવી–
વિધવિધ જાતના ખાદ્યપદાર્થને, ખાવામાં મન લલચાય;
રોગ આવીને ઘેરી જ લેતા, મન ઘણું જ અકળાય.
વિભુ કરો પ્રીતડી એવી, મુકાવી મુકાય નહિ તેવી–
હાથી–ઘોડા ને બાગ–બગીચા, અંગરક્ષક હોશિયાર;
એવા માનવી મૃત્યુની આગળ, બની ગયા લાચાર.
વિભુ કરો પ્રીતડી એવી, મુકાવી મુકાય નહિ તેવી–



Scanned with CamScanner

॥ ૐ ॥

લક્ષ ચોરાસી ફેરાઓ ફરતાં ને મનની ભ્રમણા અપાર;
હવે ભટકવું છોડી દઈને, ભૂલીશ ન તું ગમાર.
વિભુ કરો પ્રીતડી એવી, મુકાવી મુકાય નહિ તેવી–
વેદ શાસ્ત્રની વાત ન સમજે ને ઉપદેશ સૂણે અનેક;
એવા પાપી ફટકેલા મનને, લેશ ન ગમે વિવેક.
વિભુ કરો પ્રીતડી એવી, મુકાવી મુકાય નહિ તેવી–
સાચી શિખામણ આપે મનને, તેના ઉપર કરે ક્રોધ;
સમજાવનારો થાકી જાય, મનને લાગે નહિ બોધ.
વિભુ કરો પ્રીતડી એવી, મુકાવી મુકાય નહિ તેવી–
વાસના ભરેલી દેહની સાથે, મનને બંધાણો પ્યાર;
સાચા સદ્‌ગુરુ નહિ મળે, તો લઈ જાશે નરક દ્વાર.
વિભુ કરો પ્રીતડી એવી, મુકાવી મુકાય નહિ તેવી–
સર્વ શક્તિમાનને જાણી, અખંડ આનંદ વર્તાય;
અનેક યુગોના ભૂલા પડેલા, બીજા કોની પાસે જાય.
વિભુ કરો પ્રીતડી એવી, મુકાવી મુકાય નહિ તેવી–
તારી બનાવેલી માયામાં ભૂલી, શરણે રહેતા સદાય;
જીવનમુક્ત બનાવો અમને, માયા સ્વપ્ને ન ભળાય.
વિભુ કરો પ્રીતડી એવી, મુકાવી મુકાય નહિ તેવી–
સહુ ભક્તોનાં હૃદયમાંહીં, અનેક તરંગો થાય;
પ્રેરક બેઠો પ્રેરણા કરે, તેમાં જઈને સમાય.
વિભુ કરો પ્રીતડી એવી, મુકાવી મુકાય નહિ તેવી–

---

॥ ૐ ॥

હૃદયમાં વિશ્વાસ બેસવો જોઈએ, પ્રભુ પ્રગટ છે. પ્રભુ પ્રત્યેનો પૂર્ણ વિશ્વાસ જોઈએ. એક પ્રભુ પર વિશ્વાસ ન હોય તો નકામું છે.



Scanned with CamScanner

॥ ૐ ॥

# તમને આવે હસવું એવું

સાંભળો મારો સાદ પ્રભુજીને ખૂબ કરું છું યાદ;
અહંકારે અમને ભુલાવ્યા, બહુ કર્યા છે વાદ.
તમને આવે હસવું એવું, દુઃખ કોને જઈને કહેવું ? .... ટેક
વિઘ્નના માથે ગાંસડા લીધા ને મોહનાં લાગેલાં બાણ;
સત્સંગમાં અમે સમજ્યા નહિ ને માયાની માંડેલ કાણ.
તમને આવે હસવું એવું, દુઃખ કોને જઈને કહેવું ? ....
તારી માયાવી નાટકશાળામાં, વિધવિધ જાતના ખેલ;
એક પળમાં ઉત્પન્ન કરવું ને સંહાર કરવો સહેલ.
તમને આવે હસવું એવું, દુઃખ કોને જઈને કહેવું ? ....
મોહ-નિદ્રાની સોડમાં સૂતા ને ભૂલ્યા તમારું નામ;
અનેક રૂપે એક છો ઈશ્વર, ધન્ય તમારાં કામ.
તમને આવે હસવું એવું, દુઃખ કોને જઈને કહેવું ? ....
કરોડ જોજન દૂર વસે પ્રભુ, એવો થાય આભાસ;
દિવ્ય દૃષ્ટિ આપજો એવી, હૃદયે કરીએ તપાસ.
તમને આવે હસવું એવું, દુઃખ કોને જઈને કહેવું ? ....
દૃષ્ટિથી નવ અળગા રહો, એક ઘડી મારા નાથ;
પાસે વસનારાને દયા કરીને, પકડી લો મારો હાથ.
તમને આવે હસવું એવું, દુઃખ કોને જઈને કહેવું ? ....
હૃદયમાં જુએ પ્રભુજી, એમાં માયા છેતરી જાય;
શરણે થનારને ઉગારવાનો, કોલ દીધો ગીતામાંય.
તમને આવે હસવું એવું, દુઃખ કોને જઈને કહેવું ? ....
ન્યાય કારી તને ડિગ્રી આપી,અન્યાય તુજથી ન થાય;
એવી ક્રૂરતા કરી નથી, તેથી ભક્તો તારા ગુણ ગાય.
તમને આવે હસવું એવું, દુઃખ કોને જઈને કહેવું ? ....



Scanned with CamScanner

॥ ॐ ॥

માયાવી ખેલો બહુ જોયા, મારી આંખને ફોડી નાખ;
અંધ બનાવી કબૂલ કરો, મને તારી જ પાસે રાખ.
તમને આવે હસવું એવું, દુઃખ કોને જઈને કહેવું ? ....
દુઃખથી ભૂલ્યા ભાન વિભુ, હવે રૂપ તારું બતાવ;
માયાવી નાટક બંધ કરીને, ઝાઝું હવે ન સતાવ.
તમને આવે હસવું એવું, દુઃખ કોને જઈને કહેવું ? ....
સહુ ભક્તોને ભીડ પડી, તારું ભીડભંજન છે નામ;
ગુરુ તણો વિશ્વાસ છે સાચો, સિધ્ધ બનશે સહુ કામ.
તમને આવે હસવું એવું, દુઃખ કોને જઈને કહેવું ? ....

॥ ॐ ॥

## નયનમાં નિશ–દિન રહેવા....

વહેલાં પધારો પ્રભુજી મારા ને સાચું બતાવોને જ્ઞાન;
મોહ-પડળને કાપી નાખી, સાચી બતાવોને સાન.
નયનમાં નિશ-દિન રહેવા, દયાળુ આવજો દેવા .... ટેક
આંખમાંથી અશ્રુધારા પડે ને તેનાથી કરાવું સ્નાન;
વચન પાળતા પતિતપાવન, શું ઘટશે ભગવાન ?
નયનમાં નિશ-દિન રહેવા, દયાળુ આવજો દેવા ....
હોંશ હૃદયમાં છે ઘણી મારે, ગુણ તમારા ગવાય;
કાળના મુખમાં આવતાં પહેલાં, ગુણ તારા ન ભુલાય.
નયનમાં નિશ-દિન રહેવા, દયાળુ આવજો દેવા ....
કોઈ ભયંકર માંદગી આવે ને સ્મરણ તમારું થાય;
વેદના દેહની ભૂલી જઈને, ભજન કરીએ સદાય.
નયનમાં નિશ-દિન રહેવા, દયાળુ આવજો દેવા ....



Scanned with CamScanner

॥ ૐ ॥

અંતરદષ્ટિથી નીરખવા તમને બતાવો તમારું સ્વરૂપ;
સાકાર, નિરાકાર થઈને, ભક્તો કાજે, ધર્યાં અનેક રૂપ.
નયનમાં નિશ-દિન રહેવા, દયાળુ આવજો દેવા ....
ગુણાતીત સ્થિતિ બને અમારી, રહે આનંદ અપાર;
સદ્‌ગુરુ શબ્દના સંપૂર્ણ પ્યાસી, સદા રહે હોંશિયાર.
નયનમાં નિશ-દિન રહેવા, દયાળુ આવજો દેવા ....
ઇન્દ્રિયો અમારી શાંત બને ને લેશ ન રહે વિકાર;
નિર્વિકારી બનાવવાને, સદા કરીએ પડકાર.
નયનમાં નિશ-દિન રહેવા, દયાળુ આવજો દેવા ....
ભાન ભુલાવી ભવસાગરમાં, કદી હવે ન સતાવ;
તુજને કદી ભૂલું નહિ, એવો મારા હૃદયમાં ભાવ.
નયનમાં નિશ-દિન રહેવા, દયાળુ આવજો દેવા ....
યોગી નીરોગીમાં આપ છો વ્યાપક, સમજીને ધરીએ ધ્યાન;
નિદાન સાચું સમજાવી દઈને, પ્રજ્ઞાથી આપો જ્ઞાન.
નયનમાં નિશ-દિન રહેવા, દયાળુ આવજો દેવા ....
તારી દયાનો સદાય ભિખારી, બન્યો છે કિરતાર;
ભજન કરતાં દેહ પડે, મને તારા નામનો આધાર.
નયનમાં નિશ-દિન રહેવા, દયાળુ આવજો દેવા ....

॥ ૐ ॥

## એવી અમીદષ્ટિ દેજો, આવીને હૃદયમાં કે'જો

નિર્મળ હૃદયમાં આવી વિભુજી ને સાચું બતાવોને જ્ઞાન;
માયાનો કરી ત્યાગ ને મોહ ન ધરીએ તમારું ધ્યાન.
એવી અમીદષ્ટિ દેજો, આવીને હૃદયમાં કે'જો .... ટેક
સમજણ વગરના બાળ તમારા ને તમે અમારા બાપ;
દેહાધ્યાસ મુકાવીને મોહન, વૈરાગ્ય સાચો આપ



Scanned with CamScanner

॥ ૐ ॥

એવી અમીદૃષ્ટિ દેજો, આવીને હૃદયમાં કે'જો ....
લોભમાં પડી ન કરવાનાં કાર્યો બને છે અનેક;
દયા માગવા આવ્યો ભિખારી, સાચો આપોને વિવેક.
એવી અમીદૃષ્ટિ દેજો, આવીને હૃદયમાં કે'જો ....
રોગીઓનાં દુઃખ દૂર કરવા, માર્ગ ખરો જ બતાવ;
દવાના પ્રયોગો માટે સાચી સમૃધ્ધિ જણાવ.
એવી અમીદૃષ્ટિ દેજો, આવીને હૃદયમાં કે'જો ....
નામ તમારું લઈ દવા આપું ને લાજ છે તમારે હાથ;
અનિષ્ટ ચિંતન ઊઠે ન મનમાં, એવું કરાવોને નાથ.
એવી અમીદૃષ્ટિ દેજો, આવીને હૃદયમાં કે'જો ....
ગીતામાં લખેલા અઘરા શ્લોકો, સમજીને કરીએ પાન;
માયા વિકારી કાળ ભજન કર, શબ્દ ન પડે કાન.
એવી અમીદૃષ્ટિ દેજો, આવીને હૃદયમાં કે'જો ....
જાગૃત સ્વપ્ન સુષુપ્તિને છોડી, કરીએ સમાધિમાં વાસ;
અખંડ જ્યોતિ જગાવજે, જીવંત, એ જ છે હરિ આશ.
એવી અમીદૃષ્ટિ દેજો, આવીને હૃદયમાં કે'જો ....
સાધુ-ભક્તને શાંતિ આપો, ઉપાધિ ન રહે લેશ;
મસ્તદશા બનાવો ગુરુજી, રાખો એમ રહેશું હંમેશ.
એવી અમીદૃષ્ટિ દેજો, આવીને હૃદયમાં કે'જો ....

॥ ૐ ॥

## ઉધારીમાં રહેવું અમારું ન ઘર છે

ઉધારીમાં રહેવું અમારું ન ઘર છે,
પ્રભુજીનું આપેલ માનવ તન છે,
વૃથા તારું માન્યું તે મૂર્ખ દુઃખ છે,
આશા ફાસીમાં ફસાણો તે શૂળ છે.



Scanned with CamScanner

॥ ૐ ॥

કામ-ક્રોધ છોડી પ્રભુનું ભજન કર,
ધરી શાંતિ મનમાં પ્રભુથી ડર્યા કર,
ખોટી ભ્રમણાઓ, માયાવી દુઃખોથી,
આશા- તૃષ્ણાના ત્રિવિધ તાપોથી.

નહિ સ્થિર બાળ, યુવાની કે વૃધ્ધા,
હવે તો સમજ ધર, રાખીને શ્રધ્ધા,
પ્રભુનું ભજન કરી આનંદે રહેવું,
વિભુનું સૌ સમજી સુખ-દુઃખ સહેવું.

સઘળા સ્થળમાં વ્યાપક પ્રભુને ગણી લે,
સઘળા છે તેનાં રૂપો, સમજીને ભજી લે,
સાધુ મુખ વાણી સત્ય જયારે માનીશ,
તારું નથી કાંઈ, સમજીશ તો ફાવીશ.

કર્મ શુભ કરતાં મનમાં નવ ફુલાતો,
આસક્ત બની ફળમાં નહિ લોભાતો,
બધું તું સોંપી પ્રભુના ચરણમાં,
બની જા તું મુક્ત જીવન-મરણમાં.

ગુરુદેવ સદા કૃપા વરસાવો
સાધુ-ભક્તને ખોટા સંગથી છોડાવો.

॥ ૐ ॥

## જ્ઞાન વધારીને બકવાદ કરો

જ્ઞાન વધારીને બકવાદ કરો,
તેના કરતાં પ્રભુજીનું ધ્યાન ધરો;
અનંત બ્રહ્માંડનો એક સાચો ધણી,
એને સમજી લેજે તું શિરનો મણિ.



Scanned with CamScanner

॥ ૐ ॥

જેના દર્શન કરવા સૌને ગમે,
એવા વિભુને સઘળા દેવ નમે;
પાપી મૂરખ ઈશ્વરને ભૂલી ગયો,
હરિથી વિમુખ શાને માટે થયો ?
માયાના પૂર વિશે ખૂબ ભમ્યો,
જઈ સંતને ચરણે તું નવ નમ્યો,
તારું એળે સઘળું આયુષ્ય ગયું,
છતાં પ્રભુ ભજવાનું મન ન થયું.
તને ગરીબનાં દુ:ખોની વાત ન ગમે,
તારું ધનને મેળવવામાં મનડું ભમે,
તારી તૃષ્ણા તો દિનદિન વધતી રહે,
હવે સંતોષ રાખ એમ સંત કહે.
તારે સાંભળવી ન વાત બીજી,
બન્યો મોટો મનમાં,તો તું છે પાજી,
વિષય-ભોગમાં સુખ તું માની બેઠો,
દુ:ખના મૂળમાં સદા મેં ભય દીઠો.
કહે સાધુ-ભક્ત હવે ચેત વીરા,
પ્રભુને ભજે એ તો છે વિરલા ખરા.

॥ ૐ ॥

## મિથ્યા રૂપ મહીં તું શાને લોભાણો ?

મિથ્યા રૂપ મહીં તું શાને લોભાણો ?
દૃષ્ટિ દોષ ધરીને તું શું કમાણો ?
કાનથી તેં શાસ્ત્રશ્રવણ ન કીધું,
સંસારમાં ભૂલી વિષય ઝેર પીધું.



Scanned with CamScanner

॥ ૐ ॥

અંધારામાં ગોથાં તેં તો ખૂબ ખાધાં,
હવે ભજ ગોપાલ શ્રીકૃષ્ણ- રાધા,
જેને તારાં માન્યાં તે સાચાં ન કોઈ,
કાળ ઝડપી જશે બધા રહેશે રોઈ.
અમર નામ કેરું તું હવે જતન કર,
ગુરુના વચન પર અડગ શ્રદ્ધા ધર,
છોડી દે જગતની એમ મતા,
ગરીબ ને શ્રીમંત સહુ જાશે રમતા.
બાજીગરની સૌ રચના છે ન્યારી,
જઈ સંતને ચરણે તો મટશે ખુવારી,
હાડ-માંસ, લોહી, ચર્મથી મઢેલું,
અતિ દુર્ગંધયુક્ત મળથી ભરેલું.
નાશવંત દેહ સૌ સંત બતાવે,
છતાં પાપી ભૂલીને સ્નેહ લગાવે,
ગર્ભવાસમાં કૉલ દીધો પ્રભુ ભજવાને,
તેને ભૂલી જઈશું અહીં તજવાને.
કહે સાધુ-ભક્ત, હવે તું હૃદય ધર,
કહી દીધું સાચું, હવે તું ભજન કર.

॥ ૐ ॥

## ભજન કર, ભજન કર, પ્રભુનું ભજન કર

ભજન કર, ભજન કર, પ્રભુનું ભજન કર,
અહિંસા ને સત્યનો માર્ગ ગ્રહણ કર.
તજી દે ખોટી માયા, કુતર્ક તજી દે,
ફટકેલા મનને સ્થિર થવા દે.



Scanned with CamScanner

॥ ૐ ॥

સાચો માર્ગ ઈશ્વરનો તું ભૂલી
ગયો ફસાઈ નકામો, માયામાં ડૂબી,
છોડી હંસવાણી, કાગવાણી લીધી,
નિંદા કરવામાં બુદ્ધિ મેલી કીધી.

દેખી દોષ પરનો તેં બોજો ઉપાડયો,
દીધું દુઃખ બીજાને, એમાં શું કમાયો ?
કમાણીનો ભર્યો તેં ખોટો ખજાનો,
ન આપ્યું ગરીબને, તું રેઢો જવાનો.

હજી છે સમય, અન્ન આપો ગરીબને,
બને તેટલું કરશો, ગમશે પ્રભુને,
શ્રીમંત બની મનમાં નવ ફુલાશો,
કર્યાં કાળાં-ધોળાં પણ અંતે લૂંટાશો.

કૂડકપટ છોડી નામ લેજો પ્રભુનું,
છળ ત્યાં નહિ ચાલે જાણે છે સહુનું,
છોડી દે પાપની - વાસના જૂઠી
કાળ ઝડપી જશે, નવ રે'શે મૂઠી.

દુઃખીના દિલની તું અગ્નિ બુઝાવે,
આપી શાંતિ તેને તું સુખી બનાવે,
તારા ભાવ દેવી ગુણ વધારે,
તારું નાવ જશે, જલદી કિનારે.

શત્રુતા છોડી મિત્ર-ભાવ લાવજે,
એવું જ્ઞાન લઈ પ્રભુને રીઝવજે,
સાધુ-ભક્ત વાત બતાવે ગુરુતણી,
મુરખને બુદ્ધિ આપે, એવા છે ધણી.



Scanned with CamScanner

॥ ૐ ॥

## ઈશ્વરને મેળવવા પ્રયાસો થોડા

ઈશ્વરને મેળવવા પ્રયાસો થોડા,
પ્રભુને ભૂલી જઈને, ખાવા છે જોડા !
મળે શિર સાટે તો ઈશ્વર મેળવવા,
કહે તેવી વાત, ઘણાને ભૂલવવા.

કોઈ વીર સાચો દેહાધ્યાસ ત્યાગે,
અગ્નિની જ્વાળા દેખી નહિ ભાગે,
આત્મભાવ સાચો તેનો જ વખાણું,
બીજાનું મનડું માયામાં લોભાણું.

ગુણાતીત સ્થિતિ જો બને ગુરુથી,
લોઢું-સોનું ભાસે એક જ તેના મનથી,
ખોટો છે સંસાર એમ સહુ કહે છે,
ખોટો માનીને સઘળા વળગી રહે છે.

વાતોની મીઠાશે ઘણા છેતરશે,
ધરી આડંબર બીજાને મૂંઝવશે,
બચજો ઢોંગી-ધુતારાથી રે ભાઈ,
તેને માટે તૈયાર છે ઊંડી ખાઈ.

થાય સાચી શાંતિ દર્શનથી હૃદયમાં,
કલ્યાણ તે જ કરશે ફરીને જગતમાં;
સાચો માર્ગ ગુરુજી સૌને બતાવે,
કરાવશે દર્શન પ્રભુનાં તમને.

---

॥ ૐ ॥

આંતરદૃષ્ટિ થાય ક્યારે ? જ્યારે અંતરશત્રુ દૂર થાય ત્યારે.



Scanned with CamScanner

॥ ૐ ॥

## તને માયાવી રંગનું પૂર ચડયું

તને માયાવી રંગનું પૂર ચડયું,
તારું ઉત્પન્ન કરેલું દુઃખ તને નડયું;
તારે હાથે બંધાણો તું કર્મ કરી,
હજી થાક્યો નહિ તું પાપો ભરી.

સુખ વહેંચીને તેં તો, દુઃખ લીધું,
જનેતાને લજાવવાનું તે કામ કીધું;
વિષયભોગમાં જીવન નષ્ટ કર્યું,
ઈષ્ટ દેવનું ધ્યાન કદી ન ધર્યું.

વસે વાસ વિભુ જળમાં, સ્થળમાં,
ઊંચે આકાશ, વાયુ ને પર્વતમાં;
કોઈ સ્થળ પ્રભુ વિનાનું ખાલી નથી,
તેને ભૂલી ગયો કર યાદ વિચારથી.

જેણે સૂર્ય-ચંદ્રને તેજ આપ્યું,
કરી વૃષ્ટિ ને અન્નથી દુઃખ કાપ્યું;
અનંત જાત વનસ્પતિ પેદા કરી,
એવા દયાળુની લીલા ન્યારી ખરી.

મહાસાગરમાં જેણે મોતી કર્યાં,
અનેક જીવ સમુદ્રની માંહી બન્યા;
તેમાં પ્રાણસંચાર શી રીતે કર્યો,
તેનો ભેદ દેવ ઋષિને ન જડયો.

વિધવિધ જાતનાં પક્ષી બનાવ્યાં ઘણાં,
તેના રંગરૂપમાં રાખી નથી કાંઈ મણા,
દરેક પક્ષી ની બોલી નવીન કરી,
તર્ક કરતાં ત્યાં બુદ્ધિ જાય ફરી.



Scanned with CamScanner

જેને નેતિ નેતિ વેદ કહે,
જેનો પાર કવિ નવ પામી શકે;
એવા વિશ્વનાં પાલક માતા - પિતા,
તેના હુકમથી તમે રહેજો બીતા.

ક્ષણ એકમાં રચના જગતની કરી,
ઈચ્છાશક્તિથી દોરીસંચાર કરી;
શ્વાસેશ્વાસે ભજન કર, તો જાશે તરી,
થાકી જવાનો તું તો ચોરાસી ફરી.

સારાં કામ વિવેકથી નવ કીધાં,
ગરીબને ન હાથથી દાન દીધાં;
તારે રોમરોમ તો પાપ ભર્યું,
તૃષ્ણા રાખીને કાળું તેં મુખ કર્યું.

કોઈ સત્સંગ કરવાની વાત કહે,
તેની સામે તો મુખ મરડીને રહે;
ધન કેમ મળે તેની વાત કરો,
ભજન કરવાની વાતથી મૌન રહે.

હજી કામ કરવાનાં ઘણાં છે બાકી,
વૃધ્ધ થાશું ત્યારે અમે જાશું થાકી;
લેશું હાથમાં માળા ત્યાં પડી જશે,
એવા જીર્ણ શરીરથી કાંઈ ન થશે.

ગુરુદેવનાં વચન પર વિશ્વાસ લાવે,
ફેરો ફોગટ મટશે ને અંત આવે;
હવે તજી ઉપાધિ પ્રભુ ભજી લે,
બને તેટલાં સારાં કર્મ કરી લે.



Scanned with CamScanner

॥ ૐ ॥

સુખ - દુઃખમાં નિર્ભય રહેજે,
પ્રભુ આજ્ઞા માનીને, શિરે ધરજે;
સહુ ભક્તો પર દયા ગુરુજી કરશે,
મીઠાં ભક્તિનાં અમૃત ફળ મળશે.

॥ ૐ ॥

## જેણે માયાનાં બંધન નાખ્યાં તોડી

જેણે માયાનાં બંધન નાખ્યાં તોડી,
તેને વિનંતી કરો તમે હાથ જોડી;
જેના મુખથી અમૃતવાણી ઝરે,
તેના ગુણ સત્ય તણું ભાન કરે.

એવા માનવ દેવ સમાન બન્યા,
તેના ચરણોમાં તીર્થના વાસ રહ્યા;
સુખદુઃખમાં જેની સરખી જ વૃત્તિ,
કરે પાવન એવી છે નિર્મળ મતિ.

અખંડ જ્ઞાનપ્રકાશનો દીવો બળે,
તેની વિચિત્ર ગતિને કોણ કળે;
રહ્યા સાગર જેવા ગંભીર ઘણા,
સદાની મટાડે, મનની ભ્રમણા.

કામ-ક્રોધનાં બંધન તોડી નાખ્યાં,
ગુરુ વાણીનાં અદ્‌ભૂત ફળ ચાખ્યાં;
જેણે આત્માને દેહથી જુદો કીધો,
તેણે ઘણાંને તારવા જન્મ લીધો.

Scanned with CamScanner

॥ ૐ ॥

ઈશ્વરભાવ હૃદયમાં ઘણા નીકળ્યા,
દેહભાન ભૂલીને પ્રભુમાં ભળ્યા;
નિર્દોષ ને વેરનો ત્યાગ કર્યો,
તેની પાસે શાંતિનો ભંડાર ભર્યો.

અભિમાન ઊઠે નહિ જ અંતર વિશે,
તેનો સઘળી દિશામાં પ્રકાશ દિશે;
હિંસક પશુતા હિંસાનો ત્યાગ કરી,
બેસે તેની નજીકમાં ધ્યાન ધરી.

જેની કાંતિ શરીરની કેવી હતી ?
કસ્તુરી સુખડની સુગંધ જતી;
કપૂરની વાસ ઊડે જો તનથી,
બને પાવન લોક તેની રજથી.

જેણે ઈન્દ્રના પદને તુચ્છ ગણ્યું,
તેનું ઈષ્ટ ભજનમાં મનડું ગળ્યું;
અદ્ભૂત કૌશલ્યની પ્રાપ્તિ કરી,
તેને નીરખીને મારી દષ્ટિ ઠરી.

યોગ પ્રાપ્ત કરવામાં દુઃખ વેઠયું,
અંતે અનંત સુખનું મૂળ શોધ્યું;
અનેક સિધ્ધિઓ આવીને વાસ કરે,
તેની પરવા તજીને પ્રભુનું ધ્યાન ધરે.

ત્રણ કાળના જ્ઞાનનું ભાન કરે,
તેવા સંત દર્શનથી દુઃખ હરે;
બુધ્ધિ સહુ ભક્તોની ન પાર પામે,
જઈ સંતચરણે સઘળા દુઃખ વામે.



Scanned with CamScanner

॥ ૐ ॥

## મને કૃષ્ણ કનૈયાની ગીતા ગમે

મને કૃષ્ણ કનૈયાની ગીતા ગમે,
જેને શિષ્યના ભાવથી અર્જુન નમે .... મને

ત્રણે લોકનું પાલન શ્રીકૃષ્ણ કરે,
પરમાત્માની વિદ્યા ગીતામાં ખરે. .... મને

એવા વાક્યનું પ્રમાણ શ્રીકૃષ્ણ તણું,
બ્રહ્મ વિદ્યા મેળવવાનું જ્ઞાન ઘણું. .... મને

જેમાં અદ્‌ભૂત શ્લોકની રચના કરી,
અર્થ નવીન સૂઝે તેવી શક્તિ ભરી. .... મને

યોગભક્તિ અને જ્ઞાનવિજ્ઞાન ભર્યું,
ભાવિક-ભક્તોએ તેનું પાન કર્યું. .... મને

એવા ઈશ્વરમુખની વાણી ગીતા,
જેના લક્ષથી અમર અનેક થાતાં. .... મને

કૃષ્ણે નાનકડાં ગ્રંથને અમર કર્યો,
સર્વ શાસ્ત્રનો સાર ગીતામાં ભર્યો. .... મને

સહુ ભક્તો સદ્‌ગુરુને પ્રેમે નમે,
આપો જ્ઞાન ગુરુજી, તમને જે ગમે. .... મને

---

॥ ૐ ॥

ઈષ્ટમાં અનિષ્ટ ભાવ ઉત્પન્ન થવો ન જોઈએ. એટલે પ્રભુમાં દોષો ન જોવા, કેવળ પોતાનામાં દોષ જોવા.



Scanned with CamScanner

॥ ૐ ॥

## રાધા–કૃષ્ણનું પ્રેમથી ધ્યાન ધરો

રાધા-કૃષ્ણનું પ્રેમથી ધ્યાન ધરો,
રાત-દિવસ તેમનું સ્મરણ કરો. .... રાધા-કૃષ્ણનું

સાચા સંતનો સત્સંગ થાશે જ્યારે,
મળશે પ્રભુજી પાળશો વચન ત્યારે. .... રાધા-કૃષ્ણનું

મોહ-મમતાથી જ્યારે મુક્ત થશો,
ત્યારે અંધારાને તમે છોડી જશો. .... રાધા-કૃષ્ણનું

દિવ્ય જ્યોતિ પ્રકાશની અખંડ રહે,
તેના અનુભવી સાચું સુખ લહે. .... રાધા-કૃષ્ણનું

થાય વાસના નષ્ટ મલિન સહુ,
ત્યારે પ્રગટે પ્રભુજીમાં પ્રેમ બહુ. .... રાધા-કૃષ્ણનું

જગનાં કામો કરતાં પ્રભુ નવ ભૂલો,
સોંપો અદ્‌ભૂત જ્ઞાનને મનનો ઝૂલો. .... રાધા-કૃષ્ણનું

નિર્મળ દષ્ટિથી વિશ્વમાં દર્શન કરો,
ત્યાગી અહંકાર જગતમાંહી ફરો. .... રાધા-કૃષ્ણનું

વિભુ અખંડ ભક્તિ આપો તમે,
સહુ ભક્તોને તમારા વિના ન ગમે. .... રાધા-કૃષ્ણનું

---

॥ ૐ ॥

પૂર્ણ પ્રેમ પ્રભુમાં હોય તો નિષ્ઠા પાકી બને છે. જુદીજુદી જગ્યાએ વહેંચાયેલો પ્રેમ હોય તો પ્રભુમાં નિષ્ઠા પાકી બનતી નથી.



Scanned with CamScanner

॥ ૐ ॥

## આપો બુદ્ધિ પ્રભુજી શુદ્ધ સારી

આપો બુધ્ધિ પ્રભુજી શુધ્ધ સારી
ત્રણ ગુણથી અમને છોડાવનારી;
તનમનમાં ધગશ, તારાં દર્શન તણી,
કરી ભજન પ્રેમે, મેળવો સાચો ધણી. ....ટેક
પાપો કરતાં અમે સઘળું ખોયું,
સાચું સમજી વિષયમાં મનડું મોહ્યું;
એવી અવળી સમજણને દૂર કરો,
દયા કરીને આપજો પ્રેમ ખરો. ....
તારે ભરોસે જીવન અર્પણ કર્યું,
એવા અનેક ભક્તોને સુખ વર્યું;
નાથ કૃપા કરીને વચન આપો,
કદી ન ભૂલીએ, એવો મારો થાપો. ....
ધ્યાન કદી નવ ચૂકીએ પ્રભુ તારું,
બીજાં સ્વપ્નને છોડી દે મનડું મારું;
વિદ્યાહીન અમે છીએ બાળ તારાં,
તારા શરણથી જાશે પાપ અમારાં. ....
સુખદુઃખ દેખીને નવ ડરીએ,
કામો કરતાં પ્રભુજી નવ ભૂલીએ;
પ્રાણ છોડતાં નામની યાદી રહે,
શ્રધ્ધા રાખે તો સઘળાં સુખ લહે. ....
ગુરુ વાકયનું સાચું પ્રમાણ મળે,
જ્ઞાન પ્રગટીને પાપો સઘળાં બળે,
છોડો સાચા એ સંતના ચરણે જીવન,
સાચું કહે છે સદ્ગુરુ ભગવન્ ....



Scanned with CamScanner

॥ ૐ ॥

## મને સત્ય સ્વરૂપે શિવજી ગમે

મને સત્ય સ્વરૂપે શિવજી ગમે,
જેને અનેક ભક્તો પ્રેમે નમે ....ટેક

જેણે હળાહળ વિષનું પાન કર્યું,
કમળ બદલે રાવણે તેનું શીશ ધર્યું. ....

એવા ભોળાનાથનું જે ભજન કરે,
તે તો સંસારસાગર જલદી તરે. ....

નિશદિન ઋષિમુનિ જેનું ધ્યાન ધરે,
મરણ વખતે આવીને શિવ મુક્ત કરે. ....

પાર્વતી શિવ વરવાને તપ કરતાં,
અન્નજળ ત્યાગીને ધ્યાન સદા ધરતાં. ....

ખોલ્યું જ્ઞાનરૂપી લોચન શિવે જયારે,
કામદેવ બળીને ભસ્મ થયો છે ત્યારે. ....

જળ, બિલિપત્ર ને ફૂલથી શિવ રીઝે,
એવા અજન્મા શંકર તણી બોલો જે. ....

ભોળા શિવ સમાન દેવ ન બીજે,
સદા સેવા ભક્તોને તારી દીજે. ....

---

॥ ૐ ॥

પ્રભુ સિવાય કંઈ જોવું નહિ. સર્વમાં પ્રભુ રહેલો છે. પ્રભુ એકમાં પૂરો નથી. બધામાં મળીને પ્રભુ એક છે. બધામાં પ્રભુ સમાયેલો છે.



Scanned with CamScanner

॥ ॐ ॥

## પ્યારે શ્યામકા જિસે મિલન હો ગયા

પ્યારે શ્યામકા જિસે મિલન હો ગયા,
વો તો કામકા બંધનસે છૂટ ગયા ....ટેક

મલિન વાસના સબકો સતાયા કરે
અંધ બનાકર સબકો ફસાયા કરે ....

મહા સિધ્ધ તપસ્વી કે જ્ઞાની બને,
મલિન વાસના ઉનકો સતાયે ઘને ....

અજામિલ ગુણિકા રે કૈસે તરે !
તેરે નામ સ્મરણમેં અમૃત ઝરે ....

ભક્ત તુકારામ ઔર જ્ઞાનેશ્વર
તેરી ભક્તિસે વે બને અમર ....

રાજ છોડકે ભરથરી વનમેં ગયા,
ઉનકે ત્યાગસે યોગી ચકિત ભયા ....

ખુદને રાણી પાસ જાકે ભિક્ષા લિયા,
મોહ છોડકર રાણીકો મૈયા કહા ....

રાજા હરિશ્ચંદ્ર સત વ્રત ધાર લિયા,
કાશી જાકે રોહિદાસ તારા બેંચ દિયા ....

મુનિ વિશ્વામિત્રજીને દુઃખ દિયા,
સહન કરકે પ્રતિજ્ઞા સફલ કિયા ....

અનેક જન્મકા મૈં પાપી, ભૂલા વિભુ,
પતિતપાવન, પાર લગા દો પ્રભુ ....



Scanned with CamScanner

॥ ૐ ॥

## સચ્ચિદાનંદ સ્વરૂપ છે અમારું
(રાગ–ધોળ)

સચ્ચિદાનંદ સ્વરૂપ છે અમારું
રાગ ને દ્વેષ શોક મોહથી ન્યારું ....ટેક

અનાદિ અનંત જુગોથી અમર છે,
મમતા અહંતાનાં કદીનાં બંધન છે. ....

દેહ ગુમાન ધરી કાર્ય જે કર્યાં,
સત્તાના મદમાં, ભુલાવનાર ઠર્યાં. ....

અંતઃકરણના ચાર ભાગ છે ખોટા,
વિશુધ્ધ આત્મા છે, તેમાં નથી ગોટા. ....

ઇન્દ્રિયનિગ્રહ, શ્રધ્ધા જ્ઞાન-સ્વરૂપની,
મળ વિક્ષેપ ગયાં,જ્યોતિ અખંડાનંદની. ....

મન ખુશી કરવા કાર્યો જે કરીયા,
બંધનમાં નાખ્યા ઊંડા દુઃખના દરિયા. ....

મન શબ જેવું સૌને બંધનમાં રાખે,
મારું હૃદય એવા શબ્દો કાઢી જ નાખે. ....

પ્રાણના વેગે મન વેગવાળું બનતું,
પ્રાણ સ્થિર થાતાં, મન ગોત્યું ન મળતું. ....

પ્રાણની વાસનાને લાડ લડાવે,
વધે જન્મમરણ તૃષ્ણા ખૂબ સતાવે. ....

પૂર્ણ પરિબ્રહ્મ ખંડિત થાય ન એવો,
સમતા યોગ શાંતિમાં આશ્ચર્ય જેવો. ....



Scanned with CamScanner

॥ ૐ ॥

# કૃષ્ણ ગોવિંદ ગોપાલ ગાતા રહો

કૃષ્ણ ગોવિંદ ગોપાલ ગાતા રહો,
મનને સ્થિર કરવા સત્સંગ કરતા રહો, .... ટેક

વિષય વિષ સમ જાણીને આઘા ખસો,
બની અંધ પતંગ જેમ, તેમાં ન ફસો;
પ્રભુ મળશે વિશ્વાસે વળગી રહો.....કૃષ્ણ ગોવિંદ

પ્રભુ મેળવવા વ્યાકુળ હૃદયથી થજો,
ગુરુ જ્ઞાની બતાવે તે માર્ગે જજો;
ખોટી ભ્રમણાઓ છોડીને શરણે રહો .....કૃષ્ણ ગોવિંદ

છોડી શત્રુતા, તમે પ્રેમ ધારણ કરો,
રાખી ભક્તિમાં ધ્યાન, ભજન કરતા રહો;
કુશળ કર્મમાં સદ્ગુણને ધારી રહો..... કૃષ્ણ ગોવિંદ

દુ:ખના વખતમાં ધીરજને મૂકશો નહિ,
અભય ધારણ કરી પ્રભુને ભૂલશો નહિ;
રાત દિવસ પ્રભુનું ધ્યાન ધરતા રહો..... કૃષ્ણ ગોવિંદ

સ્વાદ છોડ્યા વિના સંયમ ન સાચો રહે,
કરો ઇન્દ્રિયનિગ્રહ એમ સંત કહે;
પશુતા છોડી, ઈશ્વરને શરણે રહો.....કૃષ્ણ ગોવિંદ



Scanned with CamScanner

॥ ૐ ॥

સુખનું મૂળ છે પ્રભુ ભજન કરો,
નથી ખોટ તેમાં, વાત હૃદયે ધરો;
કરી શુભ કામ, પાપોથી ડરતા રહો..... કૃષ્ણ ગોવિંદ

કહે ભક્ત ગુરુજીને શરણે ગયેલો,
પ્રભુ તારશે એ વિશ્વાસ નિશ્ચય થયેલો;
આંખડીથી પ્રભુ નવ અળગા રહો..... કૃષ્ણ ગોવિંદ

॥ ૐ ॥

## સતગુરુ અંતરના વિશ્રામ

સતગુરુ અંતરના વિશ્રામ તેમના ચરણે સોંપો તમામ - ટેક
જેમના મુખની અમૃતવાણી, તેની વેદે ગતિ ન જાણી;
આપે અદ્વૈત જ્ઞાન પ્રકાશ, એવા ગુરુની કરો સૌ આશ. ....સતગુરુ
સંસાર સાગર એ તારક, તેમનો ઉપદેશ મોહસંહારક,
વિદ્યા, વિવેક, બુદ્ધિ આપી, મનની સઘળી ભ્રમણા કાપી;
બાળી વાસના મલિન તમામ, તેના વિના નથી આરામ. ....સતગુરુ
સાચી ભક્તિનો માર્ગ બતાવે, પ્રભુનાં દર્શન જરૂર કરાવે,
મળે બ્રહ્મજ્ઞાની શ્રીગુરુદેવ, તેમની કરજો નિશદિન સેવ;
ગુરુના સ્મરણથી ઊર્મિ જાગે, કામ, ક્રોધ, મોહ, શત્રુ ભાગે. ....સતગુરુ
થાયે શાન્તિ અપરંપાર, વહે ત્યાં અખંડ આનંદ ધાર,
સદ્ગુરુ અદ્ભૂત શક્તિદાતા, તેમના રંગમાં બનજો રાતા;
ચડશે દિલને સાચો રંગ, તેનો માયા ન કરશે ભંગ. ....સતગુરુ
ઊલટા નયનના દોષ હટાવે, દૈવી ભાવો હૃદય જગાવે,
ધરે સાચો પ્રેમી ધ્યાન, નિશદિન સમજી સાચું જ્ઞાન;
સહુ ભક્તો ગુરુકૃપા ઉપાસી, રહે છે ગુરુદર્શનના પ્યાસી. ....સતગુરુ
આપને અનંત વાર પ્રણામ, ભજીએ ગુરુજી તમારું નામ.



Scanned with CamScanner

॥ ૐ ॥

# વિદ્યા, બળ, બુદ્ધિનાં દાન

વિદ્યા, બળ, બુદ્ધિનાં દાન
અમને આપજો ભગવાન ....ટેક

તારી માયામાં સૌ ભૂલ્યા, માનવ-દેવ માયામાં ડોલ્યા;
અદ્‌ભૂત સૃષ્ટિના રચનાર, તારી લીલા અપરંપાર. ....

બુદ્ધિશાળી જે કહેવાતા, તારી આગળ રાંક તે થાતા;
થાકે કરીને ખૂબ વિચાર, ઋષિમુનિ કોઈ ન પામે પાર. ....

માનવજાત અનેક બનાવી, તેમાં શક્તિ તારી આવી;
વિભુ બેઠા હૃદયની માંહ્ય, સઘળી રચના જાણે ત્યાં. ....

રાજાને રંક બનાવે, પ્રભુજી સત્ય વાતો સમજાવે;
ખોટાં કાર્યો કરે અનેક, તેનું કાઢે નિકંદન છેક. ....

સુખ-દુ:ખ દેખી માનવ ડરતા, કોઈ નીડર થઈને ફરતા;
યોગી-રોગીના પણ રાગ, સુણી આપે તેનો ભાગ. ....

ન્યાયકારી દયાળુ દેવા, ભૂલી માયાના રંગ લેવા;
પંડિત પણ ભૂલ્યા છે વેદ, તારો નથી જડ્યો કોઈ ભેદ. ....

તારું સ્વરૂપ જેને જણાવે, તે સહુ તારે આશ્રય આવે;
શરણાગતનો પાલનહાર, તારા જેવો નથી કિરતાર. ....

ભક્તો સહે પ્રેમે સંકટ, લાગે નહિ માયાનો કંટક;
તારા ભજનતણો ભંડાર, ગાતાં ખૂટે નહિ લગાર. ....

---

॥ ૐ ॥

પરમ ભાવ અને નાશવંત ભાવ, આ બે ભાવો છે. શ્રેષ્ઠ ભાવો પર હૃદયની વિશાળતા છે. મન, પ્રાણને પ્રભુમાં લગાડવાં જોઈએ.



Scanned with CamScanner

॥ ૐ ॥

## વહાલા લાગે છે મને કૃષ્ણચંદ્ર દેવતા

વહાલા લાગે છે મને કૃષ્ણચંદ્ર દેવતા
મળવાને હૃદય લલચાય રે,......
શ્રીકૃષ્ણને કાજે ઉજાગરા. ....ટેક

ભુલાય ન કૃષ્ણ પ્રભુ દિવસ કે રાતના,
અંતરમાં આપજો પ્રકાશ રે. ....શ્રીકૃષ્ણને

ભૂલા પડેલા અમે માનવી અજ્ઞાન છીએ,
આપો અમને ખરેખરું જ્ઞાન રે. ....શ્રીકૃષ્ણને

વિદ્યા, બળ, બુધ્ધિ પ્રભુ ઝાઝેરા આપજો,
નામ આપનું કદી ન ભુલાય રે. ....શ્રીકૃષ્ણને

પતિત તોય પ્રભુ તમારાં ગણજો,
બીજા કોની પાસે જાય રે! ....શ્રીકૃષ્ણને

સત્સંગથી હીન ને વિવેકરહિત છે,
ભક્તો પર રાખજો પ્રીત રે. ....શ્રીકૃષ્ણને

---

॥ ૐ ॥

કાર્ય - શરીર. કારણ - ઈન્દ્રિયો, શરીર અને ઈન્દ્રિયોના વિષયોમાં સંબંધ - આસક્તિ એટલે જીવપણાની સંજ્ઞા. બહારનાં આવરણોમાં ભળવું નહિ; જે ભળી જાય છે તેના ચિંતનથી શોક-મોહ ઉત્પન્ન થાય છે, સંકલ્પ, વિકલ્પ, ભય, વિકાર વગેરે ઊભા થાય છે. હું ચૈતન્યસ્વરૂપ છું, અવિનાશી છું તે ભૂલી જવાય છે અને નાશવંત ભાવોમાં ફસાઈ જવાય છે.



Scanned with CamScanner

॥ ॐ ॥

## સૂનો આ કનૈયાની બંસરીમાં પ્રેમ છે

સૂનો આ કનૈયાની બંસરીમાં પ્રેમ છે
ધ્યાન તેનું ધરજો સદાય રે
સાંભળશો કનૈયાની બંસરી ....ટેક

વૃત્તિ તલિન્ન થશે બંસરીના નાદમાં
સૂઝશે આગમ-નિગમ વાત રે ....સાંભળશો

નવ જાવું બદ્રી-કેદારનાથ યાત્રા
દિલ્હી કે ગંગાને નીર રે. ....સાંભળશો

ભીતર બહાર તમે કૃષ્ણને દેખશો
જાવા જરૂર નથી ક્યાંય રે. ....સાંભળશો

નથી જન્મ તમારો જગત રીઝવવા
પ્રભુ રીઝવવાનું કામ રે. ....સાંભળશો

સાચો શણગાર પ્રભુભક્તિમાં પ્રેમ છે
થાશે સાચુ કલ્યાણ રે. ....સાંભળશો

ઉજજવળ જીવનથી દુઃખ સદા ભાગશે
પાપ ન રહેશે તલભાર રે. ....સાંભળશો

સહુ ભક્તો દિવ્ય દષ્ટિ માગે છે શામળા
તારું તને સોંપી દઉં તમામ રે. ....સાંભળશો

---

॥ ॐ ॥

કુબ્જા = કુબુધ્ધિ. બુધ્ધિને પરમાત્માના ભજનથી સુધારી શકાય છે. કલ્યાણ કરવા માટે રાગદ્વેષ જવા જ જોઈએ.



Scanned with CamScanner

॥ ૐ ॥

## શ્યામ વિના આજ મારા સૂનાં મંદિરિયાં

શ્યામ વિના આજ મારા સૂનાં મંદિરિયાં,
ભક્તિ વિના ભય નવ જાય રે,
પ્રભુજી જલદી પધારજો. ....ટેક

માયાના બંધનથી બહાર તમે કાઢજો,
વિનંતી કરું છું જોડી હાથ રે. ....શ્યામ વિના

તમારા પધારવાથી આનંદ વ્યાપશે,
નયનમાં નિહાળું દિનરાત રે. ....શ્યામ વિના

કામ, ક્રોધ, લોભ થકી અમને બચાવજો,
ધીરજ ધરીએ આઠે યામ રે. ....શ્યામ વિના

જીહ્વામાં શક્તિ તમે નિર્મળ આપજો,
તમારા ગુણ નિત્ય ગવાય રે. ....શ્યામ વિના

ભાગવદ્, રામાયણ ને ગીતાના નિયમો,
સમજીને પાળીએ તમામ રે. ....શ્યામ વિના

કાન થકી વાણી તમારી સાંભળીએ,
હૃદયમાં શાંતિ સામ્રાજ્ય રે. ....શ્યામ વિના

જ્યાં જ્યાં ચાલીને જાવું પડશે અમારે,
દીપક ધરીને રહેજો સાથ રે. ....શ્યામ વિના

સહુ ભક્તો પ્રભુના દાસ તણા દાસ છે,
ઈશ્વરને સોંપ્યું તમામ રે. ....શ્યામ વિના

---

॥ ૐ ॥

શરીર અને ઈન્દ્રિયોના સંબંધથી અલગ રહી મુક્ત થઈએ ત્યારે સાચી સમજણ, સાચી નિષ્ઠા થઈ મનાય.



Scanned with CamScanner

॥ ૐ ॥

## આવો આવો હે ભગવાન

આવો આવો હે ભગવાન, તમને બોલાવે તમ દાસ. (૨) ટેક
ઉજ્જવળ હૃદય નિવાસ તમારો, પ્રપંચીને માર્ગ ન સૂઝનારો;
બ્રહ્મનિષ્ઠ ગુરુની સમજણથી, તમે આવો દાસની પાસ. ....આવો

માયા સઘળે દષ્ટિમાં દેખું, માયાપતિ વિણ અંધારું લેખું;
અનેક યુગતણું તમ હરવા, આવો જ્ઞાનસ્વરૂપ લઈ ખાસ. ....આવો

માયા અમને ખૂબ ભુલાવે, નિત્ય નવીન તે રંગ બતાવે;
ઠગારી લોભ દઈ લલચાવે, આપનાં દર્શન વિણ છે ત્રાસ. ....આવો

ધ્યાન તમારું બેસું ધરવા, આવે વગર બોલાવે નડવા;
અનેક યોગીને ચલિત બનાવ્યા, બતાવી અવળા માર્ગનો ભાસ. ....આવો

ગર્વ ધરીને છૂટવા ધારું, ઊગરવાનું નવ મળે બારું;
ઊલટાં દ્વેષતણાં ફળ ખાધાં, ડૂબતા માયામાં થઈ નિરાશ. ....આવો

પરમ પ્રિય પ્રભુ આપ છો પ્યારા, નયન થકી ન રહેશો ન્યારા;
જળસ્થળ આકાશે નિહાળું, પ્રભુજી, આપ તણો પ્રકાશ. ....આવો

બુધ્ધિ સૂક્ષ્મ આપો અમને,ક્ષણ પણ અમે નવ ભૂલીએ તમને;
સમતા સદ્‌ગુણ હૃદયમાં રાખી, રહીએ હંમેશાં તવ પાસ. ....આવો

મારું માન્યું તે સૌ તમારું, લઈ લો પ્રભુજી સઘળું અમારું;
સઘળા સ્થળમાં આપને દેખું, બતાવો દિવ્ય જ્યોતિ પ્રકાશ. ....આવો

સૂર્ય-ચંદ્રમાં તેજ તમારું, આપનું તેજ અધિક છે પ્યારું;
આત્મભાવ હૃદયમાં જગાવી, દેહાધ્યાસ મટાડો ખાસ. ....આવો

ખટકો ખાસ હૃદયમાં રાખી, આવો જલદી કરાવો ઝાંખી;
પાછા દર્શન દઈ ન ભાગો, મુકાવો માયા મોહનો ત્રાસ. ....આવો

રહેવું અમારી પાસે તમારે, નિર્ણય કાર્યના શુભ વિચારે;
સંશય સઘળા હૃદયના ટાળી, કરજો જ્ઞાન તણો વિકાસ. ....આવો



Scanned with CamScanner

॥ ૐ ॥

## આવો આવો હે ભગવાન

(ભગવાનને તરત બોલાવવાનું સિધ્ધ ભજન છે.)

આવો આવો હે ભગવાન, દયાળુ દર્શન દેવા આજ, - ટેક
અકળ ગતિ છે આપની પ્યારા,ચરિત્ર શી રીતે સમજુ તમારા;
બુધ્ધિયોગ અમને આપી, આપો પરાભક્તિના રાજ. ....આવો
સ્વરૂપ જે લઈ અમ પાસે આવો,ઓળખીએ એવી સાન બતાવો;
આપનું ધ્યાન અમે નવ ચૂકીએ, પ્રભુજી રાખો સૌની લાજ. ....આવો
સમદૃષ્ટિ ધરી દ્વેષને ત્યાગું, માયા થકી તો આઘો ભાગું;
કામ-ક્રોધના શત્રુ જીતી, મેળવીએ અભય અખંડ સ્વરાજ. ....આવો
આપની ભક્તિ જે કરનારા, એવા ભક્તો લાગે સારા;
હૃદયમાં પ્રભુ જ ભાવના રાખું, ભક્તોની ભક્તિના શિરતાજ. ....આવો
વાંક અમારો ભૂલી જઈને, ઠપકો દેવા તૈયાર થઈને;
આપને વાણી કઠોર સુણાવી, છતાં પણ રાખો નહિ તમે દાઝ. ....આવો
ગણતાં ભૂલનો પાર ન આવે, કુબુધ્ધિ એવી ભાન ભુલાવે;
દયાળુ માફ કરી સૌ ગુના, કરો છો મંગળ અમારા કાજ. ....આવો
સુખ-દુઃખ બન્ને કલ્પના સમજી, જેમ રાખો તેમ આપની મરજી;
અમારું હિત હશે જે થાતું, તેવું કરો છો પ્રભુજી કાજ. ....આવો
શુભ કામ કરતાં અભિમાન થાતું, અંતર ઊલટું રાગે રોળાતું;
ત્રણ લોક પાલનપોષણ કરતા પ્રભુજી, નિર્લેપ આપનું રાજ. ....આવો
કર્તા-અકર્તા, અન્યથા કર્તા, દુઃખડાં આપ પતિતોના હરતા;
સૌ ભક્તોના હૃદયે ગમતા, પ્રભુજી સૌના છો શિરતાજ. ....આવો

---

॥ ૐ ॥

દેહની આસક્તિ છોડી દઈને પરમ પ્રભુ પરમેશ્વરમાં નિષ્ઠા રાખવી. જ્ઞાનની દૃઢતાનો સાચો ઉપયોગ થવો જોઈએ.



Scanned with CamScanner

# આવો આવો હે ભગવાન

(પતિતોને પાવન કરનાર)

આવો આવો હે ભગવાન, અમને તુજ દર્શનની આશ,
વિશ્વમાં વ્યાપક આપ વિભુ છો, હૃદય મહીં અમ પાસ તમે છો;
જીવન કામ-ક્રોધથી કાળું કરજો, ઉજજવળ આપી પ્રકાશ. -આવો આવો
જન્મ ધરીને પ્રભુનું ખાધું, હરામી થઈ પ્રભુ ન આરાધ્યું;
તમારા ગુણ તણો નહિ પાર, અમારા દુર્ગુણ કરજો નાશ. -આવો આવો
વિદ્યા, બળ, બુધ્ધિ નથી મારાં તે તો આપેલાં છે તમારાં;
મન ને પ્રાણ ગણ્યાં મેં મારા, તે ભૂલથી કીધો વિનાશ. -આવો આવો
વાસના મલિન ભરી છે તનમાં, કીધાં પાપો વિકારી વિષયના;
ફૂલી અભિમાનમાં ઝાઝાં, કીધાં કર્મો દુઃખનાં ખાસ. -આવો આવો
સુખ ગણ્યું સંસારમાં સાચું, પ્રેમ ઘડીકનો તેમાં રાચું;
કણ સુખ સાટે, મણ દુઃખ લીધું, બુઝાવો અમૃત આપી પ્યાસ. -આવો આવો
જ્ઞાન, ધ્યાન, ન વિવેક વિચારો, શમદમ સાધનહીન લવારો;
શક્તિ આપો ભક્તિ કરવા, દયાળુ જાણીને તવ દાસ. -આવો આવો
શત્રુ મિત્રમાં ભેદ ગણીને માન-અપમાને આસક્ત રહીને;
મોહ, શોક તણાં વિષ પીધાં, રગેરગ વર્તી રહ્યો છે ત્રાસ. -આવો આવો
સર્વ શક્તિમાન પ્રભુ છે, દર્શનમાંહી સુખ ભર્યું છે;
એવી સમજણ અમને ન આવી, તેથી માયાએ કર્યો ગ્રાસ. -આવો આવો
થાયે સ્મરણ પ્રભુજી તમારું, પતિતોને પાવન કરનારું;
અંતરદષ્ટિથી ધ્યાન ન ચૂકીએ, આપો અભય અમને પાસ. -આવો આવો
શ્રધ્ધા અચળ ગુરુ સંત ચરણમાં, ભજન ન ચૂકીએ દેહ મરણમાં;
વિશુધ્ધ પ્રેમ ભરો રગેરગમાં, સ્વપ્ને માયાનો નવ ભાસ. -આવો આવો
સ્થળ નથી આપ વિનાનું ખાલી, તમારો સમજી લેજો સંભાળી;
બૂડતા જાશે લાજ તમારી, અમારી અરજી રાખજો પાસ. -આવો આવો



Scanned with CamScanner

॥ ૐ ॥

કળકળતા છે હૃદયની અરજી, કહેવા બીજાને નથી મરજી;
દયાના સાગર દીન દયાળુ, અમને એક તમારી આશ -આવો આવો
નિરાશા સઘળે સ્થળે જોતાં, નયનો દર્શન વિના રોતાં;
પ્રેરણા સત્ય હૃદયમાં જગાવી, કરાવો કર્મો શુભ પ્રકાશ.-આવો આવો
સહુ ભક્તો દર્શનના પ્યાસી, પ્રભુભક્તિ વિના રોજ ઉદાસી;
સતચિત્ આનંદ સાગર ઊછળે, અમને એ જ ખરી અભિલાષ. -આવો આવો

॥ ૐ ॥

## ગુરુદત્ત દયાળા !

ગુરુદત્ત દયાળા, નહિ તલસાના, દર્શન દેના ગિરનારી (૨) ગુરુ - ટેક
એક ટેક તુમ્હારી ચૂકે ખુવારી, માર્ગ ભૂલેલા ભયકારી (૨) ગુરુ માર્ગ
તુમ શાંતિદાતા, જગવિખ્યાતા અંતરદૃષ્ટિ કર મારી,
દુર્ગુણ હટાવી, નિર્મલકારી, જ્ઞાનભક્તિ કર અધિકારી. ...ગુરુદત્ત દયાળા
કોઈ સિધ્ધિમાં રમતા, ઘમંડ કરતા, મેસમેરીઝમ બળકારી,
અકળ ગતિ તારી, તેણે ન જાણી, લોભે બનાવ્યા લાચારી ....ગુરુદત્ત દયાળા
કોઈ ક્રોધે તપતા-બળતા, અંતરમાં તૃષ્ણાના ભડકા ભારી,
વિવેક ત્યાગી, નીતિ, લક્ષ્મી મેળવવા ઉર ધારી. ...ગુરુદત્ત દયાળા
ત્રિવિધ તાપથી બળતાં સૌ, સમજ વિનાના સંસારી,
બુધ્ધિની ખામી, ટાળ અમારી, દિવ્ય પ્રભા દે ગુણકારી ...ગુરુદત્ત દયાળા
કઠોર હૃદય તું દે પીગળાવી, રુદન કરે નયનો બહુ ભારી,
અમૃત ભરી દો હાથ અમારા, રોગમુક્ત બને નર-નારી ...ગુરુદત્ત દયાળા
દર્દી આવે આશ્રય લેવા, સેનેટરિયમની આશ કરી,
ભૂખ્યા આવે પેટ બતાવે, અન્ન વિના પિંજર ધારી ...ગુરુદત્ત દયાળા
તેને શું દેવું ! જલદી બતાવજે, તું સત્તધારી,
નહિતર પ્રાણંપિંજરથી લઈ લેજે, તું, ભૂલીશ ના ત્રિશૂળધારી...ગુરુદત્ત દયાળા

ૐ સત, ગુરુદત્ત, અવધૂત, સદાશિવ નારાયણ
ૐ સત, ગુરુદત્ત, અવધૂત, સદાશિવ નારાયણ



Scanned with CamScanner

॥ ॐ ॥

## ગુરુદત્ત બોલ – ગુરુદત્ત બોલ....

ગુરુદત્ત બોલ - ગુરુદત્ત બોલ ગુરુદત્ત બોલ - ગુરુદત્ત બોલ
મનને સ્થિર કરી ગુરુદત્ત બોલ-ગુરુદત્ત બોલ ગુરુદત્ત બોલ
ગુરુદત્તે અવધૂત ગીતા બનાવી, હૈયે ધરો મૂઢતાને હઠાવી
લક્ષ લેજો, શબ્દનો કરી તોલ; ગુરુદત્ત બોલ
ચોવીસ ગુરુ કરી સમજણ લીધી સદ્‌ગુરુ કૃપાએ અસ્મિતા ત્યાગી
આત્મબોધનો સાચો બોલ, ગુરુદત્ત બોલ
ત્રણ ગુણ જેને, બંધન લાગ્યા, તે છોડી, અવધૂત બની, જાગ્યા
અજપા જપવા આપ્યો છે કૉલ, ગુરુદત્ત બોલ
સુખ-દુઃખ સમ ગણી, કરો સેવા, ઉત્પત્તિ વાદળ વીખેરી લેવા
જ્ઞાનનો પ્રગટાવ્યો, દીપક અણમોલ ગુરુદત્ત બોલ
માન-અપમાનને દીધાં ત્યાગી, કામ-ક્રોધ, લોભ ગયા, સૌ ભાગી
તપમાં ધરી અહિંસા તોલ, ગુરુદત્ત બોલ
ગુરુ પર પાક્કી નિષ્ઠા રાખો, પાપો સઘળાં બાળી નાખો
જ્ઞાન કૂંચીથી હૃદયને ખોલ, ગુરુદત્ત બોલ
પરદુઃખ દેખી, પીડા જાગી, એવા ગુરુ દયાળુ, ત્યાગી
ભજનમાં મસ્ત બની તું ડોલ, ગુરુદત્ત બોલ



Scanned with CamScanner

॥ ॐ ॥

## બ્રહ્માનંદ શાંત મુદ્રાવાળા યોગી રે

બ્રહ્માનંદ શાંત મુદ્રાવાળા યોગી રે
પ્રસન્ન સૌને બનાવતા રે ....જી ટેક

શોક ને સંતાપે, જેણે વૃત્તિ ન બગાડી
લોભ ને લાલચ મૂકી, ભ્રમણા નસાડી
તપ, યોગ, તેજ સાથે જેનો પ્યાર રે
બ્રહ્માનંદે વૃત્તિ લીન છે રે જી .... બ્રહ્માનંદ

તપસિધ્ધ, યોગસિધ્ધ, કર્મો શુભ કીધાં
સતવાણીથી સૌને વશ કરી લીધાં,
રાખ્યું તેણે અમર જગમાં નામ રે
સિધ્ધ વચને કરતી કામને રે જી .... બ્રહ્માનંદ

સૂક્ષ્મ બુધ્ધિ જેની, દઢતા ભરેલી
સંયમી વૃત્તિ તેની, જ્ઞાનને વરેલી
ચૂકે નહિ વિવેક ને વૈરાગ્ય રે
પચાવ્યો સાગર જ્ઞાનનો રે જી .... બ્રહ્માનંદ

એકતાનો સાદ તારો ગગન ગજાવે
બ્રહ્મનો નાદ તારો, જંજાળો મુકાવે
ગાળી દે ગર્વનાં સમૂળાં કામ રે
દિવ્ય દષ્ટિ અમૃતથી જ ભરી રે જી .... બ્રહ્માનંદ

સમાધિ જડની વાસના ભરેલી
ચેતન સમાધિ તારી સત્ય જ ઠરેલી
દિપાવ્યા ગુરુજીના જ્ઞાન રે
દર્શનથી ઠરતી આંખડી રે જી .... બ્રહ્માનંદ



Scanned with CamScanner

॥ ૐ ॥

## અમે પ્રભુના આંગણેથી આવ્યા !

અમે પ્રભુના આંગણેથી આવ્યા, નિર્દોષિતા લાવ્યા
પ્રભુના ગુણ ગાવાને ....ટેક

અમે વિદ્યાના સાચા ઉમંગી, ભણતરના સંગી
વીરતાના કર્મ કરવાને. ....અમે

સત્ય અહિંસા પાળવી સાચી, વૃત્તિ ન રહે કાચી
પ્રભુના ગુણ ભરવાને. ....અમે

મારી બુધ્ધિમાં સ્થિરતા દેજો, વિકાસ સાચો કરજો
હૃદય ભાવો તરવાને. ....અમે

અમને શિક્ષણ દેનાર બને સુખી, રહે ન જરા દુ:ખી
સૌ સ્નેહવૃધ્ધિ કરવાને. ....અમે

અમે ભણતરથી શૂરવીર થાશું, વિદ્યાના ગુણ ગાશું
પ્રકાશે પૂર્ણ મળવાને. ....અમે

અમે દિલમાં શ્રધ્ધા દૃઢ ધારી, અંધકારને મારી
વિકાસ સાચો કરવાને. ....અમે

સાચા જ્ઞાનની જ્યોતિ પ્રગટાવી અભણને ભણાવી
સુખી સૌ કરવાને. ....અમે

અમે બાળુડાં નાનાં ન રહેશું, ગુણ સાગરો ભરીશું
દુર્ગુણ સૌ હણવાને. ....અમે

---

॥ ૐ ॥

એકાંત એટલે ? વિચારોના વમળથી દૂર. કોઈના દોષ જોવાની વૃત્તિ વહી જાય ત્યારે બ્રહ્મદૃષ્ટિ થાય છે. નિર્ભય નામનું નાંગર નાખવું એટલે પ્રભુમાં અટલ વિશ્વાસ.



Scanned with CamScanner

॥ ૐ ॥

# ઊજળી વાણી

મારા અંતરની ઊજળી વાણી
પ્રભુથી મેં તો જાણી
ખોટી વાતો ગમતી નથી ....ટેક

મારી દૃષ્ટિમાં નિર્મળ જ્યોતિ
એણે જ મને ગોતી
અજ્ઞાન સામે જોતી નથી ....મારા

મારી શ્રદ્ધા તો જ્ઞાનને લાવે
વિદ્યા ખરી ભણાવે
વિના સત્ય સિદ્ધિ નથી ....મારા

મારી શક્તિમાં દેશની ચડતી
કદી ન થાય પડતી
ભણાવનાર ભૂલી નથી ....મારા

મારા શાંતિ આનંદ છે સંગી
એના જ રંગે રંગી
હરખ-શોક કરતી નથી ....મારા

---

॥ ૐ ॥

હરખ અને શોક બે બહેનો છે. એક હૃદયમાં બેઠી છે તો બીજી ખોળામાં - હરખ - શોક જાય ત્યારે સમતા આવે છે.



Scanned with CamScanner

॥ ૐ ॥

## પ્રભુ પ્રેમ કરી મારી સાથે

પ્રભુ પ્રેમ કરી મારી સાથે બોલજો ...રે
મારે સાચો એક તારો છે આધાર --- પ્રભુ ૧
મારું ધ્યાન પ્રભુ, રાખો એવી ધારણા ...રે
મને ભૂલી તમે, જાશો નહિ લગાર --- પ્રભુ ૨
મારે રમવું અને ભણવું તારા પ્યારમાં ...રે
તારા વિણ મને ગોઠે ન ઘડી એક --- પ્રભુ ૩
પ્રભુ બોલું એવું, મધુર તમે બોલજો ...રે
દીવો લઈ પ્રભુ, બતાવો મને રાહ --- પ્રભુ ૪
મારી આંખે પ્રભુ, રહીને દેખાડજો ...રે
મારા મારગમાં, ભૂલ કદી ન થાય --- પ્રભુ ૫
મારો સાચો વિકાસ, પ્રભુ તારા હાથમાં ...રે
તારો મારો તોપણ, તમારો નાનો બાળ --- પ્રભુ ૬

॥ ૐ ॥

## પ્રભુ એક ઘડી, તમે નહિ ભૂલતા રે
(રાસ)

પ્રભુ એક ઘડી તમે નહિ ભૂલતા રે
મારો સાચો પ્રભુ કરજો વિકાસ .... ટેક
મારાં તન-મન ને બુધ્ધિ પ્રભુ કુમળાં રે
એની વૃધ્ધિમાં તમારું છે કામ .... પ્રભુ
જ્ઞાન-દાન પ્રભુ દેજો અમને શોભતાં રે
મારી ગૂંચવણની ગાંઠ છૂટી જાય .... પ્રભુ



Scanned with CamScanner

॥ ॐ ॥

તારી જ્યોતિથી હૃદય રહે ઊજળું રે
ભણતર-ગણતરમાં ભૂલો ન થાય .... પ્રભુ
મારી વાણી મધુર નેત્ર નિર્મળા રે
એમાં અમૃતનો તું જ સિંચનાર .... પ્રભુ
સત્ય વિદ્યાનું તેજ સાચી શોધમાં રે
કરાવો રાષ્ટ્રતણા વિજયનું કાર્ય .... પ્રભુ

॥ ॐ ॥

## વિશ્વ તણા બાગનાં ફૂલડાં

હાં રે અમે વિશ્વ તણા બાગનાં ફૂલડાં,
હાં રે અમે ગર્વ ન લેશ બન્યાં બાળુડાં .... ટેક

હાં રે અમે જોયું તો ફુલ કરમાય છે,
હાં રે એના ભેદ જોતાં સૌ શરમાય છે. .... હાં રે અમે

હાં રે અમે વિદ્યા ભણી વિદ્વાન થાશું,
હાં રે અમે ખોટા માર્ગે ના કદી જાશું. .... હાં રે અમે

હાં રે અમે હૃદયને ઊજળું બનાવશું,
હાં રે એમાં જ્ઞાનની જ્યોત જગાવીશું. .... હાં રે અમે

હાં રે સત્ય વિદ્યાથી વિશ્વને ગજાવશું,
હાં રે દિવ્ય પ્રકાશથી દિવ્યતા દીપાવશું. .... હાં રે અમે

હાં રે અમે અવિનાશી નાશથી રહિત છે,
હાં રે અમને પ્રેરનારો ચેતન ભંડાર છે. .... હાં રે અમે

હાં રે અમે બળ, બુધ્ધિ, વીરતા વધારશું,
હાં રે અમે શુધ્ધ પ્રેમે રાગદ્વેષ ટાળશું. .... હાં રે અમે



Scanned with CamScanner

॥ ૐ ॥

## ફૂલોના લાવનાર

ફૂલોના લાવનાર ફૂલોની, જાતો વિધવિધ લાવે છે,
ચડાવનાર તણી રુચિનો, ખ્યાલ સાથે લઈને આવે છે,
ખીલે અને કરમાયે એવાં ફૂલ અગણિત જણાયે છે,
ફૂલથી ફૂલે ફોસલાયે તે, ડહાપણમાં જ ગણાયે છે,
રૂપ-રંગ ઊડી જાય, સુવાસો સદા અચળ નથી રહેતી,
મોહમાં ફસાવવાની એવી ક્ષણભંગુર ખોટી હસ્તી,
ઘડીકના એ તમાશામાં સદાય ખોટું જ ભાસે છે,
ગમતું એવું સદા હૃદયમાં, શુધ્ધ વાણી વર્તન સાથે છે,
વિશુધ્ધ હૃદયમાં સદાય રહેતી, પ્રભુતા સાચી પ્રભુ જ તણી,
વર્તન ભાવે શ્રેષ્ઠ સુગંધી ઉત્તમ સદાયે શુભ ગણી,
ખીલે વિશ્વ આખું જેની સુવાસ સઘળે પ્રસન્નતા,
દિવ્ય સ્નેહ પૂર્ણ તૃપ્ત બનાવે, પ્રેમનું સિંચન મધુરતા.

॥ ૐ ॥

## શ્રીકૃષ્ણ વિજયતે(ધૂન)

જય રાધે, જય રાધે રાધે, જય રાધે, જય શ્રીરાધે.
જય કૃષ્ણા, જય કૃષ્ણા, કૃષ્ણા જય કૃષ્ણા, જય શ્રીકૃષ્ણા ....ટેક
હૃદય નિવાસા, હૃદય પ્રકાશા, હૃદયની શક્તિ શ્રીરાધા.
શ્રીકૃષ્ણ આત્મપ્રેરક સતમાં, નિર્મળ દૃષ્ટિનાં શ્રીરાધા, ....
શ્રીકૃષ્ણ-રાધા, બે નથી જુદાં, દિવ્ય કળાનાં શ્રીરાધા.
પ્રેમ વિશુધ્ધિ અતિ ઉમંગી(એક જ રંગી) નિષ્કલંકી શ્રીરાધા, ....
આનંદકરણી આનંદભરણી, આનંદદાતા શ્રીરાધા.
પ્રાણશક્તિ, જ્ઞાનશક્તિ, ભક્તિશક્તિ શ્રીરાધા, ....
આદ્યશક્તિ, પ્રજ્ઞાશક્તિ, કીર્તિશક્તિ શ્રીરાધા.
ગર્વત્યાગી, અતિ સુભાગી, પરમશક્તિ શ્રીરાધા ....
યોગશક્તિ, અહ્લાદિની, હૃદયવિકાસિની શ્રીરાધા.
ચૈતન્યસ્વરૂપી અદ્‌ભૂત ગતિની, મુક્ત સદાની શ્રીરાધા ....



Scanned with CamScanner

# સૃષ્ટિને યજ્ઞ રચી

સૃષ્ટિને યજ્ઞ રચીને, બ્રહ્મા કરે છે વાણી,
યજ્ઞથી વૃધ્ધિ થાશે, ઈચ્છાની મૂર્તિ જાણી. ....
સંતુષ્ટ દેવો થાશે, યજ્ઞો તમે જો કરશો,
સંતુષ્ટ તમને કરશે, યજ્ઞોનો પ્રેમ ધરશો. ....
પરમ કલ્યાણ થાશે, પરસ્પર પ્રેમ કરતાં,
ઈચ્છિત ભોગો દેશે, દેવોનો ભોગ ધરતાં. ....
ભોગો દેવોના આપ્યા વિના જ જે ભોગવશે,
ભોગવશે ભોગ આપ્યા વિના તે ચોર ઠરશે. ....
યજ્ઞો કરીને સત્ પુરુષો, બચેલું અન્ન ખાતા,
મુક્ત પાપોથી થઈને, સમૂળાં પાપ જાતાં. ....
યજ્ઞો કર્યા વિનાના રાંધીને જે ખાતા,
પાપો વધારી હાથે, પાપી બની જ જાતા. ....
અન્નથી પોષાય પ્રાણી, વરસાદે અન્ન થાયે,
યજ્ઞથી વરસાદ થાયે, યજ્ઞ કર્મથી જણાયે. ....
કર્મ વેદથી ઊપજતાં, વેદ પરમાત્માથી થાયે,
વ્યાપક પરમાત્મા સર્વે, નિત્ય યજ્ઞમાં જણાયે. ....
સમજાવી દીધા નિયમો, યજ્ઞો ગર્વ તજી કરવા,
પ્રભુએ બતાવી દીધા, મમતા તજી સમજવા. ....
નિયમો તજીને વર્તે, પાપી જીવનનો ઠરશે,
ઈન્દ્રિયલંપટ થઈને, વ્યર્થ જીવન કરશે. ....
સંગરહિત, મુક્તજ્ઞાની, સ્થિર ચિત્તથી યજ્ઞ કરતા,
સેવા કર્મ કરનારાનાં, સર્વે જ કર્મો બળતાં. ....
અર્પણ બ્રહ્મ પદાર્થ, હોમવાના બ્રહ્મ સર્વ,
બ્રહ્મરૂપ અગ્નિમાં, બ્રહ્મરૂપ હોતા તે બ્રહ્મ. ....



Scanned with CamScanner

॥ ॐ ॥

એકાગ્રતાને રાખી બ્રહ્મ, કર્મ જે કરે છે,
તેને જે ફળ મળતું, યોગ બ્રહ્મને મળે છે. ....
બ્રહ્મરૂપ સમજી સઘળું, આપી બ્રહ્મને પામે બ્રહ્મ,
એ અટલ નિયમ પ્રભુના, સર્વે સમર્પણ બ્રહ્મ. ....
દેવ યજ્ઞને જ ઉપાસે, યોગી કેટલાક એવા,
યજ્ઞ વડે યજ્ઞને જ, બ્રહ્મ અગ્નિમાં દેવા. ....
કાન વગેરે ઈન્દ્રિયો સંયમરૂપી અગ્નિમાં હોમે,
બીજા શબ્દાદિ વિષયોને ઈન્દ્રિયોરૂપ અગ્નિમાં હોમે. ....
ઈન્દ્રિયો અને પ્રાણોના સર્વ કર્મ જે કરે છે,
જ્ઞાનથી પ્રદીપ્ત કરીને આત્મસંયમ કરે છે. ....
આત્મસંયમ રૂપ યોગ અગ્નિમાં હોમે,
સઘળાં પાપો બાળી, પવિત્ર રોમે રોમે. ....
દ્રવ્યયજ્ઞ કરનારા, તપયજ્ઞ કરનારા,
યોગયજ્ઞ કરનારા, જ્ઞાનયજ્ઞ કરનારા,
અપાનમાં પ્રાણ હોમે, પ્રાણમાં અપાન હોમે,
પ્રાણ અપાન ગતિ રોકીને, પ્રાણાયામ પરાયણ થાયે. ....
નિયમિત આહારોવાળા, પ્રાણ પ્રાણોમાં ભાળે,
બધાય યજ્ઞ જાણનારા, યજ્ઞ વડે પાપ બાળે. ....
યજ્ઞમાં બાકી રહેલું, અન્ન તે જ અમૃત,
પ્રસાદી તેની લેનારો સનાતન બ્રહ્મ પામે સત્. ....
નહિ યજ્ઞો કરનારો આ લોક નથી મળતો,
મળે પરલોક ક્યાંથી, યજ્ઞ પ્રભુ પ્રીતિ ન કરતો. ....
વેદોમાં ઘણાયે યજ્ઞો, પ્રકાર યજ્ઞોના બતાવ્યા,
સર્વે કર્મોથી થતા જાણો, મુક્ત થવાને સમજાવ્યા. ....
દ્રવ્યમય યજ્ઞના કરતાં, યજ્ઞ જ્ઞાનમય ઉત્તમ,
સર્વે સંપૂર્ણ કર્મો, જ્ઞાનમાં સમાય એ નિયમ. ....



Scanned with CamScanner

॥ ૐ ॥

## રાધેશ્યામ રાધેશ્યામ મારા હૃદયે આવીને !
(ધૂન)

રાધેશ્યામ રાધેશ્યામ મારા હૃદયે આવીને,
બોલો અમારી સાથે, સાચો પ્રેમ લાવીને .... ટેક

સાચું ધ્યાન આપ રાખો, અંતર નથી રાખતા,
દોડી દોડી કામો કીધાં, દિલને શુભ ભાવના .... રાધેશ્યામ

વાણી આપી શુધ્ધ સાચી, હરખે પ્રેમ રાખતા,
શ્રધ્ધા સાચી અચળ કીધી, ઉમંગ ખૂબ લાવતા .... રાધેશ્યામ

પૃથ્વી આપો અન્ન ભરીને, ઉદાર નથી જગમાં,
પ્રાણદાતા પ્રભુ પૂરા છો, વિશેષ કળા સાથમાં .... રાધેશ્યામ

હિત કરો ગર્વ મૂકીને, દિવ્ય બોધ આપનો,
શંકા કાપો સાથે રહીને, પ્રકાશ આપો છો પ્રેમનો .... રાધેશ્યામ

મોડું મોડું શાને કરવું, આવીને ઈશારે બોલાવો
મીઠું મીઠું પ્રેમે બોલીને, કૃપાળુ પ્રેમે સમાવો .... રાધેશ્યામ

---

॥ ૐ ॥

પોતાનું અસ્તિત્વ મિટાવવાનું. કોઈ પણ જાતની માગણી ન હોવી જોઈએ. જ્ઞાનની પણ માગણી ન હોવી જોઈએ.



Scanned with CamScanner

## આજે ભક્તિ સાગર ઊછળ્યો રે લોલ
(રાગ : સીમર ધામ રળિયામણું રે લોલ)

આજે ભક્તિ સાગર ઊછળ્યો .... રે લોલ
ભજનમાં અખંડ આનંદ જો
પ્રભુ રિઝાવવાની પ્રીતડી .... રે લોલ
મોહ, શોક દિલથી આઘા ખસે .... રે લોલ
મળે શુધ્ધ હ્રદયમાં પ્રકાશ જો
સત્ય જ્ઞાન-દીપક પ્રકાશતો .... રે લોલ(૧)
પ્રભુ તો એવા શક્તિવાન છે .... રે લોલ
નાશ કરતાં લાગે ન પલવાર જો
દિનરાત પ્રેમે, પ્રભુ ભજન કરો .... રે લોલ(૨)
દર્શન દેવાને પ્રભુ આવશે .... રે લોલ
શ્રધ્ધા સાથ રાખજો બળવાન જો
અનેક ભક્તોને એણે તાર્યાં .... રે લોલ(૩)
પાળો નિયમ ગીતાના પ્રેમથી .... રે લોલ
તમને પણ, તારશે જરૂર જો
સંતોષી રહેતાં હંમેશ શીખજો .... રે લોલ(૪)
મન-બુધ્ધિ પ્રભુજીને સોંપજો .... રે લોલ
આત્માનો નિશ્ચય બળવાન જો
કામો કરો તે સાચા દિલથી .... રે લોલ(૫)
પ્રભુ સાથ પ્રીતિ નિભાવજો .... રે લોલ
પ્રભુને ક્ષણ ન ભુલાય જો
સુખદુ:ખમાં સમાનતા રાખજો .... રે લોલ(૬)
લોભ-લાલચથી દૂર ભાગજો .... રે લોલ
તજી દેજો ક્રોધતણો માર્ગ જો
પ્રકાશ પ્રભુજીનો રાખજો .... રે લોલ(૭)
સાચી છે શાંતિ પ્રભુ નામમાં .... રે લોલ
એવી ઉપાધિથી આઘા ભાગજો
બીજે દુ:ખસાગર દેખાય જો .... રે લોલ(૮)



Scanned with CamScanner

## પ્રભુ પ્રેમ સાચો કરજો ....રે

(રાગ : સત્ય પ્રેમ ધારણ કરીએ રે, પ્રભુને મળવા)

પ્રભુ પ્રેમ સાચો કરજો રે, પ્રભુમાં ગળવા,
રાગદ્વેષ કાઢી નાખો રે, અંતર મળવા ....ટેક
સાચી નિષ્ઠા રાખી મળવું, આજ્ઞાનું પાલન કરવું,
શમ, દમ, શ્રધ્ધા રાખી રે, જીવન જીવવું. =
હૃદય બળ પ્રભુનું ભરવું, એની પ્રેરણા રાખી તરવું,
મોહ-શોકનું મૂળ બાળી રે, વાસના તજવા. =
મન બુધ્ધિ શુધ્ધ પ્રભુની, નસેનસમાં છાપ વૃધ્ધિની,
વૃત્તિ સાચી બાંધી દેવી રે, પ્રભુમાં રહેવા. =
પ્રભુથી દૂર નથી થાવું, એના ભાવમાં ડૂબી જાવું,
શ્વાસેશ્વાસ સંગ રાખી રે, પ્રભુમાં રંગાવા. =
હૈયામાં હરખ આણી, સાચા એક જ પ્રભુ જાણી,
પૂર્ણ પ્રભુ અવિનાશી રે, સંપૂર્ણમાં રહેવા. =
કૂડકપટ કચરો ભરવો, ભરીને પછી સાફ કરવો,
ઉચ્ચાટ એનો રોજ કરવો રે, પ્રભુને તજવા. =
હૃદય શણગાર પ્રભુ માનો, ધન્યવાદ આપવાનો,
ઉપકારો રોજ કર્યા કરતા રે, પ્રભુ નહિ ભૂલવા. =
લાકડાંની હોળી કીધી, રાખ શરીરે ચોળી લીધી,
પાંચ તત્ત્વ પ્રીત ખોટી રે, રાખ લક્ષ સતમાં. =
રાખી સતને ભીતર જાવું,બહાર ભટકી નથી મૂંઝાવું,
વાલાની વાલપ ધરવી, ભીતર જ્યોતિ અખંડ ભરવી,
એની નિયતી સાચી ગણવી રે, બનીને મરજીવા. =



Scanned with CamScanner

॥ ॐ ॥

## સદાય સુતકી ગણાય

સદાય સુતકી ગણાય, જેના હૃદયથી મેલ ન જાય,
તેવા નર સદાય સુતકી ગણાય .... ટેક
ઉપરથી સ્નાન કરીને માનવ, પ્રવીણ બનવા જાય જી,
ભીતર ઈશ્વર ભજન વિના, મનમાં સદાય મૂંઝાય. .... તેવા નર
છળકપટ ભરપૂર રાખી, સિધ્ધ બનવા જાયજી,
એવાના પરમાણુ લાગે, તેથી અનેક ઉપાધિ થાય. .... તેવા નર
દયા તણી નવ વાત સૂઝે, સદા ક્રોધનો રહે વાસજી,
સુખ બીજાનું લાગે ઝેર સમ, તેનો જલદી થાય કેમ નાશ. .... તેવા નર
નિંદા કરવા જન્મ લીધો, તેથી સારું કેમ કરાયજી,
પ્રતિજ્ઞા ખરાબ કરવા તણી, તેવી ટેક ન તોડાય. .... તેવા નર
ક્ષમાવૃત્તિથી કોઈ જ્ઞાની, તેના દોષ ભૂલી જાયજી,
એવાને મૂરખ ગણીને, હાંસી કરવા ધાય. .... તેવા નર
શાંતિથી કંઈ કર્મ કરવું, તેમાં ઉપાધિ જણાયજી,
ખાવાપીવામાં સુખ સમજે, ભજનમાં દુઃખ ભળાય. .... તેવા નર
વિષ્ટાના કીડાને વિષ્ટામાં જેમ, સુખનો થાયે ભાસજી,
વિષય ભોગમાં લોભાણો જઈ, તેમાં દુઃખ ભર્યું ચોપાસ. .... તેવા નર
જેના ઘરનું મરે માણસ, તેને સુતકી ગણી લેયજી,
ખાવાપીવામાં દોષ સમજી, તિરસ્કારથી જોય..... તેવા નર
માટીનાં વાસણ અભડાઈ જાય, તેને નાખી દેવા તૈયારજી,
સોનું, રૂપુ ને રૂપિયા, નવ નાખી દેવા વિચાર. .... તેવા નર
શરીર બગડે તો મંત્ર જપથી, શુધ્ધ તેને બનાવાયજી,
ઈશ્વર ભજન વિના, કેમ કલ્યાણ થાય તે બતાવ. .... તેવા નર
સુતક સાચવી રાખવું ને જગતને બતાવવો જોગજી,
કામ ચંડાળને અંદર રાખ્યો, તે જ ભયંકર રોગ. .... તેવા નર
મોહ-મમતાના પૂરમાંથી, નીકળી જા તું ભાઈજી,
કહે ભક્તજન પ્રભુ ભજન કર, તો જ સુતક જનાર. .... તેવા નર
તેવા નર સદાય પવિત્ર ગણાય (૨).......................



Scanned with CamScanner

॥ ૐ ॥

## (ધૂન)અખંડ અનાદિ

(આ ભજનની ધૂન ખૂબ જ વિચારણીય છે, સમજ્યા વગર ધૂન ગાતા ભેદ ન મળે. આ ભજનની ધૂન મનન કરીને ગાવાથી ભાવની શ્રેષ્ઠતા થાય અને સંપૂર્ણમાં જ ભળીને સંપૂર્ણ જ થવાય.)

(એક જ તૂંહી)

અખંડ અનાદિ અચલ પ્રભુ એક
સત્ય સનાતન એની ટેક ....
શક્તિ અનંત વિશેષ મહાન
નિયમ વિરુધ્ધ નથી જાતું એક ....
એના ન્યાયમાં પડે નહિ ફેર
નિર્દોષ રચના ન્યાયમાં નેક ....
સૂર્ય-ચંદ્રના સમયસર કામ
થાક, રજા નહિ આળસ વાંક ....
વાયુ ગતિમાં મહાન બળવાન
વધઘટ પ્રભુ કરે, ચૂકે ન આંક ....
પૃથ્વી - જળનો યોગ - વિયોગ
તપ-યોગ જ્ઞાન ધ્યાને, નથી થાક ....
ભક્તિભાવ અભાવે ખ્યાલ
સાક્ષીભાવ ને નિર્ભય એક ....
દયા, દાન, શમ, દમ, સંતોષ
પ્રભુ માપ રાખે, સમજની ટેક ....
સૌથી વધારે કામનો બોજ
ગર્વ તજે, નથી હરખ કે શોક ....
કર્તા અકર્તા, અન્યથા (કર્તા) થાય
વિભાજન, ભાજન વિનાશે ન રાંક ....
દેવ અસુર, સુરપતિ સંગ્રામ
વેરઝેર અલગ નિર્મળ નથી વાંક ....
ભૂલચૂક થાક, રજા નહિ એક
સંપૂર્ણ પ્રભુ છે, એકના એક



Scanned with CamScanner

॥ ॐ ॥

# એમાં શું કરે પ્રભુ જ્ઞાની

(સ્વભાવની શુધ્ધિ પરમ આવશ્યક જ છે. તે વિના
પ્રભુ કાંઈ પણ ન કરી શકે.ગી.અ. ૫/૧૪)

અમે કર્મે આસક્તિ ધરતા, અમે નિષ્કામ કર્મ ન કરતા,
પ્રભુ બોધ ગીતામાં સાચો, તેને ભૂલ્યો ધ્યાની;
એમાં શું કરે પ્રભુ જ્ઞાની, પ્રભુ સાક્ષી ત્રિકાળ જ્ઞાની - ટેક
ઈન્દ્રિય વિષયો સાથ સંબંધો સુખદુઃખ દેનારાં,
પ્રભુ આજ્ઞાને મૂકી દીધી, રાગદ્વેષ વૃત્તિ માની;
એમાં શું કરે પ્રભુ જ્ઞાની, પ્રભુ સાક્ષી ત્રિકાળ જ્ઞાની -
અમર બનાવવા બોધ પ્રભુનો તેને દીધો ત્યાગી,
ગર્વ દેહનો કરી બંધાણો, પછી ખોટી કરી તેં હાનિ;
એમાં શું કરે પ્રભુ જ્ઞાની, પ્રભુ સાક્ષી ત્રિકાળ જ્ઞાની -
સમતા યોગને ઉત્તમ કહે છે, પ્રભુના મુખની વાણી,
વિષમતા શોક-મોહ વધારી, હાથે બન્યો અજ્ઞાની;
એમાં શું કરે પ્રભુ જ્ઞાની, પ્રભુ સાક્ષી ત્રિકાળ જ્ઞાની -
મનની સર્વે કામના ત્યાગી, સંતોષ આત્મ સુભાગી,
સ્થિરતા બુધ્ધિની તેને થાતી, બુધ્ધિ અસ્થિર બહુ શાખાની;
એમાં શું કરે પ્રભુ જ્ઞાની, પ્રભુ સાક્ષી ત્રિકાળ જ્ઞાની -
દુઃખોમાં ઉદ્વેગ ધરે મન, સુખની તૃષ્ણા વધતી,
રાગ, ભય ને ક્રોધ રાખે તો, અસ્થિર બને મુનિ ધ્યાની;
એમાં શું કરે પ્રભુ જ્ઞાની, પ્રભુ સાક્ષી ત્રિકાળ જ્ઞાની -
સર્વત્ર આસક્તિ છોડીને, હર્ષ, શોક ન કરવો,
તેનાથી કર્યું ઊલટું વર્તન, તે દુઃખની ખરી નિશાની;
એમાં શું કરે પ્રભુ જ્ઞાની, પ્રભુ સાક્ષી ત્રિકાળ જ્ઞાની -
સંયમ સાચો બુધ્ધિની સ્થિરતા, અસ્થિર બુધ્ધિ અશાંતિ,
અસંયમ તો ભક્તિ શ્રધ્ધા નહિ, ભાવ વિના શાંતિ શાની?
એમાં શું કરે પ્રભુ જ્ઞાની, પ્રભુ સાક્ષી ત્રિકાળ જ્ઞાની -



Scanned with CamScanner

॥ ૐ ॥

અશાંતને સુખ કદી ન હોયે, ઈન્દ્રિય મન સાથે ભટકે,
કર્મયોગ કુશળતા પ્રભુ કહે, ઈન્દ્રિય મન પ્રાણ સંયમની;
એમાં શું કરે પ્રભુ જ્ઞાની, પ્રભુ સાક્ષી ત્રિકાળ જ્ઞાની

॥ ૐ ॥

## જ્ઞાની અને અજ્ઞાનીના ભેદો

રાગ-ધોળ ગીતા અ. ૧૩, શ્લોક ૮ થી ૧૨

અમાની અદંભી અહિંસાધારી
ક્ષમા, સરળતા, ગુરુ સેવામાં લીન, તત્ત્વજ્ઞાની તેહ છે .... ટેક
પવિત્રતા, સ્થિરતા ને માનસિક સંયમ
ઈન્દ્રિયોના વિષયમાં વૈરાગ્ય, તત્ત્વજ્ઞાની તેહ છે. ....
અહંકાર રહિત થઈ વર્તન કરે
જન્મમરણ જરા રોગોમાં, દેખે દુઃખ-દોષ, તત્ત્વજ્ઞાની તેહ છે ....
અનાસક્તિ પુત્ર-સ્ત્રી ઘર વિષે
જેમાં હોય મમતાનો અભાવ, તત્ત્વજ્ઞાની તેહ છે. ....
ઈષ્ટ અનિષ્ટની પ્રાપ્તિ થતાં સદા
રહે ચિત્તની સમાનતાનો ભાવ, તત્ત્વજ્ઞાની તેહ છે. ....
અનન્ય યોગથી અસ્ખલિત ભક્તિ કરે
તેનો મારામાં છે સદા વાસ, પ્રભુનો આ પાસ, તત્ત્વજ્ઞાની તેહ છે. ....
સેવન કરતો એકાંત પ્રદેશનું
જનસમૂહમાં પ્રીતિનો અભાવ, તત્ત્વજ્ઞાની તેહ છે. ....
આત્મજ્ઞાનમાં નિત્ય સ્થિતિ જેહની
તત્ત્વજ્ઞાનના અર્થનો અનુભવ ખાસ તત્ત્વજ્ઞાની તેહ છે. ....
જ્ઞાની સાચો તેને ભગવાન કહે, ગીતા અધ્યાય તેરની માંય,
સંશય ન થાય તત્ત્વજ્ઞાની તેહ છે. ....



Scanned with CamScanner

॥ ૐ ॥

જ્ઞાની લક્ષણ શ્લોક આઠથી બારમાં
સંપૂર્ણ વિચાર કરીને સમજો જ્ઞાન, ઊલટું તે અજ્ઞાન તત્ત્વજ્ઞાની તેહ છે. ....
ભગવાન વાક્ય પ્રમાણ સાચું જ્ઞાન છે
હૃદય રાખે તેનું સાચું ભાન તત્ત્વજ્ઞાની તેહ છે. ....

॥ ૐ ॥

## પ્રભુ સર્વજ્ઞની સત વાતલડી

(આત્મજ્યોતિથી જોવાની ઉત્તમ કળા તે પરમાત્માની
ઉત્તમોત્તમ બક્ષિસ જ છે.)

પ્રભુ સર્વજ્ઞની સત વાતલડી(વાતો છે)
આત્મજ્યોતિએ જોવાય સૌની જાતલડી(જાતો છે)
આત્મજ્યોતિએ જોવામાં ભૂલ નથી
વેદ-શાસ્ત્ર પુરાણ જોયાં મથી મથી ....
એને સાચી ગમ કદીયે પડતી નથી
આત્મજ્યોતિના સમાન કોઈ જ્યોતિ નથી ....
સર્વ પ્રાણીના હૃદયમાં રહેલ આત્મા
સૌના પ્રેરક એ જ સાચા પરમાત્મા ....
ત્રણે કાળ છે એના પ્રકાશમાં
અખિલ બ્રહ્માંડ વર્તે છે એના જ્ઞાનમાં ....
સૌને સમજે સમજાવી દેતા સાનમાં
જ્ઞાન-વિજ્ઞાન વિકસાવે પ્રાણી માત્રમાં ....
અસુરો પર દેવોનો વિજય થાય છે
ત્યારે દેવો સૌ ગર્વથી ફુલાય છે ....
વિજય પ્રભુની જ શક્તિનો થાય છે
સમજી દેવોનો ગર્વ ગળી જાય છે ....
દેહ ગર્વથી માન્યો પોતાનો
ભૂલ સુધરે ખ્યાલ આત્મસત્તાનો ....



Scanned with CamScanner

॥ ૐ ॥

આત્મા અજર અમર ગણાય છે
દેહ વધે ઘટે નાશ તેનો થાય છે ....
સ્થૂળ સૂક્ષ્મ કારણથી ન્યારો
આત્મજ્યોતિનો પ્રકાશ પ્રિય પ્યારો ....
પાંચ કોષોની જાળ છે ખોટી
કોશાતીત આત્મજ્યોતિ છે મોટી ....
સૂર્ય, ચંદ્ર ને અગ્નિને પ્રકાશે
આત્મજ્યોતિ સમ જ્યોતિ ન જણાશે ....
આત્મસૂક્ષ્મથી સૂક્ષ્મ જણાયે
મહાન એના સમ કોઈ ના મપાયે ....
પૂર્ણ દૃષ્ટિનો પૂર્ણ છે દૃષ્ટા
સૌને દેખે છતાં સૌથી અલગ દૃષ્ટા ....
કેવળ કૃપા સાધ્ય છે આત્મજ્યોતિ
ગુરુકૃપા વિણ મળે ન ગોતી ....
પ્રભુ શક્તિમાનની છે શક્તિ
પ્રભુકૃપાથી થાય સાચી ભક્તિ ....
જ્ઞાન-યોગને તપમાં કિંમત ભરી
આત્મજ્યોતિમાં સૌની નજર ઠરી ....
મન ઈન્દ્રિયો પ્રાણનો સંયમ
આત્મજ્યોતિ સ્થિર કરવાનો નિયમ ....
સ્થિર બુધ્ધિના પ્રકાશમાં જ્યોતિ
બ્રહ્મનિષ્ઠાની અચળ એ જ્યોતિ ....
સાચી શાંતિ અખંડ એ દેતી
આગમ વાતો એ સરળ કહેતી ....



Scanned with CamScanner

॥ ૐ ॥

સત્ય જીવનમાં ઉજાસ કરતી
જ્ઞાન ધ્યાને સદાય જ્યોત જલતી ....
આત્મજ્યોતિ કદી ન બુઝાતી
કદી ખંડિત થતી ન જણાતી ....
આત્મજ્યોતિની સઘળી વિભૂતિ
દિવ્ય કળાની સાચી સમજૂતી ....

॥ ૐ ॥

## પ્રભુ વિના માયાનું ઘેન

પ્રભુ વિના માયાનું ઘેન આંખે અંધારું,
ચિત્ત છે ડામાડોળ ભટકે પરભારું,
પ્રાણવાસના છોડ, પ્રભુ પ્રેમ ચૂકતો ના,
આનંદમંગળ થાય, પ્રભુ ત્યાં અટકે ના.
પ્રભુકૃપાનો પ્રેમ અમૃત વર્ષાવે,
સત્ય દિવ્ય સંદેશ પ્રભુને દર્શાવે,
મન બુદ્ધિનો દોર પ્રભુને સોંપી દે,
સંતોષી દિન-રાત ચરણ ચિત્ત જોડી દે. -
તારણહાર વિશાળ પ્રભુ અંતર્યામી,
શ્વાસેશ્વાસ સંભાર, રક્ષક બહુનામી,
સર્વવ્યાપક અવિનાશી ઘટોઘટવાસી છે,
શ્રદ્ધા અવિચળ રાખ, તો નિષ્ઠા પાકી છે. -

---

॥ ૐ ॥

**સંકલ્પ - વિકલ્પ વિચારો જોયા કરવા - શબ્દ ન આપવો. મનોમય કાયને શબ્દ ન આપવો.**



Scanned with CamScanner

॥ ૐ ॥

# નૈષ્ઠિક બ્રહ્મચારી સદ્‌ગુરુ બ્રહ્મનિષ્ઠા દેજો

નૈષ્ઠિક બ્રહ્મચારી સદ્‌ગુરુ બ્રહ્મનિષ્ઠા દેજો
બ્રહ્મનિષ્ઠા દેજો, સદ્‌ગુરુ હ્રદયમાં કહેજો ....ટેક
આપ અનાદિ સદ્‌ગુરુ જ્યોતિ પ્રગટાવજો
દિવ્ય અખંડાનંદ દાતા, દયાળુ સૌને દર્શન દેજો .... નૈષ્ઠિક
સર્વજ્ઞ શ્રેષ્ઠ બ્રહ્મવિદ્યાના દાની,
અમર બનાવો એવી કળાના જ્ઞાની .... નૈષ્ઠિક
ઉધ્ધાર કરવા સદ્‌ગુરુ અવનિ પર આવ્યા,
પવિત્ર કરવા સૌને જ્ઞાનામૃત લાવ્યા .... નૈષ્ઠિક
વિધવિધ સ્વરૂપે સંત બનીને આવો,
સૂના હૈયામાં બ્રહ્મનાદ જગાવો .... નૈષ્ઠિક
હ્રદય શોભાવવા ગુરુજી હ્રદયમાં રહેજો,
ધ્યાન ન ચૂકીએ એવા સંદેશા દેજો .... નૈષ્ઠિક
આકર્ષણ કરીને ગુરુજી અમને બોલાવો,
અજ્ઞાન ટાળી દિવ્ય દ્રષ્ટિ બનાવો.... નૈષ્ઠિક
બહારની દોષવાળી વૃત્તિઓને વાળો,
જ્ઞાન-અગ્નિથી પાપ સમૂળાં બાળો .... નૈષ્ઠિક
બ્રહ્મના ચાર પાદ કેરું દર્શન કરાવો,
સ્થિરતા ને શાંતિ સ્થાપી આપમાં સમાવો.... નૈષ્ઠિક
પૂર્ણ સ્વરૂપથી અમને પૂર્ણ બનાવજો
અવિનાશી ભાવ સૌનો નિત્ય રખાવજો.... નૈષ્ઠિક

---

॥ ૐ ॥

અવિચારો દૂર કરવા માટે સાક્ષીભાવ કેળવવો જોઈએ.



Scanned with CamScanner

॥ ૐ ॥

## આવે આવે જો સંદેશો પરબ્રહ્મનો

આવે આવે જો સંદેશો પરબ્રહ્મનો, (૨)
ત્યારે અંતરમાં હોય પ્રકાશ,
અસત્ય ભાવ મુકાવવા સાચો એ કામનો....ટેક
સત્ય જ્ઞાન દીપકથી સૌ શોભતા, (૨)
દેવ ઋષિ મુનિ મહર્ષિ સમાજ,
સર્વેએ મેળવ્યો પ્રકાશ પુરણ ધામનો .... આવે આવે
ભક્તો મળતાં એના સાચા ભજનમાં, (૨)
એના દિલમાં આનંદ ઊભરાય,
વિશુધ્ધ પ્રેમની મસ્તી ભાવ ઉમંગનો .... આવે આવે
સમતા સદ્‌ગુણ દિનદિન વૃધ્ધિ પામે, (૨)
હર્ષ-શોકનો સદાનો અભાવ,
શત્રુ-મિત્ર ભેદ ગયો રાગ ને દ્વેષનો .... આવે આવે
ઈન્દ્રિય, મનને પ્રાણનો સાચો સંયમ, (૨)
નિર્દોષ સત્‌બુધ્ધિ સત્‌પ્રકાશ,
અંદર વૃત્તિ સ્થિર, નાશ અજ્ઞાનનો .... આવે આવે
ગર્વ જતાં શાંતિ અચળ સ્વરૂપમાં, (૨)
હૃદય શુધ્ધબ્રહ્મનો સાચો શણગાર,
શ્રધ્ધા અચળ, ગુણ વધે અમર ભાવનો .... આવે આવે
જગના સંદેશા આવે ભવ ભટકાવવા, (૨)
તોડો એના સંગનો દુઃખમય એ તાર,
જોડો સાચો સંબંધ પુરણ બ્રહ્મનો .... આવે આવે
અનન્ય ભાવથી ભજન વધારજો, (૨)
એના નિયમની નિભાવો સાચી ટેક,
અમીદૃષ્ટિ આનંદ અવિચળ ભાવનો .... આવે આવે



Scanned with CamScanner

॥ ૐ ॥

ભયથી તારે છે વિશ્વને પ્રેમથી,
એવા હૃદયના મહાન વિશાળ,
શરણ લેતાં, બનાવે પરમ ભાવનો .... આવે આવે
અભય વરદાન દેનારા નથી એની જોડના,
દોષ શુધ્ધ કરવા કૃપા અપરંપાર,
પોતા જેવો બનાવે આત્મા સર્વનો .... આવે આવે

॥ ૐ ॥

## અમીદષ્ટિ લઈ આવ્યા

અમી દષ્ટિ લઈ આવ્યા, સહુનાં હૃદય હરખાયાં
પધાર્યા પ્રેમથી ભાવે, જ્ઞાનમૃત સંત લઈ આવ્યા - ટેક
અંધારું ઘોર વ્યાપેલું, દુઃખી અજ્ઞાનથી થાતા,
દીપક ધરી જ્ઞાનનો સાચો, સહુ શીતલ કરી જાતા .... અમી
ઉદય સૌ ભક્તજનનો શું ? બધાં આશ્ચર્યથી પૂછતાં,
નહિતર સંત પુરુષોના, ચરણ દષ્ટિ નહિ પડતાં .... અમી
ઘણાંએ શાસ્ત્ર વાંચીને, ખરા ભેદો નથી મળતા,
બતાવે સંત સરળ રસ્તો, તેથી દુર્ગુણ બધા બળતા .... અમી
શ્રધ્ધા હોય સંતમાં સાચી, બતાવે કાર્ય તે કરવાં,
વચન અમૃત સમ ગણીને, હૃદયમાં ઠાંસીને ભરવાં .... અમી
બની નૈષ્ઠિક બ્રહ્મચારી, ખપાવ્યાં પાપ સહુ તપથી,
દીપાવ્યું જ્ઞાન ગુરુજીનું, જીવન કર્યું શુધ્ધ અણુવ્રતથી .... અમી
કરી વિહાર ચાલીને, કર્યા સંકટ સહન સુખથી,
તજી વૈભવ, ધર્યો વૈરાગ્ય, ઉપદેશી સદા મુખથી.... અમી
બની પાવન કર્યા પાવન, ઘણાં જીવન સુધાર્યાં,
ભૂલેલાને બતાવી માર્ગ, તમે તારક બની તાર્યા.... અમી



Scanned with CamScanner

॥ ૐ ॥

## જ્ઞાની ત્રણે કાળના સદ્‌ગુરુ પૂરણ બ્રહ્મ છો રે

જ્ઞાની ત્રણે કાળના, સદ્‌ગુરુ પૂરણ બ્રહ્મ છો રે,
અજ્ઞાન ઘોર મટાડી, જ્ઞાની કરવા સમર્થ છો રે .... ટેક
આપ સ્વરૂપમાં દૃષ્ટિ લાગી, ભ્રમણા સર્વે દૂર જ ભાગી,
સમતા યોગ સમજાવી, સ્થિર ભાવ સ્થાપતાં રે .... જ્ઞાની
વેદ-શાસ્ત્રનો ભેદ બતાવી, સાન કરી દેતાં સમજાવી,
અવગુણ સૌના નાશ કરીને, ગુણ દેતા સૌમાં ભરી રે .... જ્ઞાની
દેવી-દેવ સૌ પ્રેમે વધાવે, સત મહિમાનો નાદ ગજાવે,
શરણ આપનું ગ્રહણ કરે તે, ભવસાગર જાતાં તરી રે .... જ્ઞાની
ગુરુકૃપાથી અમૃત મળતું, પરમાનંદથી તૃપ્ત જ કરતું,
વાણી-નેત્રને શુધ્ધ બનાવી, સમતાં દેતાં પલકમાં રે .... જ્ઞાની
અદ્‌ભૂત જ્ઞાન-વિજ્ઞાન બતાવે,મધુર ભાવથી મધુર બનાવે,
બોલ-અબોલના શ્રેષ્ઠ ભાવથી, અખંડાનંદ વર્ષાવતા રે .... જ્ઞાની
નીરવ શાંતિનું મૂલ્ય ન થાયે, કરોડે ખર્ચે નહિ પમાયે,
શાંતિ રાજ્યના દાતા સદ્‌ગુરુ, શાંતિ આપે પ્રેમથી રે .... જ્ઞાની

॥ ૐ ॥

## પ્રભુજી હૃદયમાં રહીને અજ્ઞાન પડદો હઠાવજો રે

પ્રભુજી હૃદયમાં રહીને અજ્ઞાન પડદો હઠાવજો રે
પ્રિયતમ અજ્ઞાન કાઢી જ્ઞાન પ્રકાશ દીપાવજો રે .... ટેક
ભ્રમણામાં પ્રભુજી નથી રહેવું,આપ વિનાનું કોને કહેવું !
કાળજી રાખો આપ તો કામ વિકટ નથી રે .... પ્રભુજી
નામ-રૂપથી સ્વરૂપ ન્યારું, મોહ-શોકથી તન છે પ્યારું,
અવળા ભાવો હઠાવીને, સત્ય સમજ બેસાડજો રે .... પ્રભુજી



Scanned with CamScanner

॥ ॐ ॥

રાગદ્વેષ ને તૃષ્ણા વધતી, દેહ ગર્વની આશા ગમતી,
ખોટી રીતે ખુવાર થવાની દષ્ટિનો દોષ નસાડજો રે.... પ્રભુજી
અમૃત દષ્ટિમાં આપને દેખું, દિવ્ય આપમાં દષ્ટિ રાખું,
મેળવો આપ દષ્ટિમાં દષ્ટિ, ચૈતન્ય ભાવ જગાડજો રે.... પ્રભુજી
ત્રિકાળજ્ઞાની છો અવિનાશી, આપને ભૂલી બન્યા વિનાશી,
પરમ ભાવની પ્રત્યક્ષ વૃધ્ધિ, નિશ્ચલ નિશ્ચય રખાવજો રે.... પ્રભુજી
સર્વવ્યાપક આપ રહો છો, સંપૂર્ણ પૂર્ણાનંદ પ્રભુ છો,
હસવું સૌને આવે એવું, કેમ બને સમજાવજો રે.... પ્રભુજી
સુધારો કરીને શુધ્ધ બનાવો, ત્રિગુણ રમકડું દૂર હઠાઓ,
વીત્યા યુગ હજારો તેથી, પ્રભુજી સૌ મૂંઝાય છે રે .... પ્રભુજી
પ્રભુ રમતની ગમ્મત તમને, ત્રિવિધ તાપો તપ્યા ભ્રમને,
અજબ રમતથી થાકી ગયા, આપ જ શીતળ બનાવજો રે .... પ્રભુજી
સ્થિર ચિત્તની વૃત્તિ થાયે, આપને છોડી ક્યાંય ન જાયે,
શાંતિ આનંદ પ્રેમ સાગરથી, અધિક વૃધ્ધિ વધારજો રે.... પ્રભુજી
સનાતન અલૌકિક દર્શન તમારું, સાનથી સમજાવો આપનું પ્યારું,
સુધારો કરીને પ્રભુજી આપ જ, સ્નેહથી સૌને સમાવજો રે .... પ્રભુજી

॥ ૐ ॥

## સત્ય પ્રેમ ધારણ કરીએ રે

(રાગ : મુખડાની માયા લાગી રે)

સત્ય પ્રેમ ધારણ કરીએ રે, પ્રભુને મળવા,
રાગદ્વેષને તજી દઈએ રે, પ્રભુને મળવા .... ટેક
બ્રહ્મચર્ય પાલન કરવું, ગર્વ-મમતા ત્યાગી મળવું,
સમતા યોગ ઉત્તમ માનો રે,પ્રભુને મળવા .... સત્ય
શોક-મોહનો રંગ કાચો, સત્સંગનો રંગ સાચો,
બુધ્ધિને સુધારનારો રે, પ્રભુને મળવા .... સત્ય



Scanned with CamScanner

॥ ૐ ॥

હર્ષ-શોક કાઢી નાખો, અખંડાનંદ વૃત્તિ રાખો,
નિર્મળ દૃષ્ટિ ને વાણી રાખો રે, પ્રભુને મળવા .... સત્ય
અભય બની ભય તજો, બ્રહ્મનિષ્ઠા અચળ ધરજો,
હૃદયને શુધ્ધ કરજો રે, પ્રભુને મળવા .... સત્ય
પ્રભુ શરણ ગ્રહણ કરશે, એ નિશ્ચયથી નહિ ડગશે,
જીવન ધન્ય તે તો કરશે રે, પ્રભુને મળવા .... સત્ય
અહિંસા છે ઉત્તમ એવી, વેરભાવ હઠાવે તેવી,
સઘળી વાસના તજી દઈએ રે, પ્રભુને મળવા .... સત્ય
શ્વાસેશ્વાસે સ્મરણ કરવું, પ્રભુ ધ્યાન સદા ધરવું,
પ્રભુના ભરોસે તરવું રે, પ્રભુને મળવા .... સત્ય
ખોટા પ્રેમને દેવો છોડી, વૃત્તિ પ્રભુમાં દેવી જોડી,
પ્રભુપ્રેમમાં શાંતિ લેવી રે, પ્રભુને મળવા .... સત્ય

॥ ૐ ॥

## ગુરુજી આવ્યા છે જ્ઞાનવાળા

ગુરુજી આવ્યા છે જ્ઞાનવાળા રે,
હૃદયોનાં તાળા ખોલવાં રે જી ....
હઠાવે મનનાં બાંધેલ જાળાં રે
હૃદયોનાં તાળાં ખોલવાં રે જી - ટેક
જુગોની જૂની પ્રીત દેહની સંગે,
આસક્તિએ રંગ્યો ઇન્દ્રિયોના રંગે
સાચો તને રાહ ન સૂઝે રે
ગુરુ સમજાવે તો ઊગરે જી ....
રાગદ્વેષ ખૂબ કાળા, મુકાવે વિતરાગ વાળા
આપી અંતરમાં સાચા અજવાળા રે
સંશય સમૂળા કાપતા રે જી ....



Scanned with CamScanner

॥ ૐ ॥

ભોગોમાં ભર્યા છે શોકો,
દુઃખમાં ડુબાવે લોકો
છતાં તને સૂઝે નહિ સાચું રે,
તૃષ્ણાના લોભે ડોલતો રે જી ....
ધ્યાન ધર, સંતવાણી, આપે જ્ઞાન, કેવળ જ્ઞાની
રાખે નહિ તલભાર ખામી રે
જો હોય સાચો સંયમી રે જી ....
જીવન મળ્યું શા માટે, કરો ખ્યાલ શિર સાટે
વિષયોના વિષથી જલદી ભાગ રે
તજીને ખોટું ઉરથી રે જી ....
કામ, ક્રોધ તારાં વેરી, સત્ય-અહિંસા બખતર પહેરી
એનાં મૂળિયાં સમૂળાં નાખો ઉખેડી રે
વિજય સાચો તો થશે રે જી ....

॥ ૐ ॥

## સદ્‌ગુરુ શ્રીકૃષ્ણ જ્ઞાનવાળા

(સદ્‌ગુરુ શ્રીકૃષ્ણનું સત્ય-ત્રિકાળ અબાધિત જ્ઞાન)

સદ્‌ગુરુ શ્રીકૃષ્ણ જ્ઞાનવાળા, હો પ્રાણ પ્યારા (૨)
ત્રિકાળજ્ઞાની, જ્ઞાન વર્ષાથી સૌનાં
સૂતેલાં હૃદય જગાવે ...હો પ્રાણ પ્યારા
જ્ઞાન વિજ્ઞાનથી, તૃપ્ત બનાવી
જડતામાં ચેતના દીપાવે ...હો પ્રાણ પ્યારા
દેહદષ્ટિનો ભાવ નાશ કરી પ્રેમથી
વિશુધ્ધ દષ્ટિ બનાવે ...હો પ્રાણ પ્યારા
રાગદ્વેષ, મોહ ને મમતાઓ મારી
ચિત્ત-બુધ્ધિ સ્થિરતા જમાવે ...હો પ્રાણ પ્યારા
અવિચળ એકતાની સમજણ આપી
સમતાનો ગુણ શોભાવે ...હો પ્રાણ પ્યારા



Scanned with CamScanner

॥ ॐ ॥

પરમપ્રેમથી સમર્પિત કરી દ્યો,
અમૃતથી સ્નાન કરાવે ...હો પ્રાણ પ્યારા
એરે અમૃતથી તૃપ્ત બનાવી,
જીવનની શુદ્ધિ બનાવે ...હો પ્રાણ પ્યારા
નયનને, વેણને પલટાવી પોતે,
અખંડ સ્મૃતિઓ અપાવે ...હો પ્રાણ પ્યારા
શમ, દમ, સાધન પાકાં બનાવી
વિષયોના ઝેરથી બચાવે ...હો પ્રાણ પ્યારા
દર્શન દઈ પ્રભુ પાવન બનાવે,
નિર્ભય શાંતિ રખાવો ...હો પ્રાણ પ્યારા

॥ ॐ ॥

## જેનું જ્યારે પૂર્વજન્મનું

જેનું જ્યારે પૂર્વજન્મનું, પુણ્ય જાગે રે ....
તેનું ત્યારે પ્રભુના ભજનમાં ચિત્ત લાગે ....રે
પ્રભુના એને હૃદયમાં ભણકારા વાગે .... ટેક .... (૧)
આવે છે, પ્રભુજી મારા, પ્રાણથી અતીશે પ્યારા,
એવા ખ્યાલો રાત-દિવસ, પ્રભુ પ્રેમ વધારે .... રે (૨)
પ્રભુજી બોલાવું તમને, વ્યાકુળ કરો છો અમને,
તમારા વિનાનું જીવન, ભારરૂપ જણાયે રે .... (૩)
બતાવો આપ જ પ્રભુજી, ખુશીથી આપની મરજી,
આપની જ પાસે રહેવું, આપને સાચા સમજી રે .... (૪)
સંસારનું ચિત્ર મોટું, બતાવો આપ જ ખોટું,
નામરૂપથી ન્યારા જોવા, નિર્મળ દૃષ્ટિ બનાવો .... રે



Scanned with CamScanner

॥ ॐ ॥

એક જ મહાપ્રાણ ધારી, મહાભાવની પ્રીત સારી,
અપર બ્રહ્મના ભેદો સમજી, પરબ્રહ્મ પ્રીત વધારે .... રે
દેહભાવ નાશ જ પામે, ચૈતન્યવૃત્તિ જ વિરામે,
વાસનાઓ સર્વ બાળી, બ્રહ્મનિષ્ઠા પાકી .... રે
અજબ આપની ગતિઓ, અજમાવો આપની કૃતિઓ,
આપની રીતોથી પ્રભુજી, સમજ હ્રદય વસાવો .... રે

॥ ॐ ॥

## પ્રભુ સત્ય જ્ઞાનનો પ્રકાશ દીપાવો !

પ્રભુ સત્ય જ્ઞાનનો પ્રકાશ દીપાવો,અમારા હ્રદયમાં જ્યોતિ જગાવો -ટેક
ચાર વેદ ભણી ભલે પંડિત બનતા, ભેદ સમજ્યા વિના આવે ન સમતા
પ્રભુકૃપા કરીને સંશય હઠાવો .... પ્રભુ સત્ય
અનેક જન્મોની સ્મૃતિ ભુલાણી, સૂરતા જડતાના મોહે ફસાણી
વૃત્તિ વાળીને આપ બચાવો, .... પ્રભુ સત્ય
સ્મૃતિ-વિસ્મૃતિના વમળ મૂંઝાવે, ખોટાં કર્મોનો શણગાર સજાવે
પકડી હાથ પ્રભુ રાહે ચલાવો, .... પ્રભુ સત્ય
વિશાળ પૃથ્વી કદી ના મપાણી, એમાં ઉગાડી વૃક્ષોને પાયાં તમે પાણી
તમારા પ્રેમથી સહુને ખિલાવો, .... પ્રભુ સત્ય
વૃક્ષ અનેક છતાં એક નહિ ભૂલો, તમારી કૃતિઓનાં મોંઘેરાં મૂલો
વિધવિધ કાપણી ને કૃતિઓ છુપાવો, .... પ્રભુ સત્ય
પૃથ્વીનાં વૃક્ષોની ગણતરી કેવી, કરોડો માનવને ન સમજાય તેવી
ગુણ અનંત છતાં પણ છુપાવો, .... પ્રભુ સત્ય
મીઠો, તીખો અનંત રસનો ખજાનો, રસ ભરતાં દિન-રાત અદ્‌ભૂત મજાનો
પ્રભુ જેવો વિજ્ઞાની નથી કોઈ થવાનો .... પ્રભુ સત્ય



Scanned with CamScanner

॥ ૐ ॥

સમુદ્ર ને નદીઓમાં જળ છે અણતોલ્યાં,
જીવજંતુ અનંત એને કેમ જાય ખોળ્યાં
સૂર્ય-ચંદ્રને અગ્નિ બનાવો .... પ્રભુ સત્ય
આપનું તેજ સહુમાં પ્રકાશે, વધઘટ એમાં કદી નહિ થાશે
કોટિ સૂર્યો સમ જ્યોતિ પ્રગટાવો .... પ્રભુ સત્ય
ભૂત-પ્રાણી માત્રનાં ભાવિ ઘડનારા, પ્રેરણા આપીને દુઃખ હરનારા
ભક્તિ ને શક્તિથી દિવ્યતા લાવો .... પ્રભુ સત્ય
તમારું સ્વરૂપ સત્ય આપ જ જાણો, સમજાવો આપ જ, મટે ખેંચતાણો
પ્રભુજી સદાકાળ આપમાં સમાવો .... પ્રભુ સત્ય

॥ ૐ ॥

## પ્રભુ અમને સાંભરે તમારા ઉપકારો

પ્રભુ અમને સાંભરે તમારા ઉપકારો (૨)
એવા અમને, આપજો ઉત્તમ વિચારો રે .... ટેક
સત્ય,અહિંસાના સદ્‌ગુણ આપી, જીવન સફળ બનાવો,
દુર્ગુણનો અંશ મૂળથી કાઢી, સત્ય જ ઘાટમાં લાવો રે .... પ્રભુ
આદિ-અનાદિ ભૂલેલા યોગનો પ્રભુ અભ્યાસ કરાવો,
સુરતાને આપના પ્રેમમાં બાંધી, હૃદયને શુધ્ધ બનાવો રે .... પ્રભુ
અજ્ઞાનનો સહુ કાટ ઉખેડી, આત્માનું જ્ઞાન આપો,
ભેદ ને ભ્રમણા દૂર હઠાવી, મોહનાં બંધન કાપો રે .... પ્રભુ
એકાગ્રતા સહુ ચિત્તની કરજો, જ્ઞાનની નિષ્ઠા આપો,
પવિત્ર જ્ઞાનને શ્રેષ્ઠ બતાવ્યું, તે જ્ઞાન હૃદયમાં સ્થાપો રે .... પ્રભુ
કર્મ-અકર્મના ભેદ ન સમજ્યા, આપ મતિથી અથડાણા,
ખોટાં કર્મોનો ખ્યાલ જ બાંધી, રગેરગમાં પડ્યાં કાણાં રે .... પ્રભુ
ઘાવની વેદના વ્યાકુળ કરતી, ત્રાસમાં કરતી વધારો,
આપ આવીને એને મટાડો, સત્ય તો થાય સુધારો રે .... પ્રભુ



Scanned with CamScanner

॥ ૐ ॥

ઋષિ ને મુનિઓ જુગના જૂના, તપ કરી સ્વરૂપને પામ્યા,
તપ-યોગની બધી શક્તિઓ ખૂટી, આપ ચરણમાં વિરામ્યા રે .... પ્રભુ
તમારા નિયમનું પાલન કરીએ, એવી જ ભક્તિ કરાવો,
અવળા રાહનો માર્ગ બદલીને, સવળા રાહે ચલાવો રે .... પ્રભુ
સર્વસ્વ પ્રભુ આપ છો મારા, એવું હૃદય ઠસાવો,
નિર્બળ સર્વથી આપ-બળી છો, આપની કૃપા વરસાવો રે .... પ્રભુ
દયા હૃદયથી વિદાય લેતી, કઠોરતા કપટી વિચારો,
વાણી ને વર્તન વિવેકી આપી, રાગદ્વેષ વિષ ઉતારો રે .... પ્રભુ
રોગ વધે તન-મન મૂંઝાણાં, ધન વધ્યું શાંતિ નસાડી,
આસુરી ધને શ્રેય મુકાવ્યું, અન્ન ખાતાં બુધ્ધિ બગાડી રે .... પ્રભુ
મન-બુધ્ધિ પ્રભુજી આપને સોંપી, તેને શુધ્ધ બનાવો,
પ્રાણની કામના નષ્ટ કરીને, પ્રાણ પ્યારા બની આવો રે .... પ્રભુ
આવો આવો હવે વાર ન કરતા, દિવ્યતા આપી દીપાવો,
અજ્ઞાન અંધારું જગનું ટાળી, જ્યોતિમાં જ્યોત સમાવો રે .... પ્રભુ
અમૃતનું પ્રભુ સિંચન કરજો, વાયુમંડળને શોભાવો,
અણુના અખતરાનાં અનિષ્ટ કર્મોને, આપ પ્રભુજી મુકાવો રે .... પ્રભુ
જગને બચાવો અથવા સંહારો, આપ સ્વતંત્ર વિચારો,
મંદ બુધ્ધિની અમારી અરજી, તમારું સમજી સુધારો રે .... પ્રભુ
સાચી શાંતિની ઝંખના સહુને, કાળ વિકરાળ ડરાવે,
પ્રભુ તારા વિનાનો હોય અભાગી, તેને કોણ બચાવે રે? .... પ્રભુ
પાપી-કુકર્મીની વૃત્તિ સુધારી, આપમાં તલ્લીન બનાવો,
સાધુ ભાવોનું સિંચન કરીને, આપ જ સંતો દીપાવો રે .... પ્રભુ
અખંડ આનંદ આપનો આપી, શોકનો ભાવ હઠાવો,
શરણે આવ્યા સૌ સર્વે ભાવોથી, વિશુધ્ધ પ્રેમ જગાવો રે .... પ્રભુ



Scanned with CamScanner

॥ ૐ ॥

## પ્રેમે બોલવું રે !

પ્રેમે બોલવું રે, વચનને તોલવું રે,
વાણી નિર્મળ સત્ય ઉચ્ચાર (૨) - ટેક
સત્ય વાણીની અદ્‌ભૂત શક્તિ, ખોટું બોલી ન ખોવી,
પ્રભુ પ્રેમથી વિશુધ્ધ બનાવી, હૃદય ભાવમાં જોવી. - પ્રેમે
વિચાર કરીને વાણી બોલો, કામ સફળ સૌ થાશે,
શબ્દ ઊજળો, જીવન ઊજળું, જ્ઞાનની વાણી ગાશે. - પ્રેમે
નાભિથી ઊઠેલી વાણી, પ્રભુની સંગી થાશે,
પ્રેમ, આનંદ, પ્રકાશ વધારી, શાંતિથી ભળી જાશે. - પ્રેમે
હૃદય પ્રભુનો નિવાસ રાખો, કૂડકપટને ત્યાગો,
પ્રભુપ્રેરણા નવ તરછોડો, દંભ તજીને જાગો. - પ્રેમે
સ્થિર બુધ્ધિ ને સમતા મળશે, અવિચળ શ્રધ્ધા રાખો,
પાપ તણી જે જૂની રીતો, સમજી બાળી નાખો. - પ્રેમે
પ્રાણ તણા ગુલામ બનીને, જે માગ્યું તે આપ્યું,
ઈન્દ્રિય મનનું માપ અધૂરું, ખોટું સ્વરૂપ માપ્યું. - પ્રેમે
આત્માની જે અચિંત્ય શક્તિ, તેનું ભાન ભુલાણું,
દેહભાવના સાચી માની, મનડું ખૂબ ફુલાણું. - પ્રેમે
ગર્વ દેહનો સાવ નકામો, પ્રભુ કરે તે થાતું,
કામ-ક્રોધને તૃષ્ણા છોડી, પ્રભુ તરફ વળી જાતું. - પ્રેમે

---

॥ ૐ ॥

કોઈના પ્રભાવથી પ્રભાવિત થવું નહિ.

પાપનું મૂળ ગર્વ છે.

અહંકાર કરવો નહિ, એ જ એક લક્ષ છે.



Scanned with CamScanner

॥ ॐ ॥

## નાદ ગગનમાં ગાજે

નાદ ગગનમાં ગાજે, જોગીડા તારો, નાદ ગગનમાં ગાજે રે જી,
ચારિત્રશીલ તારી શાંતિ દેખી, મન, પ્રાણ, વચન પ્રમાણે. - ટેક
અણુવ્રત આંદોલન સફળ કરવા, કીધો પ્રયાસ ખરે ટાણે રે જી,
ધર્મ, નીતિ ને ન્યાયની વાતો, સમજાવી દીધી એક સાને.- જોગીડા
સિંહ પર આસન માંડી સિધ્ધિ બતાવે, તેની કિંમત કોડી પ્રમાણે રે જી,
મન પર આસન માંડી વિરલો બેસે, એ તો સૌનાં હૃદયમાં ભાવે.- જોગીડા
ઈન્દ્રિયો જેણે જીત્યા વિનાની, છૂટી મૂકે તે પસ્તાયે રે જી,
ઈન્દ્રિય નિગ્રહ કરી જીતી લીધી જેણે, તેના ગુણ જગમાં ગવાયે.- જોગીડા
ધનને ત્યાગ્યું જેણે, સ્વાદને ત્યાગ્યો, તનને તપથી તપાવ્યું રે જી,
જ્ઞાનદષ્ટિથી નિહાળ્યું સાચું, ઘોર અજ્ઞાન છવાયું. - જોગીડા
દુઃખને નવ ભાળ્યું એવું, જીવન તારું, જગ દુઃખે દિલ દુભાયું રે જી,
જગના જીવનની શુધ્ધિ કરવા, રાત-દિન આંદોલન ચલાવ્યું. - જોગીડા

॥ ॐ ॥

## હરિ હરિ બોલ, આનંદે ડોલ

(ધૂન)

હરિ હરિ બોલ, આનંદે ડોલ, પ્રેમ ધરીને હરિ હરિ બોલ. ....ટેક
ભક્તિભાવનો ઉત્તમ બોલ, શ્રધ્ધા વિશ્વાસે તેને તોલ. ....
શ્વાસે રટન કર પ્રાણનું મૂળ, પ્રભુ પ્રસન્ન થતાં સુધરે ભૂલ. ....
સંયમ પ્રાણથી ભક્તિનો ફાલ, ખર્ચે ખૂટે નહિ, ચમકે ભાલ. ....
મન-બુધ્ધિ, સ્થિરતાનો ખ્યાલ, પ્રભુ પ્રસન્ન થતાં કરી દે ન્યાલ. ....
સમતા, યોગ અચળ અડોલ, નિર્મળ વાણીમાં અમૃત બોલ. ....
વિવેક, વૈરાગ્ય જ્ઞાનથી ખોલ, હૃદયમાં આવે પ્રભુનો કૉલ. ....



Scanned with CamScanner

॥ ૐ ॥

પાલન કરવા પ્રભુના બોલ, તેની સમજનો સાચો તોલ. ....
અભયતા સમજે ભયનું પોલ, ભયનો ખોટો વાગે ઢોલ. ....
પ્રભુ શરણમાં નિર્ભય તાલ, અમર પ્રભુ છે પૂર્ણ વિશાલ. ....
વેર તજાવી કરાવે વ્હાલ, અદ્‌ભૂત પ્રભુ શક્તિનો ખ્યાલ. ....
નિંદા, સ્તુતિનાં સરખાં મૂલ, મૌન રહી નવ ગર્વથી ફુલ ....
દેહની અહંતા મમતા મેલ, આશા તૃષ્ણાનો ખોટો ખેલ. ....
કામ, ક્રોધ લોભથી બને બેહાલ,નરક પહોંચાડે એની ધમાલ. ....
એક જ પ્રભુમાં એકતા ત્રિકાળ, એનો સમર્પણ સાચો ખ્યાલ. ....
અંતર દષ્ટિના પ્રભુ વિશાળ, સત્યના પંથે એ પ્રતિપાળ. ....

॥ ૐ ॥

## પ્રભુજી સૌના પ્રેરક

પ્રભુજી સૌના પ્રેરક, શ્રધ્ધા હ્રદયમાં લાવો,
તૃપ્તિ કરે જગતની, ચિંતા સદા હઠાઓ - ટેક

સંયમ કરી નીરવતા, શાંતિ બધે વસાવો,
આનંદ અખંડ છે તેમાં, જ્યોતિ અમર દીપાવો - ૧

ભ્રાંતિ બધી ભગાવો, અનુભવ ખરો જગાવો,
વૃત્તિ વિષયની તોડી, સત્સંગ રંગ જમાવો - ૨

વ્યાકુળ પ્રભુને મળવા, ઉમંગ અતિ વધારો,
વેદના હ્રદયમાં વ્યાપે, પ્રભુ સાચો કરે સુધારો - ૩

સમતાનો ગુણ ઉત્તમ, શોક મોહ બીજ બાળો,
સઘળું પ્રભુને સોંપી, સઘળે પ્રભુ નિહાળો - ૪

જ્ઞાન ધ્યાને વૃત્તિ ધારી, બોજો બધો ઉતારી,
રક્ષક બનીને રક્ષા, કરશે પ્રભુ તમારી - ૫



Scanned with CamScanner

॥ ॐ ॥

## પ્રસન્ન ચિત્ત સદાનું

ગીતા અધ્યાય-૧૮ શ્લોક-૫૪ થી ૬૫-૭૩ તત્ત્વનો સારાંશ

પ્રસન્ન ચિત્ત સદાનું, બ્રહ્મભાવ સત્ય તેનો,
શોક નવ કરે કદાપિ, આશાનો ત્યાગ એનો. ટેક
ભૂત-પ્રાણી માત્રમાં છે, સમભાવ વૃત્તિ ધારી,
સાચો પ્રભુનો પ્રેમી, પરા ભક્તિ તેને પ્યારી. .... ૧
પ્રભુ વચન કહે ગીતામાં,હું કોણ ને છું કેવો,
યથાર્થ તત્ત્વજ્ઞાને, સમજી પ્રવેશે તેવો .... ૨
મારામય બનેલો, આજ્ઞાથી કર્મો કરતો,
મારી પ્રસન્નતા પામી, અવિનાશી બનીને ફરતો .... ૩
મન સાથે સૌ સમર્પણ, મુજને કરી જે ધારણ,
બનતો મારા પરાયણ, છૂટે તેનું પારાયણ .... ૪
મારો બુધ્ધિયોગ લઈને, મારાં ચિત્તવાળો થઈને,
મારી કૃપાથી સર્વે સંકટ ઓળંગી જઈને .... ૫
અહંકારથી જો મારાં, વચનો ન માન્ય રાખ્યાં,
તો નાશ થાશે તારો એવાં વચન ભાખ્યાં .... ૬
અહંકારથી કહે છે, મારે નથી જ લડવું,
નિશ્ચય તે ઠરશે મિથ્યા, તારે જ યુધ્ધ કરવું .... ૭
પૂર્વ જનમનાં કર્મો, પરવશ બની કરાવે,
એવા અટલ નિયમનું પાલન સદા કરાવે .... ૮
સંસાર રૂપ યંત્રે, સર્વે ચડેલાં પ્રાણી,
માયા વડે ભમાવે કર્મો સહુનાં જાણી .... ૯
સાક્ષી સદાય જોતો, એનો મળે ન જોટો,
સહુના હૃદયમાં રહેતો, એનો નિયમ ન ખોટો .... ૧૦
સર્વ ભાવથી તું, ઈશ્વરશરણ ગ્રહણ કર,
પરમ શાંતિ પામી, પદ અમર ધારણ કર .... ૧૧



Scanned with CamScanner

॥ ॐ ॥

આ ગુપ્તમાં જ્ઞાન ગુપ્ત પ્રેમે તને, કહું છું,
પૂરેપૂરું વિચારી, ઈચ્છા સિધ્ધિ દઉં છું .... ૧૨
સર્વેથી પણ વધારે, વચન ગુપ્ત મારું હિતકર,
પ્રતિજ્ઞાથી સત્ય કહું છું, વહાલો મને છે પ્રિયત્તર .... ૧૩
અર્જુન કહે અચ્યુતને, મોહ નષ્ટ પામ્યો મારો,
એ આપની કૃપા છે, સ્મૃતિ, સાચો પ્રસાદ તમારો .... ૧૪
સ્વધર્મ કર્મ, આત્મ, જ્ઞાને સ્મૃતિ જગાવી,
સંશયરહિત થઈ ગયો, બીજું ખોટું ફગાવી .... ૧૫
અર્જુન કહે પ્રભુને, મોહ, શોક નથી ધરવા,
તૈયાર થઈને ઊભો, કરીશ કહો તે કરવા. .... ૧૬

॥ ॐ ॥

## સમજ્યા વિનાનું સાધન

: શ્રી પરિબ્રહ્મ પરમાત્માને સર્વ સમર્પણ :

સમજ્યા વિનાનું સાધન, અવગુણભર્યું નકામું,
સમજે ન મન જ્ઞાને, સંશય વધે નકામું - ટેક
પ્રભુ વિના હૃદયમાં, દૂષણ ધર્યું નકામું,
ભૂષણ ખરું પ્રભુ છે, નિશ્ચય વિના નકામું - ૧
સંયમ વગરની વાતો, ક્રિયા વિના નકામું,
ભક્તિ વિનાનું જીવન, સ્થિરતા વિના નકામું - ૨
માન, મોહ, મમતા, વધતાં બધું નકામું,
તપ, યોગ, તેજ, સિધ્ધિ,સત મૂકે બને નકામું - ૩
પ્રભુ છે સર્વવ્યાપી માન્યા વિના નકામું,
ખોળવા બીજે ભટકવું, સત્સંગ વિના નકામું - ૪
કામ, ક્રોધ, લોભ સંગે, વધે પ્રેમ તો નકામું,
જીવન પ્રભુમાં રંગો, બીજું મૂકો નકામું - ૫
દેહ ભાવ જો વધે તો, વેદો ભણ્યા નકામું,
પ્રભુ પ્રાણથી પ્યારા, સમજ્યા વિના નકામું - ૬



Scanned with CamScanner

॥ ॐ ॥

## તમારી અને મારી પ્રભુ

રાગ : ધોળ

(ભૂલથી કે પ્રેમથી ! ખૂબ વિચારવું )

તમારી ને મારી પ્રભુ, પ્રીતિ છે જુગથી,
હૃદયમાં શોક-મોહ, ઠાંસી ભર્યા ભૂલથી. ટેક
કઠોરતા વ્યાપે સહુના, મનને મૂંઝાવતી,
તમારી કૃપા પૂર્ણ, શંકા, સમાધાને લાવતી. ૧
વેદ-શાસ્ત્ર પુરાણ, અમૃતવાણી સુણાવતા,
સમજે નહિ શાસ્ત્ર, દોષ બીજાનો કાઢતા. ૨
ભક્તિનો રંગ પ્રભુ, સાચો સૌને આપજો,
સૌ બને તમારા પરાયણ, પ્રેમ એવો ઉછાળજો. ૩
ભરતી તમારા પ્રેમની, અદ્‌ભૂત પ્રભુ રાખજો,
ઓટ કદી ન થાય, તન, મન સાચા ભીંજાવજો. ૪
ખોટી પ્રીત સાચા, તમારા પ્રેમને ભુલાવતી,
અંધારે રાહે ભ્રમણા, ખોટી તે ડરાવતી. ૫
વિષયોની વેલ તે તો, ઝેરી છે મૂળથી,
સેવન કરી જાય, તેને સંતાપે શૂળથી. ૬
ઝેર ઉતારનારું, પ્રભુ સંજીવન નામ છે,
વિશ્વાસે નામ લેજો, તારનારું પ્રમાણ છે. ૭
આજ્ઞા પ્રભુ તમારી સહુને, સાચી ગણી પાળવી,
વાસનાઓ બાળી, શુધ્ધ વૃત્તિ હૃદય ધારવી. ૮
વાણી ને નેત્ર બન્ને, નિર્મળ તમારા પ્રેમથી,
ભૂલ માફ કરી સુધારો, સાચી તમારી રહેમથી. ૯
તમારા દ્વારે તૃપ્તિનું સ્થાન છે ભરેલું,
તમારે ત્યાંથી કોઈ નથી નિરાશ ફરેલું. ૧૦



Scanned with CamScanner

॥ ૐ ॥

સત્ય વિજય રૂપ પ્રભુ કોમળતા આપજો,
અખંડ તમારા સ્મરણની શાંતિ સદા સ્થાપજો. ૧૧
જ્ઞાન-ધ્યાન એકતાનો, તાર નહિ તોડતા,
તૂટે ત્યાંથી સાંધી પ્રભુ રહો તમો જોડતા. ૧૨

॥ ૐ ॥

## જવા દીધી નૌકા

જવા દીધી નૌકા સૌની, તમારા મુકામે,
આરાધે જે સાચા હૃદયે, સાચી શાંતિ પામે. ૧ ટેક
તમારા વિશ્વાસે કોઈ, બૂડી નથી જાતું,
પ્રેમથી રક્ષણ કરો, ભક્તોથી ગવાતું. ૨
પતીત અજામિલ જેવા અનેક બચાવ્યા,
દોષ તેના શુધ્ધ કરીને, આપમાં સમાવ્યા. ૩
તારવાને માટે આપે, ગીતા સંભળાવી,
શ્રીમુખે આપે પ્રભુજી, વિગત સમજાવી. ૪
અનન્ય ભાવે સતત સ્મરણ જે કરે છે,
સમર્પણ કરતાં સાચું, વિજ્ઞાન જ્ઞાન મળે છે. ૫
તમારી કૃપાથી સઘળી, વાસના બળે છે,
સંપૂર્ણ તૃપ્તિ થાતી, તારામાં રહે છે. ૬
ત્રિકાળ જ્ઞાની સાચા, નથી તારા જેવા,
અમૃતની પરબો માંડી, અમર કરી દેવા. ૭
તારા જેવો પર ઉપકારી, નથી કોઈ થવાનો,
તમને છોડી બીજે કોઈનો, વિચાર નથી જવાનો. ૮
વિશ્વાસની ત્રૂટિ અમને, નડે છે અમારી,
વિઘ્ન તે કરે છે સૌને, ભૂલો છે અમારી. ૯
નિર્ભર તમારી ઉપર, રહ્યો છે સદાનો,
ગૂંચવણી ભૂલો સૌની, તું છે ઉકેલવાનો. ૧૦
સૌને કહેવાનું જે તે, આગળથી તું જાણે,
એક જ રૂપ કરી દેજે, સુધારી તું જાણે. ૧૧



Scanned with CamScanner

॥ ॐ ॥

## પ્રભુ અમને આપજો

(રાખનાં રમકડાં ને રામે રમતાં રાખ્યાં રે...... એ રાગ)

પ્રભુજી અમને આપજો (૨) સત્ય જ્ઞાનીનું શરણું રે
અસત્ય ત્યાગી, સત્ય કર્મની, શ્રધ્ધા ભક્તિ ઝરણું રે .... પ્રભુજી
પ્રભુ દર્શનથી શ્રેષ્ઠ ન બીજું, એવી દઢતા આપો. (૨)
ભૂલ કરેલી અનંત યુગની, પ્રભુજી આપ સુધારો રે .... પ્રભુજી
રાગદ્વેષના મલિન વિચારો, મૂળથી છેદન કરજો, (૨)
વિશુધ્ધ પ્રેમને ખૂબ વધારી, દુર્ગુણ સઘળા હરજો રે .... પ્રભુજી
લોભ, લાલચ ને તૃષ્ણાવાળી, બુધ્ધિ નિર્મળ કરજો,
પ્રકાશ પ્રભુજી તમારો આપી, દુ:ખ અમારું હરજો રે .... પ્રભુજી
શત્રુતાનો ભાવ ભુલાવી, એકતા અવિચળ ભરજો, (૨)
ખોટા માનથી ગર્વ વધારે, અંધશ્રધ્ધાએ બળજો રે .... પ્રભુજી
હરખ, શોકના બદલે ભાવો, અવિનાશી શુભ કરજો,(૨)
તમને ગમે તે કાર્ય કરાવો, સમજણ સાચી ભરજો રે .... પ્રભુજી
સંતોષી જીવન ઉજજવળતા, ઉદારતા પ્રભુ તમારી, (૨)
કામ, ક્રોધ ને મોહને છોડું, સાચી સંગત પ્યારી રે .... પ્રભુજી
વાસ પ્રભુજી અમારાં હૃદયે, રાખજો પ્રગટ સ્વરૂપે, (૨)
દોષો હરજો, અભયતા આપો, આપનું ધાર્યું કરજો રે .... પ્રભુજી
વિદ્યા વૃધ્ધિ સત્ય જ થાયે, તમને ક્ષણ નવ ભૂલું, (૨)
અખંડ આનંદ ઊછળે સાચો, સત્યથી તાર ન તૂટે રે .... પ્રભુજી
શમ, દમ, સાધન પાકાં કરજો, પ્રભુકૃપા ભરો તમારી, (૨)
ઈચ્છા અમારી હરણ કરીને, તમારી ઈચ્છા સારી રે .... પ્રભુજી
ખોટી હિંસા હાંસી મુકાવો, અહિંસા પ્રેમ વધારો, (૨)
સાચી વીરતાથી વીર બનવું, જગમાં શાંતિ સ્થાપો રે .... પ્રભુજી
દંભ કપટની વાતો મૂકીને, સત્યની રાહે ચાલો, (૨)
અમૃતવાણી સત્યની બોલો, પ્રભુ મસ્તીમાં ડોલો રે .... પ્રભુજી
દુ:ખના ડુંગર પ્રભુકૃપાથી, પળમાં અદશ્ય થાયે, (૨)
અમરપણાનો આત્મ બોધ તે, બ્રહ્મસ્વરૂપ બનાવે રે .... પ્રભુજી



Scanned with CamScanner

॥ ૐ ॥

## પ્રભુ દર્શન વિના ચેન ન પડતું

પ્રભુ દર્શન વિના ચેન ન પડતું, રાત-દિવસ રહે અંતર બળતું
જ્ઞાનના બદલે અજ્ઞાન વધતું, દુ:ખથી જીવન વીતે કળકળતું ....ટેક
સાચું તમારું જ્ઞાન પ્રભુ આપો, જગથી ભૂલેલાને સ્થિરતા સ્થાપો
ભક્તિનાં ભાવમાં ત્રૂટિ જણાતી, તમારી ભક્તિ પૂર્ણ નવ થાતી ....
ઘડીકમાં પલટે'ને વૃત્તિ વિખરાણી, અવિચળ નિષ્ઠા ન અંતર રખાણી
સાચું કહું છું પ્રભુ જગત છે એવું, રાગ ને દ્વેષ ભર્યા કેમ રહેવું ? ....
રાહ બતાવો ક્ષણ ભૂલ ન થાયે, પ્રેરણા આપો તો દુ:ખ સૌ જાયે
શ્રધ્ધા વધે સાથે સંયમ વધશે, દર્શન તમારાં તુરત મળશે ....
એવી સમજણ દઈ વિશાળતા આપો, શક્તિ તમારી દઈ ઉપયોગ સ્થાપો
પ્રેમ રંગે રગ ઠાંસીને ભરજો, ઊણપ રહે નવ એવું જ કરજો ....
માન'ને મોહ પ્રભુ મૂળથી બાળો, મલિન ભાવનાનું મૂળ ટાળો
આવો આવો પ્રભુ હમણાં જ આવો, સદ્‌ગુણ હ્રદયમાં ભરવાને લાવો ....
હ્રદય પ્રભુ મારું શુધ્ધ બનાવો, તેમાં જ્ઞાનનો દીપક પ્રગટાવો
કહી દ્યો, કહી દ્યો, પ્રભુ જલદી કહી દ્યો,દર્શન દઈ જીવન સાર્થક કરી દ્યો. ...

॥ ૐ ॥

## પ્રભુમાં પ્રેમ વધતો જાય રે
(સુદામાજી દ્વારકામાં આવ્યા રે - એ રાગ)

પ્રભુમાં પ્રેમ વધતો જાય રે, સદ્‌ગુરુજીના સંગમાં .... રે જી
સાધુ ભક્ત જોઈ હ્રદયે ઉત્તમ ભાવ ઊછળે
પ્રભુ તેને નિહાળીને જોતાં રે, ઉધ્ધાર એનો તો થશે .... રે જી
બાળ, વૃધ્ધ, યુવાનો સૌ, ભક્તિથી રંગાયે
રોજ રોજ એની ચડતી થાય રે, આશીર્વાદ સંતના .... રે જી



Scanned with CamScanner

॥ ૐ ॥

સમષ્ટિનો ખ્યાલ કીધો સૌના સુખે સાથ દીધો
એકતાને સાચી દઢ કરવા રે, મહેનત કરજો ખંતથી ....રે જી
જન્મ ધર્યો સાર્થક કરવા, મોહ, રાગ, દ્વેષ તજવા
જુગોના અંધારા છોડી દેવા રે, સાચી ભક્તિ કરવી પ્રેમથી ....રે જી
પ્રભુનું સૌ જ્ઞાન માગે, પ્રભુનું સૌ ધ્યાન માગે
તજી દઈ ગર્વની ચતુરાઈ રે, નમ્રતા રાખી ઉરથી ....રે જી
પ્રકાશ પ્રભુ સાચો દેજો, જીવન ત્રૂટિ હરતા રહેજો
ભક્તિ એમાં ઠાંસી ઠાંસીને ભરજો રે,દુર્ગુણ રહે ન એક ઘડી ....રે જી
શ્રધ્ધા સાચી, જ્ઞાનની થાયે, અજ્ઞાન સમૂળું જાયે
વધે અન્ન ધન, પડે નવ ખોટ રે, કર્મો શુભ પ્રભુ બતાવજો ....રે જી
તરીને બીજાને તારે, શક્તિ પ્રભુ આપજો ભારે
ભજન તારા ગાય'ને ગવરાવે રે, વાણી મધુરતા આપજો ....રે જી
હિંસા સૌ હૃદયથી ત્યાગે, અહિંસામાં પ્રેમ લાગે
છોડીને કુકર્મ તમામ રે, શાંતિથી રહે સૌ સંપથી ....રે જી
તૃષ્ણા ને લોભ છોડે, પ્રભુમાં મળી જાવા દોડે
વેદની મર્યાદા નવ તોડે રે, અખંડ સ્મૃતિ આપજો ....રે જી
દેહની આસક્તિ મૂકે, ભક્તિ કરવી નવ ચૂકે
સમદષ્ટિ સાથે વિવેક રે, પ્રેરણાઓ એવી પ્રેરજો ....રે જી

॥ ૐ ॥

## જેને હોય સાચો સત પર પ્યાર રે

જેને હોય સાચો સત પર પ્યાર રે
અસત તેને શું કરે રે ....જી ....ટેક
પ્રભુ પર પ્રેમ જેનો, સંયમ હોય સાચો તેનો,
શ્રધ્ધા જેની જ્ઞાનમાં અડોલ રે, કુટિલ તેને શું કરે રે ? .... જી.



Scanned with CamScanner

॥ ॐ ॥

સમતાનો સદ્‌ગુણ, વેરને ભુલાવે,
મુકાવે શત્રુમિત્રના ભેદ રે, કપટ તેને શું કરે રે ? .... જી.
હૃદય જેનું નિર્મળ, આનંદથી ઊછળે,
ભક્તિથી બનેલું તરબોળ રે, શોક આવી તેને શું કરે રે ? .... જી.
સંતોષી હોય પૂરેપૂરો, તપસ્વી યોગી હોય શૂરો,
પ્રભુ તેમાં રહે છે હજૂર રે, માયાવી તેને શું કરે રે ? .... જી.
ગર્વ સમૂળો કાઢી, પ્રભુ સાથે પ્રેમ બાંધી,
સુરતા સાચા નૂરમાં સમાણી રે, અંધારું તેને શું કરે રે ? .... જી.
ભેદ, ભ્રમ ટાળી, ગુરુમાં વૃત્તિઓ વિરામી,
જેના હોય ગુરુ તારણહાર રે, દુ:ખ આવી તેને શું કરે રે ?.... જી.
ગુરુનો વિશ્વાસ મોટો, વચન પાળતાં નહિ ખોટો,
તેને રહે નહિ કાંઈ તોટો રે, કાળ બીક તેને શું કરે રે ? .... જી.

॥ ॐ ॥

## જેનો શુભ વિચારોની સાથે વિવેક રે

જેનો શુભ વિચારોની સાથે વિવેક રે
ખેદ આવી એમાં શું કરે રે ? .... ટેક
શાસ્ત્રને વિચારી જેણે વૃત્તિ શુધ્ધ કીધી
શાંતિનું ભોગવે સ્વરાજ રે, ગુલામી તેને શું કરે રે ? .... જી.
વિચારો ભટકતા જેણે સ્થિર કરી દીધા,
મન એનું જ્ઞાનથી અડોલ રે, ભ્રાંતિનું ભૂત શું કરે રે ? .... જી.
રાગ, દ્વેષ, વિષયથી ઈન્દ્રિયો બચાવી,
લાગી જેને સાચી પ્રભુની તાળી રે, જગ વહેમી એને શું કરે રે ? .... જી.
હૃદય વિશાળ આપ્યું, પ્રભુએ રે'વાનું રાખ્યું,
રાત-દિન પ્રભુ છે રખવાળ રે, કુબુધ્ધિ આવી શું કરે રે ? .... જી.



Scanned with CamScanner

|| ॐ ||

સતનાં મૂળ ઊંડાં નાખી, અસતને દૂર રાખી,
અખંડ જ્યોત પ્રભુની જગાવી રે,આગિયાની જ્યોત શું કરે રે ?.... જી.
દિવ્ય દૃષ્ટિ સાચી લીધી, ઊણપ ન રે'વા દીધી,
સર્વમાં એનો છે પ્રકાશ રે, અજ્ઞાન એને શું કરે રે ? .... જી.
દોષ સર્વ મૂકી દીધા, ગુણ પ્રભુએ ભરી દીધા,
પ્રભુ સાચો શક્તિનો ભંડાર રે, નિર્બળ એને શું કરે રે ?.... જી.
પ્રભુનું શરણ સાચું, એનું કામ ન હોય કાચું,
પ્રાણ પ્યારા પ્રભુ, રાખે સંભાળ રે કામનાઓ એને શું કરે રે ?.... જી.

|| ॐ ||

## પ્રભુ અમે જુગથી

પ્રભુ અમે જુગથી પડેલા, આપથી જુદા રે
જુદાઈ નથી કાંઈ કામની રે .... જી
આપથી વિરુધ્ધ અમો ભટકીને થાકયા,
મચાવી દીધો શોરબકોર રે, માયાવી અંધકારમાં રે .... જી
આપનું આપેલું બધું, ગર્વથી અમારું કીધું,
હરામી બન્યા નિમકહરામ રે, આપ સાથે વેર બાંધિયું રે .... જી
કામ, ક્રોધના મોટા પાપે, આપ વિના વ્યથા વ્યાપે,
સૂઝે નહિ સાચો અમને રાહ રે, કૃપાળુ અમને તારજો રે .... જી
ભૂલના ભંડારો ભર્યા, એમાં અમે ડૂબી મર્યા,
કરો હવે જલદી અમને સહાય રે, અમૃત દઈ જિવાડજો રે .... જી
હૃદય દૂષિત એવું, આપને નવ રહેવા જેવું,
પાપથી એને કાળું કીધું રે, જ્યોતિ એમાં જગાવજો રે .... જી
વાણી-વર્તન જૂઠાં રાખ્યાં, રાગ, દ્વેષ, ફળ ચાખ્યાં,
વૃત્તિ ને તૃષ્ણાથી છોડાવો રે, અભય દાન આપજો રે .... જી
શુધ્ધ બુધ્ધિ સાચી દેજો, કુબુધ્ધિને હરી લેજો,
ધ્યાનમાં બનાવી મસ્તાન રે, પ્રેમથી પ્રભુ બોલજો રે .... જી
તારો, મારો ભેદ ટાળી, વાસના મલિન બાળી,
હૃદયમાં નિવાસ જમાવી રે, પ્રેરણાઓ સાચી પ્રેરજો રે .... જી



Scanned with CamScanner

॥ ૐ ॥

## પ્રભુ સાચો પકડેલો

પ્રભુ સાચો પકડેલો રાહ તારો રે
જગત જાળમાં નહિ પડું          રે જી ટેક
જગતનો ઝેરી વાયુ અંગડાં ધ્રુજાવે
તન-મન ઉપજાવે સંતાપ રે,
આશા-તૃષ્ણાના વાયરા          રે જી ....
રાગદ્વેષની રોજ વાતો સાંભળવી
ગર્વ ભરેલાં ખોટાં વેણ રે
મમતા, મોહના ફાંસલા          રે જી ....
ઈન્દ્રિયોનું સાચું માની, નથી બનવું કદી કામી
એને ઊલટી દિશાથી પાછી વાળી રે
સંયમ કરીને જીવવું          રે જી ....
નાડી ને પ્રાણ સ્થિર, બુધ્ધિમાં સ્થિરતા
પ્રભુમાં રહે દિન-રાત રે,
દીપાવે પ્રકાશ પ્રેમથી          રે જી ....
અખંડ આનંદની હૃદયમાં ભરતી
પ્રેરણા વિજય કરનાર રે
સંદેશા આવે શાંતિના          રે જી ....
જ્ઞાનની જ્યોત જાગે, આઠે પહોર મસ્તી
જીવનમાં ભરીને સુગંધ રે
પવિત્ર બનાવે સ્નેહથી          રે જી ....
તૃષ્ણા ને લોભ કદી ન સતાવે
પ્રભુની પ્રસન્નતાનું તેજ રે
વિસ્મય પમાડે વિશ્વને          રે જી ....
વાણી મધુર એનાં તન-મન ઊજળાં
નેત્રથી વર્ષાવે સાચાં નૂર રે
ધોઈ નાખે કાળાં કાળજાં          રે જી ....



Scanned with CamScanner

॥ ૐ ॥

સુકાન સંભાળો પ્રભુ, શક્તિમાન સૌથી વધુ
સદાની મૂંઝવણ ટાળી રે
પ્રાણમાં પ્રાણ સમાવજે રે જી ....
પ્રાણને તું જ દેતો, પ્રાણને તું જ લેતો
એક ક્ષણ પડે નહિ પ્રાણ જુદો રે
ધ્યાન રાખીને સંભાળજે રે જી ....
અવિનાશી અમરધામથી બોલાવે
મુકાવી ભાવ વિનાશી રે
ધામમાં સદા રાખવા રે જી ....

॥ ૐ ॥

## પ્રભુ જલદી બોલાવી

પ્રભુ જલદી બોલાવી ધામમાં રાખ રે,
જગમાં નથી ગોઠતું રે જી .... ટેક
કલ્યાણ થાય તે નિયમો તારા
ઉત્તમ સિધ્ધાંત સત્યના સારા
તારા ઘડેલા નિયમો તોડે રે, જગમાં નથી ગોઠતું રે જી.
સત્યનો મંત્ર તારો, દુ:ખોને કાપે
હ્રદયમાં શાંતિ, સદાય આપે
સત્યને છોડી ચાલે અસત રે, જગમાં નથી ગોઠતું રે જી.
અહિંસાની અમૂલ્ય, બક્ષિસ તારી
વેરને વધારી, અહિંસા વિસારી
મચાવે ખોટા શોરબકોર રે, જગમાં નથી ગોઠતું રે જી.
સમતા યોગ તેં ઉત્તમ આપ્યો
દયા કરીને ગીતામાં સ્થાપ્યો
ગીતા વાંચે, મૂકે ન રાગદ્વેષ રે, જગમાં નથી ગોઠતું રે જી.



Scanned with CamScanner

॥ ૐ ॥

નિષ્કામ કર્મો, ભયને હઠાવવા,
ગીતામાં કહ્યું કામના સંકલ્પ તજવા
કામના રાખી કરે છે આરંભ રે, જગમાં નથી ગોઠતું રે જી.
તપ કરે, યોગ કરે, મૌન રહે, ગર્વ કરે
ત્યાગી બની વન રહે, બધું કરી ગર્વ ધરે
ધનની તૃષ્ણાથી બનતા લાચાર રે, જગમાં નથી ગોઠતું રે જી.
તપ કરે યોગ કરે ગર્વ તજી મૌન રહે
વન રહે, ઘર રહે, બધું કરે પ્રભુ કહે
ધન તજે, તૃષ્ણા તજે, લક્ષ પ્રભુમાં જ રહે
આશાની તોડે એ ફાંસી રે, હૃદયમાં એવું ગોઠતું રે જી.
દૈવી સંપત્તિ સાચી મુક્ત બનાવે
પ્રભુની નિર્દોષ વાણી જણાવે
વૃત્તિઓ આસુરી ભાવે ભેળાણી રે, જગમાં નથી ગોઠતું રે જી.
શ્રીકૃષ્ણ જગત્‌ગુરુ, જુગના જૂના જ્ઞાની
પૂર્ણાનંદ, સંપૂર્ણ, પૂરેપૂરા ધ્યાની
એની દૃષ્ટિમાં દિવ્યતા ભરેલી રે,વિશ્વંભર વિશાળ હૃદયનો રે જી.
ત્રિકાળજ્ઞાની, ગુરુની અમૃતવાણી
અમૂલ્ય સાચી વેદમાં વખાણી
મોહે અંધ થઈ તેને નહિ પાળી રે, જગમાં નથી ગોઠતું રે જી.
અંતર્યામી, અંતર નથી રાખતો
સ્નેહ કરીને ધામમાં લાવતો
દેહનું હું પદ કાઢી નાખી રે
અવિનાશી ખંતથી બનાવતો રે......જી..... (હા)

---

॥ ૐ ॥

નિમ્ન કોટિની પ્રકૃતિ હઠીલી છે, વિષયો તરફ જનારી છે; તેને પરમાત્મા તરફ વાળવી જોઈએ.



Scanned with CamScanner

॥ ૐ ॥

## હરિ મારા હૈયામાં

( ભજન : રામ સાગરમાં બોલવાનું )

હરિ મારા હૈયામાં સદાય રહેજો રે
સૂના હૈયાં તે તો મસાણ છે રે જી.... ટેક
હરિ તારા રહેવાથી હૈયું રહે નિર્મળ,
સાચું હૈયામાં મારે, એક તારું બળ;
તારી શક્તિનું માપ ન કઢાય રે,
જ્ઞાની સાચો ત્રણે કાળમાં રે જી.... હરિ
શ્રધ્ધા વિશ્વાસે તને, કરું કાલાવાલા,
હૈયામાં પ્રેમ તારો, ઠાંસી ભરો વ્હાલા;
હૈયું તારા રંગથી રંગનારો રે.
રંગવા બોલાવું પ્રેમથી રે જી.... હરિ
મારા હૈયાને આઘે ઊભી જોતો,
સુધારો કર તું, દોષ નથી રહેતો;
તારા દિલમાં આવે, એવું હૈયું બનાવ રે,
તારા વિના નથી ગોઠતું રે જી.... હરિ
સમજો બધું તમે, છેટા રહેવું કેમ ગમે,
ગૂંચવણ કાઢ મારી, સમજણ રાખ તારી;
બોલ પાળું તારા બુદ્ધિમાં બેસાડ રે,
ઉકેલ તારા હાથમાં રે જી.... હરિ
ઘડનાર તું છે મારો, સદાનો હું છે તારો,
ઘડતર ઘડો એવું, હરિ તમને ગમે તેવું;
તમને ગમતું કરીને પ્રસન્ન થાજો રે,
તારાને મારા મેળનું રે જી.... હરિ
પ્રસન્નતા ધ્યાન તારું, શાંતિ આનંદ આપનારું,
તારી દષ્ટિએ તું જોનારો, સર્વ વ્યાપક પોષનારો;
ભૂલ બધી સુધારીને શુધ્ધ બનાવો રે,
હરિ વસો હૈયે, હેતથી રે જી.... હરિ



Scanned with CamScanner

॥ ૐ ॥

## એવો સમય કીમતી ગણાય

રાગ : માઢ

એવો સમય કીમતી ગણાય રે
પ્રભુ પ્રેમના - હૃદયે ઊભરા.. હો.. જી - ટેક
આનંદનું - પૂર આવે, ઊતરે નહિ-વૃધ્ધિ લાવે
શોક, મોહ સદાયના છોડી દેય - મુકામ ....રે
ભય ભાસે નહિ એકે ઘડી - હો જી
અભયતા વીર બનાવે, શત્રુભાવ કદી ના આવે
અહંતા, મમતા- સમૂળી, નાશ પામે રે ...
ચૈતન્ય આત્મ સ્વરૂપમાં.... હો....જી
દેહ નથી, ત્રિકાળ સાચું, જડતા ને કામ કાચું
દેહ બનવું નથી - સાચો એ સિધ્ધાંત રે
પ્રકાશે જ્યોતિ - આત્માની હો... જી...
ત્રણે કાળનું ભર્યું જ્ઞાન, આત્માનું બધું વિજ્ઞાન
કલ્પના કરીને દુઃખી નથી થાવું ... રે
કામના ને સંકલ્પો ત્યાગવા હો ... જી
એકતા અચળ ધરવી, આત્મબળની વૃધ્ધિ કરવી
આત્મસત્તા કદી નાશ ન પામે રે....
સંસારી સત્તા વિનાશની હો .... જી
દેહ સંગ-પ્રીતિ તોડી, આત્મા સંગ પ્રીત જોડી
આત્મા અજર અમર સદાય .... રે
દોષોની કલ્પના એમાં નથી ... હો જી
નામ રૂપો બાંધનારા, સાક્ષીથી સદા ન્યારા
સાક્ષીમાં ભેળવતાં ભૂલ થાય રે...
સાક્ષી અનાદિ નિર્લેપ છે હો જી



Scanned with CamScanner

॥ ॐ ॥

આશા તૃષ્ણા કરાવે હાંસી - એના પ્રેમમાં સદા ફાંસી
એનો સંગ સદાનો, છોડી દેવો રે
રંગ સાચો રહે છે શાન્તિનો હો જી
મહાન દેવોનો દેવ, સાચો એક આત્મ દેવ
આત્માની અટલ એકતા, વિશ્વાસી રે
સંપૂર્ણ પૂર્ણ પ્રકાશતા હો - જી
માગણી હોય દેવ પાસે ત્યાં સુધી દેવો ઉપાસે
આત્મા નિષ્ઠાવાળો માગે નહિ કાંઈ રે
તૃપ્તિ આત્મામાં સદા રહે હો જી.

॥ ॐ ॥

## દર્શન કરો ઘટોઘટમાં

પૂર્ણ બ્રહ્મ શ્રીરામ વ્યાપક દર્શન કરો ઘટોઘટમાં, (૨)
રાત દિવસ પ્રભુ રાખી અંતરમાં, ભૂલી ન ભટકો ભ્રમમાં. (૨)
ચોર્યાસી લક્ષના ફેરા ફર્યા તમે, પડીને ખોટી ખટપટમાં, (૨)
અજ્ઞાનતામાં પ્રેમ વધારી, જ્ઞાન ગુમાવ્યું રમતમાં. (૨)
સત્ય જ્ઞાનની કિંમત સમજો, પ્રેમ વધારો સાધુતપમાં, (૨)
રહે આનંદ રાત દિવસ, ઓછો ન બને પ્રભુસંગમાં. (૨)
પ્રભુના રંગથી હૃદય રંગાવો, ખોટ નથી એના રંગમાં, (૨)
રાગ, દ્વેષ ને મમતા મૂકો, વિશુધ્ધ પ્રેમ થવામાં. (૨)
અભયતા પ્રભુ પોતે આપે, દોષો સઘળા જવામાં, (૨)
દેવ બ્રાહ્મણ, ગુરુ, જ્ઞાનીનું, પૂજન કરજો હરખમાં. (૨)
પવિત્રતા ને સરળતા રાખી, બ્રહ્મચર્ય અહિંસા તપમાં, (૨)
ખેદ થાય તેવી વાણી ન બોલો, પ્રિય હિત છે સત્યમાં. (૨)
શાસ્ત્ર અભ્યાસ કદી ન ભૂલે તે, સાચો વાણીના તપમાં, (૨)
મનની પ્રસન્નતા સૌમ્ય ભાવે, મૌન બનો જગતમાં. (૨)
મન ઉપરનો કાબૂ રાખી, ખોટું ન બોલો ડરમાં, (૨)
દેશનું સાચું હિત બને તેવી, એકતા કર્મ અંતરમાં. (૨)
દેશદ્રોહી તમે ન બનશો તો, શ્રીરામ રહેશે પ્રગટમાં (૨)



Scanned with CamScanner

॥ ૐ ॥

## શિવ પર પ્રેમ કરો સૌ ભક્તો

### શિવજીનું ભજન

શિવ પર પ્રેમ કરો સૌ ભક્તો, શિવ પર પ્રેમ કરો સૌ ભક્તો
અચળ શ્રધ્ધાની સાથ,(૨) સહાયતા કરે છે ભોળાનાથ .... ટેક
કામ, ક્રોધ ને લોભ હઠાવે, બતાવે સાચો એ પંથ,
હળાહળ વિષ તો આપે પીધું, જેનું વર્ણન કરે સદગ્રંથ ....શિવ પર
દયા ધર્મની સાચી એ મૂર્તિ, અભય વચન દેય નાથ,
જ્ઞાન ધ્યાન તેનું નવ ચૂકો, રાખજો અહર્નિશ સાથ ....શિવ પર
સર્વ વ્યાપક એ નાથ અજન્મા, વંદન કરો જોડી હાથ,
તારક મંત્ર એ આપશે તમને, છોડશો નહિ તેનો સાથ ....શિવ પર
માયાવી જંજાળ મુકાવે, અવધૂત કૈલાસના નાથ,
અખંડ આનંદ આપો સૌને, પ્રેમે સૂણો દીનાનાથ ....શિવ પર
કલ્યાણકર્તા, મંગલદાયક, મહાકાલેશ્વર નાથ,
ત્રિગુણાતીત, અમર અવિનાશી, સદા રહો સૌની સાથ ....શિવ પર
કુબુધ્ધિ કાપી સંશય હઠાવો, બતાવો મોક્ષનો પંથ,
ઈન્દ્રિય ઘોડા સુમાર્ગે ચલાવો, ભાંગે ન કોઈનો રથ ....શિવ પર
સહુ ભક્તોના હ્રદયે બિરાજો, અંતરદૃષ્ટિ દો નાથ,
બુધ્ધિ સૂક્ષ્મ આપો સૌને, અમૃત ભરી દો હાથ ....શિવ પર

॥ ૐ ॥

## ગુરુજી કૃપા કરો અમ ઉપર

ગુરુજી કૃપા કરો અમ ઉપર
આપી હ્રદયમાં જ્ઞાન, આપી હ્રદયમાં જ્ઞાન
અમારું હરજો બધું અજ્ઞાન .... ગુરુજી .... ટેક
હ્રદયેશ્વરની આજ્ઞા માનું, છોડું કપટ ગુમાન,
શાંતિ આનંદ પ્રકાશના સંગી ભૂલીએ ન પ્રભુ ધ્યાન ....



Scanned with CamScanner

॥ ॐ ॥

રાગદ્વેષના વિષને ત્યાગી, પ્રભુ પ્રેમે તલ્લીન
શ્રેષ્ઠ ભાવે હૃદય શણગારું, સત્ય ધર્મ આધીન ....
મનનું માન્યું દુ:ખ જ ઊપજે, પ્રભુ છે કૃપા નિધાન
વિશ્વતણું પ્રભુ પાલન કરતા, પૂર્ણ એનું વિજ્ઞાન ....
સર્વે ગુણથી સંપન્ન પ્રભુજી, અભય એનું વરદાન
દેહ પ્રભુએ ઉત્તમ આપ્યો, ઉત્તમ કળાનું જ્ઞાન ....
આશા, તૃષ્ણા, ડાકણ મોટી, ભુલાવે સાચું ભાન
વેદશાસ્ત્રના ભેદ સમજવા, આપજો ગુરુજી જ્ઞાન ....
જીવપણામાં અલ્પ જ્ઞાન છે, કરે ભેદ વધારી દીન
સર્વજ્ઞ પ્રભુથી વિમુખ બનાવે, રાખે તે ગુણથી હીન ....
નિર્બળ પ્રાણ વાસના છોડી, બને પ્રભુનું સ્થાન
બ્રહ્માનંદમાં મસ્ત બનાવે, એ જ સાચું વિજ્ઞાન ....

॥ ॐ ॥

## પ્રેમથી પધારોને

મારા સાચા પુરુષોત્તમ ભગવાન, પ્રેમથી પધારોને ! .... ટેક
અનેક જન્મો ધરીને પ્રેમ ખોટો કર્યો,
સાચો પ્રેમી પ્રભુસમ બીજે ન મળ્યો
મારા અંતરના સાચા વિશ્રામ,
આનંદથી આવોને .... મારા સાચા
કોઈ દિવસ માસ કે વર્ષ પ્રેમ કરે,
પાંચ, પચીસ, પચાસ વર્ષે ખોટો ઠરે
તમારો પ્રેમ જુગોજુગ ટકનાર,
ભક્તિ આપોને .... મારા સાચા
ઘણાં દેવદેવી તમારા પ્રેમ ખાતર ઝૂરે,
સાધુ-સંતો તમારો પ્રેમ રાખી તરે



Scanned with CamScanner

॥ ૐ ॥

તમારા ગુણ ગાતા આવે નહિ પાર,
અખંડ શાંતિ સ્થાપોને .... મારા સાચા
જેણે તમારા પર સાચો પ્રેમ કર્યો,
તે તો અનેક દુઃખોના સાગરથી તર્યો
તમારી માયાનો પામે તે પાર,
સ્મરણ તમારું રાખીને .... મારા સાચા
કંઈક બળતા ને પડતાં બચાવી લીધાં,
ઘણા પ્રાણો અર્પે તેં સજીવન કીધા,
તમારા પ્રેમમાં ન ખોટ જનાર,
બચાવો જલદી આવીને .... મારા સાચા
ભક્ત નરસિંહ, મીરાંને તમારી લગની લાગી,
સાચા તારા એ પ્રેમથી ભ્રમણા ભાંગી
દોડી ઉતાવળે કરતાં પ્રભુ કામ,
દઢતા સ્થાપોને .... મારા સાચા
રાતદિન તમારા ભજનની પ્રીતિ રહે,
અખંડ અમૃતની ધારાઓ નિશદિન વહે
ત્રિવિધ તાપોનું શમન કરનાર
જલદી પધારોને .... મારા સાચા
આશા, તૃષ્ણાના બંધનથી બંધન કર્યું,
ધ્યાન પ્રભુનું છોડી માયાનું ધર્યું,
પતિતોના ઉધ્ધાર કરનાર,
સ્વરૂપ બતાવોને .... મારા સાચા
આખા જગત તણું પ્રભુ પાલન કરો,
ખોટ કદીયે ન આવે તે માર્ગ ખરો,
મારી શ્રધ્ધાને કરજો બળવાન
ધ્યાન તમારું ધરવાને .... મારા સાચા



Scanned with CamScanner

|| ૐ ||

# અનન્ય ભાવનાવાળો

(આ ભજનમાં લખેલા ગુણો અવશ્ય હોવા જ જોઈએ
તે સૂક્ષ્મ વિચારીને આ ભજન લખેલું છે.)

અનન્ય ભાવનાવાળો સાચો પ્રભુ પ્રેમ જોઈએ છે,
પ્રભુના રંગમાં તરબોળ, ભક્તિનો રંગ જોઈએ છે .... ટેક
નિભાવવા પ્રભુના નિયમો, કર્તવ્યનિષ્ઠા જોઈએ છે,
સદાયે ધ્યાનમાં જોડાણ, હૃદયની શુદ્ધિ જોઈએ છે .... (૧)
શ્રધ્ધા, વિશ્વાસ, નિર્ભયતા સાથે બ્રહ્મચર્ય જોઈએ છે,
રિઝાવા શ્રીપ્રભુજીને, સત્યનો માર્ગ જોઈએ છે .... (૨)
સંકલ્પો કામના મૂકવા, સત્સંગ રોજ જોઈએ છે,
કામ, ક્રોધ, લોભને તજવા ગુરુનો બોધ જોઈએ છે .... (૩)
દુ:ખોમાં ધીરજને ધરવા, મક્કમતા મનની જોઈએ છે,
સ્થિરતા બુધ્ધિની કરવા, સ્મરણ શ્વાસેશ્વાસ જોઈએ છે .... (૪)
રાગદ્વેષ છોડી દેવામાં, અભયતા ખાસ જોઈએ છે,
ત્રિવિધ તાપોથી બચવાને, પ્રભુની શાંતિ જોઈએ છે .... (૫)
મલિન મોહ શોકને તજવા, પ્રેમ આનંદ જોઈએ છે,
આશા તૃષ્ણાથી બચવામાં, પૂરો સંતોષ જોઈએ છે .... (૬)
કપટની જાળ તોડીને, સરલ શણગાર જોઈએ છે,
વાણી ને નેત્ર શુધ્ધિમાં, નિર્દોષ બ્રહ્મદૃષ્ટિ જોઈએ છે .... (૭)
અચળ બની ગર્વ તજવામાં,પ્રાણોની શુધ્ધિ જોઈએ છે,
પ્રભુ વિના ન ચેન પડે, પ્રાણોનો પોકાર જોઈએ છે .... (૮)
પ્રભુ આવે ન મોડું કરે, એવો એક તાર જોઈએ છે,
આવે પ્રભુ તરત મળવાને પછી,નવ કાંઈ જોઈએ છે .... (૯)



Scanned with CamScanner

॥ ૐ ॥

## ભગવાન સદા રક્ષણ કરતા

ભગવાન સદા રક્ષણ કરતા, ભગવાન સદા રક્ષણ કરતા
એની જોડીનો બીજો મળતો નથી,એની જોડીનો બીજો મળતો નથી
ઉપકાર અનેકો એના છે છતાં એનો ગર્વ તે કરતો નથી....ભગવાન(૧)
પ્રભુ ભજન પ્રેમે કરે ને, ધ્યાન રોજ કરતો રહે,
આપે પ્રભુ બુધ્ધિ યોગ તેને, જઈ પ્રભુ-ધામે રહે,
વચન ગીતામાં કહ્યું તે ખોટુ કદી પડતું નથી....ભગવાન(૨)
પ્રભુ કૃપાળુ કૃપા કરીને હૃદયની શુધ્ધિ કરે,
અજ્ઞાન વિષને દૂર કાઢી, જ્ઞાન દીવો પ્રગટ કરે,
બદલો ન માગે કોઈ પાસે, એવો જગતમાં જડતો નથી....ભગવાન(૩)
પરમ બ્રહ્મ પ્રભુજીનું અમર ધામ ગણાય છે,
એવા સનાતન આદિ દેવ, અજન્મા કહેવાય છે,
વ્યાપક રહે છે સર્વમાં, અવિનાશી કદી એ મરતા નથી ....ભગવાન(૪)
સર્વ ઋષિઓ વ્યાસ, નારદ, દેવલ પણ સાક્ષી પૂરે,
અજબ કળા કુદરત તણી વાણીને દૃષ્ટિ છે અમર ખરે,
ઈશ્વર પોતે સાચું કહે, પછી સંશય કોઈને રહેતો નથી....ભગવાન(૫)
સહુ પ્રાણીના હૃદયમાં આત્મરૂપે પ્રભુ જ છે
આદિ સર્વ ભૂતોતણો અને મધ્ય અંત પણ તે જ છે
સમર્થ એવા પ્રભુજીના, તેજ ઝાંખા કદી પડતા નથી....ભગવાન(૬)
બીજ સર્વ ભૂતો તણું, પ્રભુ વિના બીજું નથી
જંગમ કે સ્થાવર હોયે, પ્રભુ વિના ફળતું નથી
સ્થિતિ, ઉત્પન્ન, લય કરે, નજરે છતાં પડતા નથી....ભગવાન(૭)
પડદો બનાવ્યો સૌથી જુદો, છુપાઈ કામ ઘણાં કરે
પ્રગટ કામો કરી બતાવે, સમજણ છતાં પણ ના પડે
સરલ પ્રભુ રસ્તો બતાવે, ગૂંચવણ કદીયે રહેતી નથી....ભગવાન(૮)



Scanned with CamScanner

॥ ૐ ॥

## અમે પ્રેમનગરના વાસી

(દિવ્ય પ્રેમ-વિકાસનો સંદેશો, આ પ્રેમનું ભજન લખાયેલ છે,
પ્રભુને પ્રેમ સ્વરૂપ જાણીને જ.)

અમે પ્રેમ નગરના વાસી, અમે હૃદયથી વિશુધ્ધ ઉપાસી ....અમે...ટેક
પ્રેમનગરનું અનાદિ મંદિર, કાળથી નથી ખવાતું, (૨)
વેદશાસ્ત્ર, કુરાન, બાઈબલ, સહુ ગ્રંથોનું સાર જણાતું (૨)
યુગ વીતે પણ પ્રેમમંદિર તો અખંડ અચલ વિકાસી ....અમે(૧)
પ્રેમમંદિરને કદી ન મપાયે, સહુ દિશામાં ખુલ્લેખુલ્લું, (૨)
સર્વે કાળમાં પ્રેમ મંદિર તો, પ્રકાશ દેવામાં પહેલું, (૨)
હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, ધર્મથી પ્રેમના વાસી....અમે(૨)
બ્રાહ્મણ,પંડિત,કાજી,ફકીરો,તપસ્વી,યોગી ને ભક્તો સૌએ પ્રેમ ભરેલા,(૨)
નાતજાત ને ધર્મના ઝઘડા,પ્રેમમંદિરના પ્રેમીઓ તો ચેતી દૂર જ રહેલા,(૨)
ધર્મગુરુઓ, લેખક, કવિ સહુ, વિસ્મય પ્રેમ ઉપાસી ....અમે(૩)
પ્રેમમંદિરથી પવિત્ર બનતા હૃદયે સૌ હરખાતા, (૨)
આનંદમય અને શાંતિમય વીરતાનાં ગાનો ગાતાં, (૨)
અખંડ પ્રેમના સૂરને સમજી પ્રેમમંદિરના નિવાસી ....અમે(૪)
પૃથ્વી વનનાં વૃક્ષો, પહાડો, પક્ષી, નદીઓ, સાગર તાલો, (૨)
કુદરતમાં સૌ પ્રેમ કરીને ગુંજન વિધવિધ ખ્યાલો, (૨)
કોયલ સૂરથી નાદ ગજાવે, મસ્ત પ્રેમ ઉપાસી ....અમે(૫)
જાગૃત પ્રેમી અનહદ નાદે, એકતા અચલ બનાવે, (૨)
પ્રેમમંદિરની પ્રેમ પ્રસાદી, હૃદયમાં પ્રેમી સમાવે, (૨)
પ્રેમી સરલ હૃદય પ્રેમ ભરતી, સત્ય જ પ્રેમ ઉપાસી ....અમે(૬)
પ્રેમ પ્રકાશના ઊજળા પ્રકાશે, યુગનાં અંધારાં જાતાં, (૨)
મુક્ત બનેલા વિશુધ્ધ પ્રેમીને, દર્શન દિવ્ય જ થાતાં, (૨)
પ્રેમીને તો રોજ દિવાળી, અખંડ પ્રકાશ પ્રકાશી ....અમે(૭)
પ્રેમીના પ્રેમનું માપ ન નીકળે, પ્રેમ છે સઘળે વ્યાપ્યો, (૨)
પ્રેમી પ્રેમથી ઉદાર બનીને, હૃદયમાં પ્રેમને સ્થાપ્યો, (૨)



Scanned with CamScanner

॥ ॐ ॥

પ્રેમીના પ્રેમની શ્રેષ્ઠ કળા તો વિજય પ્રેમ વિકાસી .... અમે(૮)
સંયમ પ્રેમીનો સાચો પાયો, નિર્દોષ નિર્મળ વાણી, (૨)
પ્રાણ વિશુધ્ધિ પ્રેમ ભરેલો, અમૃત સિંચન જાણી, (૨)
પ્રેમી પવિત્ર સહેજે કરતો અમર પ્રાણ ઉપાસી .... અમે(૯)

॥ ॐ ॥

## અમે અમર લોકના વાસી

અમે અમર લોકના વાસી
અમે અવિનાશી ભાવ વિશ્વાસી ....ટેક
અમર લોકનું અનાદિ સત્ય
અગ્નિથી નથી બળાતું (૨)
કૂડકપટ ને મોહની ઝાળો,
સઘળું વિનાશી ગણાતું (૨)
કામ, ક્રોધ ને લોભ ન આવે
દ્દષ્ટિમાં એક અવિનાશી....૧
અમર લોકનો પ્રાણ અમારો
અમર લોકથી આવ્યો (૨)
જડતા વિનાશી ગ્રંથિ તોડીને
નિર્ભય નિર્ણય લાવ્યો (૨)
મહાભાવનો પ્રાણ અમારો
નિશ્ચય લક્ષનો વાસી ....રે



Scanned with CamScanner

॥ ॐ ॥

દશ્ય માત્રનો નાશ થવાનો
દ્દષ્ટિનો દ્દષ્ટા સદાનો (૨)
દિવ્ય દ્દષ્ટિનું અમૃત મળતાં
વિજય સદાય થવાનો (૨)
નામ રૂપથી સદાય ન્યારો
નિર્મળ અખંડ વિકાસી....૩
અમર લોકમાં વિચરે આનંદે
અમર પ્રાણ અમારો (૨)
અમર સંદેશા અચળ સતના
દિવ્યતા નિત્ય સુધારો (૨)
વિનાશી વસ્તુનું ખેંચાણ નહિ ને
પ્રાણની પ્રીતિ અવિનાશી....૪
સમર્થ સહુથી વિશેષ અમારા
હ્રદયમાં પ્રેરણા દેનારા (૨)
હ્રદય અમારું વિકાસ કરવા
કાળજી સદા લેનારા (૨)
અતિની ગતિનું માપ ન નીકળે
યુગો જૂના અવિનાશી....૫
રક્ષણ કરીને સદાય સંભાળે,
વિશાળ હ્રદયના અનાદિ (૨)
અમારું બળ છે એક અવિનાશી
અટલ સિધ્ધાંત યુગાદિ (૨)
સઘળું પ્રભુનું પ્રભુ અમારા
સંભાળે પ્રાણ અવિનાશી....૬



Scanned with CamScanner

॥ ૐ ॥

સઘળે બોલે સઘળું બોલાવે
વ્યાપક ગુપ્ત વિજ્ઞાની (૨)
તપસી યોગી ભક્તો સહુના
ઉત્તમ કળાના ધ્યાની (૨)
કળા બતાવે છતાં છુપાવે
ગર્વરહિત અવિનાશી ....૭
અમર ભાવમાં રહેવું અમારે
બોલવી અમરની વાણી (૨)
અમર વાણીના કળાકારમાં
સઘળી વૃત્તિઓ સમાણી (૨)
સઘળી વિદ્યાનો ભંડાર અમારો
એક જ સદા અવિનાશી....૮
ભણવું પ્રભુનું, ગણવું પ્રભુનું
ભણતર પ્રભુનું સાચું (૨)
રહેવું પ્રભુમાં, કહેવું પ્રભુને,
નચાવે તેમ જ નાચું (૨)
અમર પ્રાણનો અમર દાની,
સત્યમાં સદાય નિવાસી....૯

॥ ૐ ॥

## ભંક્તિ રસ આજે

ભક્તિ રસ આજે રેલાવજો ભગવાન,
આનંદ રહે સદાય તેનું આપો સૌને જ્ઞાન.
કુબુધ્ધિ કાપીને પ્રભુ સુબુધ્ધિ આપજો,
તારા પ્રકાશની જ્યોતિ અમને બતાવજો.
અંધારા મહીં અમે બહુ યુગ વિતાવ્યા,
દયાળુપણું જાણી તારે શરણે આવ્યા.



Scanned with CamScanner

॥ ॐ ॥

અષ્ટાંગ યોગ સાધવાની શક્તિ તો નથી,
કળિયુગમાં કેશવ વૈરાગ્યહીન પાપથી.
શ્રધ્ધા, શમ, દમ મેળવવાને આપજો,
રોમેરોમે તે રોમ ગીતા સમજાવજો.
તિતિક્ષા કરી સહન સમાધાન લાવીએ.
વિવેકયુક્ત વાણી થકી સૌ રિઝાવીએ,
શત્રુતા ન વ્યાપે અમારા હૃદયમહીં
વ્યાપક પ્રભુને દેખવાને ભૂલીએ નહિ.
ગુરુ બ્રહ્મનિષ્ઠ મળ્યા મોહ છોડાવવા,
ભૂલા પડેલ માનવીને માર્ગ આપવા.
ઉપાધિ કાપીને પ્રભુ તું શાંતિ સ્થાપજે,
સૌ ભક્તોની ભાવના અવિચળ રાખજે.

॥ ॐ ॥

## દોડી થકાવ્યા કૃષ્ણે

દોડી થકાવ્યા કૃષ્ણે, અમને હરાવ્યા
જોતા તો ક્યાંય ન ભળાય રે, કૃષ્ણે અમને હરાવ્યા.
ભૂલા પડી અમે ગોતીએ જંગલમાં
કોઈ બતાવે કે રહે છે પર્વતમાં
કોઈ કહે કે ઋષિ મુનિ પાસ, કૃષ્ણે અમને હરાવ્યા.
સૂર્ય, ચંદ્ર ને તેજ જે આપે
તેની દિવ્યતા જ્યોતિ સર્વેમાં વ્યાપે
તે છે એવા પ્રકાશના ભંડાર રે, કૃષ્ણે અમને હરાવ્યા.



Scanned with CamScanner

॥ ૐ ॥

એકના અનેક સ્વરૂપ રચીને
　　ચિત્તડાનો ચોરનાર હ્રદયે વસીને
ખેલ કરે છે અનંત રે, કૃષ્ણે અમને હરાવ્યા.
માયાની જાળ એવી રચાવી
　　દેવતાઓની ત્યાં બુદ્ધિ ન ફાવી
નીકળે એવા વિરલા કોઈ રે, કૃષ્ણે અમને હરાવ્યા.
પ્રપંચ છોડીને ધ્યાન જો ધરતા
　　અનેક જન્મોના પાપ જ બળતાં
આવી ઈશ્વર કરશે સહાય રે, કૃષ્ણે અમને હરાવ્યા.
જ્ઞાન ને ભક્તિ અવિચળ આપો
　　અનેક યુગોના મેલ જ કાપો
વિચરીએ આનંદમય રે, કૃષ્ણે અમને હરાવ્યા.
અહંકારી થઈને અમારું માન્યું
　　સમજ્યા વગરનું સઘળું ગુમાવ્યું
સૌ ભક્તોએ સોંપ્યું છે હાથ રે, કૃષ્ણે અમને હરાવ્યા.

॥ ૐ ॥

## જ્ઞાન ભેગું કરીને બુદ્ધિશાળી થાવું

જ્ઞાન ભેગું કરીને બુદ્ધિશાળી થાવું
　　શાસ્ત્ર ને ગ્રંથો અનેક વાંચી .. રે
જ્ઞાન એવું બોજો જાણવું ... હો ... જી
માનવતા ન્યાય ગણી જે જીવતા
ભીતર ઊતર્યા વિના સમજ ખોટી ... રે
ભૂલ ભરેલા આધાર સમજવા ... હો ... જી



Scanned with CamScanner

ઉપયોગમાં જેની ચાલાકી ભરેલી
ચાલાકીનાં કર્મો બંધન કરાવે ... રે
આધાર એનો રખાય નહિ ... હો ... જી
વિવેક રાખીને છોડવા જરૂરી
છોડતા પૂર્ણતા મળી નથી જાતી ... રે
ભીતર જવાનું દ્વાર મળે ... હો ... જી
ખોટાને છોડી દીધું સારું એ ગણાયે
સત્ય મેળવવું રહેતું બાકી ... રે
સ્વમાં પ્રવેશ કરવો જરૂરી છે ... હો ... જી
સ્વને પોતાનું અસ્તિત્વ માનો
અસ્તિત્વ છોડતાં દુઃખ આવે ... રે
આનંદ એમાં પ્રવેશ થતાં ... હો ... જી
કલ્યાણની ઈચ્છાએ ઊલટું બનતું
મંગળની ગણતરી ને અમંગળ થાય ... રે
ઉદાસી ત્યારે ઘેરતી ... હો ... જી
વસ્તુનો પ્રેમ જગમાં બંધનકર્તા
ધ્યાન કરતાં ચિત્રો સામે આવે ... રે
આકર્ષણ સંસારી પ્રાણનું ... હો ... જી
સંસારી ચિત્રોનો રસ નહિ લેવો
રસવૃત્તિ જ્યારે તૂટી જાય ... રે
અદશ્ય ત્યારે ચિત્રો બને ... હો ... જી
ખાલી થાય ને અસ્તિત્વમાં પ્રવેશ
હોશિયારી બધે ધારણા વધારે ... રે
ધારણાનું દર્શન બધેય થતું ... હો ... જી



Scanned with CamScanner

ધારણા છોડીને શૂન્યમાં મળાતું
રાખીને ધારણા અસ્તિત્વમાં ભુલાતું ... રે
અસ્તિત્વમાં રહેવું સ્થિર સદા ... હો ... જી
આધાર અંદરનો જોઈએ પોતાનો
બીજાનો આધાર કામ ન આવે ... રે
સત્ય આધાર નિજ સ્વરૂપનો ... હો ... જી

॥ ૐ ॥

## હવે જલદી વરસાવો વરસાદ

(જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યરૂપી વરસાદ અમારા હૃદયમાં વરસાવો એવી ભાવનાથી પ્રાર્થના કરવી. )

પ્રભુ જલ્દી વરસાવો વરસાદ પાડનાર અવિનાશી
તમારી દયાથી થાય બધાં કામ રે....પાડનાર ટેક
વરસાદ વિના માનવ, પશુ દુઃખી ખૂબ જણાય
અન્ન વિના ભૂખ્યા મરે તે નવ હવે જોવાય રે અખંડ અવિનાશી
દુઃખ ભોગવીએ અમે ઘણાં, નવ કંઈ આપનો દોષ
કર્મ અમે ખોટાં કર્યાં તેમાં આપનો નથી દોષ રે ....પાડનાર
રાજા-પ્રજા સઘળા દુઃખી, ચિંતા હૃદય અપાર
પ્રભુ આવી અમૃત સીંચો, અમે બની ગયા છીએ લાચાર રે ....પાડનાર
જગત તમે ઉત્પન્ન કર્યું, પાલન પણ કરનાર
આજ સુધી પોષણ કર્યું, હવે દુઃખી ન કરશો કિરતાર ....પાડનાર
પ્રભુ તમે અમને મોકલ્યા કરવાને શું કામ
તમારું મૂકી દીધું એવું કર્યું અમે અવળું તમામ ....પાડનાર
શ્રધ્ધાથી ભક્તિ નવ કરી, બન્યા માયાના ગુલામ
સુખને બદલે દુઃખ લીધું એવા અમે છીએ નિમકહરામ રે ....પાડનાર
રગેરગમાં પાપ જ ભર્યું, ગણતાં ન આવે પાર
માફ કરો પ્રભુ આપ તો, થાયે અમારો ઉધ્ધાર રે ....પાડનાર



Scanned with CamScanner

॥ ૐ ॥

અનંત યુગોથી ભૂલો કરી, હવે વતી રહ્યો છે ત્રાસ
આ પળે આવો હે પ્રભુ તમે કરો અજ્ઞાન અમારૂ નાશ રે .... પાડનાર
અરજી છે સહુ દાસની સુણજો દીનદયાળ
વહેલા આવો હે પ્રભુ તમે લેવા સહુની સંભાળ .... પાડનાર
ધના ભગતના ખેતરે વેળુના કર્યા ઘઉં
તેવું પ્રત્યક્ષ બતાવી દો એમ વદે છે લોકો સહુ .... પાડનાર
સાચો આપનો આશરો તેમાં છે સહુ સુખ
શરણ છે લાજ રાખો તમો, ચિંતાવાળા ઊભા સન્મુખ રે .... પાડનાર
સૌ ભક્તો પ્રભુને કહે હવે જલદી આવો આપ
મનની ભ્રમણા સહુ મટે અને બળી જાય અમારાં પાપ રે .... પાડનાર
સદ્ગુરુ સિધ્ધયાત્રી અને જ્ઞાની જે કહેવાય
વંદન કરજોડી કરું, તમે કરજો અમારી સહાય રે.... પાડનાર

॥ ૐ ॥

## દેવ બ્રાહ્મણ ગુરુને
(તપ)

દેવ બ્રાહ્મણ ગુરુ ને વિદ્વાનોનું પૂજન
પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય ને અહિંસા
શારીરિક તપ પ્રભુ કહે, સમજી કરે તે સજ્જન .... ટેક
ઉદ્વેગ કદી કરે ના, સત્તપ્રિય હિતકર વદે છે
સ્વાધ્યાયનો અભ્યાસ, પ્રભુ વાણીનું તપ ગણે છે ....
મનની ખરી પ્રસન્નતા, સૌમ્યભાવ મૌનધારી
આત્મસંયમ કાબૂ, ભાવનાની શુધ્ધિ પ્યારી
પ્રભુ મનનું તપ કહે છે, ગ્રહણ કરો વિચારી ....
ફળની ઈચ્છા વિનાના, સાવધાન મનુષ્ય શ્રધ્ધાથી
ઉત્તમ આચરણ કરે છે, ત્રણ તપ પ્રભુકૃપાથી ....



Scanned with CamScanner

॥ ૐ ॥

સાત્ત્વિક તપ ત્રણેને, ગીતામહીં બતાવ્યાં
એ કરવા બનવું તત્પર, લક્ષ આપીને ભણાવ્યાં ....
સત્કાર, માન, પૂજાવા, દંભથી જે તપ કરે છે
અસ્થિર નાશવંત, તપ રાજસ તેને કહે છે ....
મૂઢતા કરીને હઠથી, મન વાણી શરીર પીડતા
બીજાનું અનિષ્ટ કરવા, હેતુથી તપ કરતા
તામસ કહે તે તપને, સમજુ જરૂર તજતા ....
દંભ અહંકારવાળા આસક્તિ, કામના બળે તણાણા
મૂઢતાથી ઘોર કર્મો, શાસ્ત્રવિરુધ્ધ ગણાણાં ....

॥ ૐ ॥

## આદિ બ્રહ્મ સ્વરૂપનું સાચું જ્ઞાન દીપાવજો..રે

આદિ બ્રહ્મ સ્વરૂપનું સાચું જ્ઞાન દીપાવજો ....રે
ખોટા જડતાથી કલ્પેલા, શોક-મોહ બાળજો ....રે ટેક
તપ-યોગ-તેજથી ગુરુપદ લીધું, સાચી સમજણથી દઢ કીધું
વિચાર દીપક સદ્બુધ્ધિથી, વિવેક હૃદયમાં ધારજો ....રે
વિદ્યા-અવિદ્યા ભેદ સમજવા, સદ્ગુરુજી છે સંસ્કાર ઘડવા
તન-ધન-સેવા અર્થે સમર્પી, જીવન સફળ બનાવજો ....રે
શત્રુ મિત્રમાં સમતા રાખો, કામના ખોટી કાઢી નાખો
હર્ષ-શોકનું કારણ શોધી, રાગ ને દ્વેષો ટાળજો ....રે
મનનો કલ્પેલ સંસાર મોટો સાચું જાણો તે છે ખોટો
ખોટું સઘળું ત્યાગ કરીને, સત્ય હૃદયમાં ધારજો ....રે
અણુબોમ્બશક્તિ વિનાશ કરતી, આત્મશક્તિ સર્જન કરતી
આત્માનું બળ ધારણ કરીને,અજોડ શક્તિ દીપાવજો ....રે
નામ રૂપથી જે છે ન્યારું સમજો તે જ સ્વરૂપ તમારું
વેદશાસ્ત્રનો સાર ગ્રહીને, વાદવિવાદ વિસારજો ....રે
અભય અખંડ સ્વરૂપ તમારું, ભયના તાપોથી છે ન્યારું
અમર લોકના વાસી તમે સૌ, પરમ ભાવ દીપાવજો ....રે



Scanned with CamScanner

## હાં રે પ્રભુએ જગત વિશાળ બનાવ્યું

હાં રે પ્રભુએ જગત વિશાળ બનાવ્યું કે
ભૂલની વાતો જણાય ના .... ટેક
હાં રે સહુ પ્રાણીઓને પ્રેરણાઓ આપે કે
નજરે સહુને દેખાય ના ....
ગીતાનું જ્ઞાન આપી, જીવન સુધારવું
ભયનાં પાપોથી, નિર્ભય બનાવવું
હાં રે ગીતા અખૂટ - અમૃતનો ખજાનો કે
કોઈથી છોડયો છોડાય ના ....
અદ્‌ભૂત શ્લોક એવા અર્થ ઊંચા ખ્યાલમાં
અજ્ઞાન અંધારું ટાળે, પ્રકાશ આપે સાનમાં
હાં રે હૃદય શુધ્ધ કરી વાસનાઓ બાળે કે
મોહ-શોક નજરે દેખાય ના ....
જુગોની જૂની પ્રીત તાજી કરાવતો
ત્રિકાળજ્ઞાની પ્રભુ દેહદૃષ્ટિ ટાળતો
હાં રે એના જ્ઞાનથી સ્મૃતિઓ અપાવે કે
ક્ષુદ્ર જીવ ભાવોની ભૂલ ના ....
વિનાશી ભાવના અતીશે અકળાવતી
અવિનાશી ભાવ દઈ અમર બનાવતી
હાં રે પ્રભુ પ્રેમથી સહુને બોલાવે કે
એના ઘરે ખોટ જણાય ના ....
કોટિ કોટિ સૂર્યના પ્રકાશથી વધારે
એવો પ્રકાશક પ્રભુ પોતે સમજાવે
હાં રે એના પ્રેમમાં મસ્ત બનાવે કે
એક પળ ધ્યાન ચુકાય ના ....



Scanned with CamScanner

પાખંડ પ્રપંચ વિદ્યા, આવે નહિ કામની
સાચી છે બ્રહ્મવિદ્યા, સ્થિર બ્રહ્મભાવની
હાં રે વિષય ઝેરીનું, ઝેર ઉતારે કે
સાચી કળા પ્રભુના નામની ....
અનન્ય ભાવે સ્મરણ સતત કરે જે
ચિત્ત સ્થિર થાતાં પ્રભુને મળે તે
હાં રે એવો સુલભ માર્ગ બતાવ્યો કે
મુજથી ભૂલ્યો ભુલાય ના ....
દુઃખના દિવસ વિના સમજણથી આવતા
સુખી થવા સહુને ગીતા સમજાવતા
હાં રે અખંડ આનંદની વૃત્તિ બનાવે કે
દેહ ગર્વ નજરે દેખાય ના ....
જીવનમરણની કળા પ્રભુ આપતા
નિયમ પાળે તેના પર પ્રેમ રાખતા
હાં રે પ્રભુ પોતાનું સર્વસ્વ આપે
ઉદાર એવો બીજો દેખાય ના ....
વિશ્વાસ રાખી હૃદય વિશ્વંભર નાથનું
સ્મરણ વધારજો યોગેશ્વર શ્રીકૃષ્ણનું
હાં રે એની ભક્તિ કરી એકરૂપ થાવું
કલ્યાણપ્રેમી પ્રભુ ભુલાય ના ....

---

॥ ૐ ॥

સત્ય ગોતવા માટે ભૂલ મદદ કરે છે. આશાઓ બે છે એક મનની - બીજી પરમાત્માની. વિભાજન-ભાજનમાંથી જે ભાગલા પડયા એનું નામ છે ભૂલ. પ્રભુનો ભાગલો પાડીએ, એમાંથી ભૂલનો જન્મ થાય છે. લક્ષવેધી ભક્તિ હોવી જોઈએ.



Scanned with CamScanner

## હે હરિ અનાદિ કાળથી
(રાગ : કલ્યાણ જૈજૈવંતી ગરબી)

હે હરિ અનાદિ કાળથી સુંદર, તારી સુંદરતા હૃદય સુંદર કરે,
અખંડ ભક્તિ છે હૃદયની શોભા, હૃદય તું પોતે નિવાસ કરે....૧
વિશ્વાસ તારામાં અચળ રાખવો, તેમાં અશ્રધ્ધા કદી ન રહે,
ભ્રમણા હૃદયથી દૂર જ કરીને, સાચું શરણ તમારું નિશ્ચય રહે....૨
હૃદયમાં કૂડકપટ, શ્રૃંગારો,(શણગાર) સદાય ભસ્મ બની જો જશે,
તમારી શક્તિથી એવું બનાવો જાગૃત હૃદય વિશાળ થશે....૩
સુધારો કરીને વિશુધ્ધ બનાવો દિવ્ય પ્રકાશ ને પ્રેમ ભરો,
એમાં ખોટ પ્રભુ નથી તમને જીવન સંયમી સુગંધી કરો....૪
રાગદ્વેષનો અંધકાર ખોટો, તારો પ્રકાશ ઘણો મોટો,
જ્ઞાન દીવાથી કરીને દિવાળી ઉત્સવ ઊજળો નથી જ જોટો....૫
શરીર શણગાર વસ્ત્રથી કરીને, આનંદ માની દિવાળી કરે,
તમારી જ્યોતથી સાચી દિવાળી, સત્ય તમારો પ્રકાશ ભરે....૬
મન-બુધ્ધિના વાદો મલિનતા ટાળીને પ્રજ્ઞાવાન કરો,
સૂક્ષ્મ હિતકર બોધ બેસાડો અવળી સમજને દૂર કરો....૭
કરતા કલ્યાણ આપ પ્રભુજી છતાં અકર્તા બની રહેતા,
ગર્વ તજવા બોધ જ આપો, આપનું પ્રાણબળ રહો ભરતા....૮
શ્વાસેશ્વાસે સ્મરણ તમારું, શાંતિથી સ્થિરતા એવી ભરો,
કરમાતું હૃદય આપથી ખીલતું, નસ નસ ભક્તિ ઠાંસીને ભરો....૯

---

॥ ૐ ॥

અમારો યોગ સમષ્ટિનો છે. અમારું વિચરણ સમષ્ટિ માટેનું હોય છે. જે બને છે તે બગડે છે. બનવામાં કાંઈ સાર નથી.



Scanned with CamScanner

## હે હરિ ઘાટ ઘડો ઘડવૈયા
(રાગ : જૈજૈવંતી, કલ્યાણ ગરબી)

હે હરિ ઘાટ ઘડો ઘડવૈયા, ઘડતાં આપને સાચું આવડે,
મનના ઘડેલા ઘાટો ખોટા, જન્મમરણનું બંધન નડે....૧
ત્રણ ગુણનું આપી રમકડું, મોહિત સૌ પ્રાણીને કરે,
મોહ નશાનો કેફ ચડાવી, ગર્વ ને મમતાનું ચક્ર ફરે....૨
આશા-તૃષ્ણાના વધતા તરંગો, સ્થિર બુધ્ધિને મલિન કરે,
જ્ઞાનમાર્ગને છોડી દઈને, સત્ય પ્રકાશથી દૂર કરે....૩
એવા ઘાટથી યુગ વિતાવ્યા, દુઃખના ડુંગર ઊભા થયા,
રસ્તો સાચો તમારો ભૂલી, ઊલટા માર્ગથી ત્રાસી ગયા....૪
મન-બુધ્ધિની ચાલાકી દેખી, તેમાં સત્યથી અવળી ભાત,
મન-બુધ્ધિને આપ સુધારો, બેસે હૃદયમાં આપની વાત....૫
આપ આજ્ઞાનું પાલન કરવા, પ્રાણ ઈન્દ્રિયો આપમાં વિચરે,
બોધ ગીતાનો સાર્થક થાયે, દિન-રાત સ્મરણ તમારું કરે....૬
ઘડો ઘાટ પ્રભુજી ઉત્તમ દૃષ્ટિ આપની સાથે રહે,
અંજન નેત્રમાં આંજો એવું, સ્થિરતા શાંતિ અખંડ રહે....૭
ત્રિવિધ તાપથી તપતા હૃદયમાં, આપ સદાય નિવાસ કરો,
નેત્ર ને વાણીમાં દિવ્યતા આપો, આપના જ્ઞાનની ભરતી કરો....૮
પ્રેમ મધુરતા અચળ ભરીને, આપના ભજનનો વિસ્તાર કરું,
કૃપા એવી આપને જ પામું, સત્ય જ માર્ગથી સદાય તરું....૯

॥ ૐ ॥

## વિભુનો પ્રેમ સદાય વધારો
(રાગ : જૈજૈવંતી, કલ્યાણ ગરબી)

વિભુનો પ્રેમ સદાય વધારો
દૂર કુસંપ હઠાવો રે,
પ્રેમી નિર્મળ શક્તિ ભરતો
દિવ્ય જીવન બનાવો રે ....૧



Scanned with CamScanner

ઊજળું હૃદય બનાવો પ્રેમે
મોહ-શોકને ત્યાગો રે,
દુર્ગુણ-દોષને છોડી દઈને
સરલ ભાવથી જાગો રે ....૨
આળસ શત્રુને સદા હઠાવી
પ્રેમ સજીવન કરતો રે,
દિવ્યતા આપે અમર બનાવે
પ્રેમ સુગંધ ભરતો રે ....૩
શક્તિ મોટી પ્રેમની અંદર
પવિત્ર સૌને બનાવે રે,
પ્રેમની વૃદ્ધિ તરે ને તારે
ભેદભાવ સમૂળા હઠાવે રે ....૪
પ્રેમમાં રાગ કે દ્વેષ ન આવે
સદાય શાંતિ વસતી રે,
જગના રસનો અભાવ પ્રેમીને
વિકારી વૃત્તિ ન બનતી રે ....૫
અચળ એકતા પ્રેમની જીતમાં
કામ-ક્રોધ કદી ન આવે રે,
ઉમંગ વધારી દુ:ખ જ કાપે
શાંતિ વિશ્વમાં લાવે રે ....૬
સુખની વૃદ્ધિમાં અમૃતસાગર
પ્રેમનો સાગર ઊજળો રે,
પ્રેમથી પ્રેમને ધારણ કરો તો
હૃદય વિશાળે કુમળો રે ....૭
અહંતા-મમતા, તૃષ્ણા લોભ
પ્રેમી છોડી દે શાણો રે,



Scanned with CamScanner

॥ ૐ ॥

પ્રેમ પ્રભુમાં સમાવે પ્રેમથી
પ્રેમ પ્રભુરૂપ જાણો રે ....૮
બ્રહ્મદૃષ્ટિથી પ્રેમ ન ખસતો
વિશુધ્ધ હ્રદય પ્રેમ ટકતો રે,
વિજય કર્યા વિણ પ્રેમ ન હઠતો
કાયર બની નથી ફસતો રે ....૯
પ્રેમી ધનથી કદી ન મપાયે
વ્યાપક પ્રેમની શુધ્ધિ રે,
પ્રેમની સત્તા ત્રણે લોકમાં
સત્ય સાથે પ્રેમ બુધ્ધિ રે ....૧૦
સત્ય નહિ તો ઉપાધિ આવે
પ્રેમ તેમાં નથી રમતો રે,
વહેમ ને પ્રેમના રસ્તા જુદા
વહેમ ને પ્રેમ નથી મળતો રે ....૧૧
નિર્મળ, નિર્ભય, આનંદ પ્રેમનો,
હ્રદય પર રાજ્ય ચલાવે રે,
અખંડ પ્રકાશ પ્રેમનો સાચો,
પ્રભુમાં પ્રેમે સમાવે રે ....૧૨

॥ ૐ ॥

## સર્જન જગતતણું પ્રભુ કરતા

(રાગ : જૈજૈવંતી, કલ્યાણ ગરબી)

સર્જન જગતતણું પ્રભુ કરતા, કળા અનંત બતાવે રે,
સીવતા કાયા દોરા વિનાની, પ્રાણથી પ્રાણી ચલાવે રે .... ટેક ૧
એકલા સર્જન અનંત કરતા, રાતદિવસ નહિ થાકે રે,
સાત ધાતુ વાળ ચામ બનાવે, જડચેતનથી રમાડે રે .... ૨



Scanned with CamScanner

વિચિત્ર ઇન્દ્રિયો જ્ઞાનતંતુને, હૃદયમાં વિધવિધ ભાવો રે,
કેમ સમાવ્યાં સૌનાં કર્મો, બુધ્ધિથી સમજ ન આવે રે .... ૩
સૌને યાદ રાખે છે, પ્રભુજી, લખનાર સાથે ન રાખે રે,
ભૂલ કદી નથી પડતી એમાં, શીખવું કદી નથી પડતું રે .... ૪
કાયામાયાનો મેળ મેળવી અદ્‌ભૂત કારીગરી કરતા રે,
દેખાવા છતાં માયા નથી સાચી, સ્વતંત્ર પ્રભુના ખ્યાલની રે .... ૫
માયા ભટકાવે ભ્રમમાં નાખે, પ્રભુ ધ્યાને માયા ન નડતી રે,
પડે ફોટાઓ વિધવિધ આંખે, કૅમેરાની જરૂર ન પડતી રે .... ૬
ફોટા પાડી અંદર સમાવે, ગણતરી એની નથી બનતી રે,
વિધવિધ જાતના રંગીન ફોટા, રંગ ને પીંછી નથી મળતી રે .... ૭
પળમાં કરોડો ગાઉ ગતિનું, અજબ મન અંદર રાખ્યું રે,
એવા મનને રાખવા માટે, ટૂંકી જગ્યામાં સમાવ્યું રે .... ૮
મનને પ્રાણનો વેગ આપીને, બહુબહુ જન્મો ભમાવે રે,
મહાન ગતિશીલ પ્રભુની ગતિનો વિજ્ઞાની પાર ન પામે રે .... ૯
શ્વાસે શ્વાસે રટણ પ્રભુનું, મન પ્રાણને સ્થિર કરતું રે,
પ્રકાશે સૂર્ય-ચંદ્ર ને તારા, તાર બટન નથી મળતું રે ....૧૦
વરસાદ જળથી પૃથ્વીને ભરતા, ટાંકી કે નળ નથી રાખ્યા રે,
દેશ-પરદેશે વધઘટ પાણી, નોંધ ચોપડે નથી કરતા રે ....૧૧
અખંડ સ્મૃતિ છે સૌથી વધારે, અચળ નિયમ બનાવે રે,
ક્યાં એ વસતા, ક્યાં નથી વસતા, ક્યાંથી સંદેશા ચલાવે રે ....૧૨
અનંત જાતો વનસ્પતિ બિયાં ઘણાંયે જંગલો ભરતાં રે,
રસનસ જુદા, કાપણી જુદી રૂપરંગ રસકસ કસતા રે ....૧૩
શૂન્યનું સર્જન અનંત પ્રભુનું, કળા-કૌશલ્ય બતાવે રે,
ન્યાયે કદીયે ફરક પડે ના, એકલા કદી ન કંટાળે રે ....૧૪
શુભ-અશુભ સૌ કર્મો જાણી, સૌને પોષણ દેતા રે,
સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ જીવો, ઓજાર વિના ઘડતા રે ....૧૫



Scanned with CamScanner

॥ ૐ ॥

મહાન ભયંકર ઝેરી જીવો, દેખીને સૌ ડરતા રે,
ઝેરીને પોષણ દેવામાં, ભેદભાવ નથી કરતા રે .... ૧૬
મહાન બનાવે નાના બનાવે, જીવન-મરણને જોતા રે,
વિજય સદા છતાં ગર્વ ન રાખે, સત્તા સતની ચલાવે રે .... ૧૭
સર્જન વર્ધન વિસર્જન કરતા, જોડીના બીજા ન મળતા રે,
નિરાકાર તું, નિર્વિકારી તું, સાકાર સર્જન કરતા રે .... ૧૮
સાકાર સર્વાકાર પ્રભુ તું, વિચરણ ક્યાં ને કયા રૂપનું રે,
ચરણ કરણ નયન મુખ છુપાવે,અદ્‌ભુત ભાન ને સાને રે ....૧૯
રમતા સૌમાં ધરતા સૌને, અલગ આધાર ન કોઈનો રે,
જ્ઞાને ધ્યાને ઋષિમુનિ થાકયા, કોઈ પાર ન પામ્યા રે .... ૨૦
તમારું સ્વરૂપ પ્રભુ તમે જ જાણો, સાચી નિષ્ઠા રાખી તરવું રે,
મારું સઘળું સોંપી દઈને, તમારા સ્વરૂપમાં ભળવું રે .... ૨૧
જવાબદારી પ્રભુ સંભાળો, આપથી જુદા નથી પડવું રે,
સંપૂર્ણ પ્રભુજી સમજ તમારી, પછી કાંઈ નથી કહેવું રે .... ૨૨

॥ ૐ ॥

## રક્ષણ કરી પ્રભુ ધ્યાન જ રાખે

આ ભજન બોલવામાં, ઉત્તમોત્તમ ભાવનાથી, હૃદયના ભાવ પ્રેરણા થાય તે રીતથી બોલવાની છૂટ રાખી છે, સંપૂર્ણ શ્રધ્ધાયુક્ત મનનીય, સમદૃષ્ટિના યોગનું ભજન છે.

(રાગ : જૈજૈવંતી, ગરબી કલ્યાણ)

રક્ષણ કરી પ્રભુ ધ્યાન જ રાખે, પ્રેમ પ્રકાશ બતાવે રે,
સ્નેહ વધારી વિશુધ્ધ ભાવે યુગોયુગ નિભાવે રે ટેક....૧
પાલનકર્તા સૌના ભર્તા, પ્રેરક સતના દાતા રે,
દિવ્ય કર્મનો ગર્વ ન રાખે, જોડીનો બીજો ન મળતો રે .... ૨



Scanned with CamScanner

જગત ઋણી છે સદા પ્રભુનું, બદલો કદી નહિ માગે રે,
ઉપકાર વધારે કર્યા જ કરતા, કરુણા સદા વર્ષાવે રે .... ૩
ભૂત, ભવિષ્ય ને વર્તમાનના, પ્રાણી માત્રને જાણે રે,
લક્ષ જ રાખે રાત-દિવસ ને, સૌને પ્રેમે જગાડે રે .... ૪
જો ન જગાડે પ્રભુ કોઈને, કોઈ ઊઠી નથી શકતું રે,
એવો રોજ અનુભવ સૌને, છતાં પ્રભુને ભૂલે રે .... ૫
એવાને નથી કહેવું અમારે, સમજી ભૂલ સુધારે રે,
બુધ્ધિ યોગને પ્રભુ જ આપે, ધામમાં પોતે રાખે રે .... ૬
અમૃત તણી પરબો માંડીને, અમર સૌને બનાવે રે,
ભાવ વિનાશી કાઢી નાખે, અવિનાશી ભાવ જગાડે રે .... ૭
જગત વિશાળ કહે છે જેને, એક અંશથી ધરતા રે,
એવી અદ્‌ભુત મહાન શક્તિ,પ્રભુ વિના નથી મળતી રે .... ૮
એની દિવ્ય દષ્ટિના તેજે, પ્રભુ જો અંજન આંજે રે,
અજ્ઞાન પડદો દૂર જ કરીને, સત્ય જ્યોત જગાવે રે .... ૯
પ્રકાશ દેતાં કદી ન થાકે, કિંમત કદી નહિ માગે રે,
એના બનીને રહેવું સૌને, એ નિશ્ચય દઢ કરવો રે, .... ૧૦
રાગદ્વેષ ને તૃષ્ણા સાથે, પ્રેમ કદી નથી કરવો રે,
શ્રધ્ધા અડગ પ્રભુ વચને રાખી, પ્રભુ કહે તેમ કરવું રે .... ૧૧
જાગૃત સ્વપ્ન સુષુપ્તિ છોડી, સમતા યોગમાં રહેવું રે,
વાસના મલિન સદાની બાળી, નિર્ભય આનંદે તરવું રે .... ૧૨
શંકા કોઈએ કદી ન કરવી, પ્રભુ કહે સૌ સાચું રે,
એની શાંતિ સદાય સૌને, ભયના સ્થાનને તજવા રે .... ૧૩
પ્રાણને જોડે, પ્રાણને તોડે, પ્રાણના પૂર્ણ જ્ઞાની રે,
પ્રભુ કળામાં શિખરે રહેતા પ્રભુ સૌ કળાના દાની રે .... ૧૪
સર્વભાવથી શરણ પ્રભુનું, નિષ્ઠા રાખી લેવું રે,
સૌનું કલ્યાણ એમાં સાચું, અખંડ ધ્યાન જ ધરવું રે .... ૧૫



Scanned with CamScanner

॥ ૐ ॥

## સઘળું કાર્ય પ્રભુજી કરતા
(રાગ : જૈજૈવંતી, ગરબી કલ્યાણ)

સઘળું કાર્ય પ્રભુજી કરતા, છતાં અકર્તા રહેતા રે,
પ્રાણ પૂરીને જીવન આપે, આગળ સાધન ધરતાં રે ....ટેક ૧
સૂક્ષ્મ દષ્ટિનાં કામ કરે છે, ભૂલ કદી નથી પડતી રે,
યાદી વિચિત્ર રાખે એવી, કોઈથી નથી સમજાતી રે .... ૨
અનંત સર્જન-સંહાર કરતાં, સામગ્રી બીજે ન મળતી રે,
ક્યાંથી લાવે, ક્યાં સમાવે, કેડી એની નથી જડતી રે .... ૩
વ્યાપક રહેતા સઘળા સ્થાને, નજરે છતાં ન ચડતા રે,
એને શોધવા પ્રયાસ કરતા, મહાન બુદ્ધિથી મથતા રે .... ૪
દેખે સૌને અલગ રહીને, સાચી સફળતા એની રે,
પ્રભુ જ દેખે દષ્ટિથી સઘળે, સાચી નિષ્ઠા તેની રે .... ૫
પ્રભુ ભૂલીને જીવન જીવવું, મોહ-શોકથી તપતું રે,
તુંહી તુંહી એક જ પ્રભુ છે, દુઃખ તેને નથી નડતું રે .... ૬
પ્રભુ ભજન પ્રેમે કરતા, પ્રભુ પણ તેને ભજતા રે,
હૃદયમાં સાચા પ્રેરક બનીને, તેને કદી નથી તજતા રે .... ૭
વેદ-શાસ્ત્ર ભણીને ભૂલે, અભણ હૃદય વિશુદ્ધિ રે,
ભણતર-ગણતર કાચું ઠરે છે,પ્રભુ જુએ હૃદયની શુદ્ધિ રે .... ૮
વિજય પ્રભુનો સદાય માને, તેનો ગર્વ ગળતો રે,
વાસના ગર્વનો ત્યાગ કરીને, તે પ્રભુને મળતો રે .... ૯
વિકાર તજીને નિર્દોષ બનવું, પ્રભુ દર્શનથી થાતું રે,
જ્ઞાન સ્વરૂપ પ્રભુ છે પોતે, સાચું તેથી દેખાતું રે .... ૧૦
પૂર્ણને ભૂલીને અપૂર્ણ માટે, અંધારે નથી ફરવું રે,
ફરી ફરીને યુગ વિતાવ્યા, સ્થિર પ્રભુમાં ઠરવું રે .... ૧૧
પ્રભુ વિશ્વાસે વળગી રહેતા, દગો પ્રભુ નથી કરતા રે,
દેહ પ્રભુનો પ્રભુને સોંપી, સૌ પ્રભુમાં ભળતા રે .... ૧૨



Scanned with CamScanner

॥ ૐ ॥

## જગતના પ્રભુ સર્જન કરતા

જગતના પ્રભુ સર્જન કરતા, સાચા તેને ભુલાય નહિ,
પાલન જગનું પ્રભુથી થાતું, કુશળ બીજા જણાય નહિ ....ટેક
દિવ્ય કળાના કારીગર પાકા, કાચા કામે ફસાય નહિ,
વિશાળ જગની વિધવિધ રચના, રૂપ-રંગનો ભંડાર નહિ .... ૧
વિજ્ઞાની સાચા ત્રિકાળજ્ઞાની, નોંધપોથીનું કામ નહિ,
કામ મોટાં સૌથી ન્યારાં, કારખાનાનું નામ નહિ .... ૨
ભૂતમાત્રને, દેવી-દેવતા, સંદેશા પહોંચે એમાં ભૂલ નહિ,
તાર તણા નવ રાખે થાંભલા,એનો અદૃશ્ય સંદેશો રોકાય નહિ .... ૩
ગણતરીમાં ફેર ન આવે, સમજની દૃઢતા કળાય નહિ,
એકલા કાર્ય કરે બહુ ઝાઝાં,છતાં એ પોતે દેખાય નહિ .... ૪
એવો અદ્‌ભુત પડદો એનો, ગર્વ તો કયાંય જણાય નહિ,
થાકવું કદી એ બનતું નથી,એને નાનામોટામાં સંગ નહિ .... ૫
સાથે વસે છતાં અલગ જણાયે, સંગી સંગરંગ વિકાર નહિ,
રૂપરંગ વિધવિધ મૂર્તિના, એના જેવો બીજો જણાય નહિ .... ૬

Scanned with CamScanner

॥ ૐ ॥

## ગુરુજી અનુભવી અંતરના સાચા

ગુરુજી અનુભવી અંતરના સાચા,
સમજે સાન તેની સદા શુધ્ધ વાચા;
ગુરુજી પ્રકાશે દિવ્ય જ્ઞાન જ્યોતિ,
ભરી દે હૃદયમાં ઉત્તમ ભાવ ગોતી .... ટેક ૧

॥ ૐ ॥

મોહ-શોક-મમતાના દોષો હઠાવે,
ઉત્તમ વિશુધ્ધિ હૃદયની બનાવે;
પરબ્રહ્મ સાથે વૃત્તિને સમાવે,
બતાવે છે યુક્તિ સ્થિર દઢતા રખાવે .... ૨

॥ ૐ ॥

અખંડ શાંતિ સમતા આનંદનિવાસી,
પ્રકાશે જીવનમાં અમરતા વિકાસી;
અદ્‌ભુત કૃપાળુ ગુરુજી સદાના,
ચૈતન્ય અગોચર અનંત કળાના .... ૩

॥ ૐ ॥

Scanned with CamScanner

॥ ૐ ॥

મંગળ સુંદર કરવા સહુનું,
ગુરુજીનું જ્ઞાન ને કામ જ હિતનું;
હૃદયને ગુરુજી સત્ય રંગે રંગતા,
પલટતા એ ભાવિ એની શક્તિ ભરતા .... ૪

॥ ૐ ॥

સમજના અભાવેથી યુગો ભટકતા,
ગુરુજી સુધારી અવિનાશી કરતા;
વેદશાસ્ત્ર સર્વેનો સાર બતાવે,
વિજયનો અલૌકિક નાદ ગજાવે .... ૫

॥ ૐ ॥

જગાડે ગુરુજી તો નહિ મોહ વ્યાપે,
અભય મુદ્રા તેની જ નિર્ભયતા આપે;
સંયમ સાથે શ્રધ્ધા અવિચળ રહે તો
ગુરુજીની અમર વાણી ફળે તો .... ૬

॥ ૐ ॥

ગુરુજીની દષ્ટિમાં અમૃત ભરેલું,
સિંચન તેનું થાતાં જ ભાગ્ય ફળેલું;
ગુરુજીના વિશ્વાસે વળગી રહેતા,
આત્મબળ ગુરુજી નિશ્ચય ભરતા .... ૭

Scanned with CamScanner

॥ ૐ ॥

# હે શ્રીકૃષ્ણ પરમ કૃપાળુ

(ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણે કાળના જ્ઞાનને સાચી સમજ તારી હોવાથી યુગનો જૂનો તું જ જગદ્‌ગુરુ છે એ સ્પષ્ટ આપે શ્રીમુખે ગીતામાં દર્શાવ્યું છે. એ રીતે શ્રીકૃષ્ણને જ જગદ્‌ગુરુ તરીકે માનીને જ આ પ્રાર્થના કરવાની છે. એમાંથી જરૂર પ્રકાશ અને શાન્તિ શીઘ્ર મળે છે.)

(રાગ : કલ્યાણ, જૈજૈવંતી ગરબી )

હે શ્રીકૃષ્ણ પરમ કૃપાળુ,
પૂર્ણાનંદ તું એક પ્રભુ;
સર્વજ્ઞ, સર્વેશ્વર સાચા,
હૃદયેશ્વર પ્રેરક તું વિભુ - ૧

ભક્તિયોગ તપ તેજે પ્રકાશે
પ્રાણશક્તિ સત્ તું આપે;
રક્ષા તારી ક્ષણ નથી હઠતી,
સિધ્ધ કર્મ શુધ્ધ તું જ છાપે - ૨

તારી હાજરી પડદો હઠાવી,
પ્રત્યક્ષ કરવા પ્રગટ કરે;
કદી અજ્ઞાન નહિ ટકશે,
જ્ઞાન પ્રકાશ તું ઠાંસી ભરે - ૩

વાણી વર્તનમાં સમજ તમારી
અડગ અવિચળ ઘાટ ઘડે;
તારો ઘાટ કદી નથી તૂટતો,
સફળ વિજય, નહિ વિઘ્ન નડે -૪



Scanned with CamScanner

|| ૐ ||

મન બુદ્ધિમાં તારી કળાનો,
નિશ્ચય નિર્ણય સમજ પડે;
અખંડ આનંદ કદી નહિ હઠશે,
મન-પ્રાણ બાંધ્યા તુજ તાર વડે -૫

અમૂલ્ય ભાવથી તારા શરણે,
શ્વાસને તુજ સાથે જ ગમે;
લક્ષ ને દઢતા તુજમાં સ્થિર છે,
મોહ, શોકમાં તે નહિ જ ભમે -૬

એક જ નિષ્ઠા તુજમાં રહેવું,
વૃત્તિનો દોર નિત્ય અમર કરે;
ભય પછી નથી રહેવાનો,
ચોકી સતત તારી કેમ ડરે -૭

તારા બળથી તું જ જિવાડે,
પાછું ડગલું નહિ જ ભરે;
હિંમત તારી પ્રેમથી આપે,
અભય અમલથી બધાં જ તરે - ૮

જગદ્‌ગુરુ તું યુગનો જૂનો,
યુગેયુગે તું સુધારો કરે;
તારો અમર બોધ જ તારે,
ગીતાનાં વાક્યો નહિ જ ફરે -૯

મહર્ષિ સાત, ચાર સનકાદિક,
તેનો આદિ તું જ ખરે;
એના યોગક્ષેમ રક્ષા તારી,
સહાય સાચી તું જ કરે -૧૦



Scanned with CamScanner

॥ ૐ ॥

તારા સ્વરૂપને તું જ જણાવે,
તુજને ત્યારે જ જાણી શકે;
તારા ધામમાં રાખ તું પોતે,
કોઈ નહિ જ હટાવી શકે -૧૧

તારી ને મારી પ્રભુ પ્રીતિ જૂની,
તુજને ભૂલું તે ભૂલો બધી;
ધ્યાન રાખીને તું નહિ ભૂલતો,
મેળ મેળવી કર તું સંધિ -૧૨

॥ ૐ ॥

## હે હરિ સુંદર ! હે હરિ સુંદર !

(વ્યાપક પરમાત્માની હાજરી પ્રત્યક્ષ જ છે! એમ તમારી અંદર પણ છે જ. દરેકના હૃદયમાં પ્રેરણા આપનાર સદા-સર્વદા પ્રત્યક્ષ જ છે. સત્ય અને શિવ બેની દિવ્ય કળાની રચના કરીને સુંદર સ્વરૂપે પ્રત્યક્ષ પ્રગટપણું બતાવે છે. )

(શિવ-કલ્યાણ)

(રાગ : કલ્યાણ, જૈજૈવંતી ગરબી)

હે હરિ સુંદર ! હે હરિ સુંદર !
દિવ્ય કળામય અમર કરે,
અચળ શક્તિને સતથી ચલાવે
તારક સૌનો તું જ ખરે .... ૧



Scanned with CamScanner

॥ ૐ ॥

પૃથ્વી વનવન ઊંચા પહાડો
શિખરો ક્ષણક્ષણ બોધ કરે,
સરિતા- સાગર ઉન્નત ગંભીર
મહાભાવ શુભ ભાવ ભરે.... શ્ર

અચળ કૃતિઓ, અચળ વૃત્તિઓ
મુક્ત હાસ્ય ને વિશેષ ગતિઓ,
અખંડ સ્મૃતિઓ ત્રિકાળ સતીઓ
જ્ઞાન ધ્યાનની સમજ ભરે ... ૩

સૂર્ય-ચંદ્રને તેજ તું આપે
વાયુ આજ્ઞાએ ગતિ જ કરે,
જળ વર્ષાથી અનાજ પકવે
ગર્વ છોડી સૌ કાર્ય કરે....૪

અગ્નિથી જે ગાડી ચલાવે
વીજળી વેગથી કાર્ય કરે,
એ સૌમાં પ્રભુ શક્તિ આપની
દિવ્ય પૂર્ણથી પૂર્ણ પરે .... ૫

આનંદમય કૃતિ ગુણની ભરતી
સુખમય શાન્તિની સમજ ભરે,
મહાન સૌથી તુજ ગણાયે
અક્ષય અનાદિ સાન કરે....૬

તારી કૃતિઓ જાદુભરેલી
હૃદયમાં પ્રેમાનંદ ભરે,
સ્વાર્થ મૂકીને સૌના હિતનાં
દિન-રાત એક તું કાર્ય કરે .... ૭



Scanned with CamScanner

॥ ૐ ॥

પરમ ભાવનો, મધુર ભાવનો
દિવ્ય દૃષ્ટિમાં અમૃત ભરે,
એક સનાતન સદાય નિર્મળ
નિર્ભય બળવાન પ્રાણ ખરે .... ૮

સદાનંદ તું, પરમાનંદ તું
પૂર્ણાનંદ પ્રભુ દાન કરે,
સજીવન વિદ્યા પ્રભુની સાચી
કલ્યાણ સૌનું સદાય કરે ....૯

॥ ૐ ॥

## એક અનાદિ તું અવિનાશી

(રાગ : કલ્યાણ, જૈજૈવંતી ગરબી)

(પ્રાણબળ, જ્ઞાનબળ, અવિનાશી બળ આ બધાં બળોને બળ દેનાર એક જ તું અવિનાશી છે અને સહુને અવિનાશી બનાવવા એ તારો અટલ સિધ્ધાંત છે.)

મહાભાવ - મહાપ્રાણ

એક અનાદિ તું અવિનાશી
અવિનાશી એની જેવો કરે,
પૂર્ણાનંદ તું સત્ય પ્રકાશી
અમર ભાવની લહાણ કરે .... ૧

દિવ્ય સ્નેહપૂર્ણ તું હૃદયનિવાસી
કલ્યાણ સૌનું સદાય કરે,
વિજય સ્વરૂપ તું અદશ્ય ધ્યાની
વિજયની સાચી સમજ ભરે ....૨



Scanned with CamScanner

॥ ૐ ॥

મહા પ્રાણધારી તું મહાન કૃપાળુ
રક્ષા દિન-રાત તુજ કરે,
મુક્ત સદાનો આત્મજ્ઞાની તું
પ્રકાશ તુજ વિણ કોણ ભરે .... ૩

નિર્દોષ જ્ઞાનાનંદ, તું એક જ
શાંતિનો સંચાર, તું જ કરે,
પ્રાણી પ્રાણનો જ્ઞાની તું એક જ
પ્રાણસંચાર બીજો કોણ કરે ?....૪

ભાવ પરમનો ભાવિ તું એક જ
એક જ તું, અવિનાશી કરે,
ઘડનારો તુંહી તું સાચો
બીજો ઘડનારો ખોટો ઠરે ....૫

તારા પ્રાણને તું લેનારો
પ્રાણદાન તુજ વિના કોણ કરે?
તુંહી તુંહી, ભરીને તુજને આપું
અમર પ્રાણને તું જ કરે ....૬

મહા પ્રાણનો, પ્રાણ ભરીને
શ્રેષ્ઠ ને લાયક તું જ કરે,
એક અવિનાશી, સઘળું વિનાશી
અવિનાશી સદા અવિનાશી કરે ....૭

॥ ૐ ॥

નાભિ સુધીનો પ્રાણ કેન્દ્રિત થાય તો પ્રસન્નતા રહે.



Scanned with CamScanner

॥ ॐ ॥

## કહેવું હે હરિ ! સુંદર સુંદર

(હૃદયમાં હરિ પ્રત્યેનો નિશ્ચય સુંદર હોવો જ જોઈએ. તેમાં નિષ્ઠા અચળ હોવી જ જોઈએ. જે કાર્ય કરવા માટે આપણને ઘણા યુગો લાગે છે તે હરિની આંખની એક પલકના જ ઈશારાથી થાય છે એ હેતુસર આ પ્રાર્થના કરવાની છે, એમાં સર્વ શક્તિમાનપણાનું ભાન થાય છે.)

(રાગ : કલ્યાણ, જૈજૈવંતી ગરબી)

કહેવું હે હરિ ! સુંદર સુંદર, ખાલી કહેવું ખોટું ઠરે,
નિશ્ચય હૃદયમાં સુંદર રાખો, પ્રકાશ પ્રભુજી સદાય કરે ....૧

નિષ્ઠા અચળ ત્રિકાળ સાચી, પાલન કરવા તૈયાર રહે,
શંકા તજીને વિનાશથી બચવું, પ્રાણની પ્રિયતા પ્રભુમાં રહે ....૨

શક્તિ પ્રભુની સંયમ પાકો, ભક્તિ સંયમ સાથે રહે,
જોનાર પ્રભુ છે રાત ને દિનનો, વિશ્વાસ નસનસમાં જ કહે ....૩

જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે પોતે, સત્ય સમજી ગર્વ ગળે,
દેહના ગર્વમાં યુગ વિતાવ્યા, શરણ પ્રભુનું પ્રભુમાં મળે....૪

પ્રભુના અનંત ઉપકાર તેનો, વિચાર સતત યાદ રહે,
પ્રભુ વિનાનું ગોઠે ન ઘડીએ, સ્મરણ એવું સદાય રહે....૫

પ્રભુના બળથી પલકમાં થાયે, કહેતા શ્રધ્ધા દૃઢતા નહિ,
જીવન મળ્યું છે પ્રભુ મેળવવા, હિંમત દૃઢતા સફળ રહી....૬

સ્થિરતા શાંતિ પ્રભુમાં ભરેલી, ભ્રમણા ત્યાગી ભૂલ સુધાર,
નિર્મળ પ્રભુજી નિર્મળ બનાવે, રક્ષા કરશે હૃદયમાં ધાર...૭

નિશ્ચય પ્રભુનો વિઘ્ન હઠાવે, ત્રૂટી કદાપિ નહિ ચાલશે,
વાણી -વર્તન નિર્મળ દૃષ્ટિ, રસ્તો પ્રભુનો પ્રભુ જ મળશે....૮



Scanned with CamScanner

॥ ૐ ॥

## પ્રભુની શક્તિ, વિશુદ્ધ પ્રાણમાં

(પ્રાણ પ્રભુના ભાવથી ભાવિત કરીને જ પ્રભુમાં મળી શકાય છે. પ્રાણ એ પરમાત્માએ આપેલી ઉત્તમ કળા છે. પ્રાણ હંમેશા પરમાત્મામાં જ સમર્પણ કરીને જાગૃત રહેવું તે જ સાચી જાગૃતિ છે.)

(રાગ : કલ્યાણ, જૈજૈવંતી ગરબી)

પ્રભુની શક્તિ વિશુધ્ધ પ્રાણમાં, અખંડ આનંદ પ્રેમ ભરે,
જડતા અનાદિ નાશ કરીને, ચૈતન્ય દિવ્યતા પ્રગટ કરે .... ૧

પૃથ્વી આકાશથી વિશાળ હૃદયના,વિશાળ વિશેષ વિસ્તાર ઘણો,
કેવળ કૃપાથી હિત જ કરતા, ઉપકાર એના અનંત ગણો ....૨

સ્વાર્થ ત્યાગી અભય બનાવે, ભયના તાપોથી મુક્ત કરે,
વિજય સ્વરૂપ અચળ શ્રધ્ધા, અડગ રહેતાં વિશુધ્ધ કરે .... ૩

કહેવું અમારી ટેવ છે એવી, કહેતાં પહેલાં જાણો તમે,
ઉકેલ કરવો સરળ આપને, આપને પ્રિય માનીએ અમે .... ૪

આપને ભૂલીને પ્રભુજી અમે, યુગો અનંત ભ્રમણ કર્યું,
ભમીને અમે થાકી ગયા, આપને પલકનું કામ ઠર્યું .... ૫

આંખની પલક તણા ઈશારે, સરળ આપને કામ બધું,
પ્રભુજી અવાજ આપ કરીને, બોલાવો પ્રકાશે સત્ય સીધું .... ૬

તારા બંધનમાં મજબૂત બાંધી, તારાથી ક્ષણ રેઢો ન રહું,
તમારી આજ્ઞાનું પાલન કરવા, ઉમંગ ધારીને તમને કહું .... ૭

પ્રેરણા પ્રભુજી આપની સમજી, આપનું ધાર્યું સદાય કરું,
આપનો વહાલો બનીને રહેવા આપની મસ્તીમાં મસ્ત ફરું .... ૮



Scanned with CamScanner

# હરિ નામની અદ્‌ભુત શક્તિ

(પ્રભુના નિયમથી વિરુધ્ધ વર્તન એના જેવું એકે પાપ નથી. પ્રભુ નિયમોનું પાલન સમજીને કરાય, એની અંદર ત્રણે કાળમાં પાપ રહી શકતું જ નથી.)

(રાગ : કલ્યાણ, જૈજૈવંતી ગરબી)

હરિનામની અદ્‌ભુત શક્તિ, પાપો સઘળાં હરણ કરે,
વિશુધ્ધ બનાવી સર્વે પ્રાણીને, પ્રેમથી સૌનું કલ્યાણ કરે .... ૧
સત્યના માર્ગે વાળવા સૌને, સતત જાગૃત પોતે રહે,
પ્રભુ આજ્ઞાથી ઊંધા ચાલે, સ્વભાવ દોષથી દુઃખ રહે .... ૨
શરણ પ્રભુનું અમૂલ્ય ગણાયે, સમજે છતાં સ્વીકાર નથી,
હૃદયમાં રાખવા એક જ પ્રભુને, પ્રભુમાં કોઈ વિકાર નથી .... ૩
નિર્દોષ પ્રભુજી આપણા ખાતર, રક્ષક બનીને ચોકી કરે,
પ્રભુથી વિમુખ બન્યા તેને, શોક-મોહ ઉપાધિ ખરે .... ૪
ઉપાધિ હરે ને શાંતિ આપે, મંગળદાયક પ્રભુનું નામ,
પ્રભુને ભૂલી આશા-તૃષ્ણાથી, હેરાન હાથે બનતા તમામ .... ૫
શીતળતા પ્રભુ નસમાં ભરવા, કામના સંકલ્પ ત્યાગ કરો,
ઈચ્છાશક્તિ પ્રભુની બળવાન, વાસના ત્યાગી ધ્યાન ધરો .... ૬
પ્રભુ સઘળે વ્યાપક રહેતા, પડદો ગર્વનો કાઢી જુઓ,
દેહનો સદાય નાશ થવાનો, પ્રભુજી અવ્યય પૂર્ણ જુઓ.... ૭
પૂર્ણની આજ્ઞા પૂર્ણ બનાવે, વિશ્વાસ ધારણ સત્ય કરો,
દગો પ્રભુજી કદી ન કરશે, અમર ભાવથી જરૂર તરો .... ૮
પ્રભુને મળવા હરખ અતિશે, ભક્તિની ભરતી સદાય રહે,
ઓટ નહિ તો ખોટ ન આવે, વૃત્તિ પ્રભુમાં ચોંટી રહે .... ૯
પ્રભુના લાભથી બીજો કોઈ, અધિક લાભ કદી જ નથી,
પ્રભુના બનીને પ્રભુમાં રહેવું, સાર્થક જીવન બીજું નથી.... ૧૦



Scanned with CamScanner

॥ ૐ ॥

# સમુદ્રનું તળિયું માપવું ઊંડું

(ગર્વ તજીને જ પ્રભુને મળી શકાય છે એ અટલ સિધ્ધાંત છે એનું પાલન પરમાત્મા પોતે કરે છે અને પાલન કરવાનું આપણને કહે છે.)

(રાગ : કલ્યાણ, જૈજૈવંતી ગરબી)

સમુદ્રનું તળિયું માપવું ઊંડું, વિજ્ઞાની બુધ્ધિને કદી ન જડે,
સમુદ્રના તળિયે કણ, રેતીના, માપી તળિયે નિવાસ કરે ....૧
ઊંચો સૂર્ય નીચે હિમાલય, સૂર્ય ઊંચાઈ સામે કણ જ ઠરે,
આકાશ વાયુથી ઊંચું આગળ,પ્રભુ વેગ વિના કોઈ ગતિ ન કરે ....૨
અણુઅણુમાં સમસ્યા તારી, ઉકેલ કરવો કઠિન પડે,
એવી પ્રભુની અદ્‌ભુત ઘટના,ઉકેલ પ્રભુ વિના નહિ જજડે ....૩
જુગની જૂની ગૂંચવણ જગની, તારી સમજથી ન દૂર રહે,
વિશ્વતણું સાચું સરવૈયું, જાણે અજાણ બની મૌન રહે ....૪
રહેવું તુજમાં તુજથી જુદું, એવી ભ્રમણા તું દૂર કરે,
સુલભ તે છે તમારે માટે,સરળ સાચી તું જ સમજ ભરે ....૫
તુજને સાચો એક તું જાણે, અજાણ બની છતાં તું જોતો,
ભૂલ સુધારી તુજમાં મેળવ, કેળવણી સાચી જ તું જાણે....૬
સૌથી મહાન શ્રેષ્ઠ જ કર્મો, ગર્વ મૂકીને તું કરતો,
ગર્વ મૂકવા સૌને શીખવે, સમજે માર્ગ સરળ બનતો....૭
સમુદ્રથી વિશાળ હૃદય તમારું, પ્રેમથી લાણી તું કરતો,
ઉદાર એક નથી જોડીનો, રાતદિન ચોકી તું ભરતો ....૮
કઠણાઈના થર ક્યાંથી આવે, પ્રભુનાં વચનો હૃદયથી ખસે,
ઉત્તમ અવસર પ્રભુજી આપે, સમય ચૂકીને દૂર વસે ....૯
જીવન-મરણનો સાચો તું સાથી, શ્વાસે સ્મરણે પ્રાણ બળે,
ઈચ્છા તારી સિધ્ધ કરીને, નિષ્ઠા અચળ બસ તુજમાં ભળે....૧૦



Scanned with CamScanner

# હે કરુણાનિધિ ઉદાર

હે કરુણાનિધિ ઉદાર, તારી કરુણાથી જ ઉધ્ધાર,
સમજે છતાં ભૂલના વિચાર, પૂર્ણતા ભરવા તું તૈયાર ....
તને સમજવા મહેનત કીધી, ઊલટી સમજ ભરી લીધી,
ઊંધી સમજની ઉપાધિ, ઉમંગી ભાવ હૃદયની સિધ્ધિ ....
કંઈ કામ ન તર્કો આવે, દૃઢતા વિશ્વાસ ડગાવે,
પ્રભુપ્રેમનો માર્ગ ભુલાવે, એવું ડહાપણ કામ ન આવે....
સઘળે પ્રભુ સદાનિવાસી, કહેવા છતાં કેમ ઉદાસી,
માન્યા વિના વાત નકામી, આડી છે મોટી જ ખામી ....
પ્રભુનું પ્રભુને નહિ દેવું, ગુમાન વધારીને રહેવું,
ખોટી આશાએ બળવું, પ્રભુ છોડીને દુઃખ સહેવું ....
જૂઠી આશા લાવે નિરાશા, સત પ્રભુ છે પૂર્ણ પ્રકાશા,
જ્ઞાન ભરતી શક્તિદાતા, સૌ કળામાં કુશળ ગણાતાં ....
પ્રભુને સોંપી બનીશ રાજી, પ્રભુસ્મરણની સ્મૃતિ તાજી,
શ્વાસની સફળતા ઝાઝી, પ્રાણ પ્રભુને સદા કરે રાજી ....
બુધ્ધિની ચાતુરી છોડી, વૃત્તિ પ્રભુમાં રાખવી જોડી,
ઊંચી પ્રીત પ્રભુની યાદ આવે, સાચો પ્રેમ અંતરમાં લાવે ....
પ્રેરણા દઈ માર્ગ બતાવે, સતપંથે જ સીધા ચલાવે,
પંથનો ભોમિયો પ્રભુ પૂરો, એના જેવો નથી કોઈ શૂરો ....
હિંમત આપી અવશ્ય તારે, અખંડ આનંદ મસ્તી વધારે,
અગવડ-સગવડ છે એની, નિભાવો બક્ષિસ છે તેની ....
ઊજળા પ્રભુ ઉદાર હૃદયના, નિર્મળ પ્રભુ નિર્મળ રચના,
સાર્થક જીવનનું મંથન, એની દિવ્ય દૃષ્ટિનું અંજન ....
દૃષ્ટિનો પ્રભુ દોષ હઠાવે, સાચી સાન આપી સમજાવે,
પ્રભુ એની સમજ ઠસાવે, કોઈ નહિ જ કદાપિ ફસાવે ....
વાસના બાળી શુધ્ધ બનાવે, સાથે રહી સ્નેહ નિભાવે,
શાંતિ આપી સ્થિર બનાવે, અવિનાશી અમરતા દીપાવે ....



Scanned with CamScanner

॥ ॐ ॥

# અમે કહેતાં એ પહેલાંથી

## આર્તનાદ

(રાગ : ગઝલ)

અમો કહેતાં એ પહેલાંથી, અમારું ધ્યાન રાખે છે,
પ્રભુ રાખીને સમદૃષ્ટિ, વ્હાલો જ્ઞાન આપે છે.
ઘણી ઊંડી સમજદારી, ભરીને સાન લાવે છે,
છતાં અળગા પડી જઈને, અલગ જીવ ભાવ આવે છે.

અવિનાશી તણા ઉપકાર, ગણતાં પાર નહિ આવે,
ગર્વ ધારણ કરી માનવ, ફૂલીને ભાન ગુમાવે.
ઘણી આફત તણાં વાદળ, મૂંઝાવી બુધ્ધિ ભરમાવે,
મહાન અચળ બળધારી, પ્રભુનું શરણ સહુ ભાવે.

હૃદય વિશાળતા લાવી, પ્રભુજી પ્રીતિ વધારીને,
દુર્બળતા દોષ બાળીને, સત્ય માર્ગ બતાવીને.
અભયતા, પ્રાણબળ આપી, અંતર સમૂળું હઠાવીને,
ઈચ્છાશક્તિ સફળ કરીને, જીવન સુગંધ ભરી દઈને.

અમર વિજયી સદા રહેતા, નિશ્ચય બળ આપનું ભરતા,
યુગોના ભોમિયા જૂના, હૃદયમાં પ્રેરણા દેતા.
મોહ, શોક, ભ્રમ નહિ આવે,આનંદ ને શાંતિના દાતા,
સ્થિરતા, ધીરતા, સંતોષ, વીરતા, ઐક્યતા ધરતા.

વિકારી દોષ સહુ બાળે, સંયમ નિષ્ઠા જ શુભ આપે,
કઠિન કર્મો તણા દોષો, પ્રભુજી પલકમાં કાપે.
સતત પ્રેમભરી શ્રધ્ધા, નિષ્ઠામાં ઢીલ નહિ આપે,
પરમ પૂર્ણતા અમૃત દૃષ્ટિ, આપીને હૃદયમાં સ્થાપે.



Scanned with CamScanner

॥ ૐ ॥

# ખરે વખતે ખબર લેવા

(રાગ : ગઝલ)

ખરે વખતે ખબર લેવા, ખંતીલો ખંત રાખે છે,
મૂંઝવતા જટિલ પ્રશ્નોના હૃદય ઉકેલ આપે છે.
સનાતન સત્ય વરદાતા, સત્યના સાથમાં રહેતા,
પ્રભુની આજ્ઞા પાળે, સદાયે સહાયતા કરતા .... ૧

॥ ૐ ॥ ॥ ૐ ॥ ॥ ૐ ॥

અનાદિનો દિવાકર એ, દીવો કરી દિલ ઉજાળે,
રાગદ્વેષો હઠાવીને, સત્ય દૃષ્ટિથી નિહાળે.
કોઈના દોષ નહિ દેખે, સરળ સમભાવ અંતરનો,
કેવળ કૃપાળુની કરુણા, અખંડ આનંદ ભરતીનો .... ૨

॥ ૐ ॥ ॥ ૐ ॥ ॥ ૐ ॥

પ્રભુમાં વિશુધ્ધ પ્રેમ ભરી, એવી મસ્તી મજાની છે,
વિમુખ પ્રભુથી કરે જુદા, દુઃખોની એ નિશાની છે.
સ્મરણ સમજીને કરવાથી, વૃત્તિ પ્રભુમય બની જાશે,
નિરાશા, શોક, ભય, શંકા, સદાયે દૂર થઈ જાશે .... ૩

॥ ૐ ॥ ॥ ૐ ॥ ॥ ૐ ॥

વિશુધ્ધિ પ્રાણની થાશે, મહાભાવોતણી ભવ્યતા,
દિવ્ય શ્રેષ્ઠ પ્રભુની કળા, પ્રભુદર્શન સમજ દેતાં.
બધાં સ્થળમાં પ્રભુવ્યાપક, અનોખી રીત અજમાવી,
નીરવ શાન્તિ તણી સાને, સહુને દેતા સમજાવી .... ૪

॥ ૐ ॥ ॥ ૐ ॥ ॥ ૐ ॥

કૃતિનો પાર નહિ આવે, અનંત કૃતિઓ અજાણી છે,
પરિપૂર્ણ પ્રભુ પૂર્ણતા, ઘટોઘટમાં સમાવી છે.
છુપાવી છે છતાં જાહેર, અદ્‌ભુત એ સમસ્યા છે,
નથી વીર કોઈ જોડીનો, અજબ રીતે સમાયો છે .... ૫



Scanned with CamScanner

# વસે સહુમાં છતાં અળગો

(રાગ : ગઝલ)

વસે સહુમાં છતાં અળગો, અટલ સિધ્ધાંતધારી છે,
અમૂલ્ય પ્રભુતણી કિંમત, અધિકથી અધિક વધારે છે.
સંદેશા અદશ્ય રહી દેતો, સર્વજ્ઞ સત્ય વિજયી છે,
છતાં સહુની ખબર લેવા, સહુની પાસ આવે છે .... ૧

॥ ૐ ॥ ॥ ૐ ॥ ॥ ૐ ॥

ધારેલી ધારણા પ્રભુની, કદી નિષ્ફળ નથી પડતી,
પ્રભુમાં અડગ રહે શ્રધ્ધા, સદા એની રહે ચડતી.
સદાયે ધ્યાન રાખીને, વિપત્ત વાલમ નિવારે છે,
હારેલાને હિંમત આપી, પ્રભુ પોતે સુધારે છે .... ૨

॥ ૐ ॥ ॥ ૐ ॥ ॥ ૐ ॥

પ્રભુનો સ્પર્શ થઈ જાતાં, નથી જડતા રહી શકતી,
વિરોધી વૃત્તિ શુધ્ધ બનતી, પ્રભુના પ્રેમની ભરતી.
સંયમ પાકો પ્રભુ નિષ્ઠા, ઊણપ નહિ આવવા દેતા,
હૃદયમાં પ્રેરણા આપી, કુશળતા એની વાપરતા .... ૩

॥ ૐ ॥ ॥ ૐ ॥ ॥ ૐ ॥

સદાયે સર્વ યુગોમાં, પ્રભુજી પ્રકાશ આપે છે,
છતાં એ વ્યય નથી બનતો, એવા પ્રકાશધારી છે.
અવિનાશીથી સત સૂઝે, અમર એ કામ પ્યારું છે,
અમર એ ધામમાં જ સદા, પ્રભુ સાન્નિધ્ય સારું છે .... ૪

॥ ૐ ॥ ॥ ૐ ॥ ॥ ૐ ॥

પ્રભુ આપે છતાં કોઈ, નહિ દેખે એ રીતોથી,
સદા પાલક, સદા સહાયક, ગૈબી ગુપ્ત શક્તિથી.
કદીયે ન થાક લાગે છે, સહુ કર્મોનો જોનારો,
સદાયે સાક્ષી સૌનો એ, સનાતન એનો સુધારો .... ૫



Scanned with CamScanner

॥ ॐ ॥

# શબ્દવેધીના શબ્દોથી

શબ્દવેધીના શબ્દોથી, હૃદય વીંધાઈ જાયે છે,
પછી ઘડીયે નથી ગમતું, વ્યથા પ્રભુની વધારે છે.
મિલન વ્યાકુળ તનમનમાં, સમર્પણ ભાવ જાગે છે,
શરણ એક જ પ્રભુનો પ્રેમ, લક્ષથી સંધાન રાખે છે .... ૧
અવિનાશી અમર ભાવ ઉદય બનો

ઘાયલ હૃદયે ઘવાયેલો, પ્રભુ સ્નેહે બને પાગલ,
રૂઝાવા હૃદયના ઘાને, પ્રભુજી આવતા આગળ.
હઠાવી મોહનો પડદો, પ્રગટ દર્શન દઈ છૂપતા,
પ્રભુ આઘા રહી જોતા, ભગતના ભાવની સમતા .... ૨
અવિનાશી અમર ભાવ ઉદય બનો

તૂટે નહિ તાર વૃત્તિનો, અચળ શક્તિ પ્રભુની મળે,
દ્રવિત ભાવોથી ભીંજેલું, હૃદય વિશુદ્ધ પ્રભુમાં ઢળે.
અનોખી પ્રેરણા સતની, નજર મળતાં અદૃશ્ય પળે,
વાણી-વર્ણન નથી બનતું, પ્રભુના અલભ્ય અમૂલ્ય બળે .... ૩
અવિનાશી અમર ભાવ ઉદય બનો

બધા બળવાન બળદાતા, નથી બળવાન કોઈ બીજો,
ગેબી અવાજ વેધ પ્રભુનો, પ્રેમની અખંડ મસ્તી છે જો.
એના રંગેથી પ્રભુ રંગે, સંયમ સાધન એના જ લેજો,
અનહદ ભાવ સ્નેહભર્યો, પ્રભુમાં સદાય સ્થિર રહેજો .... ૪
અવિનાશી અમર ભાવ ઉદય બનો

પ્રભુના વિશુદ્ધ પ્રેમીને, કદી ઊણપ નથી રહેતી,
અચળ વિશ્વાસ દૃઢ બનતા, પ્રભુ સંદેશા રહે ભરતી.
સમજની સાન એવી મળે, ગણતરી એની નથી બનતી,
જ્ઞાન-ધ્યાનમાં પ્રભુ હાજર, એકતા પ્રભુની અમર કરતી .... ૫
અવિનાશી અમર ભાવ ઉદય બનો



Scanned with CamScanner

॥ ૐ ॥

## હે પ્રભુ ! તારા પ્રેમમાં રાખ

હે પ્રભુ ! તારા પ્રેમમાં રાખ, જુદો ગણી નહિ કાઢી નાખ,
તારા કામે આવે ન ખોટ, લાગે તારી દિવ્ય જ ચોટ .... હે પ્રભુ....૧
ખેંચે લોહને ચુંબક જેમ, તારા બળથી કરજે એમ,
તારી મસ્તી ભરતી ક્ષેમ, રાખી સદાયે, કરી દે તેમ .... હે પ્રભુ....૨
તારી શક્તિ ભરી દે અંગ, લાગે સાચો તમારો રંગ,
તારા નિયમે સાચો સંગ, એમાં કદી ન પડતો ભંગ .... હે પ્રભુ....૩
સત સમજ મનનો તાલ, રહે એક જ તારો ખ્યાલ,
શાંતિ આનંદ વધતી ચાલ, બોલો નિર્દોષ લાવીને વહાલ.... હે પ્રભુ....૪
પ્રજ્ઞાશક્તિ ને અંતરજ્ઞાન, રહે સદાયે તમારી શાન,
દૃષ્ટિ અમૃત નિર્મળ ભાન, ઊજળા પ્રકાશે જીવન તાન.... હે પ્રભુ....૫
આવો પ્રભુજી જલદી આવો, મારા હૃદયે તમારા ભાવો,
જુદાપણાનો લાવજો અંત, સત પ્રભુજી રાખીને ખંત.... હે પ્રભુ....૬

॥ ૐ ॥

## હે પ્રભુ ! તારાં અનંત રૂપ

હે પ્રભુ ! તારાં અનંત રૂપ, બુદ્ધિ ને મન બનતાં ચૂપ,
બુદ્ધિ ને મનને તું જ સુધાર, તમને મળવું પ્રેમ પ્રકાર .... ૧
પ્રેમની ભરતી તારું જ નૂર, ભક્તિ અખંડ એક જ સૂર,
પકડો પ્રભુજી અમારો હાથ, કદી ન ભૂલીએ તમારો સાથ .... ૨
હૃદય આપ જ વાત કરો, સમજ આપની સીધી ભરો,
અંતરદૃષ્ટિમાં તારો વાસ, ભરી દો તમારી સાચી સુવાસ .... ૩
ભરોસો દૃઢતા પ્રેમ પ્રકાશ, તૃપ્તિ તમારી એમાં વિકાસ,
નિર્બળ ભાવનો કરો વિનાશ, અભય, અચળ પ્રાણ પ્રયાસ.... ૪



Scanned with CamScanner

॥ ॐ ॥

હર્ષ-શોકનો ખોટો આભાસ, આત્મજ્ઞાનનો દૃઢ વિશ્વાસ,
સંતોષ સતત નિશ્ચય બળવાન,શ્વાસને નિર્ભય કરો ભગવાન ....૫
આપમાં રહીએ સદા નિષ્ઠાવાન, જ્ઞાન-ધ્યાન તમારું, સૌથી મહાન,
ભણતર આપનું ભણાવો ખાસ, હૃદયમાં આપનો નિર્મળ વાસ ....૬
આપની કૃપાથી કરી દો પાસ, કદી ન કોઈ કરશે નાપાસ,
આપના અમર ધામમાં અવાય, માર્ગ સીધો તમારી સહાય .... ૭
વિશ્વનો ઉધ્ધાર સરળ જણાય, પાયાનો સુધારો તમારો ગણાય,
કેળવો યુગોથી સાક્ષી સદાય, ગીતામાં પુરાવો તેનો જણાય .... ૮
જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણ મહાન, સર્વજ્ઞ સર્વેશ્વર વીર્યવાન,
યોગેશ્વર, અનાદિ, સર્વે છે શાન, શ્રેષ્ઠ કળાના સર્વ શક્તિમાન .... ૯

॥ ॐ ॥

## દેખે છે જીવ વિનાશી ભાવ

દેખે છે જીવ વિનાશી ભાવ
      ખોટું દેખવું જીવ સ્વભાવ,
વિધવિધ જાતની દૃષ્ટિ દોષ
      અવિનાશી ભાવમાં સદા સંતોષ .... ૧
જગતની અનંત વિચિત્ર ચાલ
      સમજે જગત આસક્તિ ખ્યાલ,
રાખતાં સર્વે મોહથી પ્યાર
      અવિનાશી પ્રકાશ દેવા તૈયાર .... ૨
ઈશ્વર એક સદા રહેનાર
      છતાં નથી એમ, કહી ભમનાર,
હૃદય બિરાજ્યા રાખ વિશ્વાસ
      અમૂલ્ય કિંમત સત અવિનાશ .... ૩



Scanned with CamScanner

॥ ॐ ॥

ગોતવા દૂરદૂર ગોથાં ખાય
ગુમાન રાખીને દુઃખી થાય,
અજ્ઞાન અને મૂઢતા ગણાય
અવિનાશી નિર્મળ આઘા જણાય .... ૪

દયા પ્રભુની વિશેષ ભરપૂર
છતાં ભ્રમણાથી વસતા દૂર,
પૂર્ણ પ્રભુ છે હાજર જરૂર
એના વિનાનું ખોટું નૂર .... ૫

જ્યોતિ સ્વરૂપ છે સૌથી મહાન
અવિનાશીનું બધું વિજ્ઞાન,
સમજ છતા નહિ પાલન કરે
અવિનાશી ભૂલીને ઊંધા ફરે .... ૬

ત્રાજવે તોળીને ખાતરી કરો
પ્રભુથી વિશેષ નથી ધ્યાન ધરો,
અણમૂલ પ્રભુજી, મળે વિનામૂલ્ય
પરમભાવ એક જ સમજે અતુલ ....૭

સૂર્ય-ચંદ્રનો પ્રભુ શણગાર
અવિનાશી પ્રકાશ અનંત પ્રકાર,
અવ્યય પ્રભુજી સદા તૈયાર
અવિનાશી કરવા એનો વિચાર .... ૮

એક જ પ્રભુનો અમર ભાવ
મૃત્યુભાવમાં જીવ પ્રભાવ,
જડ ગ્રંથિનો લઘુતા સ્વભાવ
બંધન કરાવે સઘળો અભાવ .... ૯

Scanned with CamScanner

॥ ૐ ॥

અખંડાનંદનું કરવા પાન
અવિનાશી અમૃતનું સ્થાન,
શોક-મોહ-ભય નાસે તમામ
પૂર્ણ પ્રભુમાં સદા વિશ્રામ....૧૦
અપૂર્ણ વધઘટ ક્ષણક્ષણ થાય
અવિનાશી ભાવથી સંદેહ જાય,
કલ્યાણ મંગળ કામો જણાય
અવિનાશી શાંતિમાં પ્રેમે જવાય....૧૧
અવિનાશી ભાવમાં સંત તમામ
નિર્ભય સંદેશા દઢતા આરામ,
અવિનાશી પ્રભુનું ઉત્તમ ધામ
નિશ્ચય પહોંચવું નિર્મળ કામ.... ૧૨

॥ ૐ ॥

## પ્રભુ નથી રે સતાવતા કોઈને ઘડી

પ્રભુ નથી રે સતાવતા કોઈને ઘડી,
એની સાચી રે સમજની ઊંડી કડી;
પ્રભુની શ્વાસ સાથે જ, કિંમત જડી,
સાચું થાય જો પાલન, મસ્તી ચડી .... પ્રભુ ૧- ટેક

ક્યાંય નથી ત્યાં, એની દૃષ્ટિ પડી,
ઊંધી સમજ એની, આવી આડે નડી;
રાહ ગુરુની ન મળતાં આંખ રડી,
સાચા ગુરુના પ્રતાપે સફળ ઘડી .... પ્રભુ ૨



Scanned with CamScanner

॥ ૐ ॥

હૃદય વ્યાકુળ, પ્રભુને મળવા તણું,
એનું ધ્યાન પ્રભુજી રાખે ઘણું;
જડ દેહના ભાવો વિનાશી ગણું,
ભાન સદાય રહે અવિનાશી તણું .... પ્રભુ ૩

પૂર્વ પુણ્યથી સંતનો સંગ મળે,
એની કૃપાથી વાસના જરૂર બળે;
કઠોર ભાવનો ગર્વ સમૂળ ગળે,
ત્યારે પ્રાણની પ્રીતિ પ્રભુમાં મળે .... પ્રભુ ૪

મન-બુધ્ધિનો તાર સુધારો કરે,
સંદેશા પ્રભુના, કદી નહિ જ ફરે;
સાચા પ્રેરકનો ભાવ અમર ખરે,
પ્રભુ અંતર ટાળીને એક જ કરે .... પ્રભુ ૫

એને જગની ઉપાધિ નહિ નડશે,
શાંતિ આનંદ પ્રેમ અધિક વધશે;
માગ્યા વિનાનું કામ આગળ ધરશે,
સ્થિરતા સાથે પ્રભુની ગમ પડશે .... પ્રભુ ૬

વૃત્તિ ચૈતન્ય ચિત્તથી ઊંચે ચડશે,
પાંચ તત્ત્વના ગુણ નહિ ગમશે;
ખોટા ખ્યાલનો દોર તૂટી પડશે,
બીજા સ્થળથી હઠીને પ્રભુને મળશે .... પ્રભુ ૭

Scanned with CamScanner

॥ ૐ ॥

# ગુંજે ગુંજે પૂર્ણ પ્રભુનો નાદ

## નાદ જાગૃતિ

(રાગ : ગરબો : પ્રસાદ)

ગુંજે ગુંજે પૂર્ણ, પ્રભુનો નાદ
ત્યારે જાણવો પ્રભુનો પ્રસાદ .... ટેક.

પાપ, તાપ સઘળાં, દૂર જ ભાગતા
જ્યારે પ્રભુમાં, દિન-રાત જાગતા
મસ્ત ગુંજન એ, પ્રભુનો જ સાદ....ત્યારે જાણવો ૧

પ્રભુનો પ્રસાદ મળે, અંતરમાં શાંતિ
રહે ન કદાપિ કોઈ, મમતાની ભ્રાંતિ
અજ્ઞાન સમૂળું દૂર જ થાય
જ્ઞાનનો પ્રવાહ, દિવ્ય ભળાય
ભગાડે મોહ-શોક, બ્રહ્મનો જ નાદ ....ત્યારે જાણવો ૨

શક્તિ ને ભક્તિમાં, ઊણપ ન રહેતી
તૃપ્તિ સદાય રહે ઉત્તમ ભાવ ભરતી
ઓટની ખોટ તો, નજરે ન આવે
પ્રેમાનંદ અદ્ભુત, પ્રભુ વર્ષાવે
રસામૃતનો મધુર, અનોખો સ્વાદ....ત્યારે જાણવો ૩

જ્યોતિ સ્વરૂપ પ્રભુ, અચળ રહેતા
હૃદયમાં પ્રગટ બની, માર્ગ સત્ય કહેતા
સતત ચોકી એની, પલ નથી ખસતી
સાચી છે વાત એમ, હૃદયમાં ઠસતી
મુકાવે અવિનાશી, વાદવિવાદ ....ત્યારે જાણવો ૪

પ્રભુનું ધ્યાન રહે, સૌના અવાજમાં
ભૂલે ન કોઈને, સમજાવે સાનમાં
પ્રભુજી પોતાની, દૃષ્ટિ આપીને
ભરતા કૃપાળુ સાચી સમજને
સંયમ સાથે જ, પ્રભુનો પ્રસાદ....ત્યારે જાણવો ૫



Scanned with CamScanner

# અવિનાશી પ્રકાશ સૌને જ કરતા

(રાસ)

અવિનાશી પ્રકાશ સૌને જ કરતા
નાશ નથી એનો, દિવ્યતા ભરતા
પ્રેમ ધરી પ્રભુજી, પ્રેમમાં બાંધે તો
અંતર એક જ બને રે લોલ .... ૧
પ્રભુ છે જુગનો, જાણીતો સૌનો
અજબ આઘાત પ્રભુ ભૂલે છે તેનો
વળગી રહેતાં પ્રભુજી તારે
વૃત્તિ અચળ ચોંટી રહે રે લોલ .... ૨
આવ આવ કહીને, બોલાવે પાસમાં
જાતાં જાતાં વેગથી અતીશે ઉલ્લાસમાં
પહોંચતાં લાગે નહિ ઝાઝી વાર
પ્રભુ ગતિમાં પાવર ભરે રે લોલ .... ૩
વેગવાન પ્રભુ છે અમારા સાથમાં
રક્ષક મોટા છે, કળાના વિજ્ઞાનમાં
એની કળાનો મળે નહિ જોટો
ટાળે અંતર, ભૂલ નહિ રે લોલ .... ૪
પ્રાણથી પ્યારો, સૌ રસથી અનોખો
સ્વાદ ચખાડે પ્રભુ, પ્રભુને ઓળખો
સાચી સમજ એ જ ભરનારો
ન્યારો અમર ધામનો રે લોલ .... ૫
દેતાં દેતાં નથી, થાકનાર એતો
ગર્વ તજીને, અલગ રહેતો
ત્રણે લોકને એ જ પોષનારો
છતાં એ તો, છૂપો રહે રે .... લોલ .... ૬



Scanned with CamScanner

॥ ૐ ॥

જગત દગો કરે, એવું દેખાશે
પ્રભુજી વિશ્વાસે બધાને તારશે
શ્વાસમાં એક જ, અડગ રાખો ટેક
આંખો અમી ભરતો રહે રે.... લોલ .... ૭
બધાં કામ છોડીને, પ્રભુને મળવું
એના જ પ્રેમી બની, એમાં જ ગળવું
દિલના દાતારે દિલડું દીધું
પ્રભુ સુધારો ઉત્તમ કરે રે....લોલ .... ૮
બગડયું સુધારી ખુશી જ થાતો
અમર લખાણી, શાસ્ત્રમાં વાતો
કેવળ, મંગળ, સુંદર કરણી
પ્રભુ-નિષ્ઠા ભરતી કરે રે.... લોલ .... ૯

॥ ૐ ॥

## દેહની દષ્ટિનો દોષ પ્રભુ ટાળતા

(રાસ : દિવ્ય દષ્ટિ : : દિવ્ય દર્શન તત્વ)

દેહની દષ્ટિનો દોષ પ્રભુ ટાળતા
દોષો ન ક્યાંય રહે, દોષોને બાળતા
આંખમાં પ્રભુ જ; અમી ભરનારો
દષ્ટિ દિવ્ય બની જશે રે.... લોલ .... આંખમાં

સઘળે દેખાય પ્રભુ, એવી દષ્ટિ કામની
અવિનાશી આંખ મળે,એના જ ધામની
પ્રેમથી દષ્ટિમાં દષ્ટિ, પ્રભુ આપે -તો
સત્ય, તેજ વૃધ્ધિ થશે રે ....લોલ .... આંખમાં

Scanned with CamScanner

॥ ॐ ॥

પડદો હઠાવી પ્રભુ, પ્રત્યક્ષ થાતો
હૈયું તરબોળ બને, પ્રેમ ઊભરાતો
અમર પ્રભુજી, અમર બનાવે તો
ભાગ્ય બને ઊજળાં રે .... લોલ .... આંખમાં

દિલનો દાતાર હૃદય શણગારે
એનું જ જ્ઞાન ભરી, સમજ વધારે
કેવળ કૃપાથી, પ્રભુ હિત કરતા
સંયમ સાચો દૃઢતા રહે રે.... લોલ .... આંખમાં

પ્રભુના બોલનો, તોલ નથી થાતો
અમૂલ્ય બોલ અને નિર્મળ વાતો
નિર્દોષ ભાવોને એ જ પોષનારો
અમૃત આપી તૃપ્તિ કરે રે.... લોલ .... આંખમાં

ગેબી અવાજ એના, બધે જ પૂરતા
સાન,ભાન એની મળે,એની જ વીરતા
સુરતા એની જ, સાચી સુભાગી
પ્રભુની લગન સાચી રહે રે.... લોલ .... આંખમાં

એક જ પ્રભુ વિના, બીજું ન ગોઠતું
હૃદય ઊજળું પ્રભુ, પ્રકાશે શોભતું
વિશ્વની ભાષનો, ભેદ પ્રભુ જાણે
ઉકેલ એનો આવડે રે.... લોલ .... આંખમાં

સહુમાં વસીને ખ્યાલ સૌનો એ રાખતો
વિશેષ કૃપાળુ પ્રભુ, સૌને સુધારતો
દિવ્ય કળાનો કારીગર પાકો,
દિવ્ય કળાથી સૌને ઘડ્યા રે.... લોલ .... આંખમાં



Scanned with CamScanner

॥ ૐ ॥

ઘડનાર, તોડનાર, જોડનાર પ્રભુજી
સઘળું મીઠું લાગે, પ્રભુની મરજી
એના વિનાનું પાન નહિ હાલે
સાચી સમજ, ગર્વ ગળે રે.... લોલ .... આંખમાં
પ્રભુમાંથી આવ્યા, પ્રભુ પાસે જાવું
પ્રભુ એક જ લક્ષ, બીજે નહિ ફસાવું
રક્ષણ નિશ્ચય, પ્રભુનો એક સાચો
શરણ પ્રભુનું, પ્રભુ મળે રે... લોલ .... આંખમાં

॥ ૐ ॥

## શક્તિ મળતાં, પ્રભુજી આનંદ

શક્તિ મળતાં પ્રભુજી આનંદ, અંતર દૂર હઠાવો....રે
ભરતી પ્રેમની રહે ભરપૂર, કૃપા એવી વર્ષાવો....રે
આપ શાંતિથી અમને સમજાવી દેજો,મલિન હૃદયના દોષોને દૂર કરજો
વિશુધ્ધ હૃદય તમારું,એક જ સ્થાન, દિવ્યતા દીપાવો ....રે
આપ અંતરનો મંત્ર જ સિધ્ધ કરો, અંતર ટાળીને આપના ભાવો ભરો
તમને અઘરું નથી એ કામ, કળાથી સુધારો....રે
મારા અંતરને તમે જાણો સદા, આઘા રહીને નિહાળો, એ જ આપદા
દિવ્ય દૃષ્ટિથી અમૃત આંખમાં, આપનું ભરજો....રે
તમારા જ્ઞાનનો ખજાનો, હૃદય ભરો, નિશ્ચય બળવાન આપનો વૃધ્ધિ કરો
થઈ જાયે પલકમાં કામ, અડોલ વૃત્તિ નિરોધનું....રે
દેહભાવનો ગર્વ સમૂળો ગળે, આપ વ્યાપક જાણીને,આપને મળે
બક્ષિસ આપની કદી ન ભુલાય,ઉપયોગ આપ કરાવો....રે
અમારે તમને કહેવું નહિ બાકી રહે, લક્ષ પ્રાણની પ્રીતિનું એક જ કહે
પ્રભુ તમને જ દેખું સદાય, દૃષ્ટિ એવી કરજો....રે
શ્રધ્ધા-વિશ્વાસ અવિનાશી કદી ન ભૂલે, વિનાશી મોહક ભાવ જોઈ નહિ જ ફૂલે
નાશ થતાં ન લાગે વાર, અમર ભાવ દીપાવો....રે



Scanned with CamScanner

॥ ૐ ॥

# અખંડ અનાદિ સત્ય સદાય

અખંડ અનાદિ સત્ય સદાય, યુગોથી એક ચૈતન્ય....રે
યુગાદિ ગુરુનો ભાવ અવિનાશી, દિવ્ય જ્યોત પ્રકાશી....રે ....૧
સૌને સુધારવા અથાગ પ્રયત્ન કરે, હૃદય વિશુધ્ધ એની જ સમજ ભરે,
અખંડ એકતાનો અચળ તાર, પ્રેમ રાખીને સાંધે રે .... ૨
એની પ્રેરણા અટલ સિધ્ધાંત કહે, નિશ્ચય બળવાન, દૃઢતા, આજ્ઞામાં રહે,
સંયમ સાથે જ શ્રધ્ધા-વિશ્વાસ, શાંતિ આગમ મતની રે .... ૩
ખોટા ખ્યાલમાં વૃત્તિ કદી ન મળે, સત્ય અમૂલ્ય, પ્રેમ ને ગર્વ ગળે,
જીવન પંથમાં, અખંડ આનંદ આવે, અમર ધામથી રે .... ૪
અંશ-હંસને-કળા અવતાર લીધા, સમય પ્રમાણે કૃતિના વિસ્તાર બધા,
અનંત કૃતિઓના વિચિત્ર ભંડાર, સુધારો તારો સાચો રે .... ૫
ખંત રાખીને ઉમંગ ભરતો રહે, તારી કૃપાથી અમૃત આંખમાં વહે,
હૃદય તારા જ રંગમાં તરબોળ, દૃષ્ટિમાં તમને ભાળું રે .... ૬
તારી દૃષ્ટિથી દૃષ્ટિમાં દોષ નહિ, નિર્ભય તારા જ પ્રેમની ભરતી રહી,
વૃત્તિ તારાથી અળગી ન થાય, અભય હિંમત મળતી રે .... ૭
કેવળ કૃપા નિધાન, કૃપાના બળે, અવિનાશીનો અમર ભાવ મળે,
મહાભાવનો ભાવિત પ્રાણ, શ્વાસેશ્વાસે તું હી... કહે રે .... ૮
તુંહી તુંહીનું ગુંજન સદાય ગુંજે, એના મીઠા સ્વરોમાં માર્ગ સૂઝે,
શક્તિ ને ભક્તિનો અખૂટ ભંડાર, કદી નહિ ખૂટે રે .... ૯
મારવા તારવાનો પ્રશ્ન ઊકલે, બીજાનું હૃદયે નહિ સ્થાન મળે,
રક્ષા કવચ વજ્ર સમાન, અમર અવિનાશીનું રે .... ૧૦
કાળની, ફાળથી કદી નહિ ડરશે, અવિનાશીથી આત્માનું બળ મળશે,
મહાન અવિનાશી વીર્યવાન, સર્વના વિધાની રે .... ૧૧



Scanned with CamScanner

॥ ૐ ॥

# હૃદયમંદિરમાં વાસ પ્રભુનો

હૃદયમંદિરમાં વાસ પ્રભુનો, નિશ્ચય સત્ય પ્રમાણ .... રે
વિશુધ્ધ રાખવું સદાય તેને, કૂડકપટને ન સ્થાન .... રે .... ૧
વિવેક વિચારની દૃષ્ટિ રાખી, પ્રેમ વધે પ્રેમ પ્રકાશ રે,
અખંડ આનંદ પ્રભુની શાંતિ, અભય સંયમ જ્ઞાન રે .... ૨
શ્રધ્ધા અચળ પૂર્ણ પ્રભુમાં, વિકારનો નહિ વાસ રે,
નિર્મળ દૃષ્ટિ અમૃત ભરેલી, એમાં જ સત્ય વિકાસ રે .... ૩
પ્રાણમાં પ્રભુજી પ્રકાશ આપે, સાર્થક પ્રાણ ગણાય રે,
એક ઘડી પ્રભુ દૂર ન ગોઠે, પ્રાણની પ્રીતિ સદાય રે .... ૪
સહાય પ્રભુની રક્ષણ કરતા, શ્વાસ દોડે નહિ ક્યાંય રે,
અવિનાશીના અમરપણામાં, વિનાશી ભાવ ભુલાય રે .... ૫
દેહ વિનાશી નાશ થવાનો, મમતા દેહની મુકાય રે,
રાગદ્વેષનો વિસ્તાર ઘટતાં, અવિનાશી ભાવમાં લક્ષ રે .... ૬
શત્રુતાનો ખ્યાલ ન આવે, હૃદયે પ્રભુનો નિવાસ રે,
ગર્વ છોડી પ્રભુને ભજવા, ધ્યાન જ્યોતિ સ્વરૂપ રે .... ૭
પતિતપાવન પાવન કરશે, અડોલ વૃત્તિ સંધાન રે,
ઉપાધિ તજીને નિર્મળ બનવું, દિવ્યતા પ્રભુની ખાસ રે .... ૮
પૂર્ણ પ્રભુનો સંદેશો આવે, અગમ અગોચર પાસ રે,
હૃદયનો શૃંગાર પ્રભુજી માનો, આશા ફાંસીનો વિનાશ રે .... ૯
જીવન-મરણની આંટી ઊકલે, સરળ સુગંધી સુવાસ રે,
યુગ સુધારો જલદી કરશે, રૂપાંતર શક્તિ અમાપ રે .... ૧૦

Scanned with CamScanner

॥ ૐ ॥

## માયા હઠાવો પ્રભુ શુભ ચોઘડિયું

માયા હઠાવો પ્રભુ, શુભ ચોઘડિયું હૃદયમાં પ્રગટ પ્રકાશ ....રે
બોલો અંતર છોડી દઈને, હૃદયમાં આપનું રાજ .... રે.... ૧

આપની હાજરી, અંધારું નહિ, એવો પૂર્ણ વિશ્વાસ ....રે
રૂપાંતર કરવું ઉતાવળથી, ભેદ ઉકેલો ખાસ .... રે .... ૨

પડદા પાછળ આપ રહો તો, વ્યાકુળ તન-મન થાય ....રે
ભૂલી આપને ભૂલા પડેલા, પ્રભુજી માગે સહાય ....રે .... ૩

ખોટ જણાયે આપ વિનાની, ઓટ તેથી જણાય ....રે
પ્રેમ વધારીને આપ પધારો, અજ્ઞાન સમૂળું જાય.... રે.... ૪

સ્થિરતા, દૃઢતા, નિર્ણય આપનો, આપ કળાથી સિધ્ધ....રે
ઈચ્છાશક્તિ આપની અદ્‌ભુત, આપનું જ્ઞાન ધ્યાન શુધ્ધ.... રે.... ૫

ક્રિયા શક્તિ, ઈચ્છાશક્તિ, જ્ઞાનશક્તિ અમાપ ....રે
આપ શરણ વિના અપૂર્ણ ભાસે, આપ પ્રત્યક્ષ સંપૂર્ણ ....રે.... ૬

સંકલ્પ કરો આપ, સિધ્ધ કરો આપ, હૃદયમાં આપ, સ્વરાજ્ય .... રે
પડદો રાખી કામો કરો તો, વિઘ્નોનો આવે ન અંત ....રે.... ૭

જડ ગ્રંથિનો ઉકેલ એક જ, આપ કૃપાથી સૂજે ....રે
વિજય સ્વરૂપે આપ બિરાજો, પછી બીજાનું ન કામ.... રે.... ૮

શક્તિ, ભક્તિ, યુક્તિ દેવા, આપ છો સર્વ સમર્થ ....રે
અમૃત દૃષ્ટિમાં આપનું ભરવા, આપ દૃષ્ટિનું જ કામ ....રે.... ૯

આપને એક આપ જ જાણો, આપ જણાવો તે જાણે.... રે
આપ સમજની સાન ભરો, તો સાચી સમજણ આવે ....રે.... ૧૦



Scanned with CamScanner

॥ ૐ ॥

# બ્રહ્મસ્વરૂપનું હૃદયમાં દર્શન

બ્રહ્મસ્વરૂપનું હૃદયમાં દર્શન, કરવા શ્રમ અથાગ .... રે
બ્રાહ્મણ બ્રહ્મનાં દર્શન માટે, તપયોગ, પ્રાણબળ પાસ....રે ટેક

સત્ય, અહિંસા, શમ, દમ ધરીને, બનાવ્યું હૃદય વિશુધ્ધ .... રે
વેદશાસ્ત્રનો અભ્યાસ કરીને, આળસ ન રાખ્યું અંગ .... રે-બ્રહ્મસ્વરૂપનું

મન, વચન ને કર્મ વિશુધ્ધિ, સાર્થક જીવન શુધ્ધ .... રે
અનાદિ કાળથી ગુરુપદ મેળવ્યું તેજથી દીપાવ્યું ખાસ .... રે-બ્રહ્મસ્વરૂપનું

જ્ઞાનપ્રકાશનો ઊજળો દીવો, કદી નહિ ઓલાય .... રે
અખંડ આનંદ, અભય શાંતિ, જ્ઞાન ને નિર્મળ સાન .... રે-બ્રહ્મસ્વરૂપનું

અચળ સમતા ધારણ કરીને, વૃત્તિ બ્રહ્મસંધાન .... રે
યોગેશ્વરનું હૃદય ખોલીને,દિવ્ય જ્ઞાન મેળવ્યું ખાસ .... રે-બ્રહ્મસ્વરૂપનું

મોહ-શોક છોડી જાગૃત બનવા, આવ્યો છે બ્રહ્મસંદેશ .... રે
ઉપાધિ તજીને બ્રહ્મને મળવા, બ્રહ્મદૃષ્ટિ છે શ્રેષ્ઠ .... રે-બ્રહ્મસ્વરૂપનું

બ્રહ્મની નિષ્ઠા બ્રહ્મ બનાવે, સાચો અટલ સિધ્ધાંત....રે
ભ્રમને છોડી, બ્રહ્મને ભજતા, પ્રેમ આનંદ પ્રસાદ .... રે-બ્રહ્મસ્વરૂપનું

ગર્વ દેહનો છોડી દેવો, કામના કરવી ત્યાગ .... રે
આત્મજ્ઞાનનો અમૂલ્ય ખજાનો, મેળવો રાખી ખંત .... રે-બ્રહ્મસ્વરૂપનું

બ્રહ્મનિષ્ઠના કુળમાં જન્મ્યા, કુળદીપક છો ખાસ .... રે
બ્રહ્મનિષ્ઠના માર્ગે ચાલી, બ્રહ્મસંબંધ પ્રત્યક્ષ .... રે-બ્રહ્મસ્વરૂપનું

ઈન્દ્રિયનિગ્રહ સંયમ પાકો, સૂક્ષ્મ બુધ્ધિ વિશાળ .... રે
અમર લોકના તમે અવિનાશી, જ્યોતિ બ્રહ્મ પ્રકાશ .... રે-બ્રહ્મસ્વરૂપનું

Scanned with CamScanner

॥ ૐ ॥

## રોમ રોમ પ્રભુજી સુખકારી
(રાગ : માલકૌંસ)

રોમ રોમ પ્રભુજી સુખકારી, બાંધ તાર એક તારો જ જાણી ....ટેક
પ્રેમભરી દષ્ટિથી રાખ પરોવી, સ્નેહ વધે તમારો આજ્ઞાકારી ....
અંધારું પ્રભુ આડું ન ધરજો, પ્રકાશ આંપો ખોટ ન તમને ....
ભૂલી ગોથાં અમારે ન ખાવાં, યાદી રાખી સ્મૃતિ ભરજો ....
મોહ-બુધ્ધિને કદી ન થાયે, ભાન આપનું નવ ભૂલીએ ....
દઢતા સિંચન આપ કરીને, હૃદય મેળવી સદાય મળીએ ....
આપે આપેલી બક્ષિસ આપની, રક્ષા આપ જ તેની કરો ....
આપ રખોપું સફળ કરવા, શક્તિ આપની શીઘ્ર ભરો ....
પ્રાણની પ્રિયતા એક જ ઝંખે, પ્રત્યક્ષ આપને નિહાળી હરખે ....
પૂર્ણ સમજને દૂર ન કરતા,આપની કૃતિઓ આપને નીરખે....
સાર્થક જીવન કળા છે તમારી, સિધ્ધ કરવા પ્રેરક સંભારી ....
ઉકેલ કરાવો વિજય તૈયારી, સર્વથી બળી છે શક્તિ તમારી....

॥ ૐ ॥

## એક પ્રભુનો રંગ છે સાચો
(રાગ : માલકૌંસ)

એક પ્રભુનો રંગ છે સાચો
ચડે જગનો રંગ તે કાચો
જગના રંગની વિધવિધ જાતો
ભ્રમણા વધારે ખોટી ભાતો - એક પ્રભુનો ૧
જન્મ-મરણ એનો મોહ વધારે
શોક-સંતાપ-તૃષ્ણા રંગ વિચારે
ખોટ ઉપાધિ બધા રંગો બાળે
ભૂલી ઘણાયે હાડ-ચામડાં ગાળે - એક પ્રભુનો ૨



Scanned with CamScanner

॥ ॐ ॥

ગર્વ વધે ને રંગ-રાગદ્વેષ ભાળો
મલિન હૃદય કરે રંગ એનો કાળો
અજ્ઞાન વધે, રંગ જ્ઞાન ભગાડે
જગના રંગો જીવન બગાડે - એક પ્રભુનો ૩
અંધશ્રધ્ધા, અવળી રંગ કરણી
દિશા ભુલાવે કિંમત ભરણી
જગના રંગ ડુબાડે મૂંઝાવે
રંગાતા રંગથી સૌને ભુલાવે - એક પ્રભુનો ૪
જગત રંગથી ત્રાસી ગયા છે
સાચા રંગથી ઘણા દૂર રહ્યા છે
રંગારા જુદા, એના રંગ છે ન્યારા
ડૂબે ને બીજાને વિરુધ્ધ થનારા - એક પ્રભુનો ૫
અનુભવી પ્રભુ રંગારો પૂરો
રંગી દે એના જ રંગમાં શૂરો
રંગનો સંગ સત અવિનાશી
ઊજળો, દિન દિન પાકો પ્રકાશી - એક પ્રભુનો ૬
પ્રભુના રંગમાં હૃદય રંગાયે
વૃત્તિ અચળ પ્રભુમાં સમાયે
પૂર્ણ ભાગ્ય પ્રભુ ઉદય કરતા
પ્રભુનો રંગ છે સંકટ હરતા - એક પ્રભુનો ૭

Scanned with CamScanner

॥ ૐ ॥

## શ્રીરાધા શ્રીકૃષ્ણને પ્યારી

(રાગ : માલકૌંસ)

શ્રીરાધા શ્રીકૃષ્ણને પ્યારી
પ્રાણથી અધિક વધારે પ્યારી
    વિનોદ એનો શ્રીકૃષ્ણ પ્રેમ જ
    સાધન મનનું પ્રસન્નતા એક જ .... શ્રીરાધાકૃષ્ણ ૧
શ્રીકૃષ્ણ અંગોનું સદા શુભ ચિંતન
આનંદનું સર્વદા શ્રીકૃષ્ણ અંજન
    સ્વભાવ શ્રીકૃષ્ણને આહ્‌લાદિત કરતો
    શ્રીકૃષ્ણના ધ્યાનમાં તત્પર રહેતો .... શ્રીરાધા ૨
શ્રીકૃષ્ણ ધ્યાનથી શ્રેષ્ઠ ગતિ છે
બધાના આકર્ષક શ્રીકૃષ્ણ જ છે
    મોહિત ઉત્તમ પ્રકારે કરે છે
    અદ્‌ભુત શક્તિ શ્રીરાધાની છે .... શ્રીરાધા ૩
દઢતા સદાય અવિનાશી ધારે
શ્રીકૃષ્ણના આનંદને અધિક વધારે
    શ્રીકૃષ્ણના આનંદમાં આનંદ માને
    શ્રીકૃષ્ણ માટે આધાર રચના જ્ઞાને .... શ્રીરાધા ૪
શ્રીકૃષ્ણની પ્યારી શ્રીકૃષ્ણની કાંતિ
શ્રીકૃષ્ણ સેવામાં તત્પર શાંતિ
    શ્રીકૃષ્ણ પ્રેમ કોઈ પાર નહિ પામે
    વિહાર કરે સદા શ્રીકૃષ્ણ ઠામે .... શ્રીરાધા ૫
શ્રીકૃષ્ણ પ્રેમની તરંગિની રાધા
શ્રીકૃષ્ણનું ચિત્ત ચોરે દેવી રાધા
    કીર્તિદા માતા કુળ સુગંધ કરતી
    કમલિની રાધા સુગંધી ભરતી .... શ્રીરાધા ૬



Scanned with CamScanner

શ્રીકૃષ્ણ તરફ સદા મુખ રાખે
હાસ્યની રેખા મુખ ખેલતી રાખે
જિજ્ઞાસાનો વિષય શ્રીકૃષ્ણ સદાયે
કુતૂહલ શ્રીકૃષ્ણ સદાય ગણાયે .... શ્રીરાધા ૭

શ્રીકૃષ્ણ અનુરાગ પૂર્ણ ભરેલો
ધન્યમાં અતિ ધન્ય એક જ ગણેલો
શ્રીકૃષ્ણ કામના એક જ રાધા રાખે
રાધાને શ્રીકૃષ્ણ વંદનીય રાખે .... શ્રીરાધા ૮

નિત્ય કિશોરીજી શ્રીકૃષ્ણ વલ્લભા છે
શ્રીકૃષ્ણ પ્રેમની રાધા જીવંત પૂતળી છે
કલ્યાણી શ્રીકૃષ્ણની માધુર્ય મૂર્તિ છે
શ્રીકૃષ્ણની ચડતી કરનાર વિજયી છે .... શ્રીરાધા ૯

શ્રીકૃષ્ણની લીલાની મુકુટમણિ છે
રાધા શ્રીકૃષ્ણ પ્રાણ સંજીવન બૂટી છે
શ્રીકૃષ્ણ વક્ષ:સ્થળ નિવાસ કરે છે
શ્રીકૃષ્ણ પ્રેમમાં મતવાલી ઘૂમે છે .... શ્રીરાધા ૧૦

રાધા શ્રીકૃષ્ણને આનંદિત કરે છે
મેળવે શ્રીકૃષ્ણ પ્રેમ નિર્મળ રહે છે
શ્રીકૃષ્ણ પ્રેમ અદ્‌ભુત વિધાત્રી છે
શ્રીકૃષ્ણ ભક્તિમાં સદા તત્પર રહે છે .... શ્રીરાધા ૧૧

નિર્દોષ કૃષ્ણ પ્રીતિમાં શ્રેષ્ઠ શ્રીરાધા
કૃષ્ણ અંગો સદા પ્રિયકર રાધા
શ્રીકૃષ્ણથી સદા સંયુક્ત રાધા
ભગવતી કામેશ્વરી શ્રીરાધા .... શ્રીરાધા ૧૨



Scanned with CamScanner

॥ ૐ ॥

ત્રિપુરા સુંદરી સ્વરૂપ શ્રીરાધા
શ્રીકૃષ્ણ માધુર્ય મધુર બોલે શ્રીરાધા
શ્રીકૃષ્ણ હૃદયની શક્તિ શ્રીરાધા
સોના જેવી કાન્તિથી યુક્ત શ્રીરાધા .... શ્રીરાધા ૧૩
કૃષ્ણા શ્યામા નામથી વિખ્યાત શ્રીરાધા
કૃષ્ણની સત્ય શિરોમણી રાધા
ધૈર્યવતી કૃષ્ણ પ્રાણ સ્વામિની
કેલી કુંજ નિવાસ નિવાસિની .... શ્રીરાધા ૧૪
શ્રીકૃષ્ણ પ્રાણોની અધિષ્ઠાત્રી રાધા
ભરપૂર આનંદ આપે શ્રીકૃષ્ણ રાધા
શ્રીકૃષ્ણ દ્વારા જ શ્રુંગાર સજીને
કૃષ્ણના પ્રેમમાં તૈયાર રહીને .... શ્રીરાધા ૧૫
શ્રીકૃષ્ણના મનમાં સદાય વસતી
શ્રીકૃષ્ણ અંગોને મનોહર કરતી
શ્રીકૃષ્ણ પ્રેમની સદાય ભરતી
મધુર ભાવભરી મધુર બનતી .... શ્રીરાધા ૧૬

॥ ૐ ॥

## આવો સદ્‌ગુરુ જ્ઞાનદિવાકર

(સદ્‌ગુરુ ચૈતન્ય- આત્મ સ્વરૂપે; સમષ્ટિનું ભજન)

આવો સદ્‌ગુરુ જ્ઞાનદિવાકર ત્રિવિધ તાપ હઠાવો .... રે
આપ અનાદિ યુગોના જૂના, આત્મજ્ઞાન વિના-હૃદય સૂના
વાચિક જ્ઞાનના ભ્રમમાં ભૂલ્યા, સત્ય જ્ઞાન સમજાવો .... રે
જ્ઞાન વધ્યું પુસ્તક પોથાનું, ચંચળ વૃત્તિના લાખો રૂપનું
ડુંબાડે એવી આસુરી વૃત્તિનું, ચિત્ત સ્થિર કરવા આવો .... રે



Scanned with CamScanner

॥ ૐ ॥

રાગદ્વેષ-દોષો બહુ લાવે, અંતરમાં ઊંડું સ્થાન જમાવે
રાગદ્વેષનો નાશ જ કરીને, અંતર શુધ્ધ બનાવો ....રે
પ્રજ્ઞાધારી આગમ બુધ્ધિ, પ્રેરણા સત સમજને શુધ્ધિ
વાણી વર્તનના એકજ તારમાં, જ્યોતિ આપની વસાવો ....રે
વિશ્વ વિષાદની વૃધ્ધિ મોટી, માનસિક રોગ પીડા છે ખોટી
દીન-દુઃખીની પીડા હરવા, ચૈતન્ય ભાવ જગાડો ....રે
નિરાશા ભય શોકો વધતા, મોહ ને મમતા બંધન કરતા
નિર્બળ પ્રાણમાં પ્રાણ ભરીને, ઊર્ધ્વ ગતિથી ચલાવો ....રે
પ્રેરક આપની-જ્ઞાનની શક્તિ, નીરો શાંતિથી મંગળ કરતી
શ્રેષ્ઠ ગતિને હિત જ કરવા, અમર ભાવ દીપાવો ....રે

॥ ૐ ॥

## પ્રભુ હે ! અનાદિ ધામ

પ્રભુ હે ! અનાદિ ધામ, લક્ષ સત્ય એક કામ
શક્તિ એની કાળ વિકરાળ આજ્ઞા નિયતિ પાળે .... પ્રભુ ૧
ન્યાય એનો કદી ન ફરે, સૂર્ય, ચંદ્ર, પ્રકાશ ભરે
ગતિ પ્રભુની સૌથી મહાન, કીર્તિ અમર ધારે .... પ્રભુ ૨
જ્યોતિ સંજ્ઞાનું વિજ્ઞાન, આનંદ પ્રેમ નહિ અજ્ઞાન
નીરવ શાંતિ મૌન ભાવમાં, વિશ્વ આખું ચલાવે .... પ્રભુ ૩
થાક રજા કદી ન વાંક, રતન શ્રેષ્ઠ અમર આંક
તપ-યોગ-જ્ઞાન-ધ્યાન ભક્તિભાવ નિહાળે .... પ્રભુ ૪
મારો-તારો ભેદ ટાળી, વૃત્તિ આપમાં દેજો ઢાળી
ધ્યાન રાખો આપ પ્રભુ, શૂન્ય હૃદય જાગે .... પ્રભુ ૫
દયા, દાન, અખૂટ ભંડાર, ગુણો પ્રભુ આપે અપાર
નથી ઉદાર એવો કોઈ, હૃદય નહિ મપાયે .... પ્રભુ ૬



Scanned with CamScanner

॥ ૐ ॥

હ્રદયે સૌનો પ્રેરક બની, સાક્ષીભાવમાં ભૂલ ન એની
ભૂત- ભવિષ્ય- વર્તમાન સહુને એ જ સુધારે .... પ્રભુ ૭
કર્તા, અકર્તા, ગર્વ નહિ, ધ્યાન રાખતા ભૂલ નહિ
વિશ્વ વિરાટ ધારનાર, કદી ન કોઈ વિસારે .... પ્રભુ ૮
નિર્દોષ, સમતા ધારી, ત્રિકાળ જ્ઞાન શાન ન્યારી
બુદ્ધિ-વાણી પાર ન પામે, મથીમથી ને હારે .... પ્રભુ ૯
વેદ વેત્તા, સ્મૃતિ દેતા, કિંમત કદી ન લેતા
અમર પ્રાણ પ્રભુજી આપે, સમજ સાચી દેતા .... પ્રભુ ૧૦

॥ ૐ ॥

(ધૂન)

**હે સર્વ શક્તિમાન તુમ્હારી શક્તિ દિખાજા,**
**ગફલતમેં પડી વૃત્તિકો સ્થિર બનાજા.**

॥ ૐ ॥

## પ્રભુ અમારું આત્મબળ
(આત્મબળ વૃદ્ધિ)

પ્રભુ અમારું આત્મબળ, ધ્યાન રાખે પળ પળ,
શક્તિ સર્વ ધારણ કરતા, યુગો અનંત ધારે ....૧
પ્રેમ પ્રભુનો, અચળ તાર, ધ્યાન રાખે ઉતારે પાર,
પૂર્ણ સદાય, પૂર્ણ રહીને, પૂર્ણ બનાવી તારે ....૨
શ્રદ્ધા સંયમ વિશ્વાસ એક, કલ્યાણ કરવું પ્રભુની ટેક,
શાંતિ આનંદ જ્ઞાન આપતા, કળા સુંદર બતાવે ....૩
જ્ઞાન દીવો અમર ધામનો, કદી ન ઠરે અખંડ પ્રભુનો,
બાળી વાસનાઓ સઘળી, વિદ્યા સત વધારે ....૪

Scanned with CamScanner

॥ ૐ ॥

કૃતિ અનંત પ્રભુનું જ્ઞાન, આપે સહુને સાન-ભાન,
'વસે સહુમાં સૌથી ન્યારો, સહુને એ જ નિભાવે ....૫
વિચિત્ર જાત, વિચિત્ર ભાત, જળ-સ્થળ અનોખી વાત,
ભાષા-ભેદ સહુના જાણી, સહુને શાંતિ આપે ....૬
વિશ્વ આખું એક જ અંશથી,ધારણ કરતા શ્રેષ્ઠ બળથી,
દાનેશ્વરી એ યુગ યુગોના, સર્વ ગુણો દીપાવે ....૭
મન-બુધ્ધિ શુધ્ધ કરે, એની શક્તિ પ્રભુ ભરે,
શીઘ્ર ગતિનો વેગ આપી, સમજ સાચી લાવે ....૮
ગતિ પ્રભુની નહિ મપાય, સૌથી વિશેષ પ્રભુ સહાય,
કૃતિ અનંત ગુપ્ત ભેદ, પ્રભુથી સમજ આવે ....૯
અનંત જન્મ કૃતિ સ્મૃતિ, નાશ કરતા ચંચળ વૃત્તિ,
આત્મા સૌનો સર્વ વિધાની, સૌને પ્રભુ ચેતાવે ....૧૦

॥ ૐ ॥

## પ્રભુની પ્રીતિ, કીર્તિ, હસ્તી

પ્રભુની પ્રીતિ, કીર્તિ, હસ્તી, પ્રજ્ઞા જ્યોતિ અમર કરતી,
જળ, સ્થળ, કળા, બળ, દિવ્ય કળા ધારે .... ૧
વેગ, માપ ક્યાંય ન મળે, માપ લેતાં એમાં ગળે,
ઋષિ-મુનિ-યોગી હાર્યા, પ્રભુ કદી ન મપાયે .... ૨
અધિક સૌથી સૂક્ષ્મ હોય, ગર્વ તજી ગુપ્ત જોય,
વિજ્ઞાન એનું સૌને આપે, કળા દીપાવે જોઈ .... ૩
લક્ષ પ્રભુનું ચૂકે અભાગ, લક્ષ સુરતા પ્રભ સુભાગ,
સાચો પ્રભુજી ચડાવે રંગ, રંગ પાકો ગણાયે .... ૪
સંગરંગ સત્સંગ, પ્રભુને મળે, પડે ન ભંગ,
ધ્યાન રાખી પ્રભુ પોતે, રંગ એનો દીપાવે .... ૫



Scanned with CamScanner

॥ ૐ ॥

પ્રભુનો પ્રકાશ દિવ્ય કેવો, ખોટા ખ્યાલ મુકાવે એવો,
જોતાંજોતાં મુક્ત બને, સાચા સ્થાને લાવે .... ૬
હૃદયે થાય વાસ પ્રભુનો, અમર બનાવે અચળ સતનો,
દિવ્ય જ્ઞાન એનું આપી, પ્રભુ પોતે બોલાવે .... ૭
પ્રભુ બોલાવે શ્રેષ્ઠ ઉદય, અખંડ આનંદ પ્રભુ વિજય,
પ્રભુ વિશેષ પ્રેમ વધારી, પ્રભુ પોતે સુધારે .... ૮
સુધારો કરે સમર્થ ધણી, ધ્યાન રાખે પોતાનો ગણી,
અંતર ટાળી એક બનાવે, રાગદ્વેષ ન આવે .... ૯
પંચભૂત ત્રિગુણ વાસ, આસક્તિ મુકાવે પ્રભુ ખાસ,
દોષ ટાળી દૃષ્ટિના સહુ, દિવ્ય દૃષ્ટિ બનાવે .... ૧૦
દૃષ્ટિમાં દેખાય એક જ પ્રભુ, રિધ્ધિસિધ્ધિમાં લક્ષ પ્રભુ,
રક્ષણ સદાય એનું સાચું, પ્રાણ એમાં જ વિરામે .... ૧૧

(તા.ક. - અગિયારમી કડી જે લખાણી, તેનો સંપુટ લગાવીને આ પ્રાર્થના કરવી.)

॥ ૐ ॥

## હે નાથ પ્રાણ પ્યારા

હે નાથ પ્રાણ પ્યારા, તમારું સ્વરૂપ બતાવો,
યુગયુગથી ભૂલ્યા છે, હવે તુરત બોલાવો.
આપે બનાવ્યાં અમને, પોષણ તમે કર્યું,
તમારા ભજન વિના, ન કોઈનું ભલું થયું.
ભટકીને હવે નાથ, ખૂબ થાકી ગયો છું,
વિષયોના વિષ થકી નાથ ત્રાસી રહ્યો છું.
બચાવો જલદી નાથ, હવે ખોટી નહિ થતા,
સૂણી પુકાર દીનનો, નાસી નહિ જતા.



Scanned with CamScanner

॥ ૐ ॥

## બ્રહ્મ જ્ઞાનના તેજથી

બ્રહ્મ જ્ઞાનના તેજથી (૨) બ્રહ્મવિદ્યા સૌમાં દીપાવો રે
સત્ય ધર્મનો પ્રકાશ પાથરી, વિશ્વમાં ડંકો બજાવો રે ....ટેક
ભ્રમણાના ભેદેથી નિર્બળ સર્જન ખોટું થાતું,
સમતા, ગુણ ને દિવ્ય દૃષ્ટિથી એકતા અવિચળ સ્થાપો રે ....બ્રહ્મ
પૃથ્વી પરના પ્રાણી માત્રમાં વિશુધ્ધ પ્રેમની વૃધ્ધિ,
સત્ય પ્રેમની શક્તિ મોટી, મળતાં સાચી સિધ્ધી રે....બ્રહ્મ
વિશુધ્ધ હૃદયમાં વિશાળ ભાવો કર્તવ્ય ઉત્તમ કરવા,
વિવેક-વિચારે, સાચી ટેકથી, નિર્ભય શિખરો ચડવાં રે ....બ્રહ્મ
શત્રુતાનો ભાવ નસાડી શોક-મોહને ત્યાગો,
રાગદ્વેષનાં વિષ ઓકીને, અખંડ શાંતિ સ્થાપો રે ....બ્રહ્મ
સાથે મળી, સૌ હિત વિચારી હિતનાં કાર્યો કરવાં,
અભિમાનનો ત્યાગ કરીને, સત્ય સ્વરૂપમાં ઠરવું રે ....બ્રહ્મ
આત્માનો દૃઢ નિશ્ચય રાખો ભૂલ-કપટ ખાનગી કાઢો,
જીવન સફળ બનાવી સૌનું, અમર સ્વરૂપ દીપાવો રે ....બ્રહ્મ
મનના વેગને સ્થિર બનાવી અખંડ આનંદમાં રહેજો,
સંયમ રાખી નીરવ શાંતિમાં, વીર બનીને રહેજો રે ....બ્રહ્મ
અનાદિ કાળથી ગુરુ તમે છો તે પદને શોભાવો,
કૃપા કરી, પ્રભુ એ પદ આપે, અંતરના ઉદ્‌ગારો રે ....બ્રહ્મ

॥ ૐ ॥

## પતિતપાવન હો ભગવાન

પતિતપાવન હો ભગવાન, કુબુધ્ધિ ટાળી આપો જ્ઞાન,
ભક્તિ-જ્ઞાન વૈરાગ્યનું ધામ, અમૂલ્ય સાધન પ્રભુજીનું નામ.
અનેક યુગના મેલ કપાય, ત્યારે પ્રભુનાં દર્શન થાય,
સ્મરણ પ્રભુજીનું પ્રેમથી થાય, ત્યારે દિવાળી સાચી ગણાય.
અમારી ઈચ્છા નાશ જ થાય, પ્રભુ ઈચ્છામાં તે મળી જાય,
સંત સમાગમ સમજી કરાય. તેને પ્રભુનાં દર્શન થાય.

Scanned with CamScanner

॥ ૐ ॥

## ગુરુજી કૃપાના સાગર

ગુરુજી કૃપાના સાગર, આનંદ બીજે ન જડશે,
વંદન તમને કરતાં, ત્રિવિધ તાપ ટળશે. - ટેક
હૃદય તણા જ ભાવો, ગુરુ આપને જ ચાહે,
ક્યારે મળું ગુરુજી, તે ઈચ્છા છે ઉર માંહે. - ગુરુજી
પાંખો જો હોત મારે, ઊડીને પડત હું પગમાં,
નેત્રે ગુરુ નિહાળી, ઉમંગે હસત હું જગમાં. - ગુરુજી
ગુરુ દર્શન તણો જ પ્યાસી ખરો હું બન્યો,
ગુરુ તમ સમા ન કોઈ, મળતાં, તેથી જ ભટક્યો. - ગુરુજી
હું છું મૂર્ખ, ખૂબ પાપી, ગુરુજી છતાં કૃપાથી,
આપી પ્રકાશ હૃદયે, મુજને બચાવ્યો ભ્રમથી. - ગુરુજી
ગુરુ આપની જ વાણી, સુણવાની ઈચ્છા થઈ છે,
જલદી મળો ગુરુજી, અંતર તો વેદના છે. - ગુરુજી
ગુરુ વિના ફરું દીવાનો, જંગલમહીં જ ભમતો,
સન્મુખ જઈને મળવું, એ ચિંતા હૃદયે ધરતો. - ગુરુજી
ગુરુ પૂર્ણ બ્રહ્મ આપ જ, જલદી સેવકને મળજો,
પહોંચું હું આપ પાસે, તેવી કૃપા જ કરજો. - ગુરુજી

Scanned with CamScanner

॥ ૐ ॥

## અમારા સ્નેહથી અશ્રુ

અમારા સ્નેહથી અશ્રુ વહે છે, આંખથી આજે,
સ્વીકારી તું કૃપા કરીને, ખરી કિંમત કરી જાણે.
અમારા અશ્રુ લૂંછનારો, નથી તારા સમો કોઈ,
કિંમત અણમોલ દેનારો, શાંતિથી બોલું છું રોઈ.
દ્રવિત હૃદય બનાવીને, હૃદયમાં પોતે રહી જાતો,
પછી નવ ખોટ કાંઈ રહેતી, પૂરે ત્રૂટિઓ સંતોષ થાતો.
આગળથી ધ્યાન રાખીને, કરે રક્ષણ દિવસ રાતે,
અમારાં દુ:ખ દૂર કરીને, જીવનસાફલ્ય કરી જાણે.
પ્રભુના પ્રેમની ભક્તિ, રસાયણ જે કરે સેવન,
ગર્વ તેનો ગળી જાતો, પ્રભુમાં છે તેનું જીવન.
કામ, ક્રોધ, લોભ હઠાવી, દયા સાચી હૃદય આણી,
કર્મ શુભ જ્ઞાનથી કરવા, આપે શક્તિ સદા જાણી.
બુધ્ધિ સૂક્ષ્મ, પ્રભુદર્શન કરીને, પ્રભુમાં સ્થિર થાતી,
એવી સદ્બુધ્ધિ દેનારો, આત્મજ્યોતિ દિવ્ય દર્શાતી.
વિચારોના વમળ છૂટે, તેનાં પાપો બધાં ખૂટે,
આપે ભક્તિ અખંડ એવી, કોઈ તેને નહિ લૂંટે.
તૃષ્ણા ડાકણ છોડીને, પ્રભુમાં વૃત્તિ જોડીને,
એક નિષ્ઠાથી મળી જાતો, વિચારોની વૃત્તિ છોડીને.

॥ ૐ ॥

## મારો પ્રાણ દેનાર
(રાસ)

મારો પ્રાણ દેનાર, પ્રેરણા દેવા આવે છે,
મારું દિલ રંગનાર, સંદેશા ગુપ્ત ચલાવે છે ....
એ તો છૂપો રહે ને કામ કરતો રહે,



Scanned with CamScanner

॥ ૐ ॥

હૃદય એના જ પ્રેમને, ભરતો રહે ....
એ તો બાળક બને ને વિરાટ બનતો,
સંત યોગી, ભક્તોમાં, પ્રગટ રમતો....
બાળ કનૈયા લાલ, હૃદય ખૂબ ગમતો,
મારી સાથે રાસમાં, એ જ આવી ઘૂમતો ....
મને સાદ કરીને મૂંગો એ તો બનતો,
મારું ચિત્ત ચોરીને, પછી એ તો હસતો ....
મારાં તન - મનમાં, સાન ન્યારી કરતો,
મને ભાન ભુલાવી, સાથે એ જ ફરતો ....
હું તો જમવા બેઠી ને ભોજન પીરસી ગયો,
રસ અમૃત આપીને, હૃદય વસી ગયો ....
મારી દૃષ્ટિમાં અનોખું, તેજ એણે દીધું,
એની દૃષ્ટિ મળી તો કામ સઘળું સીધું ....

॥ ૐ ॥

(અન્નપૂર્ણા સ્તોત્રના વિવિધ સંકલનમાંથી ગુજરાતીમાં અનુવાદ કર્યો છે.)

આપે તું નવ વાયદા જગતમાં, શબ્દોની તું છે ખરી,
તારા શબ્દ વિશે ન સંશય દીસે, તું તો ફરે ના જરી.
આદ્યશક્તિ અનાદિ પ્રેરક સદા, અખંડ પૂર્ણેશ્વરી,
ભિક્ષા દે તું કૃપા કરી ભગવતી, માતા મને પ્રેમની.

Scanned with CamScanner

॥ ૐ ॥

## શંકર ને પાર્વતી

(ધૂન)

શંકર ને પાર્વતી જય જય કૈલાસ પતિ,
ભોળાનાથ સિધ્ધ જતિ, જય જય ઉમાજી સતી
નીલકંઠ વિશ્વપતિ, જય જય યોગિની સતી,
મહાદેવ દેવોના પતિ, જય જય અન્નપૂર્ણા સતી
અમરનાથ પ્રાણપતિ, જય જય અમર માત સતી,
મહેશ્વર પરમ પતિ, જય જય મા આદ્ય સતી.

॥ ૐ ॥

## કૂ કૂ કોયલ બોલે

(રાગ : ખમાજ)

કૂ કૂ કૂ કોયલ બોલે, નાદ ગજાવે તારો જ,
જંગલ પશુ-પક્ષી ડોલે, સૂર સુણાવે સાર જ ....
માનવ બોલે સિધ્ધ તોલે, દેવદેવીમાં વાસ જ,
શૂન્ય બની યોગી ખોલે, ગર્વ ત્યાગતા પૂર્ણ જ ....
વૃત્તિ ભૂલે યુગો ફૂલે, જવું ભીતર મૂળ જ,
ક્ષણ સાચી જોઈ તોલે, આપ રૂપ જ પોતે જ ....
દૂર શોધ થાય બોલે, ભાવ પ્રમાણે હોય જ,
ઘણો ભાવ પદાર્થ ચાલે, નાશ તેનો તો થાય જ ....
દેહ દેહી ભૂલીને ડોલે,માર્ગ આડે એ જાય જ,
આત્મ સાચો અમર તાલે, જ્ઞાન સાચું એ તેનું જ ....
શાસ્ત્રજ્ઞાન પંડિત બને,માનો જ્ઞાન એ ખોટું જ,
ખોયું નથી ખોવાણું માનો,ભ્રમ સદાનો મારે જ ....
આત્મ કદી ખોવાય નહિ,આત્મા ચૈતન્ય સાચું જ,
ચેતન ભૂલી જડતા રાખો, દેહ બનવું ગર્વ જ ....

Scanned with CamScanner

॥ ૐ ॥

અનંત કાળ ભૂલમાં ગયા, જાગો જાગૃત રહો જ,
ઊંઘમાં ઘણા જન્મો ખોયા, હવે સ્થિરતા ગ્રહો જ ....
સમાધિશૂન્ય વાસના મૂકી, ક્ષણ સુધારી લેવી જ,
વધારે સમય કોઈને નથી, સાચું ભીતર રહેવું જ ....
વાતો કરીને સમય ખોવો, સાચું સૌને લેવું જ,
માનો તમારું હિત ભીતર, બહાર બધાને ખોવું જ ....

॥ ૐ ॥

## અનંત યુગથી જગતમાં

અનંત યુગથી જગતમાં, ભ્રમણ કરવું શરૂ કર્યું,
નવ મળ્યો અનુભવ આટલો, નિંદાથી મનડું નવ ફર્યું,
મોજો ઉડાવી તે નકામી, કીર્તિ અવિચળ નવ કરી,
કેમ જીવવું ! કેમ મરવું ! તેની સમજણ નહિ ધરી....કેમ ૧
નવ હાથથી તેં દાન દીધાં, અન્ન-વસ્ત્ર ન આપ્યાં,
વાવ - કૂવા - ધર્મશાળા, કરી ન સંકટ કાપ્યાં,
ફસાઈ જઈને લોભમાં, તૃષ્ણા તો ભારી બહુ ભરી ....કેમ ૨
ગીતા તણો અભ્યાસ કરીને, શ્લોકને મોઢે કર્યા,
પણ શોકને છોડવો નહિ, વાતનાં જ વડા કર્યાં,
પ્રીતિ કીધી દેહ સાથે, તેમાં તો દુર્ગંધ ભરી ....કેમ ૩
અવ્યક્ત પહેલાં જે હતો, તે વ્યક્ત મધ્યે ભાસતો,
અવ્યક્તમાં તે જઈ મળ્યો, તું શોક શાને લાવતો,
અમર આત્મા છે સદા, તેં વાત તો સાચી કરી ....કેમ ૪
દેહ સદાય નાશ થાશે, અંત તેનો આવશે,
વાત સૌ સાચી છતાં, અંતે ન તેને પાળશે,
ત્રણ ગુણોનાં બંધન માંહી, અનેક ઈચ્છાઓ ભરી ....કેમ ૫



Scanned with CamScanner

ક્રોધ શત્રુ જ્ઞાનનો, સમજ્યા છતાં છોડવો નહિ,
વધારી દીધી વાસના, નવ આવી ભક્તિ હૃદયમહીં,
મોક્ષની વાતો કરતા, દુઃખથી જાતો ડરી ....કેમ ૬
વિદ્યા - અવિદ્યામાં ભૂલીને, તર્કજાળ બિછાવતો,
મોટો બનીને બ્રહ્મજ્ઞાનની, વાતથી બીવરાવતો,
અનંત ઈચ્છાઓ તજીને, દૈવી ગુણથી જા તરી....કેમ ૭
રાગદ્વેષ વધારી દઈને, અભિમાને ફૂલતો,
દેહાધ્યાસ મૂકયો નહિ ને તું રહ્યો છે ભૂલતો,
ડૂબવા તણાં કર્મો કીધાં ને ઈશ્વર ભજનની ભૂલ કરી....કેમ ૮
સ્થિતપ્રજ્ઞ નવ બન્યો, વિવેક ત્યાગી વિચર્યો,
વિષય તણો ભોગી બનીને, મોહથી નવ ઊગર્યો,
તપ-ધ્યાન કરવા ભાવ ભૂલી, કઠોર વાણી વાપરી .... કેમ ૯
મન સ્થિર કરવા શાંતિ ધરવા, આત્મભાવ જગાવજો,
ત્યાગી ફળની આશ, નિર્વિકારી જીવન બનાવજો,
જગતને રિઝાવવા, મહેનત ખોટી આદરી.... કેમ ૧૦
માનવશરીર અણમૂલ સમજી, ધ્યાન પ્રભુનું નવ ધર્યું,
જન્મી જગતમાં ભારરૂપે, સારું કોઈનું નવ કર્યું,
વેર રાખ્યું દિલ વિશે, સમાનતા ત્યાગી ખરી.... કેમ ૧૧
સર્વ શક્તિમાન પ્રભુની, બાંધ અમર રાખડી,
પ્રભુ ભજન કરવા તણી, લીધી તેં તો આખડી,
છળકપટથી ભાન ભૂલ્યો, શિર ઉપાડયો તેં ગિરિ .... કેમ ૧૨
બુધ્ધિ-મન સોંપી, વિભુને કર્મ કરતાં ના શીખ્યો,
જ્ઞાન સાચું મેળવી, નવ સંતને ચરણે નમ્યો,
સ્વાદને વશ બની જઈને, વાણી નિર્મળ નવ કરી .... કેમ ૧૩
માયાનાં પૂરમાં સુખ માન્યું, મેલું હૃદય તેં તો કર્યું,
ગુરુતણો વિશ્વાસ રાખી, ધ્યાન પ્રભુનું નવ ધર્યું,
દયા-ધર્મ ન છોડતો, કહે છે સૌ ભક્તો ફરી .... કેમ ૧૪



Scanned with CamScanner

॥ ૐ ॥

## તૂં ગીતાકા જ્ઞાન સુનાતા હૈ

તૂ ગીતાકા જ્ઞાન સુનાતા હૈ
અજ્ઞાન તિમિર હટાતા હૈ
તૂ કૃષ્ણ કનૈયા પ્યારા હૈ
તેરી જ્યોતિકા અખંડ ઉજાલા હૈ
તેરી વાણીમેં અમૃતધારા હૈ
પાપીકો પાવનકારી હૈ
તેરા રૂપ અલૌકિક ન્યારા હૈ
અગ્નિમેં તેરી શક્તિ હૈ

॥ ૐ ॥

## અમે બાળકો પ્રભુ સાથ રહેનારાં
(પ્રભુ પ્રાર્થના)

અમે બાળકો પ્રભુ સાથ રહેનારાં,
ભાવ નિર્દોષ રાખી અમો ફરનારાં,
ધ્યાન રાખે છે પ્રભુ નથી ડરનારાં,
અમે ભીતર વાણી સાચી બોલનારાં ....

સંગમાં રંગમાં પ્રભુ સાથ રમનારાં,
પ્રભુ અમારી વૃત્તિ મેળ કરનારાં,
હસે-રમાડે રોજ પ્રેમ આપનારાં,
બુદ્ધિ અમારી શુધ્ધ રાખી પાળનારાં ....

રાખી રક્ષામાં પ્રભુ પોતે રાખનારાં,
રાત-દિવસ સદા સાથ ખેલનારાં,
ભૂલ સુધારી સાન પ્રભુ ભરનારાં,
સિદ્ધિ વાત જ સિદ્ધિ ખરી કહેનારાં ....



Scanned with CamScanner

॥ ॐ ॥

## ગીતા ઉપદેશ સાંભળવા

(રાગ : ગઝલ)

ગીતા ઉપદેશ સાંભળવા, જગતની ધીરતા ખૂટી,
પ્રભુની એ પરમ પ્યારી, ગીતા એ માત છે મારી.
ગીતાના પ્રેમની બંસી, સૂણી અસીનતા ખૂટી,
ધ્વનિ સુણી જગતભરમાં અને માયા બધી છૂટી
અલૌકિક સાર ગીતાનો, પ્રભુ આવી સુણાવી દો
અમારા કર્ણ ને નેત્રો, તમે આવી ઉઘાડી દો
તમે તો વિશ્વવ્યાપક છો અને અમ માત-પિતા છો,
અમારા દુઃખને ટાળો દયાળુ, આપ મોટા છો
ગીતા દેવી પ્રભુ સાથે પધારો, આ જ ઘટઘટમાં,
સહુ જીભે રહો માતા, રહો આજે સહુ ઉરમાં.

॥ ॐ ॥

## સીમર ધામ રળિયામણું રે....

સીમર ધામ રળિયામણું રે લોલ
જ્યાં છે દેવીદેવતા ચેતન .... રે
સદ્‌ગુરુની સાન લઈ આવજો .... રે ટેક
સૂરજકુંડ જૂનું સ્થાન છે રે લોલ,
કોઢ મટે છે કરવાથી સ્નાન .... રે - સદ્‌ગુરુ
કુંડમાંથી હનુમાન નીકળ્યા રે .... લોલ
કાચા સૂતરથી કાઢયા બહાર .... રે - સદ્‌ગુરુ
મોટાં દોરડાં ન આવ્યાં કામમાં રે લોલ,
તાણતાં તે તરત તૂટી જાય .... રે - સદ્‌ગુરુ
દંતકથાની વાતો કરી રે લોલ,
અનુભવથી સત્ય સમજાય .... રે - સદ્‌ગુરુ
સ્વામિનારાયણ આવી ગયા રે લોલ,
કર્યું તેણે સૂર્યકુંડમાં સ્નાન .... રે - સદ્‌ગુરુ



Scanned with CamScanner

॥ ॐ ॥

મંદિરમાં રામ-લક્ષ્મણ-જાનકી રે લોલ,
તેજોમય મૂર્તિ જણાય .... રે - સદ્‌ગુરુ
આવે છે સાધુ-સંત દૂરથી રે લોલ,
સમજીને યાત્રાનું ધામ .... રે - સદ્‌ગુરુ
તલેશ્વર મહાદેવ બિરાજતા રે લોલ,
વરસે વધે છે તલભાર .... રે - સદ્‌ગુરુ
રાધા-કૃષ્ણજીની મૂર્તિ રે લોલ,
આપે છે સહુને આનંદ .... રે - સદ્‌ગુરુ
મહાલક્ષ્મી માતાનાં દર્શન કરો રે લોલ,
અષ્ટમીનો થાય છે હવન .... રે - સદ્‌ગુરુ
સ્વામિનારાયણ મંદિર જતાં રે લોલ,
આગળ છે ગણપતિ, હનુમાન .... રે - સદ્‌ગુરુ
મુક્તિ ચૈતન્ય સંત થઈ ગયા રે લોલ,
તેની ગાદીનું હજુ માન .... રે - સદ્‌ગુરુ
સિધ્ધિથી કાર્ય અનેક કર્યાં રે લોલ,
શિષ્યોને આપ્યાં વરદાન .... રે - સદ્‌ગુરુ
શંખ માર્યા બ્રહ્મ રંધ્રમાં રે લોલ,
પ્રણવ જપતાં છોડયા પ્રાણ .... રે - સદ્‌ગુરુ
રામનાથ, કામનાથનું મંદિર શોભતું રે લોલ,
શાન્તિ પમાડે ધરો ધ્યાન .... રે - સદ્‌ગુરુ
હરિજન નિવાસમાં મંદિર બન્યું રે લોલ,
બિરાજ્યા લક્ષ્મીનારાયણ દેવ .... રે - સદ્‌ગુરુ
શણગાર ધર્યા પ્રભુને શોભતા રે લોલ,
મૂર્તિ છે તેજનો ભંડાર .... રે - સદ્‌ગુરુ
ગુરુકૃપાથી આ વર્ણન કર્યું રે લોલ,
જગજીવન મંદબુધ્ધિ બાળ .... રે - સદ્‌ગુરુ



Scanned with CamScanner

॥ ૐ ॥

# ઉત્તમ સેવા વનસ્પતિ માતતણી

ઉત્તમ સેવા વનસ્પતિ માત તણી, દેવદાનવની પૂજા કરી છે ઘણી,
બ્રહ્મા-વિષ્ણુ-મહેશે કિંમત કરી, તારી સેવામાં અદ્‌ભુત શક્તિ ભરી ....
ઋષિ-મુનિને તારી જરૂર પડી, પ્રાણ અર્પણ કરતાં અડચણ ન નડી,
યજ્ઞ કારણ તેં બલિદાન દીધું, પ્રાણ આપીને કાર્ય સફળ કર્યું ....
સેવા કરનારા જગમાં ઘણાં થયાં, સર્વ અર્પણ કરતા ડરી ગયા,
અનેક યોગી-તપસ્વી યાદ કરે, કંદમૂળ પત્રથી પેટ ભરે ....
રાજા કે મહારાજાને તારી જરૂર ખરી, ક્ષુધા શાંત કરવા તુજને કરી,
ગરીબ ધનવાન તારે સૌ સરખા, અન્ન માટે મારે છે બહુ વલખાં ....
મહા બળવાન યોદ્ધાઓ થઈ ગયા, તારા વિના કોઈ નવ જીવી શક્યા,
દેવ-માનવ, પશુ-પક્ષી કોઈ, તારાં દર્શન વિના સઘળાં રોઈ ....
અનેક દર્દીનાં દુઃખને દૂર કર્યાં, હાડપિંજર માંહી પ્રાણ ભર્યા,
વૈદ્ય તારા આશ્રયથી કામ કરે, કાપે ખાંડે બાળે તોપણ નહિ ડરે ....
કલ્યાણ કરવામાં આત્મસમર્પણ તારું, માન અપમાન તુજને ન લાગ્યું ખારુ,
મોટા પત્ર બને નવ તારા વિના, જંગલમાં રહે છે સિંહ રાતદિનના ....
અનેક થાકેલાં પ્રાણી વિશ્રામ લેતાં, થાતી શાંતિ ને દુઃખોને વીસરી જતાં,
ચંદ્રે અમૃત સીંચીને પોષણ કર્યું, લક્ષ રાખીને અમૃત નવ લજવ્યું ....
તારાં જંગલ જોતાં કવિ કાવ્ય કરે, મંદ બુદ્ધિમાં અલૌકિક શક્તિ ભરે,
હકીમ લુકમાન સાથે વાતો કરતી, બોલવામાં વૈદ્યો પાસે કેમ ડરતી ....
તારી વાણીમાં સાન નિરાળી ઘણી, આપો સમજણ અમને મૌન ભણી,
તારે રડવું કે ચિંતા જરાય નહિ, પ્રસન્ન વદને મરનાર પૃથ્વી મહીં ....
બાળક કે મૂર્ખ કુહાડા ઘાવ કરે, દોષ ભૂલી જઈને ફળ સામે ધરે,
દેહાધ્યાસ મટીને ખરી સમજ પડી, તને મોતની સાથે રમત આવડી ....
ગુરુકૃપાથી ભક્ત તુજને નમે, સેવા કરવાની શક્તિ રગેરગ ભમે,
અહંભાવે ફુલાઈ ભાન નવ ભૂલું, તારી જેમ પ્રાણ આપીને, જગે જીવવું ....



Scanned with CamScanner

॥ ૐ ॥

## શાંતિ છે સાચી બ્રહ્મસ્વરૂપની

શાંતિ છે સાચી બ્રહ્મસ્વરૂપની,
ભાવના ભરેલ, શ્રધ્ધા-ભક્તિ,સંયમની;
સંયમ વિના બુધ્ધિ સ્થિર ન બનતી,
નિષ્ઠા અચળ બ્રહ્મની, તેને ન મળતી .... ૧
વિકાર કર્યા વિના વિષયો પ્રવેશે,
સ્થિર બુધ્ધિવાળો શાંતિથી રહેશે;
વિષય - ભોગના વિચારો આવે,
ભ્રમણા વધે, દુઃખ અશાંતિ લાવે .... ૨
કામના તજીને સ્પૃહા જેણે છોડી,
મમતા સહિત ગર્વની પ્રીતિ તોડી;
સમજણ સમતા મન સ્થિર ઠામે,
તે સાચી બ્રહ્મની શાંતિને પામે .... ૩
બ્રહ્મકૃપાથી બ્રહ્મ નાદ જ જાગે,
અંતકાળ સુધી મોહ દૂર જ ભાગે;
બ્રહ્માનંદ આનંદ બ્રહ્મનો વધશે,
બ્રહ્મવૃત્તિ સ્થિર થાતાં બ્રહ્મને મળશે .... ૪
શ્રધ્ધાથી તત્પર જિતેન્દ્રિય બનશે,
જ્ઞાન થાતાં તરત (સાચી) શાંતિ મળશે;
સકામ યોગી ફળમાં બંધાશે,
(શાંત)નૈષ્ઠિક યોગી ફળ તજી રાજી થાશે .... ૫
યજ્ઞ તપના ભોક્તા મહેશ્વરને જાણો,
સર્વે પ્રાણીના મિત્ર જાણી શાંતિને માણો;
રજોગુણ છોડી મન સ્થિર કીધું,
પાપ તજી બ્રહ્મ બની સાચું સુખ લીધું .... ૬
બ્રહ્મની શાંતિથી બ્રહ્મલીન થાશે,
અંતઃકરણ મન યોગમાં મળી જાશે;
પ્રભુમાં નિશ્ચયવાળો ધર્માત્મા થાતો,
ધ્યાન તેનું રાખે પ્રભુ તે તરી જાતો .... ૭



Scanned with CamScanner

॥ ॐ ॥

## ધન તણા તારે ઢગલા

ધન તણા તારે ઢગલા જોઈએ,તૃષ્ણાનો આવે ન પાર,
ઈશ્વર રાખે પ્રેમથી તેમાં, આનંદ ચૂકીશ ન લગાર
વિભુ કરે સઘળું સારું, શ્રધ્ધા વિશ્વાસમાં તારું ....
કરોડાધિપતિ મનમાં મૂંઝાયે, મનને નવ શાંતિ થનાર,
અધિક મેળવવા આશા વધે છે, તેમાં બને છે ખુવાર ....
સંતોષ સમાન સુખ નથી, કાંઈ બુધ્ધિથી લેજો લક્ષ,
લોભનો ત્યાગ કરીશ નહિ તો માયા કરશે ભક્ષ ....
પુરુષાર્થ અહર્નિશ કરતા, મનનો ઘટશે ભ્રમ,
ધન-વૈભવ મળશે તુજને, પડશે પ્રભુની ગમ ....
તન તોડીને મહેનત કરીએ, નોકરીમાં છે દુઃખ,
ધન ભેળું થાય નહિ તેથી, અમને મળે ન સુખ ....
એક વખત પ્રભુ સહુ માનવને, આપે છે ઉત્તમ તક,
ગરીબ માનવી દુઃખથી ડરતા, તેને આપે હક ....
એક પળમાં તેની લક્ષ્મી, અદશ્ય બનતી જાય,
લક્ષાધિપતિ તક ચૂકે પછી, રડતા રહેશે સદાય ....
ઉત્તમ આપ્યો દેહ માનવનો, ભજન પ્રભુનું થાય,
એવી સમજણ દઢ કરીશ, તો દુઃખ દૂર નાસી જાય ....
સૌ ભક્તોના અંતરના નાદો, ગર્જના કરે સદાય,
સાદ સાંભળશે સાચો શૂરવીર, તે નવ ભવકૂપ જાય ....

Scanned with CamScanner

॥ ૐ ॥

## શ્રીમહાલક્ષ્મી માતાની સ્તુતિ

માત તારી મૂર્તિ અલૌકિક જાણી, હૃદયમાં ભક્તિ વસી પ્રેમ આણી ....
નિત્ય સાંજના હું દર્શન કરતો, હાથ ભેળા કરી પીતો પાણી,
પાણીથી માતા કાંઈ વળ્યું નહિ, ત્યારે દયા હૃદયમાં તમે આણી ....
ટકોરા વગાડવામાં મશગૂલ રહેતો ને નગારું વગાડયું તાણી તાણી,
ટકોરા'ને નગારું તૂટી ગયાં, પણ તારી મૂર્તિ નવ ભળાણી ....
ખરા હૃદયથી દર્શન નવ કીધાં, નેત્ર છતાંયે એ અંધાપો,
હેત આણીને દર્શન કરીશ, માત કેમ નવ ધોવાય પાપો? ....
આજ દિવસ સુધી ભૂલ કરીને, મૂર્તિ પથ્થરની મેં માની,
તે ભૂલ મારી માફ કરો માત, હવે મને થઈ છે ગ્લાનિ ....
બાળકના દોષ પર રોષ નવ કરશો, આ અરજી લેજો ઉર ધારી,
સૌ ભક્તો હાથ જોડી વિનંતી કરે છે, જ્યાં બુધ્ધિ નવ પહોંચે મારી ....
ગરબી ગાવામાં ભૂલ ઘણી થાય છે, પડતીતણી એ નિશાની,
આચારવિચારમાં અપૂર્ણતા છે, માટે સહાય ક્યાંથી થાય તું ભવાની ....
દોષ અમારા હવે માફ કરોને, જ્ઞાનની કરજો તમે લહાણી,
જ્ઞાનની પ્રસાદી સર્વને આપો, સત્ય કહું છું આ કહાણી ....

Scanned with CamScanner

॥ ૐ ॥

## આવો પૂજ્ય પ્રભુ ભગવાન

આવો પૂજ્ય પ્રભુ ભગવાન, કર દો જીવનકા કલ્યાણ,
તુમ હો પરમ કૃપા કે સાગર, તુમ હો ગુણ મંદિર નટ નાગર,
આવો આવો હે ભગવાન, કર દો જીવનકા કલ્યાણ - ટેક
તુમ હો સત્ય સનાતન સ્વામી, સબ ઘટ વ્યાપક અંતર્યામી,
હમ સબ ધરે તુમ્હારા ધ્યાન,કર દો જીવનકા કલ્યાણ -
જગતમેં બડે બડે દુઃખ પાયે, હમ સબ શરણ તુમ્હારે આવેં
હરલોં, હરલોં, દુઃખ મહાન, કર દો જીવનકા કલ્યાણ -
હમ સબ બને સત્ય વ્રત ધારી, શમ-દમ-શૌર્ય-ધૈર્ય ગુણકારી,
હોવે અર્જુન, ભીમ સમાન, કર દો જીવનકા કલ્યાણ -
ભક્તોંકી બિનતી સૂન લીજે, પ્રભુ પ્રિય ભક્તિ દીજે,
હમ સબ બને પૂર્ણવિધાન, કર દો જીવનકા કલ્યાણ -

॥ ૐ ॥

## ત્રણે કાળનાં કામોમાં ભૂલ એક નહિ

ત્રણે કાળનાં કામોમાં, ભૂલ એક નહિ .... રે
એવા પ્રભુજી સમાન, બીજો કોઈ નહિ .... રે ....
આદિ ઋષિમુનિ મહર્ષિ કક્ષા, તપ યોગ ક્ષેમે એની રક્ષા
એની દિવ્ય દૃષ્ટિના તેજે, અંધારું હોય નહિ .... રે ....
પ્રાણી માત્રના ભાવિ ઘડતાં, કામો કરતાં ગર્વ ન ધરતાં,
રાતદિવસના શ્રમથી, ક્ષણ થાકે જ નહિ .... રે ....
અનંત યુગથી પ્રકાશ દેતા, એક પાઈ નહિ કિંમત લેતા,
એના જેવો પરઉપકારી, દીઠો કોઈ નહિ .... રે ....
ગુણ અનંત પ્રભુમાં ભરિયા, આપે ગુણ સૌ પ્રેમથી ઠરિયા,
ઠારે હૃદય તપેલાં, શીતળ શાંતતા .... રે ....
સમદૃષ્ટિ ધરી ભક્તિ આપે, દુઃખ હરણ કરી સુખ જ આપે,
ભાવ વિનાશી નષ્ટ કરીને, અવિનાશી કરતા સદા .... રે ....
સૂક્ષ્મ બુધ્ધિ અભયતા આપે, ભયનાં પાપો મૂળથી કાપે,
અખંડ આનંદ આપે, શક્તિથી સાનમાં .... રે ....



Scanned with CamScanner

॥ ૐ ॥

## આનંદનો દિન આજ

આનંદનો દિન આજ પ્રભુને સંભારવા,
ભક્તિ અખંડ કરી પ્રભુ નહિ વિસારવા,
પ્રભુ છે એક શાંતિનું સ્થાન....પ્રભુને સંભારવા
શ્રધ્ધા અવિચળ અને પ્રેમભરી લાગણી,
માયાના બંધનથી છૂટવાની માગણી,
સોંપો પ્રભુ ચરણે તમામ .... પ્રભુને સંભારવા
બેસે નવ દામ, તેવી વસ્તુ અણમૂલ છે,
લેવા તૈયાર રહો, સૌ સુખનું મૂળ છે,
પાપીને પણ પાવન કરનાર .... પ્રભુને સંભારવા
ત્રાજવે તોળ્યા વિના સદ્‌ગુરુ આપશે,
વિશ્વાસ બેસે તે તો હૃદયમાં રાખશે,
ભૂલે, તે પાછળ પસ્તાય .... પ્રભુને સંભારવા
વ્યાપક પ્રભુને ગણી, સૌને સુખ આપવું,
નીમ ભજન કરવાનું હંમેશા રાખવું,
રહયા નથી જગતમાં કોઈ .... પ્રભુને સંભારવા
વિષયને દુઃખ ગણી તજી દો વાસના,
ગુણાતીત બનવાની, રાખો સદા ભાવના,
ત્યારે ગણાય સાચું જ જ્ઞાન ....પ્રભુને સંભારવા
સૌ ભક્તો કહે, તમે પ્રભુ નહિ ભૂલશો,
ધનનો ગર્વ કરી, તમે નહિ ફૂલશો,
મળશે પ્રભુ સુખનું ધામ .... પ્રભુને સંભારવા



Scanned with CamScanner

॥ ॐ ॥

# જાગો જાગો હે પ્યારે બંધુ

જાગો જાગો હે પ્યારે બંધુ, રટો પ્રભુકા નામ,
તુમ જાગો ઔર સબકો જગાઓ પ્રેમ ધારકે પ્રભુ ગુણ ગાઓ ....ટેક
શાંત ચિત્તસે ધ્યાન ધરેગા, ઈષ્ટ દેવકા આપ,
જન્માંતરકે કટ જાયેંગે સભી તુમ્હારે પાપ .... જાગો
તન-મન-ધન સબ ઉસી પ્રભુકા,દિયા હુઆ તુ માન,
યજ્ઞ કાર્ય યહ દેહ હૈ તેરા, મત ભૂલના તૂ ભાન .... જાગો
સુખ-દુ:ખ નિત્ય હી આતે-જાતે,ઉનકો સહતે જાના,
ચિંતાકા તુમ ત્યાગ હી કર દો, આનંદમય હો જાના .... જાગો
હૃદયેશ્વરકો સાક્ષી રખકે, કૌશલતા પાના,
ખાતે-પીતે દિન-રાત તુમ, પ્રભુ મત ભૂલ જાના .... જાગો
સગે સંબંધી સ્નેહકા બંધન, સ્વાર્થ કાજ હૈ પ્રીત,
મોહ છોડકર શરણ પ્રભુકી, નિર્મલ રખના રીત .... જાગો
અખંડ દીપક જ્ઞાન જ્યોતિકા, સદા રહેગા પાસ,
ભૂલ કરકે તુમ કભી ન કરના, દૂસરે જનકી આશ .... જાગો
પરમ પ્રેમસે ઉજ્જવલ હૃદયે, શરણ પ્રભુ રહના,
જડ ગ્રંથિકા ભેદન કર દો, ગુરુસે યહ કહના .... જાગો

Scanned with CamScanner

॥ ૐ ॥

## પ્રભુથી વિમુખ જે રાખે

(રાગ : જૈજૈવંતી કલ્યાણ ગરબી)

પ્રભુથી વિમુખ જે રાખે, તેવું જ્ઞાન નકામું ....રે
અંતર ઊલટું મલિન બને, તે રાગે નવ રોળાવું ....રે ટેક
અંધારામાં સદાય રાખે, ભવસાગર ભટકાવે ....રે
કામ-ક્રોધ ને લોભે લટકી, તૃષ્ણા તનને બાળે ....રે ૧
વેદ ભણીને મોઢે રાખે, આચરણમાં ખામી ....રે
તેવા નર ચૌર્યાસી ભટકે, ટળે નહિ ઉપાધિ ....રે ૨
નિંદા કરવા ખંત જ રાખે, કામ પોતાનું છોડી ....રે
એવા નરના દુષ્ટ કામમાં, સળગે નિત્ય હોળી ....રે ૩
વિદ્યા મેળવી, ગર્વ કરે ને હલકા સૌને ગણતા ....રે
મોક્ષનું સાધન મૂકી દઈને,ભજન કદી નહિ કરતા ....રે ૪
વાતોમાં છેતરનારાનો, બન્યો છે પંથ બહુ ન્યારો ....રે
પરમ કૃપાળુ દયા કરે તો, ઊગરવા મળે આરો ....રે ૫
તન-મન-બુદ્ધિ સોંપી પ્રભુને, જેમ રાખે તેમ રહેવું ....રે
અકળ ગતિ છે ઈશ્વર તણી ત્યાં,સુખદુ:ખ ભોગવી લેવું ....રે ૬
હળીમળી આનંદે રહેવું, સ્મરણ પ્રભુનું કરવું ....રે
દોષ ભૂલીને ક્ષમાવૃત્તિથી, કડવું વેણ ન કહેવું ....રે ૭
ધ્યાન પ્રભુનું ધરવું નિશદિન સદ્ગુરુ વચનને પાળી ....રે
મળશે પ્રભુજી જરૂર તમને, રહેજો શ્રદ્ધા ધારી ....રે ૮
પ્રભુ વિનાનું સ્થળ નથી ખાલી, તેની સઘળી રચના ....રે
તેને ભૂલી અવળા માર્ગમાં, શાને જાવું ભટકવા ....રે ૯
વિવેક ને વિચારની શુદ્ધિ, સંયમ સાચું સાધન ....રે
તેના વિના સત્ય નહિ ભાસે, ભજનમાં પ્રીત દો જોડી ....રે ૧૦
સૌ ભક્તો કહે નમન કરીને, ભક્તિ અવિચળ આપો ....રે
હૃદય થકી અળગા નહિ રહેશો, પાપ અમારાં કાપો ....રે ૧૧



Scanned with CamScanner

॥ ॐ ॥

## પ્રેમે બોલવું રે, ચિત્તને જોડવું રે

પ્રેમે બોલવું રે, ચિત્તને જોડવું રે, વધારી સાચી પ્રભુમાં પ્રીત,
હૃદય શુધ્ધ રાખવું રે, તજવી કૂડકપટની રીત.
જગત દૃષ્ટિની મોહક પ્રીતો, કમતી સમજી થાશે,
ત્યારે અંતરદૃષ્ટિ ખૂલશે, ખરું-ખોટું સમજાશે.
રાગદ્વેષની વૃધ્ધિ થાતાં, સંસારે ચિત્ત ભમશે,
રાગદ્વેષને ઓછા કરતાં, પ્રભુ તરફ ચિત્ત વળશે.
જગની ચીજો અનંત ભાસે,તેમાંથી પ્રીત જો હઠશે,
અનંત ગણી શક્તિ ઉદય થઈ,પ્રભુમાં પ્રેમ પ્રગટશે.
પૂર્ણ પ્રભુનો પ્રકાશ મળતાં,વૃત્તિની સ્થિરતા થાશે,
વેદશાસ્ત્ર સંતોની વાણી, આપ મેળે સમજાશે.
માનવમનની મોટી મૂંઝવણ, પ્રભુથી જરૂર ટળશે,
અનંત જુગની જૂની પ્રીતિ, પ્રભુ તરફ જઈ વધશે.
ભૂલ સુધારી પ્રેમ વધારી, વહેમ સમૂળો બળશે,
જીવન ઊજળું આનંદી બનતાં, ગર્વ દેહથી ગળશે.
મોંઘી મા મોંઘી છે,સમજણ, વિચાર કરીને જોશો,
પ્રભુમાં પ્રીતિ ખૂબ વધારો, ટાળશે પ્રભુ સૌ દોષો.

॥ ॐ ॥

## ભેદ રે ભ્રમણામાં જુગો વિતાવ્યા

ભેદ રે ભ્રમણામાં, જુગો વિતાવ્યા .... હો .... જી
ભ્રમણા ભટકાવે, દિન-રાત
ભૂલમાં અટકાવે, ખોટી વાત,
સમજ સાંચી નહિ ઊંધું થાય
તણાવું મોહમાં એ ખેંચી જાય.
ગર્વની ગાંઠો બાંધી,કોઈ ન ફાવ્યા .... હો .... જી ટેક



Scanned with CamScanner

॥ ૐ ॥

અંદર સ્વરૂપ, ચૂકી દોડાય
બહાર થાકવાનું, ભાવિ ઘડાય,
પ્રભુના પ્રેમમાં, હૃદય રંગાય
અંતર પ્રેરણા વિજય ગણાય
પ્રાણથી પ્યારા-પ્રભુને,ભજને રિઝાવ્યા .... હો .... જી

નિશ્ચય પ્રભુ-ખુશી, એવા થાય
ભ્રમણા સઘળી, નાસી જાય,
પ્રાણની વિશુધ્ધિ એની ગણાય
સતનો પ્રભુથી તાર બંધાય
પ્રાણની કળાએ-ઉત્તમ,સમજ સહાયમાં .... હો .... જી

સઘળા વાદવિવાદ, કરો બાદ
આરાધો પ્રભુ, સાંભળે સાદ,
મેળવો સાચો પ્રભુનો પ્રસાદ
કલ્યાણ મંગળ, પ્રભુનો નાદ
સઘળી ઉપાધિ છોડી,પ્રભુ પ્રીત જોડવી .... હો .... જી

પ્રભુના ભજનનો એવો પ્રતાપ
મટી જાશે સઘળા સંતાપ,
શાંતિ સાચી આનંદ અમાપ
પ્રભુનો ગુંજે એક જ આલાપ
રાહ સાચો-પ્રભુ મસ્તીનો ધ્યાનમાં .... હો .... જી

પ્રભુમાં સાચો અડગ વિશ્રામ
સમર્પણ થયું, પ્રભુને તમામ,
ઊજળું ભાવિ, પ્રભુમાં આરામ
જીવન દિવ્ય પૂર્ણ વિરામ
સદાય રહેતા પ્રભુજીના સાથમાં .... હો .... જી



Scanned with CamScanner

॥ ૐ ॥

## બેસવું ક્રિયા વિનાનું ન ગોઠે

બેસવું ક્રિયા વિનાનું ન ગોઠે,ક્રિયા વિના અમથી રહેવાયના ....
ચિત્તને નવાંનવાં ચિત્રો જોવાં, જોયા છતાં ચિત્ત, ધરાયના ....
જન્મો અનંત ક્રિયામાં ગુમાવ્યા, દોડીદોડી ભૂલ્યા ગુમાનમાં ....
વસ્તુ વધારી ગૂંચવણ બનાવી, હાથે કરી ફસાવું જાળમાં ....
સ્થિર થવા બેસતાં ચિત્રો આવે, રસવૃત્તિનાં ચિત્રો છે સાથમાં ....
ચિત્રો અદશ્ય બનશે ત્યારે, રસ ઓછો કરો જોવાના ખ્યાલમાં ....
સાચા કેન્દ્રને છોડી ભટકવું, અંધારું પોષવું અજ્ઞાનમાં ....
વિરુધ્ધ ગતિના વેગમાં તણાવું, વિચારોના ઊંધા એ ભાનમાં ....
બેસવું કળા છે સહુથી સારી, નીરવ શાંતિ સત્યના સાથમાં ....
રહેવું સ્વરૂપમાં, એ જ સાચું, સહજ નિર્દોષ નિર્મળ ભાવમાં ....
ચિત્તને આધાર વિનાનું રહેવું, સ્વકેન્દ્રના સત્ય જ સ્થાનમાં ....
ધારણા ધારીને, ધારણા વધારી, આકારો કલ્પે, સત્યથી વિરુધ્ધમાં ....
ભીતર જવાનું વિચારો મૂકીને, પ્રવેશ એનો સત્યના સાથમાં ....

॥ ૐ ॥

## એવું અમારે નથી જોવું

(રાસ)

એવું અમારે નથી જોવું, શ્રીકૃષ્ણ પ્રભુ .... એવું
વાત સૂણી કાન-કાનોમાં કાનજી
તારી ભૂમિમાં પાણીની તાણજી .... એવું
હશે અમારી ભૂલો, લાખો-કરોડો
ભૂલ સુધારો, પ્રીત નહિ તોડો .... એવું
ઊંડાં જાય પાણી ને ખારાંય થાય છે
પાણી લેવાને લોકોની ભીડ થાય છે .... એવું



Scanned with CamScanner

|| ॐ ||

દર્દો વધ્યાંને દુઃખ ઊભરાણાં
જીવન ગયાં ને (સહુ) ઝેરમાં લોભાણાં .... એવું
વિષારી પદાર્થ બધા વિજ્ઞાની બનાવે
પૃથ્વી આકાશે યાન(ચંદ્રયાન) ઝેરને ફેલાવે .... એવું
અનાજ-કોઠાર ભર્યાં, ઘી-દૂધની નદીઓ
કદાપિ ખોટ નહિ, આનંદની ઘડીઓ .... એવું
વીર - વીરાંગના વિશ્વમાં ઊજળાં
તેના ઠેકાણે આજે દેખાય દૂબળાં .... એવું
ઝેરી ધુમાડા ને ઝેરી ખાતરથી
જીવન હણાયાં, ઝેરના ત્રાસથી .... એવું
તારી ભૂમિનો, સુધારો તારા હાથમાં
સત્તાનો મદ ચડે, રહેવું કેમ સાથમાં! .... એવું
અન્ન-વસ્ત્ર-આબરૂ ત્રણે ઘટતાં જણાયાં
સુકાણા તેજ, દ્વેષ વધતા જોવાયા.... એવું
લૂંટફાટ લૂંટવાની, કળા અનંત રીત
છેતરે જરૂર અને બતાવે ખોટી પ્રીત .... એવું
સુધારો કરો પ્રભુ, આપનું કામ છે
આંખમાં પડદો કરો તો સઘળું વિનાશ છે .... એવું
જીવન-મરણ કળા, અનાદિ આપની
તમારા રંગથી રંગો, એ જ કળા કામની .... એવું
અન્ન-વસ્ત્ર-આબરૂ, પાણી વધારો
સત્ય સમજાય, એવી બુદ્ધિ સુધારો .... એવું
વરસાદ વરસે ને અન્ન ખૂબ જ આપજો
નદી-વાવ-કૂવામાં જળ ભરી સુધારજો .... એવું



Scanned with CamScanner

॥ ૐ ॥

# સુધારો કરવા આવો પ્રભુજી

સુધારો કરવા આવો પ્રભુજી, યુગનો પાળવા કોલ .... રે
જલદી પધારો મોડું ન કરતાં,હૃદયમાં વ્યથા અમાપ .... રે .... ૧
સમજ વિનાના અવળા માર્ગે, અથડાતા મૂંઝાય .... રે
ગોથા ખાતા માર્ગ જડે નહિ,આપ વિના અકળાય .... રે .... ૨
મોડું થાતાં મૂંઝવણ વધશે, ભ્રમણાનો નહિ પાર .... રે
રોગ-વૃધ્ધિને વિનાશક તત્વો, દિન-દિન વધતાં જાય .... રે .... ૩
શોક મોહની આંધી આવે, ખોટાં કર્મો ઉત્પાત .... રે
રડતાં-પડતાં-ચિંતા કરતા, દીનના અન્ન ઉચ્ચાર .... રે .... ૪
અન્ન વિનાના ભૂખ્યા માટે,રસ્તો વિકટ જણાય રે .... રે
પીડિતની રક્ષાની ખાતર, આપ કરો આવી સહાય .... રે .... ૫
દુઃખી, સંપત્તિ-સાધનવાળા, વિપત્તિ સાધનહીનને .... રે
દેશ-પરદેશ ફરીને થાકયા, મહેનત કરે છતાં નિરાશ .... રે .... ૬
ગરીબ ભાવ ઘટવાની આશે, રાહ જોઈને થાકે .... રે
ભાવ વધે ને ધનના વાંધા,સાંધા તેના ન થાય રે .... રે .... ૭
હાયહાય બળતરા વધતી, સાંભળી મતિ મૂંઝાય .... રે
મગજ સ્થિરતા શાણા ગુમાવે, ભ્રમણાનો નહિ પાર .... રે .... ૮
સજજન જનને સારું કરવા, ઉત્તમ કર્મમાં વિઘ્ન .... રે
સારું તંત્ર સૌને સમજાવી, સદ્‌બુધ્ધિ દો ભગવંત .... રે .... ૯
મેળવણીએ માઝા મૂકી, જયા-ત્યાં મિશ્રિત કર્મ .... રે
દવા મોંઘી ને દામ ખરચવા,શુધ્ધ મળે નહિ માલ .... રે .... ૧૦
આંખ તણા ઈશારે પ્રભુજી, બદલવું આપને સહેલ .... રે
આવો વહાલભરી હૈયામાં, બચાવો સૌની લાજ .... રે .... ૧૧



Scanned with CamScanner

॥ ૐ ॥

## બ્રહ્મદર્શી ગુરુ મળ્યા રે

બ્રહ્મદર્શી ગુરુ મળ્યા રે હૃદયમાં ભાવતા
જેણે બનાવ્યા દેહ છતાં રે વિદેહ જો
હું ને મારું શમી ગઈ મનની માન્યતા
સહેજે ટળી ગઈ, ચિત્તથી ધનસુત પ્રીત જો .... ૧
પોતાનું જાણીને કૃપા મુજ પર કરી
જોયો નથી રે કાંઈ અપરાધીનો ફંદ જો
આપી વરદાન કે ભવ ભય ટાળિયો
પાયું તેં મુજને અમૃત બ્રહ્માનંદ જો .... ૨
ગુરુએ કહ્યું, તું પૂરણ બ્રહ્મ પરમાત્મા
તે મારગમાં કર્યો મેં પ્રવેશ જો
જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ મૂકી ચાલ્યા
આગળ દીઠી તુરિયા અવસ્થા શેષ જો .... ૩
તુરિયાથી આઘેરી ઉન્મની પાંચમી
તેનું નિર્વિકલ્પ સમાધિ નામ જો
તે સ્થળ જોતાં આવાગમન ટળી ગયું
લાધ્યો તે મુજને મરમ નિજ સુખ ધામ જો .... ૪
બોલું તો પણ મૌન રહે, અચળ માયલું
દેખીને નવ દેખું એવી રીત જો
સાંભળું તો પણ સાંભળું નહિ,કોઈ વાત ને
એવો તે અનુભવ મારો વેદવિદીત જો .... ૫
જાગૃતમાં હું ધરી રહ્યો, સૌ સંઘાત ને
ઈન્દ્રિય દ્વારા કરુણાના વહેવાર જો
સોણામાં નવ તત્ત્વ કલેવર આથડે
તેના તે સુખ-દુઃખને હું જાણનાર જો .... ૬
લીન જ્યાં વહેવાર, ત્યાં પૂરતી માધુરી
કોઈ નથી ત્યાં, હું જ પ્રકાશિત એક લો



Scanned with CamScanner

॥ ૐ ॥

## પ્રાણથી પ્યારા શ્રીકૃષ્ણ હૃદયમાં આવો

પ્રાણથી પ્યારા શ્રીકૃષ્ણ હૃદયમાં આવો
સન્મુખ આવીને પ્રભુ મોરલી સંભળાવો .... ટેક
કેવળ ભર્યા છે મારા, હૃદયમાં ભાવ,
હિંમત અચળ - બળ, દેવાને આવો ....
પલ-પલ વલખું છું, તારાં દર્શન કાજ,
રાત-દિન-બોલાવું, પ્રભુ -સૂણોને અવાજ ....
તન-મન-તારું છે, વિશ્વાસ દૃઢ છે પ્રમાણ
તારા વિના ગોઠે ન,તમારું એવું છે ખેંચાણ ....
પ્રભુ દૃષ્ટિ વિનાની,ઘડીઓ દુઃખની ગણાય
રડી રડી રિઝાવું વિરહ વેદના સદાય ....
ઘાવ ઊંડો હૃદય, પ્રભુજી આપથી રુઝાય
આવો આવો જલદી,ચાહું છું તમારી સહાય ....
ચિત્ત મારું ચોરીને દૂરથી દેખવું તમામ
હૈયું ત્યારે હરખે, હૃદયે આપનો વિશ્રામ ....
ભાવ ભર્યા મધુર, રસનો ચખાડો સ્વાદ
વાણી નેત્ર તૃપ્ત, પ્રભુના હાથનો પ્રસાદ ....
એવો એવો સમય, વિશુધ્ધ હૃદય તૈયાર
ગાંડા ઘેલા શબ્દો, પ્રભુજી કરતા સ્વીકાર ....
સાદ કરી તમને મારી, સહુ કહુ છુ વાત
તાર એક લાગ્યો, તારાથી વૃત્તિ થઈ છે શાંત ....
સાચો તારો આધાર, વિશ્વાસે પ્રેમ તું ભરે
યુગો જૂનો સંબંધ, નિશ્ચય પાકો કરે ....



Scanned with CamScanner

॥ ૐ ॥

ભય ટાળી અભય, પ્રભુજી બળ ભરતા
શુધ્ધિ-શ્રધ્ધા-સંયમ રહે છે તમારી સુરતા
તૂટે નહિ સુરતા, તેજ છે તમારું અખૂટ ....
કૃપાબળ તમારું, અમારા સાચા છો વિરાટ
બંસી તારી સૂણીને, દેહનું ભૂલું હું ભાન
એક તારા વિશ્વાસે, મળતી સાચી તારી સાન ....

॥ ૐ ॥

## સત્ય શોધવાનો સથવારો

સત્ય શોધવાનો સથવારો, ભૂલ જ મદદ કરતી .... રે
સત્યનું ફળ સૌને આપી, ભૂલ અદશ્ય બનતી .... રે
ભૂલના અનેક આકારો, નિશ-દિન વધતા જાતા .... રે
સાત પાતાળ પૃથ્વી આકાશે, દેવતા ભૂલમાં ભમતા .... રે
મહારાજા સત્તાધારી શાસ્ત્રી, તપસી-યોગી-ભૂલ કરતા .... રે
વિવેક વિનાના જ્ઞાનીઓ સૌ, ભૂલથી પાછા પડતા .... રે
શોધક બુધ્ધિના વિજ્ઞાની, ભૂલ અનેકો કરતા .... રે
ચડતા-પડતા ભૂલ સુધરતાં, સિધ્ધ જ કામમાં વધતાં .... રે
વ્યાપક ભૂલની વિશાળતાના, બોધને સૂક્ષ્મ સમજો .... રે
પ્રભુજી અવ્યય અનાદિના છે, સમજી આગળ વધજો .... રે
વ્યાપક પ્રભુજી સમર્થ તેનો, ભાગ જુદો નથી પડતો .... રે
કલ્પનાથી આકારો કરતાં, ભૂલનો ભંડાર વધતો .... રે
ભૂલનું મંથન સત્યના ખાતર, કેવળ બોધ કરાવે .... રે
એક જ સત્યમાં રહેવું, ભૂલનું અંતર બતાવે .... રે
કયાં ગઈ ભૂલ કોઈ ન જાણે, મરીને ફરી અવતરતાં .... રે
ભૂલનો ભાગાકાર બને તો, સત્યમાં એની સુરતા .... રે



Scanned with CamScanner

॥ ૐ ॥

ઘણાઘણા એ ભૂલને ભાંગતા, ભાંગી પડયા ભડવીરો .... રે
ભૂલ તો આગળ ઊભી રહી ને ચાલી ગયા શૂરવીરો .... રે
નિરીક્ષણ વિનાનું શાસન, ભૂલ ભરેલું ગણાયે .... રે
સત્ય નિરીક્ષણ ભૂલ વિસર્જન, ચૈતન્ય-નિર્મળ જણાયે .... રે
ત્રણે કાળનું જ્ઞાન આત્મામાં, બદલે દષ્ટિ સૃષ્ટિની .... રે
બ્રહ્મની દષ્ટિમાં સ્થિર થાતાં, વાટ સૂઝે ગુરુ ગમની .... રે

॥ ૐ ॥

## સત્ય એકને જાણવાને

( રાગ : જૈજૈવંતી કલ્યાણ)

સત્ય એકને જાણવાને, ભૂલમાં યુગો વિતાવ્યા ....રે
ભૂલ સુધારી ભૂલને તજવા, સૂક્ષ્મ દષ્ટિ બનાવો ....રે....
ભૂલ સુધાર્યા વિના કદાપિ, શ્રેય નથી બની શકતું ....રે
સંયમ શ્રધ્ધા જ્ઞાન-ધ્યાનમાં, ભૂલ જતા શ્રેય બનતું ....રે....
તપસ્વી-જ્ઞાની-યોગી બનવું, ભૂલ રાખીને બનાતું ....રે
ભૂલ સુધાર્યા વિના બધું એ, ગર્વભરેલું ગણાતું ....રે....
ભૂલ સુધારી તપસ્વી થાયે, જ્ઞાની-યોગી સારા ....રે
દેહ બનવું એ ભૂલ સુધરતાં, ચૈતન્ય જડથી ન્યારા ....રે....
ચૈતન્યજયોતિ સદાય પ્રકાશે, સ્વરૂપ તે છે તમારું ....રે
સત્તા ચૈતન્યની નાશ ન પામે, નિષ્ઠા અચળ રહે સારું ....રે....
દુ:ખ વિનાનું કદી ન મળાતું, અખંડાનંદ સ્વરૂપમાં ....રે
સાર દુ:ખથી એક જ નીકળે, નિજ આનંદનો સતમાં ....રે....
પૂર્વે કરેલાં કર્મોનું સ્વાભાવિક ફળ દુ:ખ માનો ....રે
શોક-મોહને છોડી દેવા, સમતા દુ:ખમાં વિસામો ....રે....
વિસામો લઈને આગળ જાવું, દુ:ખને સહારો સમજી ....રે
દુ:ખ સદાયે બોધ કરાવે, સમજાવે પ્રભુની મરજી ....રે....



Scanned with CamScanner

॥ ૐ ॥

પ્રભુની બક્ષિસ દુઃખને માનો, આનંદથી દુઃખ સહેવું ....રે
ભૂલથી દુઃખને સજા ન સમજો, વીર જ દુઃખને કહેવું ....રે....
વીરતા દુઃખની સમજણ જાણે, ધીરતા રાખી દુઃખ સહેતાં ....રે
દુઃખ સહન કરનારા વીરોની, વેદશાસ્ત્રો વાતો કહેતાં ....રે....
અપૂર્ણતાને પહેલાં સમજો, ગર્વ ભરેલી ચતુરતા ....રે
એવી ચતુરતા જ્યારે ખટકે, ત્યારે અપૂર્ણતા તજતા ....રે....
અપૂર્ણતાને આગળ રાખી, પૂર્ણની વાતો કરતા ....રે
જાળ બનાવી અપૂર્ણતાની, અંધારામાં ફરતા ....રે....
અપૂર્ણતાનું વાદળ મોટું, હાથે ઊભું કરી ડરતા ....રે
ભ્રમણા ત્યાગી સત્ય સમજો, પૂર્ણની સંપૂર્ણ પૂર્ણતા ....રે....

॥ ૐ ॥

## અહંકારના આગળ વધતા

અહંકારના આગળ વધતા, હુંપણાને ટાળો.... રે
સર્વ વ્યાપક સત્ય પ્રભુના, સત્યમાં પ્રીતિ લાવો.... રે ટેક
હૃદયમાં એનો વાસ સદા છે, ત્રણે કાળનો પ્રેરક .... રે
સત્તા એની સ્વતંત્ર સદાયે, સર્વે તંત્રને ધારી .... રે
અનંત જન્મોના શુભ-અશુભ સૌ, કર્મોને એ જાણે .... રે
એની ગતિને નહિ મપાયે,અહંકાર દેહ બંધાણે .... રે
અહંકારની દીવાલ આડી,હાથે ઊભી કરી ઢાંકે .... રે
સ્થિરતા ત્યાગી કલ્પના રાગી, પ્રભુને તર્કથી માપે .... રે
તર્કપણાથી સમર્થ પ્રભુને, માપવા આપ જો ચાહો .... રે .
દેહબિંદુનો ગર્વ મૂકીને, પ્રભુમાં ગળવા ચાહો .... રે
ઈન્દ્રિય-મન-બુદ્ધિ-વાણીને, પ્રભુ તરફ પ્રાણ વાળો.... રે
સંસારી દૃષ્ટિની ચતુરતા, વાસના સઘળી બાળો.... રે
વિશ્વ આખાને એક અંશથી,ધારણ પ્રભુજી કરતા.... રે



Scanned with CamScanner

॥ ॐ ॥

એક જ વ્યક્તિ એક જ દેશમાં, સંપૂર્ણ સમાઈ ન શકતા .... રે
એક જ વ્યક્તિમાં હઠ કરીને, માનવું એ ભૂલ મોટી .... રે
પ્રચાર કરીને વાતો ફેલાવો, એ છે ભ્રમણા ખોટી .... રે
તમારી વાતો પરાણે મનાવી, સમાજને ઊંધા દોરો .... રે
અનિષ્ટ એવું દુઃખ જ કરતા, છોડી દો ખૂબ વિચારો .... રે
ખોટા દેહના અહંપણાની, સમજ દેહની તજવી .... રે
દેહાતીત પ્રભુને ગણીને, નિષ્ઠા પાકી કરવી .... રે
તમે પ્રભુના સાધન બનીને, સર્વ સમર્પણ કરજો .... રે
ઘાટ ઘડનાર સાચો પ્રભુ છે, ગર્વ દેહનો તજજો .... રે
સંપૂર્ણ પ્રભુજી પૂર્ણ ભરેલા, જગ્યા નથી પ્રભુ વિનાની .... રે
અહંકાર માટે ખાલી ન જગ્યા, સર્વવ્યાપકની નિશાની .... રે
મારું ને પ્રભુનું બે ભેદ પાડી, પ્રભુનું આપણું કરતાં .... રે
દેહ પ્રભુનો પ્રભુને સોંપવો, એ નિશ્ચય સરળતા .... રે
પ્રભુનું સઘળું ઉપકારો એના, કાંઈ નથી તમારું .... રે
ગર્વ ધરીને ખાલી ફૂલવું, સમજો તો ઘણું સારું .... રે
તરવું પ્રભુમાં પ્રેમ વધારી, વિજય સ્વરૂપે મળવું .... રે
ગળવું પ્રભુમાં એકતા ધારી, સત્ય સ્વરૂપમાં ભળવું .... રે

॥ ॐ ॥

## કામના ને સંકલ્પોનાં લાખ–કરોડો રૂપો

કામના ને સંકલ્પોનાં લાખ-કરોડો રૂપો .... રે
ભગવાન કહે છે છોડી દેવાં, છતાં તેને નહિ માને .... રે
કામના ને સંકલ્પો વિના કામ નથી બની શકતું,
એવી દૃષ્ટિ દેહ ભાવમાં, તેની સમજ ઊલટી .... રે
દેહદૃષ્ટિ છે ગર્વભરેલી, દેહ પોતાને માને
સમજ એવી ભૂલભરેલી ચૈતન્ય સત્ય ગણાયે .... રે



Scanned with CamScanner

॥ ૐ ॥

દેહની સત્તા નાશ જ પામે, આત્મા સત્તા સાચી
આત્મા કેવળ રૂપ તમારું, દેહની જડતા ગ્રંથિ .... રે
જડ ને ચેતન મિશ્ર ગણીને સત્ય સ્વરૂપ ભૂલ્યા
એવી ઈચ્છાના અવળા ખ્યાલે પૂર્ણતાથી જુદા .... રે
પૂર્ણની ઈચ્છા પૂર્ણ બનાવે, પૂર્ણતાની એ શક્તિ
એની ઈચ્છામાં છે સિધ્ધિ, સદ્‌ગુરુની એ યુક્તિ .... રે
કેવળ ઈચ્છા કામ ન આવે, ઈચ્છા સાથે શક્તિ
ઈચ્છા શક્તિ પ્રભુની ગણાયે, મળતાં કાર્યની સિધ્ધિ .... રે

॥ ૐ ॥

## વાસનાનાં વધતાં જાતાં

વાસનાનાં વધતાં જાતાં, ચિત્ર-વિચિત્ર રૂપો .... રે
જન્મે જન્મે દુઃખ વધારે, ભેદ છે નરકનો છૂપો .... રે
ધન-રતન-ધાતુની વાસના, મિલ-મકાન ને મોટર .... રે
કારખાનાં-દુકાનો વધતાં, સત્તા વધતી મોટપની .... રે
વાસના તૃપ્ત કદી ન થાયે, બાળક થઈને ફરતી .... રે
બુદ્‌ઢી વાસના બને નહિ ને, ભક્ષણ ઘણાનું કરતી .... રે
વાસના ને ત્યાગ ન ગોઠે,અગ્નિ જેમ અંતર બાળે .... રે
વાસનાનું અંધારું એવું, લોઢાના રસ જેમ ગાળે .... રે
વાસનાને વશ થઈ છતાંયે, દોલતનો,ડુંગરથી વધારો .... રે
સંતોષ કદીયે થાય નહિ ને,વાસના અસત્યથી મારે .... રે
શરીર-ઈન્દ્રિયો વાસના મનની, બુધ્ધિ-પ્રાણ મોહિત કરતી .... રે
એકથી અધિક વાસના વધતી, બંધન વધારે ભરતી .... રે
ધર્મ વાસના - યોગવાસના, કર્મવાસના ગુણની .... રે
સંકલ્પ-વિકલ્પ-વાસના, સ્થૂળ-સૂક્ષ્મ બહુ રૂપની .... રે



Scanned with CamScanner

॥ ૐ ॥

સૂક્ષ્મ અણુ બને વાસના, દૃષ્ટિમાં નહિ આવે .... રે
મોટું રૂપ ધારીને આગળ, ભ્રમમાં બહુ ભટકાવે .... રે
વાસના બાળો, બંધન તૂટે, કર્મો બળે જ્ઞાન સાચું .... રે
નિર્દોષ નિર્મળ દૃષ્ટિ મળતાં જીવન પ્રેમ દૃઢ સતનું .... રે
વાસના બીજને બાળી નાખો, સાચી શાંતિ આવે .... રે
અચળ સતનો તાર બાંધી પ્રેરણા સતની ચલાવો .... રે

॥ ૐ ॥

## ચાર સૂત્રો

નિર્બળ પ્રાણમેં, પ્રાણબલ પ્રભુ હી ભરેગા,
અવિનાશીકા, વજ્ર કવચ, અમર કરેગા.
નિશ્ચય દૃઢતામે, નિર્મલ સ્થિર રહેગા,
આત્મા હૈં સબકા સત્ય વિધાની રહેગા.

॥ ૐ ॥

અખંડ દિવ્ય પ્રકાશ હૈ સ્વરૂપ હમારા,
અવિનાશી હૈ પૂર્ણ ભાવ અચલ સુધારા.
પ્રેમ સાગરસે બઢતા આનંદ અપારા,
નીરવ શાંતિ હૈ નિત્ય સર્વજ્ઞ ઈશારા.

॥ ૐ ॥

સંઘાતકા આઘાત, યુગોયુગ ભુલાતે
ઈન્દ્રિયોંકા ગુલામ, ગુણોમાંહી ફસાતે
કલ્પનાકા ત્યાગોસેં, દેહ ગર્વ તજેગા
નિર્દોષ બ્રહ્મમેં શાંતિ સદા હી રહેગા

॥ ૐ ॥

રહને વાલે કે આગે, કહને વાલે કોઈ નહીં



Scanned with CamScanner

## લાયક કરીને શ્રેષ્ઠ બનાવ્યો

લાયક કરીને શ્રેષ્ઠ બનાવ્યો
પ્રકાશ આપી તેં દીપાવ્યો .... ટેક
તારી શાંતિમાં તેં નવરાવ્યો,
અમૃતનો થાળ તેં ખવરાવ્યો .... ૧
ધામમાં તારા તેં આવવા જ દીધો,
જગના રંગને ખોટો તેં કીધો;
ધારણા તારી સિધ્ધ કરીને,
અમૃત પીરસ્યું પ્રેમ ભરીને .... ૨
પ્રાણ ગતિનું જ્ઞાન તેં આપ્યું,
પ્રત્યક્ષ દર્શન આપી સ્થાપ્યું;
પ્રાણ ગતિનો ભ્રમ નસાડયો,
મોહ નિશાથી તેં જ જગાડયો .... ૩
પ્રાણ નીચેથી પાછો લાવી,
ઊંચા સ્થાને તેને ચડાવી;
કરુણા અનંત તેં વર્ષાવી,
શક્તિ આપીને દયા બતાવી .... ૪
સંજીવન વિદ્યા તારી બતાવી,
નાડી પ્રાણમાં સ્થિરતા અપાવી;
વાસના બાળી તેં શુધ્ધ બનાવી,
મહાપ્રાણમાં પ્રાણ લીધો સમાવી .... ૫



Scanned with CamScanner

॥ ૐ ॥

## કેમ આપનું ધ્યાન ધરું પ્રભુ !

(રાગ : જૈજૈવંતી કલ્યાણ )

કેમ આપનું ધ્યાન ધરું પ્રભુ ! આપ જ સત્ય બતાવો.... રે
કોટિ સૂર્યથી પ્રકાશ વધે પ્રભુ, ધ્યાનને કેમ લગાવું? .... રે
શાંતિ ક્રાંતિમાં વીર આપ પ્રભુ, આપને કેમ રિઝાવું? .... રે
સંતોષ કરતા વેદ ન જાણે પ્રભુ, આપના ભેદની રીતો .... રે
ગતિમાં સૌથી વધતા આપ પ્રભુ, વિશેષ ગતિમાં વખાણું .... રે
સ્મૃતિ આપની કદી ન ભૂલું પ્રભુ, રાત દિ રટણ લગાવું .... રે
શ્વાસ સ્થિરતા પ્રાણ શુધ્ધિ પ્રભુ, મોહથી શોકે ન ફસાવું .... રે
કર્તા-ભર્તા આપ જ એક પ્રભુ, બીજાને પૂછવું નકામું .... રે
અખંડ અનાદિ જ્યોતિ રૂપ પ્રભુ, અંધારે નથી જ મૂંઝાવું .... રે
પ્રેમ આનંદને વિજય આપ પ્રભુ, તમારા રાહે જ જવાનું .... રે
વૃત્તિ-સંકલ્પ ને વિચારો ત્યાગું પ્રભુ,ધારેલું આપનું થવાનું .... રે
બુધ્ધિભેદ કરી ભાગલા પાડે પ્રભુ, આપને સાક્ષી રહેવાનું .... રે
આપ સાચી જ સમજ ભરો પ્રભુ, કપટી રંગે ન રંગાવું .... રે
મન-ઈન્દ્રિયો આપમાં રહે પ્રભુ, કુશળ આપની સાનમાં .... રે
ભાલમાં તમારું ચમકે તેજ પ્રભુ, ચૈતન્ય દિવ્યતા ધારું .... રે
પૂર્ણ સંદેશો આપનો કહો પ્રભુ, આપ જ સમાવો પૂર્ણમાં .... રે



Scanned with CamScanner

॥ ૐ ॥

## પ્રેમ ભરેલા હૃદયે રાખું
(રાગ : યમુના જળમાં કેસર ઘોળી )

પ્રેમ ભરેલા હૃદયે રાખું, પ્રાણથી પ્રિય છો આત્મા,
મારાં બંધન તોડી નાખું, તમારા સાચા એ વ્હાલમાં .... ટેક

ધ્યાન રાખીને અમીદૃષ્ટિ, નીરખું ભરીને ખ્યાલમાં,
બોલો હસતા સ્મિત કરીને, મધુર વાણીના પ્યારમાં ....

આવો કહીને બોલાવો અમને, ઈશારો કરીને સાનમાં,
ભાન તમારા વિનાનું નકામું,ભરી દો શબ્દ એ કાનમાં ....

જૂની પ્રીતને ભૂલતાં દુ:ખ છે, સમજ ભરો એ ભાનમાં,
ભૂલ સુધારી કરજો સુધારો, રહીએ સદાયે તાનમાં....

ગર્વ ગાળીને સુગંધ ભરજો, જીવનકળા છે આપમાં,
પ્રાણ તૃપ્ત ને શાંતિ આપતા, વિકાસ વધારો સાથમાં ....

રાગદ્વેષમાં કદી ન પડીએ, રાખજો તમારા જ્ઞાનમાં,
લક્ષ તમારું ચૂકીએ નહિ ને રહેવું આપના ધામમાં....

આદિ અંતમાં વ્યાપક રહેજો, ગુંજન તમારા નાદમાં,
દેહ દશાનું ભાન જ ભૂલીએ, દિવ્યતા નાદના પ્યારમાં....

તાર તમારો સંકટ હરતા, રસ્તો બતાવો ખ્યાલમાં,
ઊંધા અવળા ભૂલ ન કરીએ, સ્થિર તમારા પ્રકાશમાં ....

હાથ થોભીને પકડી રાખજો, નિર્ભય નિશાન આપમાં,
મંત્ર આપનો આપમાં રહેવું, અભય સદાયે કામમાં ....

આપ કૃપાથી હૃદય ખીલતું, સંકોચ બને ન ભારમાં,
સાચા ધ્યાનનો વિકાસ તમારો, અમૂલ્ય હાજરી પ્યારમાં ....



Scanned with CamScanner

॥ ૐ ॥

# કેવળ જ્ઞાનીની આજે ગેબી કૃપા ઊતરી

(રાગ : દેશી )

**(સંદેશો)**

કેવળ જ્ઞાનીની આજે, ગેબી કૃપા ઊતરી રે,
આનંદ ભરેલી એની, અમી આંખ ઊજળી રે ....

અદશ્ય રહીને એણે, રંગ એનો આપીયો રે,
ભરતી હૃદયમાં એની, કળા એમાં કેમ ભરી રે!....

દિવ્ય રૂપોમાં ઘાટ, જ્યોતિ એની મૌનમાં રે,
શાંતિપરાની પ્રીત, પૂર્ણની ભરતી રહી રે ....

બુધ્ધિએ ડહાપણ છોડી, સતનો માર્ગ લેવા રે,
સમજ જાગૃતિ આવી, વાણીને તૃપ્તિ દેવા રે ....

પ્રાણનો પડકાર એવો, વીરનો નાદ જાગિયો રે,
શૂન્ય શિખર મોજો, હૃદયમાં મળે ન જોટો રે ....

રત્નને દીપાવનારો, આજે આવ્યો મોજમાં રે,
દિલના દાતારે આજે, ગુપ્ત કહ્યું છે કાનમાં રે ....

સૂતેલા જગાડી એમાં, પ્રાણ એનો પૂરતો રે,
ભીતર ખજાનો ખોલી, સૂર એમાં ગાજતો રે ....

અંતર સમજી મરજી, પ્રેરણા દેવા આવિયો રે,
ભાનમાં લાવીને સૌને,મુક્ત હાસ્ય લાવિયો રે ....

વિશુધ્ધ બનાવી પ્રાણી, જ્ઞાન દેવા આવિયો રે,
હૃદય એનો તાર બાંધી, સાન ગૂઢ લાવિયો રે ....



Scanned with CamScanner

॥ ૐ ॥

## અમર બ્રહ્મની નિષ્ઠા

અમર બ્રહ્મની નિષ્ઠા અમર, દિવ્યતા પ્રકાશ,
અમર પ્રાણ વિશુધ્ધિ અમર પૂર્ણાનંદ વિકાસ .... ૧
બ્રહ્મ દષ્ટિમાં સ્થિર, સહજ ભાવથી ગણાય,
જાવું આવવું-ચડવું પડવું, સઘળું ભુલાય .... ૨
બ્રહ્મ નિર્દોષ-નિર્મળ, વિકાર કદી ન જણાય,
નીરવ શાંતિથી આત્માની, ભાષા સમજાય .... ૩
દેહભાવ રાખીને, જડતા દૂર ન કરાય,
ગર્વ દેહનો છૂટતાં, વાસના મુક્ત થવાય .... ૪
અબજો આપી ધનથી,બ્રહ્મમાં નિષ્ઠા ન પમાય,
નીરવ શાંતિ બ્રહ્મની, તર્કથી માપી ન મપાય .... ૫
ભયની લઘુતા ગ્રંથિ, તેનાથી સત્ય ઢંકાય,
અવિનાશી રાખીને, અમૃત સહેજે પમાય .... ૬
ભંડારો, અનાજ-પ્રાણને, કદી ન તૃપ્તિ જણાય,
પ્રાણને ખાતાં પોષણ,એનાથી સાચું ન ગણાય .... ૭
સાર્થક પ્રાણની પ્રિયતા, લક્ષ બ્રહ્મમાં સદાય,
પ્રાણને બ્રહ્મ નિષ્ઠાથી, બ્રહ્મમાં સત્ય મળાય .... ૮
બ્રહ્મનિષ્ઠા પાકી પ્રાણનું જીવન ગણાય,
તેનાથી અલગ થાવું, પ્રાણને ગોઠે ન જરાય .... ૯
જગત આઘાત એવો, પ્રાણ નિર્બળ લાચાર,
બ્રહ્મનો સંઘાત આપે, પ્રાણને અનાદિ સંસ્કાર .... ૧૦
પરકાય પ્રવેશ સૂક્ષ્મ, અનંત જીવ ભળાય,
મલિન વિદ્યા ચલાવે, પવિત્ર સરળ મૂંઝાય .... ૧૧
ભ્રમથી બચવા બ્રહ્મની, જ્યોતિ પ્રકાશે સદાય,
બ્રહ્મનું બળ મળતાં, પ્રાણની જાગૃતિ સહાય .... ૧૨



Scanned with CamScanner

॥ ૐ ॥

બ્રહ્મ તુંહી તુંહી પ્રાણનો, સદાય એ જ પોકાર,
કેવળ બ્રહ્મ હૃદયમાં, બીજો નહિ વિચાર .... ૧૩
જગના ગ્રંથોથી અધિક, વિશાળ આત્મજ્ઞાન,
અમર આત્માની પ્રેરણા, ગ્રંથોથી અધિક છે સાન .... ૧૪
ત્રણે કાળમાં ચિત્તનું ચિત્ર, અમારું નહિ ગણાય,
એવા ચિત્તનો ચોપડો, અમારો ફાટેલો જણાય .... ૧૫
નવીન ચિત્રો બનાવી, ગાંડા કરવા વિચાર,
મોહજાળ બિછાવી, આનંદ લેવો છે અસાર .... ૧૬
પ્રાણ લેવો હોય તો બ્રહ્મમય બન્યો છે પ્રાણ,
બ્રહ્મદષ્ટિ અચળ છે, પ્રાણ જતાં નથી હાણ .... ૧૭

જીવનદર્શનની પ્રેરણાદાયક હૃદયનું ભજન અમર પ્રાણ પ્રભુના ભાવથી ભાવિત થયેલો પ્રભુની ઉત્તમમાં ઉત્તમ બક્ષિસ છે તેને જ પ્રભુની અમર દૃષ્ટિ મળે છે.

॥ ૐ ॥

## વાદળ ચડી આકાશે બનીને આવે

(વાદળાંનું ભજન)

(રાગ : માઢ)

વાદળાં ચડી આકાશે,બનીને આવે રે
બધી વાસના વાદળ, લાવતા હો.... જી .... ટેક
વાદળાં ભલેને આવે, ક્ષીણ વાદળ થઈ જાયે,
સમજ હૃદયે અચળ, જ્યારે એવી રે
વાદળ રૂપથી નહિ ડરે હો.... જી .... ૧
મનનું વાદળ માને,તનનું વાદળ માને
ક્રિયાશક્તિ બધી, વાદળ માને રે
રાગ-દ્વેષ-કામ-ક્રોધ,વાદળાં હો.... જી .... ૨



Scanned with CamScanner

કામનાનાં બધાં રૂપો, વાદળાં સમજવાં,
વાદળ મોટું બુદ્ધિની, ચતુર ચાલ રે
સાચી ખોટી કલ્પના, ગૂંથાણી હો.... જી .... ૩
વસ્તુ જગતની સઘળી, રૂપ જુદાં વાદળાં,
ભૂલમાં સાચી માની, નહિ ફસાતા રે
મૂકી અસ્તિત્વ અનાદિ સ્થાનને હો.... જી .... ૪
અસ્તિત્વનો જન્મ નથી, અસ્તિત્વનું મરણ નથી,
ગતિની કોઈ ક્રિયા, લાગુ નથી થાતી રે
ઈન્દ્રિયોથી એને મપાય નહિ હો.... જી .... ૫
વાદળથી મૂંઝાતા બધા વાદળને પકડે,
આકાશનો ખ્યાલ, ચૂકી જાતાં રે
શાશ્વત આકાશ સદાય રહે હો.... જી .... ૬
ગર્વ તૃષ્ણાથી બધાં, વાદળ ભરેલાં,
જગની ચીજો ભરતાં, કદી નથી ધરાતાં રે
ખાલી વાદળ, ખાલી રાખતા હો.... જી .... ૭
તૃપ્તિ કરે નહિ ને અંધારામાં રાખે,
વ્યક્તિત્વનું વાદળ, અસ્તિત્વને ઢાંકે રે
વ્યક્તિત્વ હળાહળ ઝેર છે હો.... જી .... ૮
ગર્વ વધે અને અજ્ઞાનને પોષણ,
એને જ્ઞાન સમજી, ફૂલી ન જવાય રે
ભૂલ ભયંકર મૂકતાં, શાંતિ છે હો.... જી .... ૯
પૂર્ણતાથી જુદા રાખે, નામરૂપ વાદળાં,
એવા વાદળાંમાં ઘણાં અટવાણાં રે
અસ્તિત્વ ખોળવા નીકળ્યા હો.... જી .... ૧૦



Scanned with CamScanner

॥ ૐ ॥

સ્વરૂપ છે તમારું, અસ્તિત્વ એક સાચું,
ખોવાણું સમજી, ગોતવા નીકળ્યાં રે
દૂર દૂર ભટકે, ભૂલા પડી હો .... જી .... ૧૧
શાસ્ત્રમાં પંડિતો ગોતવાને નીકળ્યા,
ઉથલાવી પાનાં, બુધ્ધિશાળી થાકયા રે
ગૂંચવણ ભરેલાં એ વાદળાં હો .... જી .... ૧૨
વાદળાંને પકડવા, ડહાપણ એ નકામા,
સિધ્ધાંત ઊડતા સૌ, અધ્ધર લટકાણા રે
આઘાં જાતાં દોડતાં, વેગથી હો .... જી .... ૧૩
સત્યનું પોષણ એવુ,આત્મભાવ જગાવે એવું,
અસ્તિત્વમાં સ્થિર, સદાય રહેવાય રે
સાર સત્યનો સમાણો, અસ્તિત્વમાં હો .... જી .... ૧૪
ઉપયોગ ખોટો સમજી, કર્મોથી બંધાણા,
કર્મોના ભેદ નહિ પરખાણાં રે
ભૂલ થતાં શોક-મોહ,નહિ હઠે હો .... જી .... ૧૫
ચાહના વધારી સાથે, દુઃખ ઘણું વધતું,
ઉપાધિ વિશેષ ચાહના વધારે રે
ચાહના બધી એ તોડવી હો .... જી .... ૧૬
શબ્દોની જાળ ગૂંથી હાથે જ ફસાવું,
વિચારોનો બોજો નાખો કાઢી રે
નિર્દોષ બનીને જીવવું હો .... જી .... ૧૭

Scanned with CamScanner

॥ ૐ ॥

# સુખમાં દુઃખના સ્વરૂપને ભાળ્યું

(રાસ)

સુખમાં દુઃખના સ્વરૂપને ભાળ્યું,
સમજ સાચી દુઃખના પ્રેમમાં. ૧
એકલા સુખની ભાવના વધારી,
ભૂલા પડયાં ઘણાં એ ભૂલમાં. ૨
દુઃખને મૂકી સુખ કદી ન રખાતું,
સુખ-દુઃખ બે જુદાં ગણાય ના. ૩
બુધ્ધિએ એકના બે ભેદ પાડયા,
સલાહ એની માની ચલાય ના. ૪
દુઃખ ને સુખમાં સ્થિર થઈ રહેવું,
સમજ સાચી દૂર કરાય ના. ૫
શત્રુ મિત્ર જરૂર બની જાતા,
સ્થિરતા માન-અપમાનમાં. ૬
મિત્ર શત્રુ ઘણા બની જાતા,
અનાદિ ભેદ એનો કળાય ના. ૭
પ્રેમને પોષણ મળતું ઘૃણામાં,
બદલે ઘૃણા બધી જ પ્રેમમાં. ૮
પ્રકાશ બધાય ગળતા અંધારું,
અંધારું છુપાણું પ્રકાશમાં. ૯
ક્રોધની પાછળ શાંતિ છુપાણી,
ક્રોધ જતાં શાંતિના સાથમાં. ૧૦
ઈન્દ્રિયો, રાગને દ્વેષમાં બાંધે તો,
દેહ બની પોષણ અપાય ના. ૧૧
જડતા ત્યાગીને ઠેકડો માર્યો,
ચૈતન્યના સાચા એ સ્થાનમાં. ૧૨
દ્વંદના ફંદ બધાયે સમજાણા,
ફંદમાં સમજી રહેવાય ના. ૧૩
વિશ્વાસ બધા એ બનતા ઘાતી,
સ્વયં વિના વિશ્વાસ કરાય ના. ૧૪



Scanned with CamScanner

॥ ૐ ॥

કર્મના રાખ્યા છે ભેદ બહુ ઊંડા,
કૃષ્ણની ગીતાના જ્ઞાનમાં. ૧૫
વાપરી કુશળતા એવું સમજાવ્યું,
કળા એની પૂર્ણતા સાનમાં. ૧૬
પૂર્ણની શક્તિ છે પૂર્ણતા ભરેલી,
અવિનાશી ખંડિત એ થાય ના. ૧૭

॥ ૐ ॥

## સઘળી જોડી જોડીને તોડી

### (તત્ત્વજ્ઞાનનો રાસ)

બે પણાની ભાવનાથી રહિતના હાથ સર્વવ્યાપક કામ કરે છે સર્વ સ્થળે

સઘળી જોડી જોડીને તોડી કે તોડ એનો કાઢ્યો નહિ રે લોલ....૧
સઘળી જોડમાં દુઃખ ઘણાં આવે કે ભેદ એનો ઊકલ્યો નહિ રે લોલ ....૨
જોડવા ઘણા બનતા શૂરા કે સંતોષ જોડ કરતી નથી રે લોલ....૩
દોડતા જોડવા વેગથી પૂરા કે જોડી ધરાતા નથી રે લોલ....૪
જોડની શૂળો લાગતી ઊંડી કે જોડ નવીન ચૂંટી લીધી રે લોલ....૫
મૂકવા જોડને કદી ન વિચારે કે જોડ સાથે ઊંધા ફરે રે લોલ....૬
જોડનો મોહ સૌને બાંધે કે તોય મોહ તૂટતો નથી રે લોલ....૭
જગની વસ્તુ સૌ જોડથી જોઈ કે સાચી દષ્ટિ ખુલ્લી નહિ રે લોલ....૮
જોડથી જોવાની દષ્ટિ બધી ખોટી કે સત્યથી દૂર કરે રે લોલ....૯
જોડની તોડમાં બોધ સમાણો કે બોધ ખરો અસ્તિત્વનો રે લોલ...૧૦
શાંતિ-અશાંતિ બંનેનો સાક્ષી કે સમદષ્ટિ એને મળે રે લોલ....૧૧
હા ને ના ના ઝઘડા બધાયે કે શૂન્ય થતાં આડા નડે રે લોલ....૧૨
વિચારો શૂન્ય થતાં મન નહિ મળે કે વમળ બધાં નાસી ગયા રે લોલ....૧૩
શાસ્ત્રની વાત બધી જોડથી ભરેલી કે બુદ્ધિ બને આંધળી રે લોલ....૧૪
અસત્ય વાતનો કચરો વધાર્યો કે હૃદયમાં બોજો કરે રે લોલ....૧૫
કચરો કાઢીને ફેંકી જ દેવો કે ત્યાગ એને ગણતા નહિ રે લોલ....૧૬
સત્ય સ્વરૂપ ત્યારે સમજાશે કે દિવ્ય જીવન પ્રગટ થશે રે લોલ....૧૭



Scanned with CamScanner

॥ ૐ ॥

# શ્રીકૃષ્ણને જરૂર કહેજો
(રાગ : માઢ)

શ્રીકૃષ્ણને જરૂર-કહેજો .... રે
ઓધાજી એમ મારો
સંદેશો જઈને કહેજો .... રે

પ્રભુ ભક્તોમાં, તમે રહયા છો
અમારી પ્રીતને ભૂલી ગયા છો
હૃદયના આસને પધારો .... રે

કહેવાનું જાણો છો તમો
અમને વહાલા સાચા ગમો
ભૂલતા નહિ અવાજ મારો .... રે

સંદેશાનો ખ્યાલ લાવો
પ્રેરણાઓ દેવા આવો
વાણીમાં તમે જ ફાવો .... રે

હૃદયમાં તમારા ભાવો
સાચા જ ભરવા આવો
સમજ તમારી લાવો .... રે

પ્રાણમાં છો, બળ મારું
નસેનસમાં જોમ તારું
જ્ઞાન-ધ્યાનમાં સાથે સારું .... રે

અમારા અનાદિ સ્વામી
તમારા વિના મોટી ખામી
તમારી મારી પ્રીત પુરાણી .... રે



Scanned with CamScanner

॥ ૐ ॥

## નવલાં વર્ષે કુમકુમ પગલે

(રાગ : જૈજૈવંતી કલ્યાણ)

### પ્રાણની ઊર્ધ્વગતિ કરનાર

નવલાં વર્ષે કુમકુમ પગલે, અંબા માત પધાર્યાં .... રે
દિવ્ય જ્યોતિ ને નવાં નવાં સર્જન, હ્રદયમાં ભરવા લાવ્યાં ....રે....૧
ભૂલ અનાદિ સુધારવાને, પ્રેમભર્યા નયને નિહાળે .... રે
સમતા શાંતિ આનંદવર્ષા, માના દર્શને સૌ હરખાયાં ....રે....૨
તન, મન, ધનની શુધ્ધિ કરવા, અન્ન-વસ્ત્ર પૂર્ણતા ભરવાં .... રે
તનવૃધ્ધિ, ધનવૃધ્ધિ કરીને, દુઃખી-દીનના સૂણી પોકારો ....રે....૩
સાર્થક જીવનની કળા બતાવી, માત બૂઝતા દીપક પ્રગટાવી .... રે
શ્રધ્ધાભક્તિ વિશ્વાસ ઘટતાં નિર્બળ બનતાં અંધારાં ....રે....૪
શક્તિ તમારી માતા પ્રાણેશ્વરી અંબા માતા ભવાની .... રે
સર્વત્ર સહુનું મંગળ કરતાં, માની વિજય સ્વરૂપે રખવાળી....રે....૫

॥ ૐ ॥

## પૂર્ણ દિવ્ય પ્રભુ છે પ્રકાશી

(રાગ : માલકૌંસ)

પૂર્ણ દિવ્ય પ્રભુ છે પ્રકાશી, ગર્વ ભરેલી ભૂલ છે વિનાશી ....
પ્રેમભરેલા હ્રદયે ગમતા, સત પ્રેરણા આપતા સમતા ....
ઊંડે ઊતરી જોવાનું ભૂલ્યા, મોહ-શોકમાં ખોટા જ ફૂલ્યા ....
દેહદૃષ્ટિ જડતાભરેલી, વિના ચૈતન્ય અંધારે સૂતેલી ....
શુધ્ધ સમજવૃત્તિની પ્રભુમાં, બીજે કદી ન ભટકે ભ્રમમાં ....
બધાં સ્થળે પ્રભુ જ દેખાયે, એવી જાગૃતિ સત્ય જ ગણાયે ....
આંખ ઉઘાડી સ્થિર સદાની, નાડી પ્રાણમાં શાંતિ જ પ્રભુની ....
ત્યાગી વાસના ચાહના મુકાણી, સત્ય સમજ પ્રભુમાં સમાણી ....
નિર્દોષ ભાવમાં મુક્તિ સદાની, વિજય અપાવે વૃત્તિ જ સતની ....
પ્રભુના બનીને પ્રભુમાં રહેતા, પ્રભુને ભજીને પ્રભુમાં ભળતા ....



Scanned with CamScanner

॥ ૐ ॥

## બોલાવે અમને ગુરુજીની અમર વાણી

(ધૂન)

બોલાવે અમને, ગુરુજીની અમર વાણી,
જગાડે સૌને, હૃદયમાં હરખ આણી

(સાખી)

ગુરુજીની શક્તિ વિના, પ્રાણ બળ અમર ન હોય,
ભીતર ખજાનો ગુરુ વિના, ખુલ્લો મૂકે ન કોય ....

અખંડ અનાદિ ગુરુ, એનો વેદ ન જાણે ભેદ,
ગ્રંથિનું ભેદન કરે, એવા ગુરુથી મટતો ખેદ ....

સત્ય સમજ ગુરુ તણી, બીજે મળે ન ક્યાંય,
ભીતર ઊતર્યા ભેદી બધા, ગુરુ ગમ સાથે સહાય ....

પ્રેમથી પ્રભુ ભજન વિના, જ્યોતિ પ્રગટ ન થાય,
વિશ્વાસ એક પ્રભુ તણો, દૃષ્ટિ દિવ્ય જણાય ....

પૂર્ણતા ભરેલા છે પ્રભુ, રંગ પાકો રહે સદાય,
શાંતિનું સ્થાન ખરું, પ્રભુ વિના કદી ન ભળાય ....

વાસના મલિન ટળી જશે, ભેદ ભૂલ મોહ ન ક્યાંય,
ભક્તો સૌ ધ્યાનમાં રહે, ભૂલી બીજે ન જાય ....

આધાર પ્રભુનો ગર્વ નહિ, લક્ષ વૃત્તિ સંધાન,
આનંદ ઊભરો મળવા તણો, પ્રાણ વેગ નિશાન ....

સ્થિર વૃત્તિના બળ સમું, બીજું બળ ન હોય,
મૌન ભાષામાં આત્મા,જ્ઞાન વાણીનો શબ્દ ન હોય ....



Scanned with CamScanner

॥ ૐ ॥

# ગુરુ જ્યોતિ પ્રકાશ છે

ગુરુ જ્યોતિ પ્રકાશ છે, એમાં સ્થિર થા, સ્થિર થા,
ગુરુ પ્રેમામૃત જ્ઞાન છે, એમાં એક થા એક થા ....

- સાખી-

ગુરુને તમે દેહ માનતા, એ જ તમારી ભૂલ,
દેહાતીત ગુરુને સમજવા, ગુરુમાં હોય ન ગર્વની શૂળ ....

. - સાખી -

ગુરુને અનાદિ જાણવા, અખંડ સત્ય સદાય,
યુગોના ચૈતન્ય દિવ્યતા, જડતા એમાં ન જણાય ....

- સાખી -

ગુરુની અકળ ગતિ રૂપાંતર જાગૃતિ પમાય,
જીવન સુગંધ ગુરુ તણી, રાગદ્વેષથી મુક્ત થવાય ....

- સાખી -

ગુરુમાં સાચા મળી જતા, અખંડિત વ્યાપક શક્તિ સદાય,
એ જ સાચો તમારો આત્મા ભીતર,એમાં જ સાચી સહાય ....

- સાખી -

મળતાં મળતાં અભય બને, ભયનો સદા વિનાશ,
વાસના વસ્તુની છૂટી જતાં, અવિનાશી પૂર્ણ પ્રકાશ ....

- સાખી -

પૂર્ણતા સઘળે એની જ ભરી, એના વિના બીજું નથી કોઈ,
સઘળા સ્થળમાં ભરપૂર ભર્યા, એની દૃષ્ટિ દિવ્ય જ હોય ....

- સાખી -

સદાય પૂર્ણતામાં રહો, જુદા કરતા મનને ગર્વ,
બુધ્ધિનું ડહાપણ મળે તો, ભૂલમાં ભમતા સર્વ ....



Scanned with CamScanner

॥ ૐ ॥

## એનાથી દૂર થા, દૂર થા

- સાખી-

સઘળા વાદ વિવાદ ને પંડિતાઈ શાસ્ત્રનો બોલ,
શબ્દભંડાર ભરપૂર ભર્યો, ભીતર સમજો પોલ.

- સાખી -

ભીતર ભેદ મળ્યા વિના ભટકો ભલે દિન-રાત,
અટકીને અંદર ગયા, સાચા પ્રભુ છે એને સાક્ષાત્
એમાં સ્થિર થા, સ્થિર થા.

॥ ૐ ॥

## ભીતર રહેવાનું

ભીતર રહેવાનું કોઈને ગોઠતું નથી,
બહાર ભટકે ભૂલીને રુચતું નથી;
અનેક જન્મો ભમ્યાં, ધરાણા નથી,
ગળવું પ્રભુમાં સત્ય, સૂઝતું નથી .... ૧

કહેતા જાગવું છતાં એ જાગતા નથી,
જાગીને મોહ છોડવા તૈયાર નથી;
ગર્વની ગાંઠોને પકડે, મૂકતા નથી,
પ્રભુથી વિમુખ બનતા, માનતા નથી .... ૨

ગર્વનું માનવું એમાં એ ચૂકતા નથી,
ગર્વને પોષણ આપતાં, ભૂલતા નથી;

॥ ૐ ॥

પ્રેમથી પ્રભુને મળવા, પ્રેમ જ નથી,
દેખાવ કરવો ખોટો એ ખૂંચતો નથી .... ૩

ગર્વથી અંધારું હૃદય, શુધ્ધિમાં નથી,
પ્રેમને ભરવો હૃદય, બુધ્ધિમાં નથી;
ડહાપણભરેલી બુધ્ધિનું સ્થાન નથી,
મોહથી રંગેલી બુધ્ધિને, ભાન નથી .... ૪

પ્રભુમાં એક જ થવાનું, જ્ઞાન જ નથી,
વાતોમાં જીવન ભૂલવું, સાર જ નથી;
નકામી વાતોમાં મરવું, માલ જ નથી,
એક જ પ્રભુના પ્રેમનું કેન્દ્ર નથી .... ૫

કેન્દ્રમાં પ્રભુજી આવ્યા, ડૂબતા નથી,
લક્ષમાં એક જ પ્રભુજી, ભૂલતા નથી;
ઉત્તમ ઘડતાં ભાવિને, અંતર નથી,
સમર્પણ સહેજે થવાથી, દૂર જ નથી .... ૬

ગર્વ મૂક્યા વિના સ્વ-સ્વરૂપનું જ્ઞાન થતું જ નથી,
સમર્પણ, ગર્વ મૂકીને કરતાં, પ્રભુ દૂર જ નથી.

Scanned with CamScanner

॥ ॐ ॥

## મારી આદ્ય શક્તિ અંબા માત
## (શ્રી અંબા માનો રાસ)

મારી આદ્યશક્તિ અંબા માત, અવિનાશી અનાદિ એક તું,
તારી દિવ્યતા ઘટોઘટ વાસ છે, રૂપ અનંત કર્મોમાં સહાય છે.
તારું જ્ઞાન બધે જ વિજય થાય, વિજય કળા સૌને સમજાવ તું,
દેવ-અસુર તારા બળથી બળવાન છે, માનવ-પશુ-પક્ષી તારો નિવાસ છે.
ગર્વ વધતાં બળ તૂટી જાય, બળને ભરનાર એક તું,
વિદ્યા ને વેદ શાસ્ત્ર બુધ્ધિનું માપ છે, વિવેક આવે તો સમજ ગણાય છે.
વિદ્યા, બુધ્ધિ, શક્તિ શ્રી જણાય, સુબુધ્ધિ દેનાર એક તું,
શ્રધ્ધા ને સંયમ શક્તિનું તેજ છે, અશ્રધ્ધા અજ્ઞાન ભ્રાંતિનું મૂળ છે.
ભ્રાંતિ જતાં અભય થવાય, શ્રધ્ધા-સંયમ, અભયમાં એક તું,
હૃદય વાણીમાં ભાવ તારો ઉદય છે, ગર્વ છોડીને જીવે એની સુગંધ છે,
સાચા રંગથી ભક્તિમાં રંગાય, હૃદય-વાણી-સત્ય-સુગંધ તું,
કીર્તિ અમર એ જ તારું વરદાન છે, આત્મજ્ઞાન ખરું સૌનું વિધાન છે.
જાગૃત તારી શક્તિથી થવાય, આત્મજ્ઞાન જાગૃત એક તું,
અખંડ આનંદ ખંડિત ન થાય છે, મોહ-શોકથી ઢંકાઈ જાય છે.
તારી કૃપાથી જ્યોત પ્રગટ થાય, જ્યોતિમાં અખંડ આનંદ તું,
સાન ને ભાન સૌને દેનાર છે, ડહાપણ, પ્રશંસામાં ભૂલી જવાય છે.
વાસનાત્યાગથી શુધ્ધિ જ થાય, સાનવેદ સમાધિ એક તું.

॥ ॐ ॥

## એક જ પ્રેરિત શક્તિ અખંડિત

**એક જ પ્રેરિત શક્તિ અખંડિત**, પરમ પ્રેમ રસ અતિ ઉત્તમ ....
હૃદય દ્રવિત ભાવ મહોદધિ, નિર્દોષ અમૃત વર્ષા પરમ ....
પ્રાણ વિશેષણ, પ્રાણ આકર્ષણ, પ્રાણ કળામાં જ્યોતિ ધરમ ....
વ્યાપક કણ કણ, પ્રાણમાં બળ પણ, એક અવિનાશી દિવ્ય પરમ ....



Scanned with CamScanner

॥ ૐ ॥

પૂર્ણથી પૂર્ણ, અનાદિ સંપૂર્ણ, જ્ઞાન પરમ તું ધ્યાન પરમ ....
તું હી એક જ મતિ- તુંહી એક જ ગતિ,નાદ ગુંજે અચળ, સકલમ ....
હૃદય સમાણી અમર અજાણી, શક્તિ અતુલિત સમજ મરમ ....
રાગદ્વેષ છોડી, વાસના તોડી, ભીતર પ્રેરણા સત્ય સ્વયમ્ ....

॥ ૐ ॥

## સર્વ હૃદય વિશ્વાસમાં

(રાસ)

સર્વ હૃદય વિશ્વાસમાં, પ્રભુ આવી ગયા,
એણે હર્ષના આપ્યાં દાન, હૃદયમાં હસાવી ગયા .... ટેક
ભક્તોના સૂણીને ભજન, પ્રેમામૃત પાઈ ગયા,
સૌ ભક્તોને આપી છાપ, પ્રકાશ દઈ ચાલ્યા ગયા.

॥ ૐ ॥

એના દિવ્ય સંદેશાનો નાદ, હૃદયમાં જગાડી દીધો,
એમાં ભક્તો બન્યા છે તરબોળ, મસ્તીમાં પ્રેમ કીધો.
દિવસ ધન્ય બન્યો આજનો, પ્રભુ પ્રીતિનો,
હતો અંધારામાં પ્રકાશ, પ્રભુને મળવા નો.

॥ ૐ ॥

હૃદય રહ્યું નથી હાથમાં, પ્રભુ સાથે ગયું,
પ્રાણ ચોરી ગયો શ્રીકૃષ્ણ, પ્રાણનું લક્ષ રહ્યું.
પ્રાણમાં પ્રીતિ એના નામની, જીવન સાથે ગયું,
એના પ્રાણ લઈને આપનાર, હૈયે-હૈયું મળી ગયું.

॥ ૐ ॥

## હૃદયે રમે છે, પ્રેરણા કરે છે

(રાસ)

હૃદયે રમે છે, પ્રેરણા કરે છે,
શ્રીકૃષ્ણ પ્રભુ સૌના હૃદયે રમે છે;
વૃત્તિનો દોર એના હાથમાં રહે છે,
પછી ચિંતા નકામી શાને કરે છે ? .... ટેક



Scanned with CamScanner

॥ ૐ ॥

શ્વાસનું સંધાન મારા પ્રભુના પ્રેમમાં,
જીવન રંગે છે એના ઉમંગમાં;
કેવળ કૃપાળુ નિશ્ચય, રક્ષણમાં,
રહેવું સદાય એના જ શરણમાં .... ૧
વાતો પ્રભુ વિના કરવી નકામી,
જાણે છે આગમ અંતરયામી;
અંતરયામી અનાદિ બહુનામી,
એના કામમાં હોય નહિ ખામી .... ૨
વહાલપ વધારે વહાલનો ભંડાર છે,
એની વ્હાલપમાં મધુરતા અતુલ છે;
અમૃત પરબ, સત્ય જ્ઞાનથી ભરેલી છે,
ગર્વ ત્યાગીને ભજે, એનો વિજય છે .... ૩
નીરવ શાંતિમાં એના સંદેશા આપતા,
ધ્યાન રાખીને બધાને સુધારતા;
વાસના બાળીને પ્રાણશુધ્ધિ કરતા,
પ્રભુ છે અમારાં સંકટ હરતા .... ૪
શ્રીકૃષ્ણ પ્રભુ મારા વહાલપ ભરેલા,
એની સ્થિરતામાં નિર્મળ રહેલા;
મારી દૃષ્ટિમાં મારા પ્રભુ વસેલા,
મારી વાણીમાં એનાં જ્ઞાન ભરેલાં .... ૫
કચરો ભરીને બુધ્ધિ નથી બગાડવી,
વિચિત્ર ચાલાકી મારે નથી રાખવી;
એને ગમે એવી ચાલ જ ચાલવી,
એના પ્રેમની સદા ભરતી લાવવી .... ૬
શ્રધ્ધા રાખીને મારે ગળવું પ્રભુમાં,
અખંડ સ્મૃતિ સદા, એના જ જ્ઞાનમાં;
ઊજળું ભાવિ બને એના ઘાટમાં,
સાર્થક સાચું એના જ વિજ્ઞાનમાં .... ૭



Scanned with CamScanner

॥ ૐ ॥

## પૂર્ણની વાતો છે અટપટી એવી

(રાસ)

પૂર્ણની વાતો છે અટપટી એવી કે
પૂર્ણતા સાચી સમજાય ના .... ૧
બુધ્ધિ છે કુશળ ભાગલાઓ પાડે કે
વિચારોથી કાંઈ દેખાય ના .... ૨
બુધ્ધિની વાતો છે ગૂંચવણ ભરેલી કે
શબ્દો વિશેષ, ભેગા કરાય ના .... ૩
શાસ્ત્રોની વાતોમાં પંડિત અટવાણા કે
બુધ્ધિથી સત્ય સમજાય ના .... ૪
વિચારો વધતા, વાસના ભુલાવે કે
ગર્વનાં રૂપો કળાય ના .... ૫
બુધ્ધિ બબ્બે વાતોની જોડ જાણે કે
બુધ્ધિથી તોડ કઢાય ના .... ૬
ચેતન સ્વરૂપ અસ્તિત્વ સાચું કે
ભટકી ભ્રમમાં મરાય ના .... ૭
સમજી રહેવું અસ્તિત્વમાં સદાય કે
કલ્પના શૂન્યની સાનમાં .... ૮
પૂર્ણતા ખાલી થવામાં ભરેલી કે
ગુપ્ત જ્ઞાન ખજાનો સાથમાં .... ૯

॥ ૐ ॥

## વર્તમાનમાં જીવવું સદાયે

(હૃદય ભાવ દર્શન)

વર્તમાનમાં જીવવું સદાયે કે
ભૂત-ભવિષ્ય નજરે દેખાય ના .... ૧
ભૂત-ભવિષ્ય, વાસના વધારે કે
એવી ભૂલ ભ્રમથી કરાય ના .... ૨



Scanned with CamScanner

પ્રભુથી અમારે, જુદા ન રહેવું કે
પ્રભુથી જુદા પડાય ના .... ૩
ભેદના ભય બધા, નાખ્યા છે બાળી કે
રાખ થઈ ગર્વ કરાય ના .... ૪
શ્રણ આપી છે પ્રભુજીએ એવી કે
પ્રેમ એનો ભૂલ્યો ભુલાય ના .... ૫
પ્રેમના તારો પ્રભુજીએ બાંધ્યા કે
કોઈથી તોડયા તોડાય ના .... ૬
પૂર્ણ એ વ્હાલપ એની જ દીધી કે
કોઈથી લૂંટી લૂંટાય ના .... ૭
ઈશારો કરીને દૃષ્ટિ એવી દીધી કે
કોઈથી કળી કળાય ના .... ૮
યુગોની પ્રીતિ કરાવી છે તાજી
હૃદયથી દૂર પ્રભુજી જાય ના .... ૯
હૃદય આસન અડગ જમાવ્યું કે
સ્થિરતા વૃત્તિની જાય ના .... ૧૦
ધ્યાન રાખે છે સમર્થ પુરૂ કે
દૃષ્ટિમાં બીજો દેખાય ના .... ૧૧
દિવ્યતા જીવન સુગંધભરેલી કે
આનંદ શાંતિના સાથમાં .... ૧૨
અમૂલ્ય મસ્તી કરી છે એની સસ્તી
ઉદારતા એની ભુલાય ના .... ૧૩
પ્રાણમાં પ્રાણ પૂરી દીધો એનો કે
રાસમાં નાચે છે સાથમાં .... ૧૪
ઊંઘતા અમને ભલે જગાડયા કે
ઊંઘવું અમને પોષાય ના .... ૧૫



Scanned with CamScanner

॥ ॐ ॥

જાગતા સાચે સાચું જણાયે કે
ખોટની ખોટ ખમાય ના .... ૧૬
હોંશથી પ્રભુએ હારમાં પરોવ્યાં કે
ફૂલ કરી હૃદય શણગાર ના .... ૧૭

॥ ॐ ॥

## માનના મોહમાં ગોથાં નથી ખાવા
(રાસ)

માનના મોહમાં ગોથાં નથી ખાવા કે
માનમાં ફૂલી જવાય ના .... ૧
ફૂલ્યા માનમાં ગયા બધા તૂટી કે
દુઃખના ડુંગર ઊંચકાય ના .... ૨
બોજો માનનો સૌથી વધારે કે
મૂક્યા વિના સાચું સમજાય ના .... ૩
ગર્વ નાખે છે, ખાઈમાં ઊંડા કે
વેદના અમથી સહેવાય ના .... ૪
ચતુર ગર્વનાં ચિત્રો નથી જોવાં કે
આંખનું આંજણ એ થાય ના .... ૫
દૃષ્ટિથી પ્રભુને, ગર્વ ભગાડે કે
એવા દોષો ભેગા કરાય ના .... ૬
નિર્દોષ હૃદય રાખવું અમારે કે
ગર્વની ગાંઠો બંધાય ના .... ૭
પાપનાં મૂળિયાં ગર્વ ગણાયે કે
ગર્વનું પોષણ કરાય ના .... ૮
આંખમાં પ્રભુજી અમી વર્ષાવે કે
મળેલાની સાચી જ સાનમાં .... ૯



Scanned with CamScanner

॥ ૐ ॥

## આવી જા સ્થાનમાં

આવી જા સ્થાનમાં - તારું રૂપ ખરું ગોત તે (૨)
તારી અંદર તું જ પોતે (૨)
ભૂલી જઈને દૂર ગોતે (૨)
ક્ષણ એકમાં પાસ જોતે (૨)
ભીતર શોધ તે ....

ઢાંકી દઈને તારા રૂપને (૨)
શોધ કરતો માર્ગ મૂકીને (૨)
થાક લાગતો ચૂકી જઈને (૨)
ભૂલ સુધારો સત્ય ગ્રહીને (૨)
મળે નહિ શાસ્ત્ર તે ....
દિશા ભૂલીને ક્ષણ ચૂકવી (૨)
સમજી જઈને વાસના મૂકવી (૨)
કામના સઘળી આશા ભૂલવી (૨)
દેહ ગર્વની મમતા તજવી (૨)
સહેજે કેવળ જ્ઞાન તે ....

॥ ૐ ॥

## પ્રભુ તારા સંગમાં
(ભૈરવી રાગ)

પ્રભુ તારા સંગમાં, એક જ રંગ,
પડે નહિ કદીયે, રંગમાં ભંગ .... ટેક
તારી એક દિવ્યતા સાચો એ સંગ,
જ્ઞાન રૂપ પોતે જ, દીપાવે અંગ .... પ્રભુ
તારા રંગે રંગજે, હૃદય એવું,
ખોટી ભાત બીજાથી, દૂર જ રહેવું .... પ્રભુ



Scanned with CamScanner

॥ ૐ ॥

નેત્ર તૃપ્ત રાખજો, આપમાં જોવું,
ભાવ સાચો સ્થિરતા, આપને કહેવું .... પ્રભુ
તારાં થાય દર્શન, ઘટોઘટ વાસી,
ભૂલું નહિ તુજને, તારો પ્રેમપ્યાસી.... પ્રભુ
પ્રેમ તારો ભરતી, અમૃત રહે વરસી,
ભીંજે એવું હ્રદય, તારે માટે તલસી .... પ્રભુ
નથી તારા જેવો એ, કોઈ બીજો દાની,
વૃત્તિ રહે તારામાં,એક જ ધ્યાન ધ્યાની.... પ્રભુ
ગર્વ છોડી રહેવું, પૂર્ણ તારી નિશાની,
નીરવ શાંતિ સઘળે, તુંહી તુંહી જ્ઞાની .... પ્રભુ

॥ ૐ ॥

## કેમ બોલો પ્રભુ મારા
(રાગ : ખમાજ)

કેમ બોલો પ્રભુ મારા, કહો આપ પોતે જ,
નહિ પ્રભુ જાણું સાચું, આવી કહો સર્વ જ,
પ્રભુ રહો તારો સાથ, મૌન ભાવ આપો જ્ઞાન જ,
આવો એવા બોલું બોલ, મોડું નહિ કરો રામ જ ....
દેહ . ગર્વ રોકે પ્રભુ, ભૂલ ખોટી દૂર ગોતું જ,
ભૂલ મારી દૂર કરો, પાસે રહો પ્રભુ આપ જ,
પાસે રહો એ જ સત્ય, રોમેરોમ હર્ષ થાય જ,
જાગું તારા શબ્દ સૂણું, શુધ્ધ બુધ્ધ એવી રાખ જ ....
બોલ બોલે સહુ તારા, પ્રેમ વધે એવા સારા જ,
બોધ મળે એવી સાન, રાખ સદા એવું ધ્યાન જ,
ભણું ગણું તારું માનું, રોજ રહે તારું ભાન જ,
જ્યોતિ નહિ ઝાંખી થાય,દિવ્ય દ્દષ્ટિ તુંહી પૂર્ણ જ ....



Scanned with CamScanner

॥ ॐ ॥

કરો હવે આવી પાર, શ્રદ્ધા દઢ પ્રાણ પ્યાર જ,
પ્રાણ જાય તારી પાસે, રહે તોય તારા થાય જ,
મોહ-શોક તૂટે તાર, બાંધ સાચો તાર તારો જ,
શાંતિ મળે તારી એવી, પૂર્ણ કૃપા તારી સાર જ ....

॥ ॐ ॥

## છૂટેલાને સાંધનારા

મળેલા મળશું સહુ, પૂર્વજન્મની પ્રીત,
નવા ખાતે નહિ ચડે, એવી આગમની રીત.
(અનુભવી સંતની જૂની ઓળખાણ)

છૂટેલાને સાંધનારા, તૂટેલાને જોડનારા,
મણકાને બાંધનારા, આગમને જાણનારા .... રે

દૂર ભલે હોય મણકો, પાસે ખેંચી લાવનારા,
સાચી સાન, જ્ઞાન સ્મૃતિ જોડે, ધ્યાન રાખનારા .... રે

ધ્યાન નહિ ચૂકે કદીયે, ખંતે કામ કરનારા,
જીવનમુક્ત જીવી જાણે, એ ગુપ્ત સત્ય ધારનારા .... રે

ભીતર ખ્યાલ સદા રાખીને, સ્થાન નહિ ચૂકનારા,
જાગૃત સ્થાન સાચું ગ્રહીએ, ગર્વનું મૂળ કાઢનારા .... રે

સાગરપેટા સ્થિર રહીને, ભાષાથી પર બોલનારા,
આગમ વાતો ઊંડાણ સમજી, સહુને ધ્યાનથી તોળનારા .... રે



Scanned with CamScanner

॥ ૐ ॥

## નથી જાવું રે, નથી જાવું રે

નથી જાવું રે, નથી જાવું રે, પ્રભુને છોડીને કયાંય ....રે
પ્રભુ હૃદયનો શ્રૃંગાર, એક જ છે (૨) .... (૨) ટેક
ગર્વભરેલા કાળા પડદા ઢાંકતા રૂપ અમારું (૨)
પોષણ દઈને ગર્વથી ફૂલવું, કામ અતીશે નઠારું (૨)
તનને બાળે, મનને બાળે,નહિ બુધ્ધિ રહેતી સ્થિર ....રે
ભટકી મરવું નથી ભવરણમાં .... (૨) નથી
મોહ ને મમતા સંગ નકામો, આત્માનો રંગ અમારો (૨)
છોડી દઈને કામના સઘળી, વિષયનો રસ ધૂતારો (૨)
મોહ તજવો, શોક તજવો, રાગદ્વેષનો બધો વિસ્તાર....રે
જાગૃત બનવું એથી ચેતીને .... (૨) નથી
સંતોષી બનીને રહેવું આત્મ નિશ્ચય બળવાન (૨)
મન-બુધ્ધિ પ્રભુને સોંપી, સદા પ્રભુમાં પ્રીતિવાન (૨)
પ્રભુ એને ગમતા, પ્રભુને એ ગમતો,સાક્ષી ગીતા પ્રમાણ ....રે
કહ્યું શ્રીકૃષ્ણ પ્રભુના મુખથી .... (૨) નથી
સર્વ ભાવથી શરણ પ્રભુનું, પૂર્ણતા ભરેલું સ્વીકારો (૨)
વાસના ત્યાગી સ્થિર જ રહેવું, જીવન દિવ્ય સુધારો (૨)
શ્રધ્ધા અચળ-સંયમ અચળ, નિષ્ઠા પ્રભુની ગણાય....રે
દિવ્ય દૃષ્ટિ પ્રભુની, તેને મળે .... (૨) નથી

॥ ૐ ॥

## નથી રે'તા રે, નથી રે'તા રે

નથી રે'તા રે નથી રે'તા રે, સ્વરૂપ સ્થિરતા સાથ .... રે
ભીતરનો ભેદી ઢાંકી દીધો (૨)
ભીતરના ભેદીને ઢાંકી, વાતો કરવી નકામી (૨)
શાસ્ત્રીને શાસ્ત્રોના વાદમાં, ભૂલો વધતી ગુલામી (૨)
ઘણો શ્રમ પડશે શુધ્ધિ નહિ મળશે,બુધ્ધિમાં મોહનો પાસ .... રે



Scanned with CamScanner

॥ ॐ ॥

સ્મૃતિ હરણ કરે અટકાવીને .... (૨) .... નથી
વિસ્મૃતિ કેરાં વાદળ હઠાવો, ભીતર સત્ય ભરેલું (૨)
ગર્વ અસ્મિતા છોડી દેતાં, પૂર્ણતા એક જ રહેલું (૨)
સાચી સ્મૃતિ આપી મોહને કાપી, પૂર્ણતાની સહાય રે
પરિપૂર્ણ ભરેલા સંપૂર્ણ છે .... (૨) .... નથી
પૂર્ણમાં ખાલી સ્થાન નથી ને અપૂર્ણ વિનાશ ઉદાસી (૨)
પૂર્ણતાથી ભ્રમ જુદું થવામાં, આશાનું બંધન વિનાશી,
સાગર મળતો બિંદુ પૂર્ણ કરતો, વ્યાપક સાગર વિશાળ રે
પ્રેમામૃત ઊછળ્યો ભીતરમાં .... (૨) .... નથી
બિંદુમાં સાગરને મળવા, શક્તિ નથી જરાયે
સર્વ શક્તિમાન મળતો, બિંદુને શ્રેષ્ઠ એ ગણાયે
વેદ વાણી વદતા અમર જ્યોત કરતા એનો કોઈ ન પામે પાર (૨)
પરિપૂર્ણ અખંડિત એક જ છે .... (૨) .... નથી

॥ ॐ ॥

## સર્વવ્યાપક વિરાટ
### (શ્રીમહારુદ્ર યજ્ઞ)

સર્વવ્યાપક વિરાટ, આનંદ શાંતિ કરી ગયા,
યજ્ઞ મહારુદ્ર ગર્વ છોડીને, બ્રાહ્મણો કરી ગયા ....
વેદ ધ્વનિના સાચા નાદ, આકાશમાં ગુંજતા હતા,
વિરાટ હૃદયથી લાવ્યા ભાવ, બ્રાહ્મણો દિવ્ય હતાં ....
જેના જન્મો અને કર્મો દિવ્ય,તત્ત્વજ્ઞ પ્રેમથી ભર્યા,
હૃદય ઊભરાતો હતો પ્રેમ, હૃદય ભાવ પ્રગટ કર્યા ....
વિરાટની કેવળ કૃપા હતી, જ્યોતિ દર્શન હતાં,
સૌના હૃદયથી બાંધ્યા તાર, સમષ્ટિના યોગ હતા ....



Scanned with CamScanner

॥ ૐ ॥

રૂપાંતર થવાના સંદેશા, વિશુધ્ધિના ધ્વનિ હતા,
સેવા તન-મન-ધનથી કરનાર, પ્રભુના જ પ્રેમી હતા ....
એના પ્રેમમાં પ્રભુ બંધાય, ભજન પ્રભુ મળવાના,
હતા સાચા પ્રભુમાં સ્થિર, પ્રભુમાં જ ગળવાના ....
ગર્વરહિત કરવા કર્મો, પ્રભુની સાક્ષી એમાં હતી,
આજ દિવસ બન્યો ધન્ય, પ્રભુમાં સાચી પ્રીતિ હતી ....
જીવન દિવ્ય કરનાર, પ્રભુ જ રંગતા હતા,
જુગજૂની કાઢી ઓળખાણ, પ્રભુ પોતે પ્રગટ થતા ....
પ્રભુમાં રહો અચળ, પ્રભુ પ્રેમ ભરતી રહો,
જીવન-મરણ જોનાર, પ્રભુમાં સૌ પ્રેમથી રહો ....

॥ ૐ ॥

## આંખનું રોઈ રોઈને નીર ખૂટયું

(તાંન્ત્રિકવિદ્યા કરનારો તો કરી ગયો પણ
બચાવનારો પ્રભુ વધી ગયો)

આંખનું રોઈ રોઈને નીર ખૂટયું,
છતાં સાચું સમજે નહિ રે .... લોલ
દુ:ખને દેખીને કોણ ખુશી થાતું,
વાતોમાં સમજ ઊંધી ફસે રે .... લોલ
કોઈને દુ:ખ આપી ખુશી થાવું,
હૃદય એનું કોમળ કરો રે .... લોલ
મારા પ્રાણને પ્રભુ આપનારો
પ્રાણ પોષનારો પ્રભુ ખરો રે .... લોલ
એક પ્રાણમાં પ્રભુ રહેનારો
વાસના એમાં ઊઠે નહિ રે .... લોલ
પ્રાણને મહાપ્રાણ સાથે પ્રીત
પ્રભુનો સીધો માર્ગ હશે રે .... લોલ
જીવન પ્રભુ પોતે છે રંગનારો
એનો રંગ પાકો રહે રે .... લોલ



Scanned with CamScanner

॥ ૐ ॥

અગ્નિથી બાળી કાપીને માંસ કાઢ્યું
સંતોષ વૃત્તિને થયો નહિ રે .... લોલ
તાંત્રિક વૃત્તિથી સમાજ ઊંધો દોરે
વિદ્યા તાંત્રિક દૂર કરો રે .... લોલ
પ્રેરણા પ્રભુની સાચી ગણાયે
એમાં જ સૌનું હિત રહે રે .... લોલ
પ્રભુના પ્રેમમાં ભરતી સદાયે
વિજય સાચો સૌનો રહે રે .... લોલ
સત્ય રાખીને જીવન જીવવું
દષ્ટિ પ્રભુમાં સ્થિર બને રે .... લોલ
મારી સુરતા પ્રભુમાં રહેશે
પ્રભુમાં પ્રાણ મળી જશે રે .... લોલ

॥ ૐ ॥

## રંગ આપો, રંગ આપો

શ્રીકૃષ્ણના પૂર્ણ રંગમાં જ, રંગાઈને તેમાં મળવું

**પ્રાર્થના**

રંગ આપો, રંગ આપો, રંગ આપો રે
શ્રીકૃષ્ણ પ્રભુ - પ્રેમથી, આપનો રંગ આપો રે ૧ ટેક
હૃદય રહે છે વાસ આપનો,હૃદય આપ જ રંગો,
આપથી ક્ષણ નહિ જુદા થાવું,સાચા રંગમાં રંગો;
વિશુધ્ધ આપના પ્રેમની ભરતી, ઉમંગ વધારો રે ૨ શ્રીકૃષ્ણ પ્રભુ
આપને સઘળે વ્યાપક જોવા,આપની દષ્ટિ આપો,
અર્જુનને વિશ્વરૂપ બતાવ્યું, એનાં દર્શન આપો,
આપને પ્રગટ જોઈ શકીએ, દિવ્યતા સ્થાપો રે ૩ શ્રીકૃષ્ણ પ્રભુ
જગદ્‌ગુરુ છો આપ અનાદિ, આપ કેળવણી સાચી,
ઋષિ-મુનિ મહર્ષિ સહુમાં, આપની રક્ષા સાચી
કેવળ કૃપાનિધાન આપ છો, કૃપા વરસાવો રે ૪ શ્રીકૃષ્ણ પ્રભુ



Scanned with CamScanner

॥ ૐ ॥

આપ જ્ઞાનનું પોષણ એવું, સૌનાં હૃદયો રંગતું,
પ્રગટ આપનાં દર્શન કરવા, બીજે ક્યાંય ન મળતું;
ભૂત-ભવિષ્ય ને વર્તમાનનું જ્ઞાન જ સાચું રે ૫ શ્રીકૃષ્ણ પ્રભુ

આપના મુખની વાણી ગીતા,અનેક મુક્ત બનાવ્યાં,
આપ સંગનો રંગ આપીને, જીવન દિવ્ય દીપાવ્યાં;
જગતમાં સૌ નાનામોટા ગીતા ચાહે રે ૬ શ્રીકૃષ્ણ પ્રભુ

જ્યોતિ આપની અનેક યુગથી, પ્રકાશ દેતી રહે છે,
જ્ઞાન ગર્વથી રહિત આપનું, વાસના મુક્ત કરે છે;
કર્મ-ભક્તિ-જ્ઞાન-યોગનો માર્ગ બતાવ્યો રે ૭ શ્રીકૃષ્ણ પ્રભુ

ગીતા જ્ઞાનની અમૃત પરબો, આપની યુગો જૂની,
જ્ઞાની-ધ્યાની-યોગી-ભક્તો, તાર્યા સાક્ષી એની;
અંતરયામી પ્રેરણા દઈને, પ્રગટ રહેજો રે ૮ શ્રીકૃષ્ણ પ્રભુ

ઘડનાર ભાવિના આપ જ, ત્રિકાળ જ્ઞાની પૂરા,
સંપૂર્ણ પૂર્ણાનંદ પૂર્ણ છો, પૂર્ણ જ કરવા શૂરા;
આત્મજ્ઞાનનો ગુપ્ત ખજાનો, આપ બતાવો રે ૯ શ્રીકૃષ્ણ પ્રભુ

પ્રાણ અમારો પૂર્ણથી આવ્યો, પૂર્ણનું પોષણ લેતો,
જીવન-મરણના સાચા સાથી, આપના શરણે રહેતો;
સર્વ ભાવથી શરણ તમારું, સૌને પ્યારું રે ૧૦ શ્રીકૃષ્ણ પ્રભુ

॥ ૐ ॥

## પ્રાણથી પ્યારા, પ્રભુ આવો કનૈયા

પ્રાણથી પ્યારા, પ્રભુ આવો, કનૈયા, ભીતર દીપાવો .... ટેક
ભીતર આવો તો પ્રભુ થાયે અજવાળાં,
તમારા વિનાના પ્રભુ રાહ ભૂલવાળા;
પ્રભુ સાચા તમો છો રખવાળા ....૧ કનૈયા



Scanned with CamScanner

॥ ॐ ॥

વિશ્વમાં સઘળે આપ જ છુપાણા,
નજર ચુકાવી પ્રભુ જ સંતાણા;
જગતમાં બધા મૂંઝાણા .... ૨ કનૈયા

વિશ્વ આખાને થાળ તમે જ જમાડો,
પ્રાણમાં બળ ભરી તમે જ રમાડો;
ભક્તિના ભાવમાં બંધાણા .... ૩ કનૈયા

ઈન્દ્રિયો મન ને બુધ્ધિ તમારાં,
આપના રાહમાં સદા ચાલનારા;
અવળા માર્ગે ન જનારા .... ૪ કનૈયા

તમારાં દર્શન કરવા પ્રાણને રાખ્યાં,
ભરોસો રાખીને પ્રાણ નિર્ભય બનાવ્યા;
વહાલપ વધારી પ્રભુ આવો .... ૫ કનૈયા

સઘળું તમારું પ્રભુ, તમને સોંપવું,
અમારું ન કાંઈ ગર્વ રાખી નથી ફૂલવું;
પ્રભુ પ્રેમના ભંડાર પધારો .... ૬ કનૈયા

આપ પ્રસાદ મળે પાવન કરનારો,
જીવન રંગીને પ્રભુ ભક્તિ ભરનારો;
પવિત્ર સૌને કરનારો .... ૭ કનૈયા

વૃત્તિ અખંડ પ્રભુ આપમાં રહેવું
આપ જાણો છો શું આપને કહેવું?
દષ્ટિને દિવ્ય બનાવો .... ૮ કનૈયા

નૂરતા ને સુરતા આપની આપો,
કાલાઘેલા શબ્દોમાં પ્રેમ જ સ્થાપો;
આપની પાસે પ્રભુ રાખો .... ૯ કનૈયા



Scanned with CamScanner

॥ ૐ ॥

જ્ઞાનનો ભંડાર તમે આપનારા,
જ્ઞાનથી વિશ્વનો, વિકાસ કરનારા;
ત્રિકાળ જ્ઞાની પ્રભુ પૂરા .... ૧૦ કનૈયા
સાન ને ભાન, પ્રભુ શાંતિ દેનારા,
સમજ ભીતર પ્રભુ આપ ભરનારા;
પૂર્ણમાં આપ જ સમાવો .... ૧૧ કનૈયા

॥ ૐ ॥

## આવ્યાં છે રે, આવ્યાં છે

આવ્યાં છે રે, આવ્યાં છે ભક્તોના વિશ્વાસમાં આવ્યાં છે,
લાવ્યાં છે રે, લાવ્યાં છે પ્રભુ વિશુધ્ધ પ્રેમને લાવ્યા છે....ટેક
સાગર પ્રેમનો, પ્રભુનો ઊછળતો જોયો,
હૃદય ખોલનાર પ્રભુને કોઈએ ન જોયો .... ૧
શુધ્ધ હૃદયનો પ્રેરનાર પ્રગટ થયો,
પડદો ગર્વનો તોડીને, વહાલો હસી રહ્યો .... ૨
પ્રભુના રંગમાં ભક્તોને, રંગી ગયો,
જ્યોતિથી દિલમાં પ્રભુને હસતો જોયો .... ૩
વ્હાલો વ્હાલપના વહાલમાં ઉદાર બન્યો,
વ્હાલો વ્હાલપના સાથમાં ખેંચી રહ્યો .... ૪
વ્હાલે ભોજનના સ્વાદમાં ભક્તિ ભરી,
એનો પ્રાણ પૂરીને આપી શક્તિ ખરી .... ૫
પ્રભુ બે વાત કરે એમાં સાર નથી,
પ્રભુ તમે રહો એક, કહ્યું મથી મથી .... ૬



Scanned with CamScanner

॥ ૐ ॥

મારા વ્હાલાની વ્હાલપ લાગે મીઠી
શુધ્ધ એના જ પ્રેમમાં ભરતી દીઠી .... ૭
હૈયું પ્રભુથી જુદું રાખી નથી જીવવું,
પ્રભુ ભૂલીને હૈયાફૂટા નથી બનવું .... ૮
બધું તારું જ આપેલ તુજને દેવું,
પ્રભુ ભૂલમાં ન નાખતા સાચું કે'વું .... ૯
બબ્બે વાતોની વાતમાં, બુધ્ધિ ભૂલી,
અવિનાશી પ્રભુ એક છે, વાત ખુલ્લી .... ૧૦
સૌની અવળી સમજને દૂર કરવા
પ્રભુ આવ્યા, સાચી શાંતિને ભરવા .... ૧૧

॥ ૐ ॥

## સાચા પ્રભુ, ગુણ ગાવાની પ્રીત ખરી

સાચા પ્રભુ ગુણ, ગાવાની પ્રીત ખરી,
શુધ્ધ પ્રાણ મારા, રાખું છું ભાવ ભરી;
પ્રભુ ખેંચે એની, દિવ્યતા સાન કરી,
મારી ગતિ વધી, મળવા પ્રેમ ભરી .... ૧ સાચા પ્રભુ

ગતિ વધી એમાં, શક્તિ પ્રભુએ ભરી,
જોતાં જોતાં રીત, પ્રભુની આંખ ઠરી;
બુધ્ધિ પ્રાણ ડૂબે, પ્રભુથી જાય તરી,
દૃષ્ટિ પ્રભુ પોતે આપતા, હિત ધરી .... ૨ સાચા પ્રભુ



Scanned with CamScanner

॥ ૐ ॥

પ્રભુ દૃષ્ટિ મળે, ભાવિમાં પ્રેમ સહી,
એના પ્રેમ સમ, ઊજળું કોઈ નહિ;
મારા સાચા એક, પ્રભુ આવે બધું ગુંજે,
પ્રભુ સાથે રહે પ્રગટ, એમાં સઘળું સૂઝે .... ૩ સાચા પ્રભુ

ભાન રાખી ગાન, પ્રભુના ગાવા મારે,
દોડીદોડી આવે પ્રભુજી; મારી વ્હારે;
પ્રભુ આવે મારું હૃદય, શુધ્ધ રહે,
ગુપ્ત ગેબી પ્રભુ, આગમ વાણી કહે .... ૪ સાચા પ્રભુ

આવે પ્રભુ મારા, ત્રિકાળ જ્ઞાની સાચા,
એના રંગે, રંગે પાકા જ બને સાચા;
પ્રભુ વિના બીજો દૃષ્ટિમાં શોભે નહિ,
મારી વૃત્તિ, પ્રભુ સાથમાં એક રહી .... ૫ સાચા પ્રભુ

પૂર્ણ જ્યોતિ, પૂર્ણ ફળી, પૂર્ણ કરવા,
એનો પ્રકાશ આપી,અપૂર્ણને જાતી મળવા;
પ્રભુ મૌન બોલે સૌને પ્રભુ બોલાવે,
નીરવ શાંત પ્રભુ, ભાષા સદા દીપાવે .... ૬ સાચા પ્રભુ

॥ ૐ ॥

## સાગરના કિનારા ખૂબ દીઠા

સાગરના કિનારા ખૂબ દીઠા, ભીતરનો સાગર જોવો છે,
સ્વરૂપથી દૂર નીકળી ગયા, સાચા ભીતર ભાવને જોવો છે....૧ ટેક
વ્હેવારે લાભ હાનિ જોઈ, ભીતરના સત્યમાં સમજ રહી,
સમજ ભરેલી જ્ઞાનદૃષ્ટિમાં, નિયતિના નિયમને જોવો છે.... ૨

॥ ૐ ॥

પ્રભુ સદા ઉપકારો કર્યા જ કરે, એના જેવો ઉપકારી કોઈ નહિ
ગર્વ છોડી પ્રભુ પ્રેરણા કરે, પાલન ઊલટું થતાં ભૂલ રહી .... ૩
દેહ ભાવ મુકીને શિવ બનવું, ચૈતન્ય ભાવમાં જઈ ઠરવું,
દેહ સંઘાતે આઘાત ઘણો, એમાં જુગો સુધી ભૂલા પડવું .... ૪
કર્તા બની શુભ અશુભ કર્મો, જડતા-અજ્ઞાનથી માન્યા છે,
ભૂલ ભૂલામણી તજી દઈને, ચૈતન્યમાં નિર્મળ રહેવું છે .... ૫
આલાપો કાઢી ગાવામાં, શુધ્ધ-બુધ્ધ સહુ વિસરાઈ જતી,
હૃદય-પ્રાણ-નાભિ શુધ્ધ રાખી, પ્રભુ પ્રગટમાં તલ્લીન થતી .... ૬
પ્રભુ પ્રગટ કરવા, નાદ સંધાન કરી, સાકાર દિવ્યતા ભરવી છે,
આત્મ જ્ઞાન વિધાની સહુનુ એની સાચી સમજમાં રહેવું છે .... ૭
કવિની કલ્પનાના શબ્દો ભરી,શબ્દોની જાળ નથી ગૂંથવી,
મારે તો નીરવ શાંતિ તણી, આજ્ઞાઓને પાલન કરવી .... ૮
અંધારાનો અંધકાર હોય ભલે,જ્યોતિર્ધર પ્રભુ પ્રકાશ કરે,
એની સાનમાં આગમ સમજ ભરી,વિકાસ કરવા પ્રેરણા ભરે .... ૯
વાસનાઓ સઘળી બાળીને, ગર્વનું મૂળ ઉખેડીને,
પ્રભુ પ્રગટ, પૂર્ણમાં મળવું, ભૂલોનાં મૂળો ફેંકીને.... ૧૦

॥ ૐ ॥

- : ધૂન : -

## જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણ પ્રભુ

જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણ પ્રભુ, જય જય સર્વજ્ઞ કહું,
હૃદય શુધ્ધ પ્રેરક સહુ, જય જય નિર્દોષ બહુ,
દિવ્ય જ્યોત પ્રેમ વધુ, જય જય ભીતર રહું,
અખંડ આનંદ સ્થિર બનું, જય જય પૂર્ણ જ થવું.



Scanned with CamScanner

॥ ॐ ॥

- : ધૂન : -

## જય ગિરધર જય જય ગોપાલ

જય ગિરધર જય જય ગોપાલ,
સૌનો રક્ષક તું પ્રતિપાલ ....
પ્રેમ ભરીને રાખ તું સંભાળ,
ભાવ ભરી દે તારો વિશાળ ....
શાંતિ આનંદ સાચો વાસ,
હૃદયે એક જ તારો નિવાસ ....
દ્રવિત હૃદય નિર્મળ પાસ,
ઊંડી શ્રધ્ધાનો ખરો વિશ્વાસ ....

॥ ॐ ॥

## માવજી ધોબી કપડાં ધુએને
(પરમ પૂ. માવજી બાપાની સ્થિતિ)

માવજી ધોબી કપડાં ધુએને, શલ્યા રુદન કરે રે.... લોલ ૧
સુરતા શલ્યા પર કપડાં પછાડે, ઊજળા અતીશે બને રે....લોલ ૨
કરવું ભરવું ભેદ નથી એને, ગુલામી એને બાંધે નહિ રે....લોલ ૩
ઊજળી જયોતિમાં આગમ સૂઝે, દષ્ટિ એની દિવ્ય ખરી રે....લોલ ૪
અખંડ સ્મૃતિને સત્યનું ભાવિ, ઘડનારો ઘાટ ઘડે રે....લોલ ૫
મુડદું બન્યા છે માવજી બાપા, માયલો મરી ગયો રે....લોલ ૬
મારવા માયલો, મથતા ઘણાયે, વાતો કરી મૂંઝાઈ જતા રે....લોલ ૭
મુડદાંનો ખોરાક કાળને ખાતો, મુડદું કાળ જીતી જતું રે....લોલ ૮



Scanned with CamScanner

॥ ૐ ॥

રાગદ્વેષ મુડદાંને નહિ થાશે, પ્રેમ કે વેર જાણે નહિ રે....લોલ ૯
ઓળખ્યો સાચો આત્મા જાણી, ચૈતન્યમાં ડૂબી રહે રે....લોલ ૧૦
ઓળખ બીજી અળખામણા બનાવે, એમાં સત્ય સાર નથી રે....લોલ ૧૧
ભીતર ભેદીએ, રહી ભેદ જાણ્યો, અખંડ શાંતિ એની રહી રે....લોલ ૧૨
કહેવું વાણીથી, વાત મૂકી દીધી, રહેવું ભીતર સત્ય ગણ્યું રે....લોલ ૧૩
દેહની સાથે સંઘાત નથી રાખ્યો, આઘાત એને નડે નહિ રે....લોલ ૧૪
આત્મા નિર્દોષ, નિર્મલ અનાદિ, અમર ધામ વાસી સદા રે....લોલ ૧૫

॥ ૐ ॥

## બદ્રી વિશાલ મેરા પ્રાણમેં

(ભજન)

બદ્રી વિશાલ મેરા પ્રાણમેં, પ્રાણ પૂરનેવાલા,
દૃષ્ટિમેં દિખા જા પ્રેમી, દિવ્ય દૃષ્ટિવાલા,
જ્યોત જલાદો અખંડ ઐસી, વિશાલ હૃદયવાલા,
સંકોચ મિટા દો હૃદય ખોલ દો ભર દો પ્રેમ હી નિરાલા .... ૧

વાસના જલા દો સમાધિ લગા દો, સત્ત દેનેવાલા,
ધ્યાન ધરકે આપ બૈઠે હૈ, તપસ્યા કરનેવાલા;
દૂર દૂર સે યાત્રી આતે હૈ, દુઃખકો સહનેવાલા;
બદ્રી - વિશાલ લાલકી, જય નાદ જગાનેવાલા, .... ૨

દેવ - ઋષિ - મુનિ - મહર્ષિ સિધ્ધ ધ્યાન ધરનેવાલા
ભીતર ભેદકા ભેદી આપ હો, ધ્યાન સિખાનેવાલા;
ભક્તોંકી ભક્તિકો સિધ્ધ, આપ હી કરનેવાલા,
રાજા - યોગી - રંક - દુઃખી સબકો, આપ દેનેવાલા .... ૩



Scanned with CamScanner

॥ ॐ ॥

રાત-દિન હૈ અગ્નિ જલાતી, જલતી રહતી જ્વાલા,
ઉત્તરા ખંડમેં બાસ આપકા, આ જા હિમાલયવાલા;
અગ્નિ બુઝા દો,શાંતિ કર દો શીતલતા ભરનેવાલા,
કામના સબકી સિધ્ધ કરતે, આપ હી દીનદયાલા .... ૪

પ્રેમી બનકે આઓ પિલા દો, અમૃતકા પ્યાલા,
ચંદ્રસે આપ હી શીતલતા અધિક દેનેવાલા;
શીતલ આપકી શીતલતાસે, નિર્મલ બનાનેવાલા,
શ્વાસ શ્વાસમેં એક જ તૂહી, એકતા નિભાનેવાલા .... ૫

શીતલ જલ હૈ ગંગાજીકા, તપ્ત કુંડ ઉષ્ણ જલવાલા,
શીત ઉષ્ણકા યોગ બનાયા, કલામેં વૃદ્ધિવાલા;
જંગલમેં સિધ્ધ બુટ્ટી, રોગહર સુગંધ દિવ્યતાવાલા;
કંદ મૂલસે પહાડ ભરા હૈ, જીવન બઢાનેવાલા .... ૬

મૃત સંજીવન બુટ્ટી ઐસી, મૃતકો જિલાનેવાલા,
બુટ્ટીમેં રસ આપ હી ભરતે, આયુષ્ય બઢાનેવાલા;
બરફમેં રહના, તપ કરના, નિર્દોષ રહનેવાલા,
દર્શન માત્રસે સંકટ હરતે, મુક્ત બનાનેવાલા .... ૭

સ્થિરતા બુધ્ધિમેં ઐસી આતી, ધ્યાન બઢાનેવાલા,
જ્ઞાન અખંડ વ્યાપક આપકા, જંગલમેં શાંતિવાલા;
બ્રહ્મ દશામેં અચલ યોગી, તેજ બઢાનેવાલા,
આયુષ્ય બઢાનેવાલા યોગી, કંદમૂલ ખાનેવાલા .... ૮

ઉત્તરા ખંડમેં હંસ યોગી, પ્રેમ શાંતિવાલા,
યોગ બલસે દૂરદૂર અદશ્ય બિચરનેવાલા,
જલમેં સ્થલમેં બદ્રી વિશાલ, જીવજંતુ બોલનેવાલા,
વાયુ-આકાશે-પક્ષીકા ધ્વનિ, જય બદ્રી વિશાલવાલા .... ૯



Scanned with CamScanner

॥ ૐ ॥

ચાવલકો હાંડીમેં પકાકર, પ્રસાદ દેનેવાલા,
પક ગયે ચાવલ, ધૂપમેં સૂક ગયે, નહીં બીગડનેવાલા;
યાત્રી પ્રસાદ ઘર લે જાતે સબ આનંદસે લેનેવાલા,
પ્રસાદ લેકર પવિત્ર બનતે, બદ્રી વિશાલ રટનેવાલા .... ૧૦

॥ ૐ ॥

- : ધૂન : -

આ જા શ્રીકૃષ્ણ બંસી બજાનેવાલા,
બંસીકી ધ્વનિમેં ગીતા સુનાનેવાલા.
વિશ્વકો નાદસે આપ જગાનેવાલા,
જ્ઞાનકા અમૃત સબકો પિલાનેવાલા.

॥ ૐ ॥

## કળા માનવ દેહ ભરી, અતિ ઉત્તમ

કળા માનવ દેહ ભરી, અતિ ઉત્તમ
મોંઘું તારું મૂલ, હે પ્રભુ મારા, બધે તારો વિસ્તાર .... ટેક
સગાસંબંધી અનંત મળિયાં, ખોટા સંબંધ તમામ,
એકલ શ્રૃંગી ઋષિ જન્મના યોગી તપમાં શ્રેષ્ઠ ગણાય,
સમય આવતા, ચાલ્યા ગયા સૌ સદા કોઈ ન રહેનાર,
હે પ્રભુ મારા, બધે તારો વિસ્તાર(૨) .... કળા

પ્રભુને મળવા ભક્તો મળિયા, સત્ય સંબંધ ગણાય;
વિમુખ થવાથી ભટકી જતાં, પ્રભુ પ્રેમે મળાય;
પ્રેમ રાખીને પ્રભુને બોલાવે, પ્રભુ તેને પાસે જણાય,
હે પ્રભુ મારા, બધે તારો વિસ્તાર(૨) .... કળા



Scanned with CamScanner

॥ ૐ ॥

વાણી વર્તન સાચાં રાખવાં પ્રભુને તો જ મળાય;
પ્રભુને મળવું લાભ ખરોએ લાભ અધિક જણાય;
ગર્વ ગાળીને જીવન જીવતા, પ્રભુની સાચી સહાય,
હે પ્રભુ મારા, બધે તારો વિસ્તાર (૨) .... કળા

પ્રભુ સાથે મારા પ્રાણનો તાર બાંધ્યો, સંબંધ સીધો જણાય,
અંદર પ્રેરક ધ્યાન રાખીને પ્રેરણા કરતો સદાય
જાગૃત બનીને જાગૃત રાખે જ્ઞાની પ્રભુ જ ગણાય
હે પ્રભુ મારા, બધે તારો વિસ્તાર (૨) .... કળા

પ્રભુના ઉપકાર ગણતાં ગણતાં પાર કદી ન પમાય,
વિરાટ પ્રભુ સૂક્ષ્મ બનતો એને કળ્યો ન કળાય;
વ્યાપક પ્રભુ સાન કરી સુઝાડે, એની દષ્ટિથી સાચું દેખાય,
હે પ્રભુ મારા, બધે તારો વિસ્તાર (૨) .... કળા

॥ ૐ ॥

## બ્રાહ્મણ કુળની ને આદિ એ મૂળની

બ્રાહ્મણ કુળની ને આદિ એ મૂળની,
બ્રહ્મ તેજથી દીપાવી જ્યોતિ સતની;
પ્રાણ શુધ્ધ, ગર્વ ગાળી, વાસના બાળીને,
રાગ દ્વેષ તજી, અખંડ પ્રેમ વધારીને .... ૧

બ્રહ્મભાવથી હ્રદય જેનું, ભીંજાણું એવું,
બ્રહ્મભાવ શ્રધ્ધા-સંયમ, સમતામાં રહેવું;
મંથન આત્મજ્ઞાન ખાતર,સાચી એક શોધમાં,
વેદ શાસ્ત્રનો સાર, વૃત્તિ વાળી ભીતરમાં .... ૨



Scanned with CamScanner

॥ ૐ ॥

સ્થિરતા અચળ, પૂર્ણનો સંદેશો સીધો,
પૂર્ણતાને સમજીને, માર્ગ ઉત્તમ લીધો;
પૂર્ણમાંથી આવ્યા, પોષણ પૂર્ણનું લઈને,
પૂર્ણતામાં એક થાવું, સંપૂર્ણ પૂર્ણ રહીને .... ૩

જન્મ ને કર્મની દિવ્યતા, અમર દીપાવી આપે,
અવિનાશી ભાવ આપનો, દેહની જડતા કાપે;
ચૈતન્ય રંગથી રંગાઈ, ચૈતન્ય ભાવ જગાડવો,
યુગોનાં અંધારા ટાળી, સાચો રાહ બતાવવો .... ૪

ધન્ય તમારાં માતા-પિતા, કોટિકોટિ વંદન કરીએ,
ભક્તિ-યોગ-જ્ઞાન તપમાં, નંબર પહેલે રહીએ;
ઊર્ધ્વ ગતિથી પ્રાણનો, બ્રહ્મસંબંધ રાખવો,
મોહ-શોકથી દૂર રહી, ભીતર પ્રેરણા સાચવો .... ૫

મંત્રબળથી દેવી-દેવતા પ્રગટ બોલાવ્યાં,
દર્શન દઈ વાતો કરતા, જીવન શુધ્ધ બનાવ્યાં,
કર્મ શું કરવું ન કરવું, વાદવિવાદ તજતા,
હાથની હથરોટી એવી, સાચું ગ્રહણ કરવા .... ૬

સ્થિરતા બુધ્ધિની, સાથ શાંતિનો રાખતા,
ખોટી વસ્તુ મેળવવાની, ઈચ્છા કાઢી નાખતા,
સંતોષી, તૃષ્ણાત્યાગી લોભને તજતા,
વૃત્તિને અડોલ બનાવી, બ્રહ્મ સંબંધ બાંધતા .... ૭



Scanned with CamScanner

॥ ૐ ॥

પાયાની કેળવણી, પાયામાં ધર્મસિંચન સતનું,
સત બીજનું વૃક્ષ ફળતું, ભાવિ જ્ઞાનામૃતનું;
જ્ઞાનવિજ્ઞાન તૃપ્ત બની તૃપ્ત કરતા,
અમર લખાણા લેખો, પ્રેરણા ઉત્તમ ભરતા .... ૮

તમારી વાણીથી ગજગજ છાતી ફુલાતી,
ધન્ય ધન્ય દિવ્ય જીવન, વિશુધ્ધ પ્રેમ ભરતી,
દિવ્ય દષ્ટિથી અમી ભરેલી,આંખ સહુની ઠારતી,
યુગોના અંધારા ટાળી, અમૃત સિંચન કરતી .... ૯

ઉત્તમ અવસર જન્માષ્ટમી, એકતા કરવા આવ્યો,
રાગ-દ્વેષ છોડી હ્રદયથી, હ્રદય તાર બાંધી લો;
ઘણાં વર્ષો વીત્યાં, દેશપરદેશ, જ્ઞાન જ્યોતિ દીપાવી,
ઢંકાયેલી જ્યોતિ, ઘણાં વર્ષોની, ફરી શોભાવી .... ૧૦

॥ ૐ ॥



Scanned with CamScanner